ગણિતમાળા.

(પ્રવેશક ભાગ.)

અંકગણિત.

(બાળપોથી.)

જા. દો. ભરડા.

ગ ણિ ત મા ળા.

(પ્રવેશક ભાગ.)

અંકગણિત.

(બા ળ પો થી.)

જાલભાઇ દોરાબજી ભરડા, બી. એ.,

ન્યુ હાઇ સ્કુલના જોઇન્ટ પ્રીન્સીપલ.

——:o:——

૧૯૧૬.

કીમત આના બાર.

ફરદુનજી બેહેરામજી મરઝબાને
ફ. બે. મરઝબાનની કુંપનીનાં છાપાખાનાંમાં છાપ્યું છે.
મિલિટરી સ્કુવેર લેન, કોટ, મુંબઇ,
અને
જાલભાઈ દોરાબજી ભરડાએ પ્રસિદ્ધ કર્યું છે.
વૉડબી રોડ, કોટ, મુંબઇ.

પ્રસ્તાવના.

——:o:——

આપણી શાળાઓમાં અંકગણિત શીખવવાની ચાલતી રૂઢીઓ ત્રણ વર્ગમાં વ્હેંચી શકાય.

૧. પહેલી રૂઢી અમુક દાખલા કરવામાં શા નિયમો અને રીતીઓ વપરાય છે તે છોકરાને કહી તે પરથી તેમને દાખલા કરવાની ટેવ પાડવી એ છે. આ રૂઢીથી શિક્ષકને થોડો શ્રમ પડે એમ હોય પણ શિષ્યની વિચારશકિતને તેથી બહુ લાભ થતો નથી.

૨. બીજી રૂઢી એ છે કે દાખલા કરવામાં જે નિયમો અને રીતીઓ વપરાય તેટલુંજ નહીં શીખવતાં એ નિયમો ને રીતીઓનાં વાસ્તવિક કારણો શિષ્યોને સ્પષ્ટ સમજાવવાં.

૩. ત્રીજી રૂઢી એ છે કે કોઇપણ વિષયના શિક્ષણ માટે જોઇતા નિયમો શિક્ષકે પોતે પહેલાં કહી નહીં જવા; પણ શિષ્યોએ જે જ્ઞાન મેળવ્યું હોય તે કામે લગાડી તેઓએ પોતેજ જોઇતા નિયમો ને રીતીઓ શોધી કાઢી તેમને કામે લગાડતાં શિક્ષકની ઘટિત સહાય વડે શીખવવું.

છોકરાંની મનશકિત ખીલવાના નિયમો શા છે એ વિષયનો જેઓએ અભ્યાસ કર્યો છે તેમને આ ત્રીજી રીતી સર્વોત્તમ જણાય છે. યુરોપ અને અમેરીકાની સુધરેલી શાળાઓમાં સઘળા વિષયો શીખવવામાં એજ રૂઢી પ્રસાર પામી છે. એ રીતી પ્રમાણે શીખવવા શિક્ષકે પોતાના વિષયનો સંભાળથી અભ્યાસ કરી તેપર મનન કરવામાં વખત લગાડવો પડે છે તે અને એવાજ બીજા ઘટિત સાધનોની ગેરહાજરીમાં આ રૂઢી આપણી શાળાઓમાં ઘણો પ્રસાર કરી શકી નથી.

આ રૂઢી પ્રમાણે નિશાળના નીચેના વર્ગોમાં અંકગણિતનાં નમુના-પાઠો (model lessons) આપતાં મને લાગ્યું શિક્ષક તેમજ શિષ્ય બંનેને ઉપયોગી થઇ એવી આ ધોરણપર લખાયલી ચોપડીઓના ખોટ છે તે ખોટ યથાશકિત પૂરી પાડવા ઠરાવ કર્યા પછી ત્રણ વર્ષ ઉપર મેં “અપુર્ણાંક” પર એક ચોપડી બહાર પાડી હતી. ત્યાર પછી અવકાશ મળવે આ “બાળપોથી” બહાર પાડવા બની શક્યું છે. આ “બાળપોથી” ના એક બે પ્રકરણોમાં કેન્ટનીખના જર્મન પુસ્તકોની થોડી સહાય લીધી છે.

નિશાળમાં શીખવાનું શરૂ કરતાં છોકરાંઓને પહેલાં ત્રણ વર્ષ સુધી અંકગણિતના મૂળ નિયમોનો જેટલો અભ્યાસ જોઇએ એટલો આ "બાળપોથી" માં સમાવવામાં આવ્યો છે.

શિક્ષકને સૂચના.

આ ચોપડીમાંનો કોઇ પણ વિષય વર્ગમાં શીખવવા પહેલાં શિક્ષકે "પાઠ" એ મથાળા હેઠે આપેલા સૂચકપ્રશ્નોનો સંભાળથી અભ્યાસ કરવો. પછી વર્ગમાં ચોપડી ઉઘાડવા દીધા વગર, સળીઓ, કોડી, સોનેન્શાઇનના એરીથમોમીટરના દાખડા અને એવાં બીજાં સાધનો કામે લગાડી પ્રશ્નો પુછી શિષ્યો પાસે ધીમે ધીમે જોઇતા નિયમો શોધી કઢાવવા, અને તેને લાગુ પડતા દાખલાઓ મોઢેથી કરવાને સહાય થવું. શિક્ષકને જ્યારે જણાય કે આપેલો વિષય વિદ્યાર્થિઓ કરી શકયા છે ત્યારે તેમને ચોપડી ઉઘાડવા દઇ "પાઠ" માં પુછેલા પ્રશ્નોના ઉત્તર કઢી જવા કહેવું. ત્યાર પછી મોંઢેના દાખલા અને તે પછી લખીત દાખલા લેવા.

આ ચોપડીમાં જ્યાં "લખીત" એમ છાપ્યું ન હોય તે સઘળા દાખલા મોંઢેથીજ કરવાના છે. પોતાને યોગ્ય જણાય તેવા પ્રશ્નો તથા દાખલા જોડવા અને માત્ર ચોપડી પરજ આધાર નહીં રાખવો એ તો દરેક શિક્ષક અવશ્ય સમજે છે. આ ચોપડી વિદ્યાર્થિના ઉપયોગ માટે હોવાથી દાખલાના જવાબ એમાં આપ્યા નથી.

એક વેળા એક વિષય વિદ્યાર્થિઓ પાકો સમજ્યા કે તે તેમને થોડા વખત પછી યાદજ રહેશે એમ ધારવું અનુભવ તેમજ માણસ-શાસ્ત્રના નિયમોથી ઉલટું છે, માટે શિક્ષકે વર્ગમાં તેમજ આગલા વર્ગોમાં ચાલી ગયલા ભાગો પાછા ને પાછા જુદી જુદી રીતે છોકરાઓ પાસે અવશ્ય કરાવવા જોઇએ.

આ ચોપડીમાં કાંઇ પણ ભુલ હોય તે ઉપર તથા બીજી કોઇ પણ જાતની સૂચના ઉપર આ રચનારનું ધ્યાન ખેંચવામાં આવશે તો આભાર થશે.

જા૦ દા૦ ભ૦


માર્ચ, ૧૯૦૬.

સાંકળીઉં.

——:o:——

પાનું.

દશાકૃતિ.



૧
ગોળો
ચશ્મો.
૨
ત્રિકોણ.
૩
૪
ચોરસ.
૫
પાંચ આંગળાં.
૬
છ બાજુનો ઘન.
સાત વારીઓનું ચક્ર.
સોમ
મંગળ
બુધ
૭
૮
આઠ કકડાનો આકાર.
નવ ઘનની ઘોડી.
૯
દશાંક કાઠી.
૧૦

ગણિતમાળા—બાળપોથી.

પ્રકરણ ૧.

(એકથી દશ સુધી સંખ્યા ગણત્રી; +,-,= નિશાનીની સમજ.)

પાઠ ૧.

પેહલા દશ છોકરા ઉભા થાઓ.

જમશેદ, અહીં આવો ને દશ છોકરા ઉભા છે તેને એક બે ત્રણ એ રીતે મોટે બોલી ગણી જાઓ.

હરીદાસ, આ ટેબલ આગળ આવો ને તે ઉપર લાકડાંની સળીઓનો ઢગલો છે તેમાંથી એક સળી લો.

રૂસ્તમ, હરીદાસના હાથમાં શું છે? આખો જવાબ આપો.

વર્ગના સઘળા છોકરાઓ પોતાની સ્લેટપર હરીદાસના હાથમાં જેટલી સળી છે એટલા કાપા પાડો.

તમારી સ્લેટપર કેટલા કાપા પાડયા? સઘળા સાથે જવાબ દો.

(એક)

હરીદાસ, તમે સળી મુકી દો ને તમારી જગ્યાએ જઇ તમે પણ સ્લેટપર એક કાપો પાડો.

રૂસ્તમ, તમે અહીયાં આવો. એક સળી લો, કેટલી સળી લીધી? હવે એની જોડે એક બીજી લઇ સાથે પકડો.

હવે રૂસ્તમના હાથમાં કેટલી સળી છે? એક સળી જોડે બીજી કેટલી લો તો બે થાય?

તમારી સ્લેટપર એક કાપો પાડેલો છે તેને બદલે બે કાપા પાડો. અગાઉ એક હતો તેમાં કેટલા કાપા વધારે પાડયા?

એક ને બીજો એક મળી કેટલા થાય? એક ચોપડી તમારી અને એક મારી તો કેટલી ચોપડી થઇ?

એક ને એક કેટલા તે સઘળા જવાબ આપો.

તમારી સ્લેટપર અગાઉ કેટલા કાપા હતા, હવડાં કેટલા છે ?

નુરૂદીન, તમે ટેબલ આગળ આવી બે સળી લો. નુરૂદીનના હાથમાં કેટલી સળી છે, છોકરાઓ ? બીજી એક સળી લઇ બે જોડે પકડો. છોકરાઓ, હવે બધી મળી કેટલી સળી થઇ ? બેમાં કેટલા વધારો તો ત્રણ થાય ? બે ને એક શું ? ત્રણ કાપા પાડો.

એક, બે, ત્રણ એમ સઘળા સાથે બોલો.

ત્રણ સળીમાં બીજી એક સળી મુકો. હવે કેટલી થઇ? તમારી સ્લેટ પર જે કાપા હોય તે ભુસી નાખી નવા ત્રણ કાપા પાડો. તેમાં કેટલા વધારે પાડશો તો ચાર થશે ? ત્રણ ને એક ? બે ને એક ? એક ને એક ?


ચાર કાપા સ્લેટપર પાડો. બીજો એક વધારે પાડો. હવે કેટલા થયા ? કેટલા ને એક પાંચ ? પાંચમાંથી એક કાપો ભુસી નાંખો, શું રહ્યું ?

એકથી પાંચ સુધી સંખ્યા બોલી જાઓ.

પાંચ કાપા પાડો, તેમાં એક કાપો વધારો, હવે કેટલા થયા ? પાંચ ને એક ? એજ પ્રમાણે છ કાપામાં એક ઉમેરો, સાતમાં એક ઉમેરો, આઠમાં એક ઉમેરો, નવમાં એક ઉમેરો.

એકથી દશ સુધી સુલટા અને ઉલટા બોલી જાઓ.

(૧) દાખલા ૧.



ઉપલી લીટીઓમાં દરેકમાં કેટલાં શુન્ય અને કાપાઓ છે તે એક, બે, ત્રણ એમ ઉતરતા ગણો. પછી નીચેની લીટીથી ગણતા ઉપર જાઓ.

(૨) નીચેની દરેક લીટીમાં કેટલાં શુન્ય, કાપા કે ચોકડીઓ છે તે કહો.

● ● ●	| | | | |	✚ ✚ ✚ ✚
● ● ● ● ● ● ●	| |	✚ ✚ ✚
● ● ● ●	| | | |	✚ ✚ ✚ ✚ ✚ ✚
● ●	| | | | | | | |	✚ ✚ ✚ ✚ ✚ ✚ ✚
● ● ● ● ● ● ● ●	| | | | | | | | | |	✚ ✚ ✚ ✚
● ● ● ● ●	| | |	✚ ✚ ✚ ✚ ✚
●	|	✚ ✚ ✚ ✚ ✚ ✚ ✚
● ● ● ● ● ● ● ●	| | | | | |	

(૩) એક, બે, ત્રણ એમ દશ સુધી આંક બોલી જાઓ. દશ, નવ, આઠ એમ ઉતરતા એક સુધી આંક બોલો.

પાઠ ૨.

તમારી દરેકની પાસે સળીઓ મુકી છે. તેમાંથી એક સળી ઉંચકો. કેટલી સળી તમે લીધી છે તે કહો. તે જોડે બીજી એક સળી પકડો. હવે કેટલી સળી થઇ? એક સળી હોય તેમાં બીજી એક સળી મુકો તો કેટલી થાય? તમારી પાસે એક દડો છે. તમારા ભાઇ પાસે એક છે. બન્ને સાથે મુકો તો કેટલા દડા થાય?

કોઇ પણ એક ચીજ સાથે બીજી એક ચીજ મુકીએ તો કેટલી ચીજ થાય?

બે સળી પકડો. તેમાં બીજી એક સળી મુકો. હવે બધી મળી કેટલી થઇ?

ત્રણ સાથે એક સળી વધારે લો તો કેટલી થાય? ચાર સાથે એક કેટલી? પાંચ સાથે એક કેટલી? એમ નવ સાથે એક મુકો તો કેટલી થાય ત્યાં સુધી સળીઓ ગોઠવી શોધી કાઢો.

તમારી સ્લેટ લો. તેપર ચાર કાપા પાડો. બીજો એક વધારે પાડશો તો કેટલા થશે?

તમારી સ્લેટપર આવી ✱ સાત ચોકડી પાડો. તેમાં બીજી એક ચોકડી ઉમેરશો તો કેટલી થઇ?

હું આપણા વર્ગના પાટીઆંપર | આ પ્રમાણે લખું છે. તે પરથી તમે શું સમજ્યા?

હવે એક સળીમાં બીજી એક સળી ઉમેરો એમ કહેવાને બદલે હું પાટીઆંપર |+| લખું ત્યારે તમે સમજજો કે એક સળી અથવા લીટીમાં બીજી એક સળી અથવા લીટી ઉમેરો એમ હું કહું છું.

ચાલો ત્યારે હું આમ લખું છું |||+| ત્યારે તમે શું સમજશો?

ઉમેરો અથવા વધારો એમ દેખાડવા હું શું નિશાની વાપરૂં છું?

ઠીક ત્યારે હવે + આવી નિશાની કરૂં ત્યારે "ઉમેરવું અથવા વધારવું" એમ કહેવામાં આવે છે તે ધ્યાન રાખજો.

દાખલા ૨.

(૧) નીચેના દરેક દાખલામાં શું માગ્યું છે તે વાંચો, ને તેનો જવાબ કહો.

||||+|	●●●●●+●
||+|	●●●+●
||||||+|	●●●●●●●●+●
✱✱✱✱+✱	●●●●●●●+●
✱✱✱✱✱✱✱+✱	●●●●●●●●●●●+●
|||||||||+|	

(૨) તમને સમજાવેલી ઉમેરવાની નિશાની વાપરી નીચે પ્રમાણે તમારી સ્લેટપર લખી દેખાડો.

બે સળીમાં એક સળી ઉમેરો.

પાંચ ચોકડીમાં એક ચોકડી ઉમેરો.

નવ શુન્ય પાડી તેમાં બીજું એક શુન્ય ઉમેરો.

(૩) એકને એક બે, બેને એક ત્રણ, એમ છેક નવને એક દશ સુધી બોલી જાઓ.

પાઠ ૩.

તમો દરેક પાસે કોડીઓ મુકેલી છે તેમાંથી પાંચ કોડી ગણી હાથમાં લો. એમાંથી એક કોડી પાછી કાઢી લો. બાકી કેટલી કોડી રહી?

પાંચ સળીમાંથી એક સળી કાઢી નાખો તો બાકી કેટલી સળી રહેશે?

પાંચમાંથી એક લઇ લો તો બાકી શું રહેશે?

આઠ કોડી લો. તેમાંથી એક કાઢી નાખો. બાકી કેટલી રહેશે?

દશ કોડીમાંથી એક બાદ કરી નાખતાં શું બાકી રહેશે?

હું પાટીઆંપર આ પ્રમાણે લખુંછું | | | + | તો તમે શું સમજોછો?

હવે હું પાટીઆંપર એમ લખુંછું કે ત્રણ સળીમાંથી એક સળી કાઢી લો અથવા બાદ કરો તે જુઓ | | | – |

બાદ કરવા અથવા કાઢી લેવા માટે મેં શું નિશાની વાપરી તે તમારી સ્લેટપર પાડી દેખાડો.

ચાર ચોકડીમાંથી એક ચોકડી બાદ કરો કે લઇ લો એમ તમે સ્લેટપર નિશાની વડે લખો.

●●●●●–● એટલે શું સમજો છો?

દશ સળી લો. તેમાંથી એક કાઢી લો. કેટલી થઇ? તેમાંથી પાછી એક કાઢી લો. હવે શું રહ્યું? તેમાંથી એક કાઢો. એમ જ્યાં સુધી સળી બધી થઇ રહે ત્યાં સુધી કરો ને શું આવે છે તે કહેતા જાઓ.

દાખલા ૩.

(૧) નીચેના દાખલામાં શું માંગ્યું છે તે વાંચો ને તેનો જવાબ કહો.

| | – |	●●●●●–●	✱✱✱✱✱✱–✱
| | | | – |	●–●	✱✱✱✱✱✱✱✱✱–✱
| | | | | | | – |	●●●●●●●●●●–●	✱✱✱–✱
| | | + |	●●●+●	✱✱✱✱✱✱✱+✱

(૨) નીચે જણાવેલા દાખલા નિશાની વાપરી કાપા કે મીડાં પાડી લખો.

પાંચ સળીમાંથી બે સળી બાદ કરો.

ચાર સળીમાંથી બે સળી બાદ કરો.

ચાર સળીમાં ત્રણ સળી ઉમેરો.

૭ ચોકડીમાંથી એક ચોકડી લઇ લો.

પાંચ મીડાંમાંથી એક મીડું બાદ કરો.

(૩) એકમાં એક ઉમેરો તો શું આવે? બેમાં એક ઉમેરો તો શું? એમ નવમાં એક ઉમેરો ત્યાં સુધી બોલી જાઓ.

(૪) દશમાંથી એક લો તો શું રહે? નવમાંથી એક લો તો શું? એમ એકમાંથી એક લો તો શું રહે ત્યાં સુધી ઝડપથી બોલી જાઓ.

પાઠ ૪.

ત્રણમાં બે ઉમેરો તો પાંચ થાય એમ હું લખું છું તે જુઓ.

| | | + | | = | | | | |

એમાં ઉમેરવા માટે શું નિશાની છે તે બતાવો. થાય એમ શું નિશાનીએ દેખાડયું છે?

| | | − | | = | એટલે શું લખ્યું તે સમજાવો.

પાંચ સળીમાં બીજી બે સળી મુકો તો થાય સાત એમ તમારી સ્લેટપર આ નિશાનો વાપરી લખી દેખાડો.

● ● ● +   = ● ● ● ● ● એમ હું લખું છું એટલે "ત્રણમાં ઉમેરો શું તો થાય પાંચ" એમાં કેટલાં મીડાં ઉમેરવાં તે ખાલી જગ્યામાં લખી જાઓ.

ત્રણમાંથી શું લો તો થાય એક. એમ એ નિશાની વડે લખી દેખાડો.

| | | | −   = | | એ દાખલામાં શું માગ્યું છે? (ચારમાંથી લો શું તો થયા બે.)

***+**=   એ દાખલો વાંચી સંભળાવો. એમાં શું માંગ્યું છે? (ત્રણ ચોકડીમાં ઉમેરો બે તો થાય શું?)

પાંચ ચોકડીમાં ત્રણ ઉમેરો તો થાય શું? એમ લખી બતાવો.

ત્યારે = આ નિશાન કાઢવામાં આવે ત્યારે શું સમજશો?

દાખલા ૪.

(૧) નીચેના દાખલા વાંચી સંભળાવો.

||| + | = |||| ●●●●● + ●● = ●●●●●●●
||| +   = |||| ●●●●● +   = ●●●●●●●
||| + | =   ●●●●● + ●● =
|||| - || = || ●●● - ● =
|||| -   = || ●●● -   = ●
|||| - || =   ●●● - ●● =
●●●●● -   = ●●

(જવાબ—ત્રણમાં ઉમેરો એક તો થાય ચાર; ત્રણમાં ઉમેરો શું તો થાય ચાર? ત્રણમાં ઉમેરો એક તો થાય શું? ઇત્યાદી.)

(૨) નીચેના દાખલાઓ નિશાની વડે લખી દેખાડો.

ત્રણમાં ઉમેરો શું તો થાય પાંચ? ચારમાં ઉમેરો બે તો થાય શું? ચારમાંથી બે લો તો થાય શું? ચારમાંથી લો શું તો થાય એક? ૭ ચોકડીમાંથી લો બે તો થાય શું?

(૩) નીચેના દાખલાના જવાબ આપો.

||| + || =   ●●●● -   = ●●
||| - || =   ●●●● + ●● =
||| -   = | ●●●●● + = ●●●●●●●
||| - = || ●●●●● -   = ●●●
|||| + = ||||| ***** +   = *******
||||| + ||| =   *** - ** =
|||||| + |||| = **** -   = *

(૪) એકમાં બે ઉમેરો તો શું થાય? ત્રણમાં બે ઉમેરો તો શું? પાંચમાં બે ઉમેરો તો શું? સાતમાં બે ઉમેરો તો શું?

(૫) એક, બે, એમ દશ સુધી, પછી દશ, નવ, એમ એક સુધી બોલી જાઓ.


(૬) એક, ત્રણ, પાંચ, એમ એક આંકડો છોડી દઇ નવ સુધી ઝડપથી બોલી જાઓ. તેમજ બે, ચાર, છ, એમ દશ સુધી બોલી જાઓ. પછી ત્રણથી શરૂ કરી એકેક આંકડો છોડી નવ સુધી બોલો.

(૭) દશ, નવ, આઠ, એમ એક સુધી ઝડપથી બોલી જાઓ. પછી એક આંકડો છોડી દશ, આઠ, છ, એમ બોલી જાઓ.

પ્રકરણ ૨.

(૧ થી ૫ સુધી સંખ્યાનો અભ્યાસ, સરવાળા, બાદબાકી.)

પાઠ ૫.




| ● ☐ એક ૧.

ઉપલાં ચિત્રમાં કેટલા હાથી છે? એક હાથીના પગ કેટલા? માથાં કેટલાં?

એક એક દેખાડવા હવેથી આપણે ૧, એ નિશાની વાપરશું તે સ્લેટપર લખો.

એક સળી છે તેમાંથી એક સળી લઇ લો તો શું રહેશે?

| | ● ● □ □ બે ૨.



એક ચીજમાં બીજી એક ચીજ ઉમેરો તો કેટલી થશે? એ માટે શી નિશાની છે તે લખો.

બેમાંથી એક જાય તો શું રહે? બેમાંથી બે લો તો શું રહે? કાંઇ નહીં રહે તે દેખાડવા ૦ શુન્ય એ નિશાની વપરાય છે.

દાખલા ૫.


(૧) ૧–૧= ૨–૨= ૧+ =૨
૧+૧= ૨– =૧ ૨=
૨–૧= ૨– =૦

(૨) તમને બે આને એક ચોપડી લેવી છે. તમારી પાસે એકજ આનો છે તો બીજા કેટલા આના હજી જોઇશે?

(૩) તમારાં ગજવામાં બે લખોટા હતા તેમાંથી પેહલાં એક પડી ગયો પછી એક પડી ગયો તો તમારા ગજવામાં કેટલા લખોટા રહ્યા?

(૪) તમને તમારા બાપાએ ગઇ કાલે એક દોઢીઉં આપ્યું ને આજે એક દોઢીઉં આપ્યું તો બધાં મળી તમારી પાસે કેટલાં દોઢીઆં થયાં?

પાઠ ૬.



| | | ● ● ● □ □ □ ત્રણ ૩.

ત્રણ સળી લો. તેમાંથી એક કાઢી નાખો. બાકી કેટલી સળી રહી?

ત્રણ સળીમાંથી કેટલી સળી લો તો એક સળી રહેશે તે જુઓ.

ત્રણમાંથી બે બાદ કરો તો બાકી શું રહે? એક બાદ કરો તો શું?

એક સળીમાં કેટલી ઉમેરો તો ત્રણ થશે? કેટલી સળીમાં એક ઉમેરો તો ત્રણ થશે?

ત્રણ સળી લો. તેમાંની કેટલી તમે નીચે મુકી દો તો હાથમાં કાંઇ રહેશે નહીં.

કેટલી વખત એકેક સળી લો તો બધી મળી ત્રણ થશે?

તમારી સ્લેટપર ત્રણ * ચોકડી પાડો. તેમાંની કેટલી કાઢી નાખો તો બે ચોકડી રહેશે? એક ચોકડી રાખવા કેટલી કાઢી નાખવી પડશે?

કેટલી સળી ગોઠવો તો △ આવો આકાર થશે?

દાખલા ૬.

(૧)

૧+૨=	૩–૧=	૧+ =૩
૨+૧=	૩–૨=	૨+ =૩
૧+૧+૧=	૩–૩=	૩– =૧

(૨)

૧+૧=	૩–૧=	૨–	=૦
૨–૧=	૨–૨=	૩–	=૨
૩–૨=	૨+૧=	૨–	=૧

(૩) નીચે લખેલા દાખલા નિશાનો તથા અંક વડે લખો.

ત્રણમાંથી લો બે તો થાય એક. એકમાં ઉમેરો બે તો થાય ત્રણ.

ત્રણમાંથી લો એક તો થાય બે? એકમાં ઉમેરો શું તો થાય ત્રણ?

(૪) મેં ત્રણ પ્યાલાં બજારમાંથી લીધાં. તેમાંથી એક ભાંગી ગયું તો બાકી કેટલાં રહ્યાં?

(૫) એક છોકરો એક ઠેકાણે ત્રણ લખોટા મુકી બહાર ગયો. પાછો આવી જુએ છે તો એકજ લખોટો બાકી રહેલો દીઠો. તો કેટલા લખોટા કોઇ ઉંચકી ગયું?

(૬) એક શેર બોરના ત્રણ પૈસા પડે છે. તમારી પાસે એકજ પૈસો છે તો બીજા કેટલા પૈસા હોય તો તમારાથી શેર બોર લેવાય?


(૭) એક ઝાડપર બે ચકલી બેઠી છે. બીજાં ઝાડપર એક ચકલી છે, સાથે બેસે તો કેટલી ચકલી થાય?

(૮) નીચલા સવાલોના ઝડપથી જવાબ આપો.

ત્રણ ને એક; એક ને એક; બેમાંથી એક જાય તો; ત્રણમાંથી બે જાય તો; બે ને એક; ત્રણ ને એક; ત્રણમાંથી ત્રણ જાય તો.

(૯) એવા દાખલાઓ મોઢેથી તમે તમારા વર્ગના બીજા છોકરાઓને ઝડપથી પુછો. ને તેનો જવાબ આપે તે ખરો કે ખોટો તે કહો.

પાઠ ૭.



| | | | ●● ●● □ □ □ □ **ચાર ૪.**

ઉપલાં ચિત્રમાં શું છે? એમાં ચાર ચાર શું શું જુઓ છો તે કહો. તમારા ઓરડાને કેટલી બાજુ છે? તમારા ઓરડાના જમીનને કેટલાં ખુણા છે? દિશા કેટલી છે? તેમના નામ દો. અને તે તરફ ફરી એક બે ત્રણ એમ ગણી જુઓ.

તમારી ચોપડીની ઉપરની બાજુ જુઓ. તેને કેટલી કોર છે? ખુણાં કેટલાં છે?

ચાર એક સરખી સળી લો. તે વડે □ આ જાતનો આકાર બાંધો. એ આકારને શું કહે છે? ચોરસની બાજુ કેટલી?

ચાર સળીઓ લઇ તેપરથી નીચેના જવાબ શોધી કાઢો.

કેટલી સળીમાં ત્રણ મુકીએ તો ચાર થાય?

બે સળી કેટલી વખત જોડે મુકો તો ચાર થાય?

ચાર સળીમાંથી કેટલી ઉંચકી લો તો ત્રણ સળી રહી જાય? કેટલી ઉંચકો તો બે રહે? કેટલી ઉંચકો તો ત્રણ રહે?

ચાર સળીમાંથી કેટલી ઉંચકો તો કાંઇ નહી રહે?

ચાર સળી ટેબલ પર મુકો. તેમાંથી એકી વખતે બે બે સળી ઉંચકી લો તો કેટલી વખત ઉંચકતાં કાંઇ રહેશે નહીં?

કેટલી વખત બે બે સળી મુકશો તો ચાર થશે?

ચાર સળીમાં બે સળી કેટલી વખત આવી જાય છે?

ચાર આંગળાં ઉંચાં કરો. તેમાંથી કેટલાં વાળી દો તો એક રહી જશે?

એક માણસ ચાર ગાઉ ચાલવાનો છે. તેમાંથી તેણે ત્રણ ગાઉ પુરા કર્યા તો હજી કેટલા ચાલવાના બાકી છે?

ચાર કોડીના બે સરખા ઢગલા કરો તો દરેક ઢગલામાં કેટલી કોડી આવે?

દાખલા ૭.

(૧)

૩+ =૪	૨+ =૪	૧+ =૪
૪− =૨	૪− =૧	૪− =૩
૩+૧=	૨+૨=	૧+૩=
૪−૧=	૪−૩=	૪−૩=

(૨)

૨+૧=	૨+ =૪	૨− =૦
૨−૨=	૧+ =૨	૩− =૨
૪−૧=	૧+ =૩	૨− =૧
૨+૨=	૩− =૩	૪− =૨

(૩) એક માણસે ચાર રૂપિઆ ઉછીના લીધા છે. તેણે ત્રણ રૂપિઆ પાછા આપી દીધા છે. તો હજી તેને શું આપવાનું બાકી છે?

(૪) તમારા પાસે ચાર બોર છે. તેના તમે બે સરખા ભાગ કરી એક ભાગ તમારા ભાઇને આપો તો ભાઇને કેટલાં બોર મળશે?

(૫) રૂસ્તમ પાસે એક લખોટો છે મારે તેને બીજા એટલા લખોટા આપવા છે કે તેની પાસે બધા મળી ચાર લખોટા થાય ત્યારે મારે કેટલા આપવા જોઇએ ?

(૬) તમારાં "રેજીસ્ટર બુક" ની કીમત ચાર આના છે, તમે ઘરથી એકજ આનો લાવ્યા છો તો હજી બીજા કેટલા આના લાવવા પડશે ?

(૭) એક છોકરાનાં ગજવામાં ચાર દોઢિઆં હતાં. પણ ગજવું ફાટેલું હતું તેથી થોડાં દોઢિઆં પડી ગયાં. ઘર જઇ જુએ છે તો એકજ દોઢિઉં રહેલું. ત્યારે કેટલાં પડી ગયાં ?

(૮) મને ચાર કેરી ભેટ મળી છે. તેમાંથી હું રોજ બે ખાઉં તો કેટલા દહાડામાં તે કેરી પુરી થઇ જશે ?

(૯) એક માણસ દરરોજ બે રૂપીઆ કમાય, તો ચાર રૂપીઆ કમાવા કેટલા દહાડા જોઇશે ?


(૧૦) ચાર પુરી મુકી હતી. કાગડો આવી એક લઇ ગયો. પછી ફરીથી આવી બીજી લઇ ગયો. એમ જો તે કાગડો એકેક પુરી ઉંચકી જાય તો બધી પુરી લઇ જવાને કાગડાને બધું મળી કેટલી વખત આવવું પડશે ?

(૧૧) ઝડપથી જવાબ દો.

બે ને બે ; બે ને એક ; ત્રણ ને એક: ત્રણમાંથી એક જાય તો: ચારમાંથી બે જાય તો ; ત્રણમાંથી બે જાય તો ; એક ને એક ; ચાર ને એક ; ચારમાંથી ત્રણ જાય તો ?

(૧૨) ઉપર જણાવેલા જેવા હિસાબ તમે જોડી કાઢી વર્ગના છોકરાઓને પુછો ને તેનો જવાબ ખરો કે ખોટો છે તે કહો.

પાઠ ૮.



| | | | | ⁘ □ □ □ □ □ **પાંચ ૫.**

એક હાથના આગળાં કેટલાં? એક પગના કેટલાં?

પાંચ આંગળાંમાંથી કેટલાં વાળી દો તો બે રહે? ત્રણ રહે?

પાંચ સળી લો. ને તે પરથી નીચેના સવાલોના જવાબ આપો.

ત્રણમાં કેટલી સળી મુકતાં પાંચ થાય? બેમાં કેટલી મુકશો? એકમાં કેટલી? ચારમાં કેટલી સળી મુકવી પડશે?

પાંચમાંથી કેટલી સળી લઇ લો તો બે રહે; એક રહે; ત્રણ રહે; ચાર રહે?

પાંચ સળીમાંથી એકેક વેળા બબે સળીઓ ઉંચકી લો તો એમ કેટલી વખત થઇ શકશે? બાકી શું રહેશે?

પાંચ રૂપીઆમાંથી કેટલા રૂપીઆ ખરચ થઇ જાય તો બે રહે?

એક બાજઠપર પાંચ છોકરા બેઠા હતા. હમણાં ત્રણજ બેઠેલા છે, તો કેટલા ઉઠી ગયા હશે?

મારાં ગજવામાં જેટલા પૈસા છે, તેમાં જો કોઇ બે બીજા મુકે તો પાંચ થાય ત્યારે મારી પાસે શું હશે?

ત્રણ ને બે પાંચ થાય એમ અંક અને નિશાનીઓ વડે લખી બતાવો. ૫ – ૩ = ૨ એમ વાંચી સમજાવો, ૫ – = ૧ એ વાંચી સમજાવો.

દાખલા ૮.

(૧)

૪+ =૫	૩+ =૫	૨+ =૫
૫− =૩	૫− =૨	૫− =૧
+૧=૫	+૩=૫	+૨=૫
૫− =૪	૪+ =૫	૩+૨=
૨+૩=	૩+ =૫	૫−૩=
૪+ =૫	૧+૪=	૨+ =૫

(૨)

૨+૨=	૩+૧=	૫−૨=
૨−૧=	૪−૩=	૪+૧=
૧+૨=	૩−૨=	૪−૩=
૧+ =૪	૫− =૩	૩+ =૫
૨+ =૫	૪−૨=	૫− =૧
૪− =૧	૨− =૦	૫−૩=
૨+૧=	૩+ =૪	૪+ =૫

(૩) નીચેના દાખલા લખી બતાવો.

ત્રણ ને બે પાંચ; ચારમાંથી એક જાય તો રહે ત્રણ.

પાંચમાંથી શું જાય તો થાય બે? ત્રણમાંથી એક જાય તો શું રહે?

બે ને બે કેટલા? પાંચમાંથી શું જાય તો ચાર રહે?

(૪) ભગવાનદાસને તેના બાપે એક દહાડો બે દોઢિઆં આપ્યાં ને બીજે દહાડે પણ બે આપ્યાં. ભગવાનદાસે એ પૈસા એકઠા કરી રાખ્યા તો તેની પાસે પાંચ દોઢિઆં થવા હજી બીજાં કેટલાં દોઢિઆં જોઇશે?

(૫) પાંચ જોડ મોજાંમાંથી બે જોડ ફાટી ગઇ તો કેટલી જોડ બાકી રહી?

(૬) પેનસીલનો એક ઢગલો ટેબલ પર પડયો હતો. તેમાંથી એક છોકરાએ બે લીધી. બીજાએ બે લીધી. ત્રીજો આવીને જુએ છે તો એકજ બાકી રહેલી. તો બધી મળી કેટલી પેનસીલ હશે?

(૭) એક ઝાડપર બે કાગડા બેઠા છે. બીજા ઝાડપર ચાર કાગડા છે. બીજા પરથી પેહલાં પર કેટલા કાગડા ઉડી આવે તો બધા મળી પેહલાં પર પાંચ કાગડા થાય? બીજા પર બાકી કેટલા રહી જાય?

(૮) એક છોકરો ઇરાનીની દુકાને ચાહ પીવા ગયો. તેની પાસે પાંચ પૈસા હતા. બે પૈસા ચાહના તથા એક પૈસો બીસ્કીટનો આપ્યા પછી તેની પાસે શું બાકી રહેશે?

(૯) એક ઘોડાને રોજ બે શેર ચણા ખવાડીએ તો પાંચ શેર ચણા કેટલો વખત ચાલી શકે? કયે દહાડે એકજ શેર રહી જશે?

(૧૦) અલીભાઇ પાસે બે લખોટા ને શમશુદીન પાસે પાંચ છે. અલીભાઇ જો શમશુદીન પાસેથી બે લખોટા લે તો દરેક પાસે કેટલા લખોટા થાય?

(૧૧) ઝડપથી જવાબ આપો.

ત્રણ ને એક; બે ને ત્રણ; બે ને બે; ચાર ને એક.

ત્રણમાંથી બે જાય તો; ચારમાંથી ત્રણ જાય તો; ચારમાંથી **પાંચ** જાય તો?

ત્રણમાંથી કેટલા જાય તો એક રહે? કેટલામાંથી બે જાય તો ત્રણ રહે?


કેટલામાંથી ત્રણ જાય તો બે રહે? કેટલામાંથી પાંચ જાય તો કાંઇ નહીં રહે.

(૧૨) વર્ગના છોકરાઓએ આ જાતના દાખલા બનાવી એક બીજાને પુછવા.

પ્રકરણ ૩.

(૬ થી ૧૦ સુધી સંખ્યાનો સરવાળો, બાદબાકી તથા ગુણાકાર સાથે અભ્યાસ.)

પાઠ ૯.



| | | | | | ●●● ●●● □ □ □ □ □ □ ૭ ૬.

૭ સળી કે કોડી લો. તે લઇને નીચે પુછેલા સવાલોના જવાબ કહો.

૭ સળીમાંથી એક ઉંચકી લો તો શું રહે? કેટલા ને એક ૭? પાંચમાં શું ઉમેરો તો ૭ થાય? ૭માંથી કેટલા લેતાં પાંચ રહે?

છમાંથી બે જાય તો શું રહે? કેટલાને બે છ? ચારમાં શું ઉમેરો તો છ થાય? છમાંથી શું લેતાં ચાર રહે?

છમાંથી ત્રણ જાય તો શું રહે? કેટલા ને ત્રણ છ? ત્રણમાં શું ઉમેરો તો છ થાય? છમાંથી શું લો તો ત્રણ રહે?

છમાંથી ચાર જાય તો શું રહે? છમાંથી પાંચ જાય તો શું? છ જાય તો શું?

કેટલાને ચાર છ? કેટલાને પાંચ છ? કેટલામાં ચાર ઉમેરો તો છ થાય?

કેટલામાં પાંચ ઉમેરો તો છ થાય?

દાખલા ૯

(૧)

૫+ =૬	૪+ =૬	૩+ =૬
૨+ =૬	૧+ =૬	

(૨)

૬–૨ =	૬– =૩	૬–૪ =
૫+ =૬	૪+૨ =	૨+ =૬
૪+ =૬	૬– =૧	૬– =૦
૬–૧ =	૬–૩ =	+૨ =૬

(૩)

૩+૨ =	૨+ =૫	૨+૧ =
૨+૪ =	૬– =૨	૩– =૧
૩+ =૪	૪– =૧	૪– =૧

(૪) મારી પાસે છ કોરા પાનાની ચોપડી હતી. તેમાંથી બે પાના પર મેં દાખલા કર્યા તો બાકી કોરા પાના કેટલાં રહ્યાં હશે?

(૫) ત્રણ પૈસા મારી પાસે અને બે મારી બેન પાસે છે તો હજી બીજા કેટલા પૈસા અમને આપે તો અમારા બંનેના પૈસા મળી છ પૈસા થાય?

(૬) એક તળાવમાં છ બગલા બેઠા હતા તેમાંથી પહેલાં બે ઉડી ગયા. પછી ત્રણ ઉડી ગયા. હજી કેટલા બગલા ત્યાં બેઠા છે?

(૭) માખીને છ પગ હોય છે. તે બે પગ વતે પોતાનું શરીર સાફ કરે ત્યારે તે કેટલા પગ પર બેસતી હશે?

(૮) ગાયના ચાર પગ ને બે શીંગડાં મળી કેટલી ચીજ થઇ?

(૯) હાથીના ચાર પગ ને એક સુંઢ ને એક પુછડી મળી કેટલી ચીજ થઇ?

(૧૦) કોટથી દાદર છ માઇલ દુર છે. એક છોકરો ચાલતો કોટમાંથી દાદર જવા નીકળ્યો. તે ગ્રેંટ રોડ પહોંચ્યો ત્યારે બે માઇલ થયા ત્યારે હજી કેટલા માઇલ ચાલવાના તેને બાકી છે?

(૧૧) છ આંગળ લાંબી પેનસીલમાંથી ચાર આંગળ કકડો કાપી કાઢો તો બાકી રહેલા કકડાની શું લંબાઇ?


(૧૨) નીચેના જવાબ ઝડપથી આપો.

બે ને ત્રણ? પાંચ ને એક? ચારમાંથી ત્રણ જાય તો?
કેટલાને ત્રણ છ? છમાંથી ચાર જાય તો? પાંચમાંથી બે જાય તો?
ત્રણ ને ત્રણ? બે ને ત્રણ? છમાંથી બે જાય તો?

(૧૩) ઉપલા દાખલામાં પુછેલા સવાલો અંક તથા નિશાનીઓ વડે તમારી સ્લેટપર લખી જાઓ. [૨+૩=;]

(૧૪) આ સઘળા દાખલાઓની જાતના દાખલા તમે જોડી કાઢી વર્ગને પુછો ને જવાબ મળે તે ખરો કે ખોટો તે કેહતા જાઓ.

પાઠ ૧૦.



૨×૩=૬ ૩×૨=૬

બે સળી લો. તે તમારી પાસે મુકો. બીજી બે સળી લો, તે પહેલી બેની પાસે જરા દુર મુકો. પછી ફરીથી બે સળી લો ને તેની પાસે મુકો. બધી મળી કેટલી સળી થઇ?

કેટલી વખત બે સળીઓ લો તો છ સળી થાય? બબ્બે દોઢિઆંના કેટલા ઢગલા કરો તો બધા મળી છ દોઢિઆં થાય?

તમને કેટલા હાથ છે? કેટલા છોકરાઓના હાથ મળી ૭ હાથ થાય?

એક જોડી બુટમાં કેટલાં બુટ હોય છે? કેટલી જોડી બુટ લો તો ૭ છુટાં બુટ થાય?

બબ્બે ચીજ કેટલી વખત લો તો ૭ ચીજ થાય?

૨+૨+૨=૬ એટલે તમે શું સમજો છો તે કહો.

એક વેળા બે લો તેમાં બે ઉમેરો, તેમાં બીજા બે ઉમેરો તો કેટલા થાય?

રૂસ્તમ કહે છે કે "પેહલાં બે સળી લો, તેમાં બીજી બે સળી ઉમેરો, તેમાં ફરીથી બે સળી ઉમેરો એટલે ૭ સળી થશે" અને રામદાસ કહે છે કે "બે સળી ત્રણ વખત લો તો ૭ થશે" એ બેનો અર્થ એકજ કે જુદો? જો એ બંનેનો અર્થ એકજ હોય તો વધારે સેહલી બોલવાની રીત કોની છે રૂસ્તમની કે રામદાસની? ને શા માટે?

બે ચીજ ત્રણ વખત લો તો ૭ થાય એમ હવે હું પાટીઆં પર લખું છું તે જુઓ. ૨×૩=૬ એનો અર્થ એમ કે બે ચીજ ત્રણ વખત લો તો થાય ૭. (બોલવામાં—બે ત્રી **છચ.**)

બે ચીજ ત્રણ વખત લો તો થાય ૭. એમ અંક ને નિશાની વડે લખી દેખાડો.

આજે જે નવી નિશાની તમે શિખ્યા તે પાટીઆં આગળ આવી લખી દેખાડો.

બીજી ત્રણ જુની શિખેલી નિશાનીઓ પણ લખો ને સમજાવો.

૨+૨+૨ તે કેટલા થાય? એજ દાખલો બે અંક વાપરી કેમ લખાય? (૨×૩.)

પાઠ ૯ માં આપેલાં ચિત્રમાં ૨×૩=૬ એ કયાં ચિત્ર પરથી જણાય છે.

તમે દરરોજ બે દોઢિઆં ખરચો તો કેટલા દિવસમાં ૬ દોઢિઆં ખરચી રહેશો?

૭ સળીઓ ટેબલ પર મુકી છે. તેમાંથી તમે આવી બે ઉંચકી તમારી જગ્યા પર લઇ જઇ મુકો. પછી ફરીથી આવી બે લઇ

જાઓ. એમ જ્યાંસુધી ટેબલપરની સળી તમારી જગ્યાપર એકઠી થાય ત્યાંસુધી કરો. તો તમને ટેબલ આગળ કેટલા ફેરા ખાવા પડશે?

તમારા પાસે ૭ દોઢિઆં છે. તેમાંથી બે દોઢિઆં એક માણસને તમે આપ્યાં, બે દોઢિઆં બીજા માણસને, ને બે દોઢિઆં ત્રીજાને આપ્યાં તો હવે બાકી શું રહ્યું?

એક કુતરાના બે કાન તો ત્રણ કુતરાના કેટલા? બે ત્રી?

બે સળી બે વખત લો તો કેટલી થાય?

૨×૨=૪ એટલે શું તે સમજાવો (વાંચવામાં-બે દુ ચાર.)

બે ચીજ બે વખત લો તો કેટલી થાય?

બે ચીજ બે વખત લો તો ચાર થાય એમ અંક તથા નિશાનીઓ વડે લખો.

બે ચીજ બે વખત લો તો કેટલી થાય? ૨×૧=૨ એ સમજાવો.

૨×૧=૨; ૨×૨=૪ અને ૨×૩=૬ એ મોઢે કરો.

એક માણસ બે રૂપીઆ કમાય તો ત્રણ માણસ કેટલા કમાય?

એક પેનસીલની બે દોઢિઆં કીમત તો બે પેનસીલનું શું પડશે?

એક પાવલાની બે બેઆની, તો ત્રણ પાવલાની કેટલી બેઆની?

એક રૂપિઆના બે અડધા તો બે રૂપિઆના કેટલા?

ત્રણ સળી લો, બીજી ત્રણ સળી તે સાથે મુકો. કેટલી સળી થઈ?

કેટલી વખત ત્રણ ત્રણ સળી લો તો ૭ થાય?

ત્રણ બે વખત લો તો ૭ થાય એમ અંક તથા નિશાની વડે લખી દેખાડો.

૩×૨=૬ એ વાંચી સમજાવો.

૭ સળીમાંથી ત્રણ ત્રણ સળીના કેટલા ઢગલા થઇ શકશે?

૭ સળીમાંથી એકેક વખતે ત્રણ સળી ઉંચકી લો તો કેટલી વખત ઉંચકી શકાશે.

હું પાટીઆં પર ૭ કાપા પાડું છું. તમે અહિં આવો ને ત્રણ કાપા ભુસી નાખો. પછી પાછા જાઓ. પાછા આવી ત્રણ કાપા

ભુસી નાંખો. એ રીતે છ એ છ કાપા ભુસી નાખવા કેટલી વખત તમને પાટીઆં આગળ આવવું પડશે?

છ ચલ્લી ઝાડપર હતી. તેમાંથી પેહલાં ત્રણ ઉડી ગઇ પછી ત્રણ ઉડી ગઇ. હવે ઝાડપર કેટલી ચલ્લી રહી?

ત્રણ ચીજ કેટલી વખત લો તો છ ચીજ થાય?

૬ માંથી ૩ બાદ કરો પછી જે રહે તેમાંથી ૩ બાદ કરો તો જવાબ શું?

૩×૨= એમાં શું માંગ્યું છે ; ત્રણ દુ છ એ અંકમાં લખી દેખાડો.

પાઠ ૯ માં આપેલાં ચિત્રમાં ૩×૨=૬ કયાં ચિત્ર પરથી જણાય છે?

● ●
● ●
● ●

આ મીંડાની દરેક આડી હારમાં કેટલાં મીંડાં છે? એવી આડી હાર કેટલી છે? બધાં મળી મીંડાં કેટલાં છે? એ પ્રમાણે ગણતાં તમે ત્રણ વખત બે ગણ્યા કે બે વખત ત્રણ ગણ્યા?

હવે દરેક ઉભી હારમાં કેટલાં મીંડાં છે તે કહો. એવી કેટલી ઉભી હાર છે?

બંને હાર મળી કેટલાં મીંડાં થયાં? એ બે વખત ત્રણ કે ત્રણ વખત બે ગણ્યા?

૨×૩ તે કેટલા ને ૩×૨ તે કેટલા થાય?

ત્રણ ચીજ એક વખત લો તો કેટલી થાય? ત્રણ ચીજમાંથી એકી વખતે ત્રણ ચીજ લેવી હોય તો કેટલી વખત લેવાય?

૩×૧=૩ ; ૩×૨=૬; એ મોંઢે કરો.

૨×૨ કેટલા? હવે હું એમ કહું કે ૨×૨+૧ એટલે કેટલા તો શું કરશો?

દાખલા ૧૦.

(૧)

૩+૩=	૨+૨+૨=	૨× =૬
૩×૨=	૨×૩=	૩× =૬
×૨=૬	×૩=૬	

(૨)

૪+ =૫	૩× =૬	૬=૨ ×
૫+૧ =	૩+૨ =	૬−૩ =
૩+૨ =	૪− =૧	૩− =૨
૧+ =૫	૪+ =૬	૪− =૩
૨×૩ =	૩+ =૬	૨+૨+ =૬
૨×૨ =	૩×૧ =	૩×૨ =
૩× =૬	૨× =૪	૪− =૨
૨×૧ =	૩× =૩	૨×૨+ =૬
૨×૨+૧=	૩×૧+૨×૧=	૨× =૬

(૩) ૭ પૈ ના બે સરખા ઢગલા કરો તો દરેક ઢગલામાં કેટલી પૈ થઇ ?

(૪) એક દોઢિઆંની ત્રણ પૈ આવે. તો બે દોઢિઆંની કેટલી આવે ?

(૫) ૭ કોડીને એક ઢગલો છે. શિક્ષક કહે છે કે એકેક છોકરાએ આવી બબે કોડી ઉંચકી જવી હવે કેટલા છોકરાઓ આવી જશે તો ઢગલો પુરો થઇ જશે ?

(૬) દોઢિઆંનાં બે પૈર મળે તો ૭ પૈર લેવા કેટલાં દોઢિઆં જોઇશે ?

(૭) એક રૂપિઆના બે અડધા આવે તો ત્રણ રૂપિઆના કેટલા અડધા ?

(૮) ૭ પૈ ત્રણ જણને સરખે ભાગે વ્હેંચી આપો તો દરેક જણને શું આ:વશે ?

(૯) બે દોઢિએ એક પેનસીલ તો ૭ પૈસાની કેટલી પેનસીલ આવશે ?

(૧૦) ૭ ચીજમાંથી બબે ચીજ કેટલી વખત લઇ શકાય ?

(૧૧) ત્રણ ત્રણ પેપરમીંટના ઢગલા કર્યા છે તમને ૭ પેપરમીંટ જોઇતી હોય તો કેટલા ઢગલા ઉંચકી જશો ?

(૧૨) એક છોકરો ૭ રૂપિઆ એકઠા કરવા માંગે છે. તેનો બાપ તેને દર મહિને બે રૂપિઆ આપતો હોય તો કેટલા મહિનાના રૂપિઆ તે બચાવે તો ૭ રૂપિઆ થાય?

(૧૩) એક બાપે રવિવારની સાંજે પોતાના છોકરાને ૭ દોઢિઆં આપ્યાં ને કહ્યું કે રોજ બપોરે બે પૈસાની નિશાળમાં બીસ્કીટ ખાજે ને જે દહાડે પૈસા પુરા થાય તે દહાડે સાંજે મને કેહજે. તો પેલા છોકરાને કયે વારે સાંજે બાપને કેહવું પડશે?

(૧૪) એક છોકરાના ડગલાને બે ગજવાં છે. દરેક ગજવાંમાં ત્રણ બીસ્કીટ હોય તો બંને ગજવાં મળી કેટલી?

(૧૫) ત્રણ ચોપડી મારા કોથળામાં છે. એક મારી ટેબલપર છે ને બાકી મારા હાથમાં છે. મારી પાસે બધી મળી પાંચ ચોપડી હોય તો મારા હાથમાં કેટલી?

(૧૬) હું ૭ પૈસા લઇ બજારમાં ગયો ત્યાં બે નારંગી મેં લીધી તેના દરેકના બે પૈસા આપ્યા તો હવે મારી પાસે બાકી શું રહ્યું?

(૧૭) એક માણસે ૭ રૂપિઆમાંથી ત્રણ રૂપિએ જોડી એવાં બે બુટ ખરીદ કર્યાં તો તેની પાસે બાકી શું રહયું?

(૧૮) નીચેના દાખલા વાંચી સંભળાવો,


૪+૨=૬	૨×૨=૪	૩× =૬
૫−૧=૪	૪− =૧	૨× =૬
૩×૨=૬	૩×૧=૩	૨× =૨


(૧૯) નીચેના દાખલા અંક અને નિશાનીથી લખી દેખાડો.
બે ને બે ચાર; ત્રણમાંથી લો એક થાય બે; બે દુ ચાર;
ત્રણ દુ ૭; બે ત્રી ૭; ત્રણ બે વખત, તો થાય ૭.
ત્રણ એક વખત, થાય ત્રણ; પાંચમાંથી પાંચ લો થાય શૂન્ય.

(૨૦) નીચેના જવાબ ઝડપથી આપો.
ત્રણ દુ? ત્રણ ને ત્રણ? ત્રણ ને બે? ૭માંથી ચાર જાય તો?
પાંચમાંથી બે જાય તો? બે ત્રી? ત્રણ એકાં? બે ને ત્રણ?
ચાર ને બે? કેટલી વખત ત્રણ થાય ૭? કેટલી વખત બે થાય ચાર?

(૨૧) છોકરાઓ, તમારામાંથી જેને ગમે તે આવા દાખલા બનાવી વર્ગને પુછો.

પાઠ ૧૧.





| | | | | | | ●●●● ●●● □□□□ □□□ **સાત ૭.**

સાત સળી લો. ને તે પરથી સાતમાંથી એક જાય તો શું રહે? કેટલાને એક સાત? સાતમાંથી બે જાય તો શું રહે? કેટલાને બે સાત? સાતમાંથી ત્રણ જાય તો શું રહે? કેટલાને ત્રણ સાત! સાતમાંથી ચાર જાય તો શું રહે? કેટલાને ચાર સાત? એમ સાતમાંથી સાત જાય તો કેટલા રહે ત્યાં સુધી શોધી કાઢો.

સાત સળી ટેબલ પર છે. તેમાંથી તમારે આવી બે સળી ઉંચકી જવી, બીજા છોકરાએ પણ બે ઉંચકી જવી, પણ બે થી ઓછી ઉંચકવી નહીં તો કેટલા છોકરા બબ્બે સળી ઉંચકી જશે? બાકી શું રહેશે?

૩×૨ માં કેટલા ઉમેરો તો સાત થાય?

સાત કોડી છે તેમાંથી એકી વખતે ત્રણ ત્રણ કોડી ઉંચકી લો તો કેટલી વખત ઉંચકાય? બાકી શું રહે?

૨×૩ માં કેટલા ઉમેરો તો સાત થાય?

૨×૩+૧=૭ ;   ૩×૨+૧=૭   એ શું તે સમજાવો.

સાત સળીમાંથી બે વખત બે સળી ઉંચકી લીધી તો બાકી કેટલી રહી?

૨×૨+ =૭   એમાં શું માંગ્યું છે?

દાખલા ૧૧.

(૧)

૬+ =૭	૫+ =૭	૪+ =૭
૩+ =૭	૨+ =૭	૧+ =૭
૭−૨=	૭−૧=	૭−૫=
૭−૪=	૭−૩=	૭−૬=
૭− =૫	૭− =૧	૭− =૪
૭− =૩	૭− =૨	૭− =૬

(૨)

૩+૨=	૩−૨=	૫− =૧
૨+૫=	૬−૪=	૬− =૩
૪+૧=	૭−૩=	૭− =૪
૨+૪=	૪−૨=	૨− =૦
૨+૨+૨=	૬−૫=	૭− =૩
૨×૩=	૭−૪=	૩− =૧
૨× =૪	૩×૨+૧=૭	૪− =૧
૩× =૬	૨×૨+ =૭	−૨=૩
૨×૧=	૨× =૬	−૩=૪
૩×૨=	૩×૨+ =૭	−૪=૨

(૩) નીચેના દાખલા લખી તેના જવાબ આપો.

ત્રણ દુ અને એક? ચાર ને ત્રણ થાય?

સાતમાંથી ત્રણ જાય તો? પાંચમાંથી લો બે તો? બે ત્રી?

(૪) બે ઝાડ પર બધાં મળી સાત પક્ષી છે. પેહલાં પર પાંચ બેઠાં છે તો બીજાં પર કેટલાં બેઠાં હશે?

(૫) મેહતાજી સાહેબે એક છોકરાને સાત આંગળાં ઉંચા કરી દેખાડવા કહયું. તે છોકરાએ એક હાથનાં બધાં આંગળાં ઊંચકયાં ત્યારે બીજા હાથના હજી કેટલાં ઊંચકવાં જોઇએ?

(૬) એક છોકરાએ સાત રૂપિએ એક જોડ બુટ ખરીદયાં ને તેની કીમતના રૂપિઆ કકડે કકડે ભરવા કબુલ કર્યું. એક વેળા તેણે

બે રૂપિઆ ભર્યાં, બીજી વેળા ત્રણ ભર્યાં ત્યારે હજી કેટલા ભરવાના બાકી હશે?

(૭) તમારી પાસે સાત પેપરમીંટ હતી તેમાંથી એક તમે સહવારે ને ત્રણ બપોરે ખાધી તો હજી બાકી કેટલી રહી?

(૮) સાત દોઢિઆંમાંથી મેં એક દોઢિઉં ભીખારીને, બે મેવાવાળાને ને ત્રણ દોઢિઆં પનીરવાળાને આપ્યાં તો મારી પાસે હજી શું હશે?

(૯) સાત કેરીમાંથી ત્રણ કેરી ખરાબ થઇ ગઇ તે નાખી દીધી ત્યારે બાકી કેટલી કેરી રહી?

(૧૦) એક માણસ ઘોડે બેસી સાત ગાઉ જવા નીકળ્યો. બે ગાઉ રસ્તો કાપતાં ઘોડાની લગામ તુટી ગઇ તેથી ઉતરી ઘોડાને ચલાવતો લઇ ગયો. ત્યારે તેને કેટલા ગાઉ ચાલવું પડ્યું?

(૧૧) સાત ચોખાના દાણામાંથી ચકલી આવી બબ્બે દાણા ઉંચકી જાય તો ત્રણ વખતમાં કેટલા દાણા ઉંચકી જશે? બાકી કેટલા દાણા રહેશે?

(૧૨) એક ગોવાળીઓ સાત ગાયોનું ગોવાળું હાંકી લાવતો હતો. રસ્તામાં એક હાથી જતો હતો તેને જોઇ થોડી ગાયો ભડકી ને નાહસી ગઇ અને ગોવાળાંમાં બેજ ગાય રહી ગઇ. ત્યારે કેટલી ગાયો નાહસી ગઇ હશે?

(૧૩) બેહેરામ પાસે સાત પેર હતાં તેમાંથી પોતે ત્રણ ખાધાં ને ચાર પોતાની બેનને આપ્યાં ત્યારે બેહેરામ પાસે કેટલાં પેર રહ્યાં?

(૧૪) અઠવાડીઆનાં સાત વાર તેમાં રવીવારે તો નિશાળ બંધ રેહ ત્યારે નિશાળમાં કેટલા દહાડા જવું પડતું હશે!


(૧૫) એક 'સરકસ'માં સાત ઘોડા છે તેમાં ત્રણ સફેદ ને બાકીના કાળા છે તો કાળા ઘોડા કેટલા હશે?

(૧૬) સાત હાંડા ભરેલા છે. બે હાંડામાં દુધ, બેમાં ઘી અને બાકીમાં તેલ છે. તો તેલ કેટલા હાંડામાં હશે?

(૧૭) રોજ એક માણસ એક રૂપિઓ ખર્ચ કરે તો એક અઠવાડીઆમાં શું ખર્ચ કરશે?

(૧૮) છોકરાઓએ આવા દાખલા જોડી કાઢી પુછવા.

પાઠ ૧૨.



IIIIIIII ●●●● ●●●● □□□□ □□□□ આઠ ૮.

તમારી સ્લેટપર આઠ કાપા પાડો. તેમાંથી એક ભુસી નાખી આઠમાંથી એક જાય તો શું રહે? એમ છેક આઠમાંથી આઠ જાય તો શું રહે ત્યાં સુધી શોધી કાઢો. એક સળી લો તેમાં કેટલી મુકશો તો આઠ થશે? બેમાં કેટલી મુકવી પડશે? ત્રણમાં કેટલી એમ સાતમાં કેટલી સુધી શોધી કાઢી યાદ રાખો.

આઠમાં ચાર કેટલી વેળા આવે છે તે ચાર ચાર સળી કેટલી વખત મુકતાં આઠ થાય છે તે જોઇ શોધી કાઢો.

કેટલી વખત બે લેતાં આઠ થાય તે પણ એજ પ્રમાણે શોધી કાઢો.

આઠ કોડીમાંથી ત્રણ ત્રણ કોડી એક વખતે ઉંચકી લો તો કેટલી વખત લેવાશે? બાકી કેટલી કોડી રેહશે?

બે વખત ચાર તે કેટલા? ચાર દુ? ચાર વખત બે લો તો કેટલા થાય? બે ચોક?

બે એકુ બે, બે દુ ચાર, બે ત્રી છ, બે ચોક આઠ એમ અંકમાં લખો ને મોંઢેથી પાછા બોલી દેખાડો.

બે વખત ત્રણુ એમાં કેટલા ઉમેરો તો આઠ થાય?

૨+૨+૨+૨ તે કેટલા થાય? એજ દાખલો એજ અંક વાપરી લખવો હોય તો કેમ લખાય? (૨×૪)

દાખલા ૧૨. ક.

(૧)

૧+ =૮	૨+ =૮	૩+ =૮
૪+ =૮	૫+ =૮	૬+ =૮
૭+ =૮	૮+ =૮	

(૨)

૮− =૨	૮− =૧	૮− =૪
૮− =૩	૮− =૬	૮− =૫
૮− =૭	૮− =૦	૪− =૧
૭− =૪	૫− =૨	૩− =૨
૬− =૩	૫− =૧	૪− =૨
−૩=૫	−૪=૩	−૩=૨
−૨=૪	−૧=૭	−૨=૬
૨+૫=	૨+૪=	૩+૧=
૩+૪=	૪+૪=	૪+૩=
૭+૧=	૫+૧=	૬+૨=

(૩)

૪×૨=	૨×૪=	૩×૨=
૧×૨=	૨×૩=	૮×૧=
×૩=૬	×૨=૮	×૪=૮
×૧=૫	૩× =૬	૨× =૮

(૪)

૧×૨=	૧×૩=	૩×૧=	૪×૧=
૨×૨=	૨×૩=	૩×૨=	૪×૨=
૩×૨=			
૪×૨=			

(૫) એક આનાના ચાર દોઢિઆં તો બે આનાના કેટલાં?

(૬) એક ચોપડીની કિંમત બે આના છે. મારી પાસે પાંચ દોઢિઆં છે તો હજી બીજાં કેટલાં દોઢિઆં હોય તો હું તે ચોપડી લઇ શકું?

(૭) મને મારા શિક્ષકે દરીઆ કીનારાપરથી કોડી એકઠી કરવા કહી છે. મેં ત્રણ કોડી એકઠી કરી છે તો હજી બીજી કેટલી કોડી લાવીશ તો આઠ કોડી થશે?

(૮) એક માણસ રોજ બે રૂપિઆ કમાય તો ચાર દહાડામાં તે શું કમાશે?

(૯) આઠ બોરમાંથી બે બોર પડી જાય તો બાકી શું રહી જાય?

(૧૦) એક છોકરો રોજ બે પાના ચોપડીના વાંચે તો આઠ પાના વાંચતાં કેટલો વખત લાગશે?

(૧૧) હું ઘરથી રોજ ચાર દાખલા કરી લાઉં છું તો બે દિવસમાં કેટલા દાખલા કરી શકોશ?

(૧૨) એક ઝાડપર ત્રણ પોપટ બેઠા છે. બીજા કેટલા પોપટ આવી બેસશે તો બધા મળીં આઠ પોપટ થશે?

(૧૩) એક છોકરાએ બેઆની વટાવી તેનાં દોઢિઆં લીધાં. તેમાંથી ચાર દોઢિઆંનાં તેણે કાગળ વેચાતાં લીધાં તો તેની પાસે બાકી શું રહ્યું?

(૧૪) તમારા વર્ગમાં દરેક બાંકપર ચાર છોકરા બેસે તો આઠ છોકરાને બેસાડવા કેટલા બાંક જોઇશે?

(૧૫) શિક્ષકની ટેબલપર આઠ કોડીનો ઢગલો છે. એકેક છોકરો આવી બે કોડી ઉંચકી જાય તો કેટલા છોકરા ગયા પછી ટેબલપર કાંઇ રહેશે નહીં?

(૧૬) મારી બેન બે વર્ષની છે. બીજાં કેટલાં વર્ષ પછી તે આઠ વર્ષની થશે?

(૧૭) બે ગાયના પગ, બે કાગડાના કરતાં કેટલા વધારે થાય?

(૧૮) મારાં બે ગજવાંમાં દરેકમાં ચાર ચાર લખોટા છે. તેમાંથી ૭ લખોટા મેં આપી દીધા તો કેટલા લખોટા બધા મળી મારી પાસે રહ્યા?

(૧૯) એક દાબડીમાં આઠ પેન છે. એક છોકરો તે દાબડી આગળ બે વખત ગયો ને દરેક વખત ચાર ચાર પેન લઇ ગયો તો બાકી કેટલી પેન રહી?

(૨૦) રૂસ્તમ પાસે જેટલા રૂપિઆ છે તે કરતાં જમશેદ પાસે બેવડા છે. જમશેદ પાસે આઠ રૂપિયા હોય તો રૂસ્તમ પાસે કેટલા?

(૨૧) એક ખુંટી ભોંયમાં દાટી છે. તેની આખી લંબાઇ આઠ ઇંચ છે. તે ખુંટીનો જેટલો ભાગ જમીનમાં દટાયલો છે તેટલોજ ભાગ બહાર રહેલો છે, તો બહાર રહેલા ભાગની લંબાઇ શું હશે?

(૨૨) આઠ ચીજમાંથી ત્રણ ત્રણ ચીજ કેટલી વાર લેવાશે? બાકી શું રહેશે?

(૨૩) આ જાતના દાખલા બનાવી વર્ગમાં છોકરાઓએ એક બીજાને પુછવા.

દાખલા ૧૨. ખ.

(૧)

૨ + ૨ =	૨ + ૧ + ૧ =	૮ = ૩ + ૨ +
૨ + ૨ + ૧ =	૨ + ૨ + ૨ =	૭ = ૨ + ૧ +
૩ + ૩ + ૧ =	૩ + ૨ + ૩ =	૫ = ૧ + ૧ +
૪ + ૩ + ૧ =	૪ + ૨ + ૧ =	૪ = ૨ + ૧ +
૮ − ૨ =	૩ − ૨ =	૭ − ૨ − ૨ =
૮ − ૩ − ૩ =	૩ − ૨ − ૧ =	૮ − ૨ − ૨ − ૨ =
૭ − ૧ − ૨ =	૫ − ૧ − ૨ =	૫ − ૧ − ૧ − ૨ =

(૨)

૩ + ૨ =	૨ + ૨ + ૨ =	૮ − ૨ = ૬
૩ + ૨ + = ૮	૨ + ૨ + ૨ + = ૮	૮ − ૨ − = ૩
૨ + ૪ =	૩ + ૧ + = ૮	૮ − ૩ =
૨ + ૪ + = ૮	૨ + ૧ + = ૮	૮ − ૩ − = ૧
૪ × = ૮	૨ × = ૮	૩ × ૨ =
૩ × ૨ + ૮ =	૨ × ૩ + = ૮	૨ × ૨ + = ૮
૨ × ૨ + ૩ =	૩ × ૨ + ૧ =	૪ × ૨ − ૩ =

(૩) એક ઘરમાં આઠ માણસ વસે છે. તેમાંથી એક છોકરો ને બે છોકરી નિશાળે જાય છે. બે માણસો ધંધા માટે બહાર જાય છે ત્યારે ઘરમાં કેટલાં માણસો રેહતાં હશે?

(૪) એક માણસ પાસે બેર હતાં તેમાંથી બે એક છોકરાને, ત્રણ બીજા છોકરાને, ને એક ત્રીજા છોકરાને એમ વ્હેંચી આપ્યાં પછી તેની પાસે કાંઇ રહયું નહીં ત્યારે તેની પાસે કેટલાં બેર હશે?

(૫) આઠ પૈસામાંથી મેં એક પૈસાની પેપરમીંટ, બે પૈસાની પેનસીલ અને ત્રણ પૈસાના કાગળ લીધાં ત્યારે મારી પાસે શું બાકી રહ્યું?

(૬) એક માણસ પાસે આઠ કેળાં હતાં તેમાંથી દોઢિએ ત્રણ પ્રમાણે બે દોઢિઆંનાં કેળાં વેચ્યાં ને બાકીના પોતે ખાઇ ગયો. ત્યારે તેણે કેટલાં કેળાં ખાધાં હશે?

(૭) દોઢિઆંનાં ચાર જાંબુ પ્રમાણે વેચતાં આઠ જાંબુનાં કેટલા પૈસા આવશે?

(૮) આઠ કોડી છે. તેમાંથી પેહલા છોકરાએ આવી એક કોડી લીધી બીજાએ બે ને ત્રીજાએ ત્રણ લીધી ત્યારે હજી કેટલી કોડી બાકી રહી?


(૯) આઠ કેરી દરેક માણસને એક આવે એમ વ્હેંચો તો કેટલા માણસમાં વ્હેંચી શકાશે?


(૧૦) એક છોકરાને તેના બાપે પેહલે દહાડે એક દોઢિઉં આપ્યું પછી ત્રણ દિવસ રોજ બબ્બે દોઢિઆં આપ્યાં. તો બધાં મળી આઠ દોઢિઆં થવા હજી કેટલાં દોઢિઆં જોઇશે?

(૧૧) આઠ નારંગી ચાર જણામાં સરખે ભાગે આપતાં દરેકને કેટલી નારંગી મલશે?

(૧૨) એક ગાય રોજ બે શેર દુધ આપે છે તે ચાર દહાડામાં જેટલું દુધ આપે તે રૂપિઆના ચાર શેર પ્રમાણે વેચો તો કેટલા રૂપિઆ આવશે?

પાઠ ૧૩.



 નવ ૯.

નવ ચીજમાંથી એક જાય તો શું રહે? બે જાય તો શું રહે એમ છેક નવમાંથી નવ જાય તો શું રહે તે શોધી કાઢો.

કેટલાને એક નવ? કેટલાને બે નવ? કેટલાને ત્રણ નવ? એમ કેટલાને આઠ નવ સુધી શોધી કાઢો.

નવ સળી લો. તેના ત્રણ સરખા ઢગલા કરો. દરેક ઢગલામાં કેટલી સળી?

ત્રણ વખત ત્રણ લો તો શું થાય?

ત્રણ વખત ત્રણ લો થાય નવ. એમ અંકમાં લખી દેખાડો ૩×૩=૯ એટલે શું? ૩× =૯?

ત્રણ એકુ ત્રણ; ત્રણ દુ છ, ત્રણ ત્રી નવ એમ અંકમાં લખો તથા મોંઢેથી પાછા ઝડપમાં બોલી જાઓ.

નવ સળી લો. દરેક ઢગલામાં બે સળી આવે એવા તેમાંથી ઢગલા કરો. એવા કેટલા ઢગલા થશે? બાકી શું રહેશે?

ચાર દુ આઠ અને એક નવ એમ લખી દેખાડો.

અકેક ચીજ કેટલી વખત લેતાં નવ થશે?

૩+૩+૩ તે કેટલા? એજ દાખલો એજ અંક વાપરી લખવો હોય તો શું કરશો? (૩×૩)

૩+૩+૩= ૩×૩ એટલે શું સમજયા?

એજ પ્રમાણે ૨+૨+૨+૨= ૨×૪.

અને ૧+૧+૧+૧+૧+૧+૧+૧+૧= ૧×૯ એ સમજાવો.

દાખલા ૧૩. ક.

(૧)

૯ = ૧ +	૯ = ૨ +	૯ = ૩ +
૯ = ૪ +	૯ = ૫ +	૯ = ૬ +
૯ = ૭ +	૯ = ૮ +	૯ = ૯ +

(૨)

૬ + ૩ =	૯ − ૬ =	૬ + = ૯
૯ − ૪ =	૫ + ૪ =	૪ + = ૯
૪ + ૩ =	૯ − ૨ =	૨ + = ૯
૯ − ૩ =	૧ + = ૯	૩ + = ૯
૮ + = ૯	૯ − = ૨	૯ − = ૨
૩ + = ૯	૯ − = ૫	૯ − = ૬
૨ + = ૯	૬ + = ૯	૯ − = ૪
૮ + ૧ =	૪ + ૫ =	૯ − = ૧
૩ × = ૯	૩ × ૩ =	૯ = ૩ ×

(૩)

૩ + ૨ =	૫ − ૪ =	૭ − = ૧
૪ + ૫ =	૬ − ૩ =	૮ − = ૩
૩ + ૩ =	૭ − ૬ =	૯ − = ૬
૬ + ૧ =	૯ − ૨ =	૨ − = ૧
૪ + ૩ =	૮ − ૫ =	૩ − = ૧
૭ + ૧ =	૯ − ૬ =	૬ − = ૨
૨ + ૭ =	૮ − ૭ =	૯ − = ૭
૫ + ૩ =	૯ − ૪ =	૮ − = ૨

(૪)

૨ × ૨ =	૩ × = ૬	૮ = ૪ ×
૨ × ૨ =	૨ × = ૮	૯ = ૩ ×
૨ × ૪ =	૩ × = ૯	૬ = ૨ ×
૩ × ૩ =	૨ × = ૨	૬ = ૩ ×
૫ × ૧ =	૮ × = ૮	૪ = ૨ ×

(૫) નીચેના દાખલા અંક અને નિશાનીઓ વડે લખી દેખાડો.

બે વખત ત્રણ લો તેમાં બે ઉમેરો તો આઠ થાય.

ચાર વખત બે લઇ તેમાં એક ઉમેરો તો નવ થાય.

બેમાં બે ઉમેરો તેમાં ત્રણ ઉમેરો તેમાં બે ઉમેરો તેમાંથી ચાર બાદ કરો તો રહે પાંચ.

(૬) નીચેના દાખલાના ઝડપથી જવાબ આપો.

ત્રણ ત્રી ; પાંચ ને ત્રણ ; છમાંથી ચાર જાય તો ; ત્રણ દુ :

બે ચોક ; પાંચ ને બે ; ત્રણ ને છ ; આઠમાંથી ત્રણ જાય તો ;

ચાર દુ ; બે ત્રી ; ત્રણ એકુ ; પાંચ એકાં ; બે દુ.

(૭) તમને નવ દિવસ છુટી છે. તેમાં ત્રણ દહાડા તો નીકળી ગયા તો હજી કેટલા દહાડા બાકી છે ?

(૮) નવ પૈસામાંથી કેટલા ખરચી નાખો તો તમારી પાસે ત્રણ બાકી રહે ?

(૯) એક ઝાડની એકેક ડાળી પર ત્રણ ત્રણ ફુલ થાય છે. તો કેટલી ડાળી તોડશો તો બધાં મળી નવ ફુલ થશે ?

(૧૦) એક દોઢિઆંની ત્રણ પૈ તો કેટલાં દોઢિઆંની નવ પૈ ? બે દોઢિઆંની કેટલી પૈ ?

(૧૧) દોઢિઆંનાં ત્રણ કાગળ એ પ્રમાણે કેટલાં દોઢિઆંનાં નવ કાગળ આવશે ?

(૧૨) એક રૂપિઆની નવ કોપીણુક આવે છે. મારી પાસે બે કોપીણુક છે. બીજી કેટલી વધારે હોય તો રૂપિઆની કિમત થાય ?

(૧૩) મારી બેન બે વર્ષની છે. તેની ને મારી ઉમર મળી નવ વર્ષ થાય છે તો મારી ઉમર શું હશે ?

(૧૪) હમણાં મારી ઉમર નવ વર્ષની છે તો મારી ચાર વર્ષ અગાઉ શું ઉમર હશે?

(૧૫) એક છોકરા પાસે નવ આના હતા તેમાંથી તેણે ૭ આનાની એક ચાકુ લીધી તો બાકી તેની પાસે શું રહ્યું?

(૧૬) નવ પેનસીલ ત્રણ છોકરાને સરખે ભાગે આપો તો દરેકને કેટલી આવશે?

(૧૭) નવ સળી છે. એકેક છોકરો બબ્બે સળી ઉંચકી જાય તો કેટલા છોકરાઓને બબ્બે સળી મળશે? બાકી શું રહ્યું?

(૧૮) ત્રણ દોઢિઆં વટાવી તેની એક છોકરાએ પૈ કીધી: બે પૈ ભીખારીને આપી તો બાકી તેની પાસે શું રહ્યું?

(૧૯) એક છોકરો નવ ટીકીટ એકઠી કરવા ધારે છે. તેની પાસે ૭ ટીકીટ છે તો હજી બીજી કેટલી એકઠી કરવી પડશે?

(૨૦) આ જાતના દાખલા બનાવી વર્ગમાં છોકરાઓએ એક બીજાને પુછવા.

દાખલા ૧૩. ખ.

(૧)

૯=૩+૨+	૩+૨+૩=	૪−૧−૧=
૯=૨+૧+	૪+૩+૨=	૫−૨−૧=
૯=૫+૩+	૨+૧+૩=	૮−૩−૪=
૯=૧+૨+૩+	૩+૩+૨=	૯−૨−૧=
૯=૧+૧+૧+	૨+૧+૪=	૯−૩−૪=
૯=૨+૨+૨+	૫+૩+૧=	૫−૧−૨=
૯=૨×૪+	૩×૨+૨=	૩×૩−૨=
૯=૩×૨+	૨×૪+૧=	૪×૨−૩=
૯=૫×૧+	૨×૩+૨=	૩×૩−૪=

(૨) એક દોઢિઆંની ત્રણ પૈ તો બે દોઢિઆંની કેટલી? ત્રણની કેટલી?

(૩) એક આનાના ચાર દોઢિઆં આવે છે. એક માણસે એક બેઆની વટાવી તેનાં દોઢિઆં લીધાં. હજી બીજાં કેટલાં દોઢિઆં હોય તો તેની પાસે નવ દોઢિઆં થાય?

(૪) એક છોકરા પાસે નવ કેરી હતી તેમાંથી પેહલે દહાડે એક, બીજે દહાડે પેહલા દહાડા કરતાં બમણી, ને ત્રીજે દહાડે બીજા દહાડા કરતાં બમણી એમ કેરી ખાધી ત્યારે હવે તેની પાસે કેટલી કેરી હશે?

(૫) છ પૈનાં દોઢિઆં કેટલાં? નવ પૈનાં કેટલાં?

(૬) એક વર્ગમાં રજાના વખતમાં નવ છોકરા બેઠા છે. બે પાઠ વાંચે છે ત્રણ દાખલા કરે છે ને બાકીના રમે છે. કેટલા છોકરા રમે છે?

(૭) નવ પૈસાની એવી ઢગલી કરો કે દરેક ઢગલીમાં ચાર પૈસા આવે. એવી કેટલી ઢગલી થશે? કેટલા પૈસા ઢગલી થવા વગર રહેશે?

(૮) મેં સોમવારે બે પાઠ વાંચ્યા, મંગળવારે એક, બુધવારે ત્રણ વાંચ્યા, ભરેસપતવાર સુધીમાં મારે નવ પાઠ પુરા કરવા હોય તો ભરેસપતવારે કેટલા પાઠ વાંચવા જોઇએ?


(૯) એક માણસ પાસે નવ રૂપિઆ હતા. તેમાંથી ત્રણ રૂપિઆ પોતે રાખી બાકીના પોતાના ત્રણ છોકરાને સરખે ભાગે વ્હેંચી આપ્યા તો દરેક છોકરાને શું મળ્યું હશે?


(૧૦) ત્રણ છોકરાંઓ હારબંધ ઉભા છે. તેમની પછવાડે પણ બીજા છોકરાઓ તેવીજ રીતે ઉભા છે. જેટલા છોકરા પહેલી હારમાં છે તેટલી બંધી મળી હાર છે. ત્યારે બધા મળી છોકરા કેટલા હશે?

(૧૧) એક રૂપિઆના ચાર પાવલા તો નવ પાવલાના રૂપિઆ કરાવવા હોય તો કેટલા રૂપિઆ થશે? બાકી કાંઇ રેહશે કે?

(૧૨) રૂપિઆની આઠ બેઆની તો નવ બેઆનીના કેટલા રૂપિઆ લેવાશે? બાકી શું વધશે?

પાઠ ૧૪.



 દશ ૧૦.

બંને હાથનાં આંગળાં કેટલાં? સઘળાં આંગળાં ઉંચાં કરો. તેમાંથી એક વાળી દો. હવે કેટલાં આંગળાં થયાં? દશમાંથી એક જાય તો શું રહે? કેટલાને એક દશ? એ પ્રમાણે બે આંગળાં વાળી દો ને દશમાંથી બે જાય તો શું રહે? કેટલાને બે દશ? એમ સઘળાં આંગળાં વાળી રહો ત્યાં સુધી કર્યા જાઓ.

દશ સળીના બે સરખા ઢગલા કરો તો દરેક ઢગલામાં કેટલી સળી આવશે?

પાંચ ચીજ બે વખત લો તો શું આવશે? એ દાખલા અંકમાં લખો.

પાંચ દુ દશ ૫×૨=૧૦ એટલે શું સમજ્યા?

બે સળીની ઢગલી કરો. એવી એવી કેટલી ઢગલી લેશો તો દશ થશે તે શોધો.

બબ્બે ચીજ પાંચ વખત લો તો દશ થશે એમ અંકથી લખી દેખાડો.

બે એકાં બે, બે દુ ચાર, બે ત્રી છ, બે ચોક આઠ, બે પચાંમ દશ એમ એકેકની નીચે લખી કોઠો બનાવો.

પાંચ ચીજ બે વખત લો, ને બે ચીજ પાંચ વખત લો તો બધી લીધેલી ચીજમાં કાંઇ ફેર પડશે કે?

દશ સળી મુકી તેમાંથી ત્રણ ત્રણ લઇ લે તો કેટલી વખત લેવાશે? બાકી કાંઇ રહેશે કે?

દશ સળીમાંથી ચાર ચાર સળી કેટલી વખત લેવાશે ને બાકી શું રેહશે?

દશ અંકમાં કેમ લખો છો? એ લખવા માટે આપણે કેટલા આંકડા વાપરીએ છીએ? એકથી નવ સુધી દરેક સંખ્યા લખવા અત્યાર સુધી કેટલા આંકડા વાપર્યા હતા?

દાખલા ૧૪. ક.

(૧)

૧૦=૧+	૧૦= ૨+	૧૦=૩+	૧૦=૪+
૧૦=૫+	૧૦= ૬+	૧૦=૭+	૧૦=૮+
૧૦=૯+	૧૦=૧૦+		

(૨)

૧૦−૬=	૧૦−૮=	૧૦−૧=	૧૦−૯=
૧૦−૩=	૧૦−૭=	૧૦−૫=	૧૦−૨=
૧૦−૪=	૬+ =૧૦	૭+ =૧૦	૨+ =૧૦
૫+ =૧૦	૮+ =૧૦	૧+ =૧૦	૩+ =૧૦
૪+ =૧૦	૪+૫=	૩+૬=	૭+૧=
૩+૫=	૨+૨=	૭+૩=	૬+૨=
૪+૫=	૮+૨=	૯+૧=	૩+ =૮
૨+ =૭	૨+૬=	૮+૨=	૧૦− =૪
૮− =૨	૯− =૬	૫− =૧	૪−૪=
૭−૪=	૮−૫=	૧+૧=	૫+૨=
૬− =૧	૨+ =૯	૬+ =૧૦	૭+ =૮
૮− =૨	૭− =૩	૩+૩=	૪−૪=
૫+૫=	૧૦− =૭	૯− =૭	૮− =૭
૬+૩=	૩+૪=	૨+૭=	૧૩− =૩

(૩)

૨×૧=	૩×૧=	૫×૧=	૩× =૯
૨×૨=	૩×૨=	૫×૨=	૪× =૮
૨×૩=	૩×૩=	૨× =૧૦	૧૦=૫×
૨×૪=	૪×૧=	૩× =૬	૬=૨×
૨×૫=	૪×૨=	૨× =૮	૯=૩×

(૪)

૨×૩+૨=	૫×૧+૪=	૨×૩+૪=
૩×૩+૧=	૭×૧+૩=	૬×૧+૩=
૪×૨+૧=	૪×૨+૨=	૭×૧+૩=

(૫) એક માણુસને દશ છોકરાં છે. તેમાં ચાર છોકરી છે તો છોકરા કેટલા?

(૬) દશ રૂપિયામાંથી કેટલા ખરચી નાખો તો સાત રહી જાય? કેટલા ખર્ચો તો ચાર રહે?

(૭) દશ દહાડાની છુટીમાંથી એક અઠવાડિયું તો નીકળી ગયું ત્યારે કેટલા દહાડા રજા બાકી રહી હશે?

(૮) એક ચોપડીની કીમત દશ આના છે. મારી પાસે ચાર આના છે તો બીજા કેટલા આના હશે તો હું તે ચોપડી લઇ શકીશ?

(૯) એક માણસ પાસે દશ બોર હતાં. તેણે પાંચ છોકરાઓને સરખે ભાગે વહેંચી આપ્યાં તો દરેક છોકરાને કેટલાં મળ્યાં?

(૧૦) પાટીઆં પર દશ કાપા પાડેલા છે. એકેક છોકરો આવી ત્રણ ત્રણ કાપા ભુસી નાખી જાય તો ત્રણ છોકરા આવી ગયા પછી કેટલા કાપા રેહેશે?

(૧૧) દશ છોકરા વર્ગમાં બેઠા છે. દરેક બાંક પર સરખી સંખ્યા છે તો કેટલા બાંક પર છોકરા બેઠા હશે?

(૧૨) બબે ચીજ દશ ચીજમાંથી કેટલી વખત લઇ શકાય?

(૧૩) મને મારા બાપે ગઇ કાલે ચાર દોઢિયાં ને આજે છ દોઢિયાં આપ્યાં ને મારા ભાઇને ગઇ કાલે બે ને આજે થોડાં દોઢિયાં આપ્યાં. મને ને મારા ભાઇને સરખાજ પૈસા મળ્યા તો મારા ભાઇને આજે શું આપ્યું હશે?

(૧૪) દરેક હારમાં બે છોકરા ચાલે તો દશ છોકરાની કેટલી હાર થશે?

(૧૫) બબે દોઢિયે એક પૈસો હોય તો દશ દોઢિયાંનાં કેટલાં પૈસા આવશે?

(૧૬) હું મારા બાપા જોડે આજે બજારમાં ગયો હતો. મારા બાપે દશ રૂપિયાની નોટ વટાવી તેમાંથી મારે માટે મારી બેન માટે તથા મારા ભાઇ માટે બુટ લીધાં. દરેક બુટની જોડીની કીમત રૂપિયા ત્રણ હતી. બાકી રહેલા રૂપિયા મને રાખવા આપ્યા છે તો હમણાં મારાં ગજવાંમાં કેટલા રૂપિયા છે?

(૧૭) મેં એક બેઆની વટાવી દોઢિયાં લીધાં. હજી બીજાં કેટલાં દોઢિયાં હોય તો મારી પાસે દશ દોઢિયાં થાય?

(૧૮) આ જાતના મોઢે દાખલા જોડી છોકરાઓએ વર્ગમાં પુછવા.

દાખલા ૧૪. ખ

(૧)

૧૦=૧+૨+	૧૦=૩+૨+	૧૦=૧+૧+
૧૦=૨+૪+	૧૦=૪+૩+	૧૦=૨+૨+
૧૦=૭+૨+	૧૦=૭+૩+	૧૦=૩+૩+
૧૦=૪+૪+	૧૦=૫+૫+	૧૦=૧+૨+૩+
૧૦=૩×૨+	૧૦=૪×૨+	૧૦=૩×૩+
૧૦=૨×૪+	૧૦=૭×૧+	૧૦=૨×૩+

(૨) એક મજુર એક દહાડો બે આના ને બીજા બે દહાડા ત્રણ ત્રણ આના કમાયો તો બધા મળી દશ આના કમાવા હજી તેણે શું કમાવું જોઇએ ?

(૩) મારી પાસે દશ દોઢિયાં છે. મારે તે ત્રણ દહાડા ચલાવવાં છે. સોમવારે ને મંગળવારે મેં રોજ ચાર દોઢિયાં ખર્ચ કર્યાં. તો બુધવારે મારાથી શું ખર્ચ થઇ શકશે ?

(૪) મેં પહેલે દહાડે એક નારંગી ખાધી. બીજે દહાડે પહેલા દહાડા કરતાં બમણી ને ત્રીજે દહાડે બીજા દહાડા કરતાં બમણી ખાધી. મારી પાસે બધી મળી દશ નારંગી હોય તો હવે બાકી કેટલી રહી હશે ?

(૫) દશમાંથી ત્રણ લો, જે રહે તેમાંથી બે લો જે રહે તેમાંથી પાંચ લો, હવે બાકી શું રહ્યું ?

(૬) દશ રૂપિયાની એક નોટ વટાવી પાંચ રૂપિયાની નોટો લીધી તો પાંચ રૂપિયાની કેટલી નોટ આવી હશે ?


(૭) એક રૂપિયાની આઠ બેઆની આવે છે. તો દશ બેઆની-માંથી કેટલા રૂપિયા લઇ શકાય ? બાકી શું રહે ?

(૮) ચાર દોઢિયાંનો આનો એક ; તો દશ દોઢિયાંની કેટલી બેઆની લેવાય ? બાકી શું રહે ?

પ્રકરણ ૪.

(૧૧ થી ૨૦ સુધી સંખ્યાની ગણત્રી. ૧ થી ૨૦ સુધી સંખ્યાના એક અંક વડે સરવાળા તથા બાદબાકી.)

પાઠ ૧૫.



૧૦+૧=૧૧


૧૦+૨=૧૨

૧૦+૩=૧૩

૧૦+૪=૧૪

૧૦+૫=૧૫

૧૦+૬=૧૬ ; ૧૦+૭=૧૭ ; ૧૦+૮=૧૮ ૧૦+૯=૧૯



૧૦+૧૦=૧૦×૨=૨૦



દશ સળીની એક ભારી દોરીવડે બાંધો. એ ભારી જોડે એક બીજી સળી લો. બધી મળી કેટલી સળી થઇ?

કોઇ પણ ચીજ દશ સાથે લો તે તેનું નામ "દશક" એમ હવેથી કેહેજો ને છુટી ચીજનું નામ "એકમ" કરી કેહેજો. હવે ૧૧ માં દશક કેટલા ને બાકી એકમ કેટલા?

ચીતમાં એક છુટો ઘન છે તેવા કેટલા ઘન તેની પાસેના લાંબા કકડામાં છે? પાંચ કાળા ઘન ને પાંચ સફેદ ઘન જોડી એક લાકડાંનો કકડો બનાવ્યો હોય તે તેમાં કેટલા ઘન હોય? તે કેટલા દશક?

એવો લાંબો કકડો દશક લેખે વાપરવો ને ટેબલપર એવા લાંબા કકડા અને છુટક ઘન મુકયા છે તે લઇ ૧૭ બનાવી દેખાડો.

હું દશક ને એકમના કકડા જુદી જુદી રીતે ગોઠવી મુકું છું. તે કેટલા છે તે જોઇ કહો.

તમારી પાસે સળીઓ તથા દોરીના કકડા મુકયા છે, તેમાંથી દોરીવડે દશ દશ સળીની બે ઢગલી બાંધો. બાકીની છુટી સળી રેહવા દો.

હવે એ સળીઓ વડે ૧૮ કરી દેખાડો. ૨૦ દેખાડો. ૨૦ માં દશક કેટલા? ૧૮ માંથી ૮ લો તો કેટલા રહે? ૧૬ માંથી ૬ જાય તો? ૧૪ માંથી ૪ જાય તો કેટલા? એ સળીઓ લઇ શોધી કાઢો.

દાખલા ૧૫.

(૧)

૧૦+ ૪=	૧૦+ ૩=	૧૦+ ૮=	૧૦+૧૦=
૧૦+ ૬=	૧૦+ ૭=	૧૦+ ૨=	૧+૧૦=
૧૦+ ૧=	૧૦+ ૯=	૧૦+ ૫=	૫+૧૦=
૬+૧૦=	૮+૧૦=	૭+૧૦=	૯+૧૦=
૧૧− ૧=	૧૫− ૫=	૧૬− ૬=	૧૮− ૮=
૧૪− ૪=	૧૩− ૩=	૧૯− ૯=	૧૨− ૨=
૧૭− ૭=	૨૦−૧૦=	૧૦+૧૦=	૧૦− ૦=

(૨) એક માણસ પાસે પંદર રૂપિયા છે તેમાંથી દશ રૂપિયાની નોટ તેને કેટલી મળશે? બાકી કેટલા રૂપિયા રેહશે?

(૩) ૧૨ માં દશક કેટલા ને એકમ કેટલી? દશકનો આંક એકમના આંકની જમણી બાજુએ લખો છો કે ડાબી?

(૪) ૧૫ સળીમાંથી દશ સળીની એક ભારી બાંધો તો છુટી "એકમ" સળી કેટલી રહે?

(૫) એક દશક ને આઠ એકમ એટલે કેટલા થયા? ૧૯ એમાં દશક કેટલા?

(૬) વીશ રૂપિયામાંથી દશ દશની કેટલી નોટો લેવાશે?

(૭) દશમાં દશક કેટલા ને એકમ કેટલી? ૧૦ એ આંકડામાં ૧ શું દેખાડે છે ને મીડું શું દેખાડે છે?

પાઠ ૧૬.

પાંચમાંથી ત્રણ જાય તો શું રહે? એક દશક ને પાંચ એકમ હોય તેમાંથી ત્રણ એકમ લઇ લો તો બાકી શું રહે?

ત્યારે પંદરમાંથી ત્રણ બાદ કરો તો શું રહે?

૯ માંથી ૭ જાય તો શું રહે? ૧ દશક ને નવમાંથી ૭ જાય તો શું રહે? ૧૯ માંથી ૭ જાય તો શું રહે?

બેમાં ૭ ઉમેરો તો શું થાય? એક દશક ને બે માં ૬ ઉમેરો તો શું થાય? બાર ને ૭ કેટલા?

દાખલા ૧૬.

(૧)

૧૦+૧=	૧૧+૧=	૧૨+૧=	૧૩+૧=
૧૦+૨=	૧૧+૨=	૧૨+૨=	૧૩+૨=
એમ ૧૦+૧૦ સુધી ગણો	એમ ૧૧+૯ સુધી ગણો	એમ ૧૨+૮ સુધી ગણો	એમ ૧૩+૭ સુધી ગણો
૧૪+૧=	૧૫+૧=	૧૬+૧=	૧૭+૧=
૧૪+૨=	૧૫+૨=	૧૬+૨=	૧૭+૨=
એમ ૧૪+૬ સુધી ગણો	એમ ૧૫+૫ સુધી ગણો	એમ ૧૬+૪ સુધી ગણો	૧૭+૨=
૧૮+૧=	૧૯+૧=		
૧૮+૨=			

(૨)

૫+૩=	૪+૪=	૧+૮=	૯+૧=
૧૫+૩=	૧૪+૪=	૧૧+૮=	૧૯+૧=
૭+૨=	૬+૨=	૩+૬=	૪+૫=
૧૭+૨=	૧૬+૨=	૧૩+૬=	૧૪+૫=
૮+૨=	૧+૬=	૩+૫=	૪+૨=
૧૮+૨=	૧૧+૬=	૧૩+૫=	૧૪+૨=
૬—૪=	૯—૫=	૮+૬=	૭—૪=
૧૬—૪=	૧૯—૫=	૧૮—૬=	૧૭—૪=

(૩)

૧૨+૬=	૧૦+૮=	૧૪+૫=	૧૭+૧=
૧૧+૭=	૧૩+૩=	૧૫+૨=	૧૧+૯=
૧૭—૭=	૧૫—૪=	૧૯—૭=	૧૩—૨=
૧૨—૨=	૧૬—૫=	૧૮—૫=	૧૪—૪=

(૪) એક દશક ને બે એકમમાં ૭ એકમ ઉમેરો તો કેટલા દશક ને કેટલી એકમ થઇ?

(૫) એક માણસ પાસે દશ રૂપિયાની નોટ ને બે રૂપિયા રોકડા છે. તેને પાંચ રૂપિયા બીજા મળ્યા. બધા મળી તેની પાસે કેટલા રૂપિયા થયા?

(૬) પંદરમાં જેટલી એકમ છે તેમાં બીજી કેટલી એકમ ઉમેરો તો બધી મળી નવ એકમ ને એક દશક થાય?

પાઠ ૧૭.

૯+૫ કેટલા થાય તે આંગળાં પર કે સળી વડે ગણી કહો.

નવ ને કેટલા દશ થાય? એક ને કેટલા પાંચ? ત્યારે નવમાં પાંચ ઉમેરવા કહે તો તમે મોંઢેથી નવ ને એક દશ ને દશ ને ચાર ચૌદ એમ ગણી શકશો કે નહીં?

[સુચના:—આ રીત શિક્ષકે વધારે લંબાણથી સમજાવવી.]

આઠ ને સાત કેટલા તે આંગળાં પર ગણો.

હવે આઠ ને કેટલા દશ? બે ને કેટલા સાત? એ તો તમને મોંઢેથી આવડે છે કે નહીં? ત્યારે આઠ ને સાત ઉમેરવા માટે પેહલાં આઠમાં બે ઉમેરી પછી બીજા પાંચ ઉમેરો તો જવાબ શું આવશે?

એજ પ્રમાણે ૬ માં નવ ઉમેરવા કહે તો પેહલાં ૭ માં શું ઉમેરશો? પછી શું?

ત્યારે જે સંખ્યાઓનો સરવાળો દશથી વધારે થતો હોય ત્યાં પેહલાં એવો સરવાળો કરો કે દશ થાય, પછીની બાકીની રકમ ઉમેરી દો.

પાંચ ને આઠ ઉમેરવા હોય તો શું કરશો? પાંચ ને કેટલા દશ? હજી આઠમાંથી શું ઉમેરવાનું રહ્યું છે?

દાખલા ૧૭. ક.

(નવમાં કોઇ પણ એક અંકીની સંખ્યા ઉમેરવી.)

૯ + ૧ = ૧૦.

(૧)*

૨=૧+	૬=૧+	૪=૧+	૭=૧+
૫=૧+	૩=૧+	૮=૧+	૯=૧+

* આ નિશાનીવાળા દાખલાઓ વારે ઘડી પુછી તે તદન પાઠે થાય ત્યાં સુધી વિધ્યાર્થિઓ પાસે કરાવવા. એથી આ જાતના સરવાળા કરવા માટે આપેલી સંખ્યાના કેમ ભાગ કરવા તે સમજ પડશે.

(૨) નીચેના દાખલા કરો. (આ પ્રમાણે, ૯+૫= , મનમાં ૯+૧=૧૦; ૧૦+૪=૧૪ તેથી ૯+૫=૧૪)

૯ + ૩=	૯ + ૬=	૯ + ૮=	૯ + ૧=
૯ + ૯=	૯ + ૪=	૯ + ૫=	૯ + ૭=
૯ +૧૦=			

દાખલા ૧૭. ખ.

(આઠ સાથે એક અંકી સંખ્યાનો સરવાળો,)

૮+૨=૧૦.

(૧)*

૭=૨+	૪=૨+	૯=૨+	૫=૨+
૩=૨+	૮=૨+	૬=૨+	૯=૨+

(૨) નીચેના દાખલાના જવાબ કહો. (નમુનો:—૮+૭= : મનમાં ૮+૨=૧૦; ૧૦+૫=૧૫; માટે ૮+૭= ૮+૨+૫=૧૫)

૮+૩=	૮+૬=	૮+૪=	૮+ ૯=
૮+૫=	૮+૮=	૮+૭=	૮+૧૦=
૮+૧=	૮+૨=	૮+૦=	

(૩)

૯+૭=	૯+૩=	૯+૫=	૯+૯=
૮+૪=	૮+૭=	૯+૮=	૮+૮=
૯+૨=	૮+૩=	૮+૫=	૯+૪=

દાખલા ૧૭. ગ.

(સાત જોડે એક અંકી સંખ્યાનો સરવાળો,)

૭+૩=૧૦.

(૧)*

૫=૩+	૯=૩+	૭=૩+	૪=૩+
૮=૩+	૬=૩+		

(૨) નીચેના સરવાળા કહો (નમુનો:—૭+૮= ; મનમાં ૭+૩=૧૦; ૧૦+૫=૧૫ માટે ૭+૮=૧૫)

૭+૭=	૭+૧=	૭+૪=	૭+૯=
૭+૬=	૭+૩=	૭+૮=	૭+૫=
૭+૨=	૭+૯=	૭+૩=	૭+૬=

(૩)

૯+૬=	૮+ ૩=	૯+ ૭=	૯+૫=
૭+૫=	૭+ ૬=	૭+ ૯=	૮+૪=
૮+૭=	૯+ ૮=	૮+ ૬=	૭+૭=
૯+૨=	૮+ ૫=	૯+ ૪=	૯+૮=
૯+૧=	૭+૧૦=	૮+૧૦=	૯+૯=
૯+૩=	૮+ ૭=	૭+ ૮=	૭+૩=

દાખલા ૧૭. ધ.

(છ જોડે એક અંકી સંખ્યાનો સરવાળો.)

૬+૪=૧૦.

(૧)*

૫=૪+	૭=૪+	૯=૪+	૮=૪+
૬=૪+			

(૨) નીચે લખેલા સરવાળા કરો. (૬+૯; મનમાં ૬+૪ પછી ૧૦+૫; ૬+૪+૫=૧૫.)

૬+૭=	૬+૪=	૬+૮=	૬+૫=
૬+૯=	૬+૩=	૬+૨=	૬+૭=
૬+૮=	૬+૯=	૬+૧=	૬+૧૦=

(૩)

૮+૫=	૬+૪=	૭+૩=	૯+૨=
૯+૭=	૮+૬=	૭+૫=	૬+૪=
૯+૯=	૭+૮=	૮+૭=	૬+૯=
૮+૪=	૯+૩=	૬+૫=	૭+૭=
૭+૯=	૮+૫=	૯+૪=	૮+૯=
૬+૫=	૭+૬=	૮+૭=	૯+૮=

દાખલા ૧૭. ચ.

(પાંચ જોડે એક અંકી સંખ્યાનો સરવાળો.)

૫+૫=૧૦.

(૧)*

૬=૫+	૭=૫+	૮=૫+	૯=૫+

(૨)

૫+૭=	૫+ ૫=	૫+૧=	૫+૩=
૫+૯=	૫+૧૦=	૫+૪=	૫+૨=
૫+૮=	૫+ ૬=	૫+૭=	૫+૯=

(૩)

૫+૬=	૮+૪=	૭+૩=	૬+૬=
૯+૭=	૯+૬=	૯+૪=	૭+૫=
૮+૫=	૭+૯=	૮+૯=	૯+૪=
૭+૮=	૮+૩=	૭+૬=	૮+૩=
૬+૭=	૫+૭=	૫+૮=	૯+૩=
૫+૮=	૬+૫=	૭+૪=	૮+૪=

દાખલા ૧૭. છ.

(ચારનો સરવાળો.)

૪+૬=૧૦.

(૧)*

૯=૬+ ૮=૬+ ૭=૬+

(૨) (નમૂનો :—૪+૯= ; ૪+૬+૩ એમ મનમાં ગણતાં ૧૦+૩=૧૩.)

૪+૭=	૪+૯=	૪+૮=	૪+૬=
૪+૩=	૪+૨=	૪+૧=	૪+૮=
૪+૯=	૪+૭=	૪+૬=	૪+૫=

(૩)

૪+ ૭=	૮+૪=	૯+ ૯=	૮+૩=
૮+ ૮=	૬+૭=	૭+ ૫=	૯+૭=
૯+ ૬=	૯+૫=	૮+ ૬=	૭+૬=
૭+ ૮=	૯+૩=	૬+૧૦=	૫+૭=
૬+ ૯=	૫+૮=	૫+ ૯=	૪+૬=
૫+૧૦=	૪+૯=	૪+ ૮=	૬+૫=

દાખલા ૧૭. જ

(ત્રણનો સરવાળો.)

૩+૭=૧૦.

(૧)* ૯=૭+ ૮=૭+

(૨)

૩+૮=	૩+૯=	૩+૧૦=	૩+૭=
૩+૧=	૩+૬=	૩+ ૫=	૩+૨=

(૩)

૯+૩=	૮+૯=	૭+૫=	૮+૪=
૩+૯=	૭+૫=	૯+૮=	૫+૬=
૪+૮=	૯+૪=	૮+૯=	૬+૮=
૯+૪=	૬+૫=	૬+૮=	૪+૭=
૭+૬=	૫+૮=	૫+૯=	૩+૭=
૬+૭=	૩+૯=	૩+૮=	૯+૯=

દાખલા ૧૭. ઞ.

(બે જોડે સરવાળા.)

૨+૮=૧૦

(૧)* ૯=૨+ ૮=૨+

(૨)

૨+૮=	૩+૯=	૩+૮=	૪+૯=
૫+૬=	૭+૮=	૮+૪=	૯+૩=
૨+૯=	૩+૯=	૪+૭=	૫+૮=
૬+૭=	૭+૭=	૮+૯=	૯+૫=
૨+૯=	૩+૮=	૪+૯=	૫+૮=
૭+૬=	૮+૫=	૯+૩=	૮+૬=
૯+૩=	૮+૪=	૭+૫=	૮+૭=
૨+૯=	૯+૨=	૩+૮=	૮+૩=
૯+૪=	૫+૫=	૬+૬=	૭+૭=
૮+૮=	૨+૬=	૩+૭=	૪+૯=

પાઠ ૧૮.

નવ ને સાત કેટલા? એ સરવાળો મનમાં તમે કેમ કરો છો? નવમાં પેહલાં કેટલા ઉમેરો છો પછી કેટલા?

નવને સાત સોળ એમજ યાદ રહે તો પછી આ રીતે સરવાળો કરવાની જરૂર છે કે?

આઠમાં પાંચ ઉમેરો તેમાં બીજા ચાર ઉમેરો તો કેટલા થશે? દશક કેટલા? એકમ કેટલી?

આઠમાં સાત ઉમેરી તેમાં પાંચ ઉમેરો. કેટલા દશક? કેટલી એકમ?

દાખલા ૧૮.

(૧)

૧૦+ ૫=	૧૨+૬=	૧૪+૫=	૧૮+૧=
૧૧+ ૪=	૧૩+૭=	૧૬+૩=	૧૭+૩=
૧૨+ ૩=	૧૪+૪=	૧૫+૪=	૧૬+૨=
૧૦+૧૦=	૧૧+૯=	૧૨+૮=	૧૩+૭=
૧૮+ ૧=	૧૭+૩=	૧૮+૨=	૧૨+૭=

(૨)

૮+ ૪+૫=	૧+૫+૯=	૨+ ૬+૭=
૭+ ૩+૨=	૨+૭+૮=	૩+ ૮+૪=
૬+ ૪+૫=	૩+૯+૯=	૬+ ૭+૫=
૭+ ૮+૪=	૪+૫+૮=	૭+ ૯+૨=
૫+ ૬+૭=	૮+૭+૪=	૩+ ૪+૫=
૬+ ૭+૬=	૭+૬+૭=	૪+ ૪+૪=
૫+ ૫+૫=	૬+૬+૬=	૬+ ૭+૭=
૭+૧૦+૨=	૧૧+૩+૪=	૫+૧૨+૩=
૬+ ૮+૫=	૩+૮+૯=	૧૫+ ૨+૧=
૩+૧૨+૪=	૧૩+૧+૫=	૧૬+ ૧+૨=

(૩) એક થી વીસ સુધી સંખ્યા બોલી તથા લખી જાઓ.

(૪) એક ને એક બે, બે ને એક ત્રણ, ત્રણ ને એક ચાર એમ દરેક આંકડામાં એકેક ઉમેરી જવાબ વીસ આવે ત્યાં સુધી બોલી જાઓ.

(૫) એક ને બે ત્રણ, બે ને બે ચાર, ત્રણ ને બે પાંચ એમ ૧ થી ૧૮ સુધી દરેક સંખ્યામાં બે ઉમેરી બોલી જાઓ.

(૬) એક, ત્રણ, પાંચ, એમ વચ્ચેથી એકેક સંખ્યા છોડી દઇ વીસ સુધી બોલી જાઓ.

(૭) એક ને ત્રણ ચાર, બે ને ત્રણ પાંચ, એમ ૧ થી ૧૭ સુધીની દરેક સંખ્યાને ત્રણ ઉમેરી તેના જવાબ સાથે બોલતા જાઓ.

(૮) એક ને ત્રણ ચાર, ચાર ને ત્રણ સાત એમ દરેક જવાબમાં ત્રણ ઉમેરી જ્યાં સુધી જવાબ વીસ આવે ત્યાં સુધી બોલી જાઓ.

(૯)

૧ + ૪ =	૧ + ૫ =	૧ + ૬ =
૨ + ૪ =	૨ + ૫ =	૨ + ૬ =
૩ + ૪ =	૩ + ૫ =	૩ + ૬ =
એમ ૧૬+૪ સુધી બોલો.	એમ ૧૫+૫ સુધી બોલો.	એમ ૧૪+૬ સુધી બોલો.
૧ + ૭ =	૧ + ૮ =	૧ + ૯ =
૨ + ૭ =	૨ + ૮ =	૨ + ૯ =
૩ + ૭ =	૩ + ૮ =	૩ + ૯ =
એમ ૧૩+૭ સુધી બોલો.	એમ ૧૨+૮ સુધી બોલો.	એમ ૧૧+૯ સુધી બોલો.

(૧૦) એક ને ચાર પાંચ, પાંચ ને ચાર નવ એમ દરેક જવાબમાં ચાર ઉમેરી જવાબ વીસ સુધી કહો.

(૧૧) બે ને ચાર ૭, ૭ ને ચાર દશ એમ ચાર ઉમેરી વીસ સુધી બોલો. એજ પ્રમાણે ત્રણથી શરૂ કરી ચાર ઉમેરતાં જે આવે તે બોલો.

(૧૨) ૧+૫=૬; ૬+૫=૧૧ એમ પાંચ ઉમેરતાં જવાબ વીસની ઉપર નહીં જાય ત્યાં સુધી બોલો.

(૧૩) એજ પ્રમાણે ૨+૫=૭, ૭+૫=૧૨ એમ બોલો.

(૧૪) એજ પ્રમાણે ૩+૫=૮, ૮+૫= એ પ્રમાણે જવાબ વીસની ઉપર નહીં જાય ત્યાં સુધી બોલો.

(૧૫) એજ પ્રમાણે ૪ થી શરૂ કરી પાંચ ઉમેરો, જવાબમાં પાછા પાંચ ઉમેરો એમ જવાબ વીસ આવે ત્યાં સુધી બોલો.

(૧૬) એજ પ્રમાણે પાંચથી શરૂ કરી પાંચ પાંચ ઉમેરી જવાબ બોલો.

(૧૭) ૧+૫=૬, ૬+૫=૧૧ એમ વીસની ઉપર જવાબ નહીં જાય ત્યાં સુધી.

(૧૮)

૨+૫=	૩+૫=	૪+૫=	૫+૫=
૭+૫=	૮+૫=	૯+૫=	૧૦+૫=

એ દરેક હાર વીસની ઉપર જવાબ નહીં આવે ત્યાં સુધી બોલી પુરી કરો.

(૧૯)

૧+૬=૭ ૨+૬=૮ ૩+૬=૯ ૪+૬=૧૦

૭+૬= ૮+૬= ૯+૬= ૧૦+૬=

એ દરેક હાર પણ વીસ જવાબ આવે ત્યાં સુધી બોલી જાઓ.

(૨૦)

૫+૬=૧૧ ૬+૬=૧૨ ૭+૬=૧૩ ૮+૬=૧૪

૧૧+૬= ૧૨+૬= ૧૩+૬= ૧૪+૬=

એ હાર પણ પુરી કરો.

(૨૧) નીચેની હારો વીસ જવાબ આવે ત્યાં સુધી બોલો.

૧+૭=૮ ૨+૭=૯ ૩+૭=૧૦

૮+૭= ૯+૭= ૧૦+૭=

૬+૭=૧૩ ૪+૭=૧૧ ૫+૭=૧૨

૧૩+૭= ૧૧+૭= ૧૨+૭=

(૨૨) નીચેની હારો પુરી કરો.

૧+૮=૯ ૪+૮=૧૨ ૧+૯=૧૦ ૩+૯=૧૨

૯+૮= ૧૨+૮= ૧૦+૯=

પાઠ ૧૯.

નવમાં કેટલા ઉમેરો તો સોળ થાય? ૧૬ માંથી નવ લઇ લો તો શું રહે? સોળમાંથી સાત લો તો શું રહે?

આઠમાં કેટલા ઉમેરો તો પંદર થાય? ૧૫ માંથી શું બાદ કરો તો આઠ રહે? પંદરમાંથી કેટલા બાદ કરો તો સાત રહે?

પંદરમાંથી સાત બાદ કરવા તમને કહે તો સાતમાં કેટલા ઉમેરો તો પંદર થાય એમ આપણે ગણી કાઢીએ તો તે ચાલે કે?

એ પ્રમાણે ૧૪ માંથી ૬ જાય તો શું રહે એમ કાઢવા કહ્યું હોય ત્યારે શું સરવાળો મનમાં કરશો?

આઠ ને ૭ ચૌદ; એ આવડ્યા પછી ચૌદમાંથી કેટલી સંખ્યાની બાદબાકી તમે તરત કહી શકશો? [૧૪-૬ અને ૧૪-૮]

બે સંખ્યાને ઉમેરવી એટલે તેનો "સરવાળો" કરવો, ને એકમાંથી બીજી સંખ્યા લઇ લેવી એટલે તેની "બાદબાકી" કરવી કહેછે. સરવાળા ને બાદબાકીની નિશાનીઓ શું?

દાખલા ૧૯.

(૧) નીચેના દાખલામાં આપેલા સરવાળા પરથી બે બાદબાકી કહો (નમુનો:- ૫+૭=૧૨ ; તો ૧૨−૫=૭ અને ૧૨−૭=૫)

૫+૩=	૯+૪=	૩+૯=	૯+૫=
૮+૬=	૮+૭=	૮+૨=	૮+૮=
૭+૫=	૫+૯=	૩+૮=	૨+૩=
૪+૮=	૬+૪=	૪+૯=	૪+૭=
૯+૩=	૮+૭=	૭+૪=	૬+૭=
૬+૫=	૭+૮=	૯+૭=	૮+૪=
૨+૪=	૩+૬=	૪+૧=	૬+૨=

(૨) નીચેના દાખલાના જવાબ મનમાં સરવાળા કરી કહો. (નમુનો:- ૧૧−૬= ; તો ૬+?=૧૧, ૬+૪=૧૦, ૧૦+૧=૧૧).

૧૨−૫=	૮−૬=	૧૮−૬=	૧૯−૫=
૯−૬=	૭−૫=	૧૪−૮=	૧૯−૧૨=
૧૯−૬=	૧૭−૫=	૧૩−૬=	૧૭−૧૫=
૮−૩=	૯−૪=	૭−૬=	૧૫−૬=
૧૮−૩=	૧૯−૪=	૧૭−૬=	૧૬−૯=
૧૮−૧૩=	૧૯−૧૪=	૧૭−૧૬=	૧૭−૮=
૧૨−૪=	૧૨−૬=	૮−૬=	૧૨−૯=
૧૩−૧૧=	૧૮−૧૨=	૧૮−૧૬=	૧૭−૮=
૧૭−૭=	૧૯−૧૭=	૧૮−૩=	૧૮−૬=
૧૫−૬=	૧૨−૯=	૧૬−૫=	૧૭−૮=
૧૧−૮=	૧૪−૭=	૧૬−૧૫=	૧૨−૪=
૧૦−૭=	૧૩−૮=	૧૬−૯=	૧૯−૧૩=
૯−૬=	૧૯−૧૬=	૧૯−૬=	૮−૫=
૧૮−૧૫=	૨૦−૧૦=	૨૦−૧૨=	૨૦−૧૫=

(૩)

૮− =૩	૧૩− =૬	૧૬− =૪	૧૧− =૬
૧૨− =૯	૮− =૫	૧૮− =૯	૮− =૨
૧૧− =૪	૧૫− =૧૨	૧૦− =૭	૧૮− =૧૨
૧૫− =૯	૧૬− =૭	૧૭− =૩	૨૦− =૧૩

(૪)

૫+૬=	૩+ ૫=	૧૧- ૩=	૧૧+૬=
૭-૩=	૬- ૪=	૯+ ૬=	૩+૩=
૮+૯=	૮+ ૭=	૧૯-૧૬=	૨+૪=
૧૨-૩=	૯- ૩=	૪+ ૨=	૫-૩=
૧૬-૭=	૧૨- ૮=	૬+ ૨=	૧૫-૯=
૮+૬=	૧૪- ૬=	૭+ ૯=	૩+૪=
૧૫+૫=	૧૮-૧૨=	૧૭+ ૩=	૬+૫=
૧૨+૭=	૨૦-૧૬=	૧૫- ૬=	૭+૬=
૧૩-૫=	૧૨+ ૭=	૧૩- ૯=	૧૨-૮=
૮+૯=	૧૨- ૮=	૧૧- ૯=	૧૦-૭=

પાઠ ૨૦.

એક ઢગલામાંથી તમને પાંચ સળી લેવા કહી હોય જો પેહલાં ત્રણ સળી લીધી હોય તો બીજી કેટલી લેવી પડશે? સાત લેવા કહી હોય ને પેહલાં ચાર લીધી હોય તો હજી બીજી કેટલી લેશો?

૧૩ માંથી પાંચ બાદ કરવા છે. ૧૩ માંથી શું લેશો તો દશ થશે? જો પેહલાં ત્રણ બાદ કરો તો પછી શું બાદ કરશો?

૧૩ માંથી પાંચ બાદ કરવા બીજી શું રીત કામે લગાડશો? (પાંચમાં કેટલા કેટલા ઉમેરે તો તેર થાય?)

૧૫ માંથી ૭ બાદ કરવા છે. ૧૫ માંથી શું બાદ કરશો તો ૧૦ થશે? હજી શું બાદ કરશો તો બધા મળી સાત બાદ કીધેલા કહેવાય?

૧૬ માંથી ૮ બાદ કરો. ૧૬ માંથી શું બાદ કરો તો ૧૦ રહે? ૧૦ માંથી હજી શું બાદ કરશો? ત્યારે ૧૬ માંથી ૮ ઝડપથી બાદ કરવા કેટલી બાદબાકી કરશો?

એજ પ્રમાણે ૧૧ માંથી આઠ બાદ કરવા શું બાદ કરશો તે કહો.

દાખલા ૨૦.

(૧) કોઇ પણ સંખ્યામાંથી નીચે આપેલા દાખલામાંની પહેલી સંખ્યા બધી મળી બાદ કરવી છે. તે આખી સંખ્યા બાદ કરવાને બદલે પેહલાં તેની પાસે લખેલી સંખ્યા બાદ કરો. તો હજી બીજું

શું બાદ કરવું પડશે તે કહો. (નમુનો :— ૬ બાદ કરવા છે, ૨ બાદ કરો તો હજી ૪ બાદ કરવાના, ૮ બાદ કરવા છે, પાંચ બાદ કરો તો હજી ત્રણ બાદ કરવાના.

૬, ૨.	૮, ૫.	૬, ૪.	૫, ૩.	૮, ૪.
૯, ૬.	૭, ૨.	૮, ૬.	૯, ૧.	૭, ૩.
૨, ૧.	૩, ૨.	૫, ૩.	૮, ૪.	૯, ૫.
૩, ૧.	૪, ૩.	૫, ૨.	૬, ૫.	૭, ૪.

(૨) નીચેની બાદબાકીઓ મનમાં બે ભાગે કરી કહો. [નમુનો ૧૬—૭ એટલે; ૧૬—૬=૧૦ અને ૧૦—૧=૯.]

૧૫—૬=	૧૨—૮=	૧૫— ૭=	૧૭— ૯=
૧૨—૯=	૧૯—૬=	૧૩— ૮=	૧૮— ૯=
૧૧—૬=	૧૨—૩=	૧૪— ૭=	૧૫— ૯=
૧૮—૩=	૧૭—૬=	૧૦— ૩=	૧૩— ૬=
૧૯—૯=	૧૯—૭=	૧૮— ૩=	૧૩— ૨=
૧૨—૭=	૧૩—૪=	૧૪— ૬=	૧૫— ૭=

(૩)

૧૧—૨=	૧૨—૬=	૧— ૫=	૫— ૪=
૧૫—૯=	૮—૭=	૭— ૩=	૯— ૩=
૧૬—૭=	૯—૩=	૧૭— ૩=	૧૯—૧૩=
૧૧—૮=	૧૩—૮=	૧૪— ૮=	૧૭—૧૨=
૧૩—૮=	૧૬—૯=	૧૬—૧૧=	૧૮— ૯=
૪—૨=	૨—૩=	૫— ૨=	૩— ૨=
૧૭—૮=	૧૭—૮=	૧૨— ૩=	૧૫— ૫=

(૪) નીચેના દાખલા અંકે તથા નિશાની વડે લખી જવાબ કહો.

પંદરમાંથી કેટલા જાય તો નવ રહે? અગીઆરમાં કેટલા ઉમેરો તો અઢાર થાય?

ચાર ત્રણ વખત લો તો શું થાય? આઠમાં કેટલા ઉમેરો તો સતર થાય?

બારમાંથી નવ બાદ કરો તો શું રહે? સતરમાંથી ત્રણ વખત ત્રણ બાદ કરો તો શું રહે?

તમારી સળી કે કોડીઓ લઇ નીચે જણાવેલા જવાબ કાઢો.

કેટલી વખત ત્રણ ત્રણ સળી લો તો બધી મળી બાર થાય?

કેટલી વખત ચાર લો તો બાર થાય? ત્રણ ચોક? ચાર ત્રી?

બે સળી કેટલી વખત લો તો ચૌદ થશે? સાત સળી કેટલી વખત લેતાં ચૌદ થાય? સાત દુ? બે સતાંમ?

ત્રણ ત્રણ સળીની કેટલી ઢગલી કરતાં પંદર થશે? પાંચ ચીજ કેટલી વખત લો તો પંદર થશે? ત્રણ પચાં? પાંચ ત્રી?

ચાર ચાર સળી કેટલી વખત એકઠી કરતાં સોળ થાય? ચાર ચોક?

સોળમાં બે કેટલી વખત આવી જશે એટલે કેટલા બે એ સોળ થશે?

અઢાર સળી લેવા બબે સળીની કેટલી ઢગલી કરવી પડશે? ત્રણ ત્રણની કેટલી? છ છની કેટલી? નવ નવની કેટલી?

બે નવાં? નવે દુ? ત્રણ છક? છ ત્રી?

વીસ સળીમાંથી બબે સળીની કેટલી ઢગલી થશે? ચાર ચારની કેટલી? પાંચ પાંચની કેટલી?

દાએ દુ એ? બે દાન? ચાર પંચા? પાંચ ચોક?

દાખલા ૨૧. ક.

નીચેના દાખલાના જવાબ આપી એ દાખલાઓ મોઢે કરો.

૧×૨=	૧×૩=	૧×૪=	૧×૫=	૧× ૬=
૨×૨=	૨×૩=	૨×૪=	૨×૫=	૨× ૬=
૩×૨=	૩×૩=	૩×૪=	૩×૫=	૩× ૬=
૪×૨=	૪×૩=	૪×૪=	૪×૫=	
૫×૨=	૫×૩=	૫×૪=		
૬×૨=	૬×૩=			
૭×૨=				
૮×૨=				
૯×૨=	૧×૭=	૧×૮=	૧×૯=	૧×૧૦=
૧૦×૨=	૨×૭=	૨×૮=	૨×૯=	૨×૧૦=

(૨)

૪×૫=	૨×૪=	૬×૨=	૩× ૨=
૩×૩=	૩×૫=	૪×૪=	૪× ૩=
૭×૨=	૨×૯=	૯×૨=	૮× ૧=
૩×૨=	૪×૫=	૬×૩=	૭× ૨=
૯×૨=	૮×૨=	૭×૨=	૩× ૬=
૩×૫=	૫×૨=	૭×૧=	૩× ૫=
૬×૬=	૭×૩=	૪×૩=	૩× ૭=
૨×૫=	૧૦×૨=	૯×૨=	૨×૧૦=

(૩)

૩× =૧૨	૪× =૧૨	૭× =૧૪	૮× =૧૬
૨× =૮	૬× =૧૮	૫× =૧૫	૨× =૧૦
૩× =૧૫	૨× =૧૨	૬× =૧૨	૭× = ૭
૫× =૧૦	૨× = ૪	૫× =૨૦	૧૦× =૨૦

(૪) નીચે લખેલા સરવાળા ટુકામાં લખી બતાવો. (નમુનો :– ૩+૩+૩+૩+૩=૩×૫)

૨+૨+૨+૨+૨+૨+૨+૨ ; ૪+૪+૪+૪ ; ૮+૮+૮

૩+૩+૩+૩+૩+૩ ; ૫+૫+૫ ; ૭+૭+૭+૭+૭

(૫) નીચેના દાખલા અંકમાં લખો.

પાંચ દુ દશ ; છ ત્રી અઢાર ; આઠ દુ સોળ ; પાંચ ત્રી પંદર ; સાત દુ ચૌદ ; ત્રણુ ચોક બાર ; ચાર પંચા વીસ ; નવે દુએ અઢાર.

(૬) ઝડપથી જવાબ આપો.

ત્રણુ ચીજ ચાર વખત લો તો કેટલી થાય ? પાંચ ચીજ ત્રણુ વખત લો તો શું થાય ?

બે ચીજ આઠ વખત લો તો શું ? છ ચીજ બે વખત લો તો શું ?

આઠ વખત બે ચીજ લો તો શું ? ત્રણુ ચીજ છ વખત લો તો શું ?

(૭) એક ચીજ એક વખત લો તો શું થાય ? બે ચીજ બે વખત લો તો શું એમ દશ ચીજ બે વખત લો તો શું થાય એમ અંકમાં કોઠા બનાવી લખી જાઓ.

(૮) એજ પ્રમાણે ત્રણ એકાં, ચાર એકાં, પાંચ એકાંથી દશ એકાં સુધીના જવાબનો, વીસથી વધારે નહીં થાય ત્યાં સુધી, કોઠો બનાવો.

દાખલા ૨૧. ખ.

(૧) એક દોઢિઆંની ત્રણ પૈ તો પાંચ દોઢિઆંની કેટલી? સાતની કેટલી, નવની કેટલી?

(૨) એક ચોપડીના સાત પૈસા તો બે ચોપડીનું શું પડશે?

(૩) પાંચ પાંચ દોઢિએ એક રબર તો ત્રણ રબરનું શું પડશે? ચાર રબરનું શું?

(૪) એક આનાના ચાર દોઢિઆં તો કેટલા આનાના સોળ દોઢિઆં; પાંચ આનાનાં કેટલાં દોઢિઆં આવશે?

(૫) એક રૂપિયાની આઠ બે આની, તો બે રૂપિયાની કેટલી?

(૬) એક ગાયને ચાર પગ તો ચાર ગાયના કેટલા?

(૭) દશ છોકરાઓના કેટલા હાથ? ૭ હાથ કેટલા છોકરાના?

(૮) એક રૂપિયાના ચાર પાવલા તો પાંચ રૂપિયાના કેટલા?

(૯) પાંચ રૂપિયાની ચાર ઢગલી છે. તે સઘળા રૂપિયાની નોટ લીધી હોય તો દશ દશ રૂપિયા વાળી કેટલી નોટ આવશે?

(૧૦) નવ નવ ઇંચ લાંબી બે પેનસીલ જોડીને મુકી હોય તો બધી મળી લંબાઇ કેટલા ઇંચ થશે?

(૧૧) બે અઠવાડિઆંમાં કેટલા વાર આવશે?

(૧૨) એકેક છોકરાને પાંચ ફળ આપો તો ચાર છોકરા માટે કેટલાં ફળ જોઇશે?

(૧૩) પંદર પૈસા પાંચ ભીખારીઓને સરખે ભાગે આપો તો દરેકને શું મળશે?

(૧૪) એક માણસ રોજ ચાર માઇલ ચાલે તો ત્રણ દહાડામાં કેટલા માઇલ ચાલશે?

(૧૫) એક માણસનો રોજનો ખરચ બે રૂપિયા છે તો એક અઠવાડિઆંમાં તેને બધો મળી શું ખરચ થશે?

(૧૬) એક લાકડીના ત્રણ સરખા ભાગ કર્યા, દરેક ભાગ ૭ ઇંચ લાંબો છે, તો અસલ લાકડીની લંબાઇ શું હશે?

(૧૭) રૂસ્તમ પાસે જે પૈસા છે તે વસનજી પાસેના પૈસા કરતાં ત્રણ ગણા છે. વસનજી પાસે ત્રણ પૈસા છે, તો રૂસ્તમ પાસે કેટલા?

(૧૮) એક દિવાલનો જેટલો ભાગ જમીન ઉપર છે તેટલોજ જમીનની અંદર છે. જમીન ઉપરનો ભાગ નવ ફીટ હોય તો જમીનની ઉપર તથા અંદર મળી દિવાલ કેટલી ઉંચી હશે?

(૧૯) સોળ કેરી કેટલા છોકરાને આપતાં દરેકને બે કેરી મળશે?

(૨૦) વીસ રૂપિયામાંથી પાંચ રૂપિયાની કેટલી નોટ લઇ શકશો?

પાઠ ૨૨.

(૨૦ સુધી સંખ્યાનું પુનરાવર્તન.)

૧૩ માંથી ત્રણ કેટલી વખત લેવાય તે સળી વડે શોધી કાઢો.

ત્રણ એકાંનો પાડો બોલી જાઓ. ત્રણ ચોક શું? ત્યારે તેપરથી ૧૩ માંથી ત્રણ કેટલી વેળા લેવાશે તે કહો.

૧૯ સળીમાંથી ચાર સળી કેટલી વખત લેવાશે તે શોધી કાઢો.

ચાર એકાંનો પાડો બોલો. ચાર ચોક કેટલા? ત્યારે ૧૯ માં ૪ કેટલી વખત સમાય છે, તે કેમ કહી શકશો?

૪×૩+૨ એટલે કેટલા? ૪×૪+૧ એટલે કેટલા?

દાખલા ૨૨.

(૧)

૮+ ૪=	૯+ ૬=	૬+ ૫=	૭+ ૮=
૭+ ૬=	૮+ ૯=	૯+૧૦=	૧૨+ ૮=
૯+ ૩=	૧૩+ ૫=	૬+ ૮=	૭+ ૯=
૨+ ૭=	૬+ ૯=	૭+ ૪=	૮+ ૪=
૩+ ૮=	૭+ ૭=	૮+ ૬=	૬+ ૪=
૪+ ૬=	૮+ ૨=	૯+ ૫=	૨+૧૨=

૭+ ૩=	૯+ ૩=	૧૨+ ૬=	૩+ ૫=
૧૫+ ૩=	૧૪+ ૫=	૧૩+ ૫=	૧૪+ ૪=
૨+ ૩=	૪+ ૩=	૧૨+ ૩=	૧૨+ ૩=
૧૪+ ૩=	૧૪+ ૬=	૧૧+ ૮=	૭+ ૨=
૧૭+ ૨=	૧૨+ ૭=	૩+ ૬=	૧૩+ ૬=
૧૬+ ૩=	૨+ ૨=	૧૨+ ૨=	૧૨+ ૫=
૩+ ૪=	૬+ ૩=	૧૩+ ૪=	૧૬+ ૩=
૧૪+ ૩=	૧૩+ ૬=	૧૭+ ૩=	૧૬+ ૨=
૪+ ૫=	૧૫+ ૪=	૧૪+ ૫=	૧૫+ ૫=

(૨)

૮= ૩+	૬= ૪+	૭= ૨+	૧૨= ૮+
૫= ૨+	૧૨= ૭+	૧૧= ૫+	૧૦= ૩+
૬= ૫+	૧૬= ૫+	૧૩= ૬+	૯= ૪+
૯= ૨+	૧૭= ૫+	૧૬=૧૦+	૧૫= ૬+
૮= ૪+	૯= ૩+	૨૦=૧૨+	૧૩= ૭+
૧૪= ૮+	૧૮= ૯+	૧૭=૧૧+	૧૩= ૯+
૯= ૭+	૧૯= ૭+	૧૭=૧૩+	૧૨= ૮+
૬= ૪+	૭= ૩+	૧૫= ૪+	૧૮= ૮+
૧૬= ૭+	૧૨= ૩+	૨૦=૧૩+	૧૦= ૮+

(૩)

૮– ૫=	૧૦– ૮=	૯– ૩=	૪– ૨=
૫– ૩=	૧૦– ૫=	૧૯– ૩=	૧૨– ૪=
૭– ૪=	૧૧– ૮=	૧૯–૧૩=	૧૪– ૨=
૧૪– ૮=	૧૬– ૭=	૪– ૩=	૧૪–૧૩=
૯– ૫=	૧૨– ૬=	૧૭– ૮=	૯– ૭=
૨૦–૧૦=	૨૦–૧૫=	૫– ૪=	૬– ૩=
૨– ૨=	૧૨–૧૦=	૧૭– ૭=	૧૯–૧૬=
૧૨– ૫=	૧૨– ૭=	૧૩– ૮=	૧૪– ૯=
૧૫– ૮=	૧૬–૧૧=	૧૧– ૪=	૧૩– ૬=
૧૦– ૬=	૮– ૫=	૧૨– ૪=	૨૦–૧૪=

(૪)

૪×૨=	૯×૨=	૩×૪=	૪×૫=
૬×૩=	૨×૩=	૩×૫=	૩×૬=
૨×૮=	૩×૩=	૪×૩=	૭×૨=
૯×૨=	૨×૪=	૮×૨=	૨×૫=
૪×૪=	૩×૧=	૨×૯=	૩×૪=
૫×૨=	૯×૧=	૫×૩=	૯×૨=
૨×૬=	૩×૬=	૨×૭=	૬×૩=

(૫)

૨× = ૪	૩× = ૯	૨× =૧૦	૭× =૧૪
૬× =૧૮	૨× = ૮	૪× =૧૨	૨× =૧૦
૨× = ૬	૫× =૧૫	૬× =૧૨	૯× =૧૮
× ૪ =૧૬	× ૫ =૧૫	× ૬ =૧૮	× ૭ =૧૪
× ૩ = ૬	× ૩ = ૯	× ૩ =૧૨	× ૫ = ૫
× ૭ =૧૪	× ૮ =૧૬	× ૪ =૨૦	× ૯ = ૯
× ૨ =૧૮	× ૩ =૧૫	× ૪ = ૮	×૧૦=૨૦

(૬) દાખલા ૨૧ ક માં આપ્યા પ્રમાણેના આંકના પાડા મોંઢેથી ઉલટા સુલટા બોલી જાઓ.

પ્રકરણ ૫.

(૧ થી ૨૦ સુધીની સંખ્યામાં આવતા ભાગાકાર.)

પાઠ ૨૩.

ત્રણ ચીજ કેટલી વખત લો તો ૭ થાય? ત્રણ દુ કેટલા? ૭ ચીજના ત્રણ સરખા ભાગ કરો તો દરેક ભાગમાં શું આવે? ૭ ચીજના બે સરખા ભાગ કરો તો દરેક ભાગમાં શું આવે?

૭ ચીજના ત્રણ ભાગ કરો તો દરેક ભાગમાં બે આવે, એમ આ પ્રમાણે અંકને નિશાની વડે દેખાડવામાં આવે છે:—

૬÷૩=૨ (૭ ભાગ્યા ત્રણ તો થયા બે; એટલે ૭ ચીજ ત્રણ સરખે ભાગે વ્હેંચતાં દરેક ભાગમાં બે આવે.)

૬÷૨=૩ (૭ ભાગ્યા બે તો થાય ત્રણ, ૭ ચીજના બે સરખા ભાગ કર્યે તો દરેક ભાગમાં ત્રણ આવે. ૭ દોઢિયાં ત્રણ છોકરાંમાં સરખે ભાગે વ્હેંચો તો દરેક ભાગે ત્રણ આવે.)

÷ એ નિશાનને ભાગ્યાનું અથવા ભાગાકારનું નિશાન કહે છે.

આઠ ચીજ ચાર સરખે ભાગે વ્હેંચો તો દરેક ભાગમાં શું આવે?

આઠને ભાગ્યા ચારે તો થાય બે, એમ પાટીઆં પર લખી જાઓ. (૮÷૪=૨).

આઠ ચીજ બે સરખે ભાગે વ્હેંચો, તો દરેક ભાગે શું આવે તે લખી બતાવો.

૧૦÷૨=૫ એટલે શું સમજ્યા? એ દાખલામાં ૧૦ દોઢિયાં છે ને બે છોકરા છે એમ ધારો ને તે પ્રમાણે દાખલો વાંચી સંભળાવો.

૪÷૨= એટલે શું? ૮÷૨=૪ એટલે શું? ૨÷૨=૧ એટલે શું?

દાખલા ૨૩.

(૧) નીચેના દાખલા અંક તથા નિશાની વડે લખી બતાવો.

છ ચીજ ત્રણ સરખે ભાગે વ્હેંચો તો દરેક ભાગમાં બે આવે. દશ ભાગ્યા પાંચ તો થાય બે. બાર ચીજ ચાર ભાગે વ્હેંચતાં દરેક ભાગે આવે ત્રણ. આઠ ભાગ્યા ચાર તો થાય બે. નવ ભાગ્યા ત્રણ તો થાય ત્રણ.

૧૬ ના ચાર સરખા ભાગ કરો તો દરેક ભાગમાં આવે ચાર. વીસને ભાગ્યા પાંચે તો થાય ચાર. ચૌદને બે વડે ભાગો તો થાય સાત. અઢારને નવ વડે ભાગો તો થાય બે. વીસ ભાગ્યા બે તો થાય દશ.

(૨) નીચેના દાખલા સમજાવો.

૬÷૨=૩	૩÷૩=૨	૪÷૨=૨	૧૦÷૨=૫
૧૨÷૩=૪	૪÷૨=૨	૮÷૪=૨	૧૦÷૫=૨
૯÷૩=૩	૬÷૨=૩	૧૨÷૬=૨	૧૫÷૩=૫
૧૪÷૨=૭	૧૨÷૨=૬	૧૬÷૮=૨	૨૦÷૫=૪

(૩) નીચેના દાખલા સમજાવો.

૨×૧=૨	૨÷૨=૧	૨÷૧=૨
૨×૨=૪	૪÷૨=૨	૪÷૨=૨
૨×૩=૬	૬÷૨=૩	૬÷૩=૨
૨×૪=૮	૮÷૨=૪	૮÷૪=૨

(૪) દાખલા ૩ માં લખ્યા છે તે પ્રમાણે ૨×૫ થી ૨×૧૦ સુધીનો બે એકાંનો પાડો બન્ને ભાગાકાર સાથે લખી જાઓ.

(નમુનો :— ૨×૫=૧૦, ૧૦÷૨=૫, ૧૦÷૫=૨).

(૫) એજ પ્રમાણે ત્રણ એકાંનો પાડો તમે જ્યાં સુધી શીખ્યા છો, ત્યાં સુધી બન્ને ભાગાકાર સાથે લખી જાઓ.

પાઠ ૨૪.

૫×૨=૧૦ એ તમને આવડે છે. તો તે પરથી ૧૦ ને બેએ ભાગો તો શું આવે? અથવા ૧૦ ને પાંચે ભાગો તો શું આવે એમ તમને પુછે તો જવાબ આપી શકશો કે નહીં?

૧૨ ને ત્રણે ભાગે તો શું આવે એમ તમને પુછ્યું છે, જવાબ તમે નહીં જાણતા હો તો કેટલા ત્રી બાર, એ જો યાદ કરો તો પુછેલો જવાબ આપી શકાય કે નહીં?

૧૫ ના ત્રણ સરખા ભાગ કરો તો દરેક ભાગમાં શું આવે એમ જાણવા માટે તમે શું ગુણાકાર યાદ કરશો?

૬×૩=૧૮ એ ગુણાકાર પરથી ૧૮ ને ત્રણે ભાગો તો શું આવે ને ૧૮ ને ૬ એ ભાગો તો શું આવે તે કહી શકાશે કે નહીં?

૧૫ ને પાંચે ભાગો તો શું આવશે? ૧૫ ને ૩ વડે ભાગો તો શું આવશે? ૧૫ દોઢિયાં ત્રણ છોકરામાં આપતાં દરેકને શું મળશે?

દાખલા ૨૪.

(૧)

૪÷૨=	૮÷૨=	૬÷૨=	૯÷૩=
૬÷૩=	૮÷૪=	૪÷૪=	૧૦÷૨=
૧૦÷૫=	૧૨÷૨=	૬÷૬=	૧૨÷૪=
૧૨÷૩=	૧૪÷૭=	૧૨÷૬=	૧૦÷૫=
૨÷૨=	૧૬÷૨=	૧૪÷૨=	૧૬÷૪=
૧૬÷૮=	૧૮÷૨=	૧૫÷૩=	૧૮÷૯=
૨૦÷૪=	૪÷૪=	૨૦÷૫=	૧૫÷૫=

(૨) નીચેના દાખલાના જવાબ કહો. ને તે ઉપરથી જવાબને આપેલી દરેક રકમે ભાગતાં શું જવાબ આવશે તે પણ કહો (નમુનો :— ૫×૩=૧૫ ૧૫÷૫=૩ ; ૧૫÷૩=૫).

૪×૩=	૩×૫=	૬×૨=	૮×૨=
૨×૪=	૫×૨=	૬×૩=	૫×૪=
૭×૨=	૮×૧=	૯×૨=	૪×૫=

(૩) ચાર માણસોમાં બાર કેરી સરખે ભાગે આપો તો દરેક માણસને કેટલી આવશે?

(૪) એક આનાના ચાર દોઢિયાં તો બાર આનાના કેટલાં આવશે?

(૫) એક ઘોડો પંદર શેર ચણા પાંચ દિવસમાં પુરા કરે છે, દરરોજ તે સરખે ભાગે ખાતો હોય તો રોજ કેટલા શેર ચણા ખાતો હશે?

(૬) સોળ પેનસીલ સરખે ભાગે વ્હેંચતાં દરેક છોકરાને બે પેનસીલ મળી, ત્યારે છોકરા કેટલા હશે?

(૭) એકેક બાજટ પર પાંચ છોકરા બેસાડો તો પંદર છોકરા માટે કેટલા બાજટ જોઇશે?

(૮) ૭ પૈનાં દોઢિયાં કેટલાં? ૧૨ પૈનાં કેટલાં?

(૯) દરેક ભીખારીને ત્રણ પૈ આપતાં બધી મળી પંદર પૈ આપી, ત્યારે ભીખારી કેટલા?

(૧૦) દરરોજ એક સરખો ખરચ કરતાં ચાર દહાડામાં વીસ રૂપિયા ખર્ચ થયો ત્યારે દરરોજ શું ખર્ચ થયો હશે?

(૧૧) એક માણસ દર કલાકે પાંચ માઇલ ચાલે તો વીસ માઇલ ચાલવા માટે કેટલા કલાક જોઇશે?

(૧૨) એક છોકરો દરરોજ ૭ લીટી કવિતા મોંઢે કરે તો ૧૮ લીટી માટે કેટલા દિવસ લાગશે?

(૧૩) રોજ ત્રણ પૈસા ખર્ચ હોય તો ૭ દિવસનો શું ખર્ચ?

(૧૪) એક માણસે અઢાર ગાઉ ચાલવું છે દરરોજ ત્રણ ગાઉ કાપતાં કેટલા દહાડામાં મુસાફરી પુરી થશે?

(૧૫) એક દરજી ત્રણ દહાડે એક ડગલો પુરો કરે છે, તો બાર દહાડામાં કેટલા ડગલા કરશે?

(૧૬) ચાર છોકરા એક હારમાં ઉભા રહે તો વીસ છોકરાની કેટલી હાર થશે?

(૧૭) એક છોકરો ત્રણ સળી ઉંચકી જાય તો ૧૫ છોકરા કેટલી સળી ઉંચકી જશે?

(૧૮) એક ટોપલીમાં ચાર દોધી રહે છે, તો ૧૬ દોધી માટે કેટલી ટોપલી વાપરવી પડશે?

(૧૯) એક મજુર એક વેળા પાંચ ઇંટ ઉપાડી લઇ જાય છે, તો વીસ ઇંટ ઉપાડવા તેને કેટલા ફેરા ફરવા પડશે?

(૨૦) ચાર આનાની એક પાવલી તો બાર આનાની કેટલી પાવલી આવશે?

(૨૧) પાંચ પાંચ ધનના કેટલા ઢગલા કરો તો પંદર ધન થઇ રહેશે?

(૨૨) બાર ચીજમાંથી ૭ ૭ ચીજ કેટલી વખત લઇ શકાશે?

(૨૩) નવ ચીજમાંથી બબ્બે ચીજ કેટલી વખત લેવાશે? બાકી શું રહેશે?


(૨૪) એકેક ગાડીમાં ચાર ઘોડા જોડે તો પાંચ ગાડી માટે કેટલા ઘોડા જોઇશે?

(૨૫) કેટલા હાથનાં આંગળાં વીસ થશે?


પ્રકરણ ૬.

(વીસથી સો સુધી સંખ્યાની ગણત્રી.)

પાઠ ૨૫.



એકવીસ ૨૧.



પચીસ ૨૫.

એક દશક ને સાત એકમ હોય તો શું સંખ્યા થાય? તે કેમ લખો છો?

દશકનો અંક એકમના અંકના કયા હાથ પર લખાય છે? ૧૫ એમાં એકમનો અંક કયો ને દશકનો કયો?

બે દશકને શું નામ આપ્યું છે? વીસ અંકમાં કેમ લખાય છે? ૨૦ એમાં શૂન્ય શું દેખાડે છે? ને બે શું દેખાડે છે?

બે દશક ને એક એકમ એટલે એકવીસ, બે દશક ને બે એકમ એટલે બાવીસ એ આંકડામાં લખી દેખાડો. પેહલાં દશકનો અંક લખો, ને પછી એકમ.

એજ પ્રમાણે ત્રેવીસથી ઓગણત્રીસ સુધી લખી દેખાડો.

બે દશક ને દશ એટલે કેટલા દશક થયા? ત્રણ દશક ને એકમ કાંઇ નહીં તે કેમ લખશો? ત્રણ દશક એટલે ત્રીસ. ૩૦.

ત્રણ દશક ને એક એટલે એકત્રીસ અંકમાં કેમ લખશો? પેહેલાં દશકનો અંક લખશો કે એકમનો? દશકનો અંક એકમના અંકના કયા હાથ પર લખાય છે?

ત્રણ દશક ને બે એટલે બત્રીસ, તે પછી તેત્રીસ ચોત્રીસ એમ ઓગણચાળીસ સુધી લખો.

ત્રણ દશક ને દશ છુટી-એકમો મળી કેટલા દશક થાય? ચાર દશક એટલે ચાળીસ અંકમાં લખો.

ચાર દશક ને એક, બે, એ કેમ અંકમાં લખશો તે ઓગણપચાસ સુધી લખી દેખાડો.

પાંચ દશક એટલે પચાસ, છ દશક એટલે સાઠ, સાત દશક સીતેર, આઠ દશક એંસી, નવ દશક એટલે નેવું. એ અંકમાં લખો.

પચાસથી સો સુધીના અંક બોલતાં શીખો.

દશ દશક એટલે સો કેમ લખાય છે તે જુઓ. ૧૦૦ સો.

દાખલા ૨૫. ક.

(૨૦ થી ૩૦ સુધી.)

(૧) એકવીસથી ત્રીસ સુધી સંખ્યા ચઢતી તેમજ ઉતરતી ગણી જાઓ.

(૨) એકથી ત્રીસ સુધી સંખ્યા પેહલાં વચ્ચેથી એક સંખ્યા છોડી ગણી જાઓ. પછી બે સંખ્યા છોડી ગણી જાઓ. એજ રીતે ત્રીસથી એક સુધી ગણો.

(૩) દશ બે વખત લો તો વીસ થાય એમ અંકમાં લખી દેખાડો.

(૪) ૧૦+૧૦=૨૦, ૧૦×૨=૨૦ એ સમજાવો.

(૫) વીસ ને એક એકવીસ, વીસ ને બે બાવીસ, એમ વીસ ને દશ કેટલા ત્યાં સુધી ગણી જાઓ, ને લખી દેખાડો. (નમુનો:— ૨૦+૧=૨૧, ૨૦+૨=૨૨).

(૬) હું ટેબલપર થોડી એકમો (સોનેનશાઇનની પેટીમાંના ઘનો) ના ઢગલા કરી મુકું છું. એકેક છોકરાએ ટેબલ આગળ આવી એકેક ઢગલો લેવો. તેમાંથી દશ દશ એકમો થાય તેને બદલે એકેક દશકની લાંબી સળી મુકવી ને એકમ હોય તે રેહવા દેવા. પછી જેટલા દશક ને એકમ આવ્યા હોય તે સ્લેટ પર લખી દેખાડવા.

(૭) એકેક છોકરો શિક્ષકની ટેબલ આગળ આવો, ને નીચે જણાવેલી સંખ્યા જેટલા દશક ને એકમો (સોનેનશાઇનની પેટીમાંથી) કાઢી ગોઠવો.

૨૩. ૨૬. ૧૮. ૨૯. ૨૨. ૧૩. ૨૫. ૨૧.
૨૭. ૨૯. ૩૦. ૨૦. ૧૨. ૨૪. ૧૭. ૧૫.

(૮)

૨૦+ ૫=	૨૦+ ૨=	૨૦+ ૬=	૨૦+ ૮=
૧૦+ ૬=	૨૦+ ૩=	૧૦+ ૫=	૨૦+ ૭=
૧૦+૧૦=	૨૦+ ૧=	૨૦+ ૯=	૨૦+ ૪=
૨૦+૧૦=	૧૦+૨૦=	૨×૧૦=	
૧૦× ૨=	૧૦+૧૦=	૧૦× ૩=	

(૯)

૨૨=૨૦+ ૨૫=૨૦+ ૨૭=૨૦+ ૨૧=૨૦+
૨૪=૧૦+ ૨૩=૨૦+ ૨૯=૨૦+ ૨૬=૨૦+
૨૮=૨૦+ ૨૦=૧૦+ ૩૦=૨૦+ ૨૪=૨૦+

(૧૦) નીચેની સંખ્યાઓનાં નામ કહો ને તેમાં કેટલા દશક છે ને તે ઉપરાંત કેટલી એકમો છે તે કહો.

૧૫. ૨૧. ૧૮. ૨૩. ૧૯. ૨૫. ૧૬. ૨૨.
૨૪. ૨૭. ૨૯. ૩૦. ૨૦. ૧૦. ૮. ૭.
૨૬. ૧૨. ૧૭. ૨. ૨૮. ૧૧. ૫. ૪.

(૧૧)

૨૪=૧૦×૨+ ૨૫=૧૦×૨+ ૨૩=૧૦×૨+
૨૧=૧૦×૨+ ૨૭=૧૦×૨+ ૨૬=૧૦×૨+
૨૯=૧૦×૨+ ૨૮=૧૦×૨+ ૩૦=૧૦×૨+
૨૨=૧૦×૨+ ૨૦=૧૦×૨+

(૧૨) પચીસ રૂપિયામાંથી દશ દશ રૂપિયાની જેટલી નોટ લેવાય એટલી લેવી છે. તો કેટલી નોટ લેવાશે? બાકી રૂપિયા કેટલા રહેશે? ૨૯ રૂપિયામાંથી કેટલી? ૩૦ માંથી?

દાખલા ૨૫. ખ

(૩૦ થી ૫૦ સુધી.)

(૧) ૩૦ થી ૫૦ સુધી સઘળી સંખ્યા ચઢતી ગણી જાઓ. પછી ૫૦ થી ૩૦ સુધી ઉતરતી ગણી જાઓ, તથા લખી દેખાડો.

(૨) ૩૦ થી ૫૦ સુધી સંખ્યા વચ્ચેથી એક સંખ્યા છોડી દઇ ચઢતી તેમજ ઉતરતી ગણી જાઓ.

(૩) મેં આ ટેબલપર છુટી એકમોના ઢગલા કર્યા છે તે દરેક ઢગલામાંથી દશ એકમ નીકળે તેટલા દશકના કકડાને બાકીની એકમો મુકી એ ઢગલીઓ પાછી ગોઠવો.

(૪) નીચે લખેલી સંખ્યાઓ વાંચો, તથા તે દરેક સંખ્યા જેટલી દશક અને એકમો (સોનેનશાઇનની) પેટીમાંથી કાઢી ગોઠવી દેખાડો.

૩૫. ૪૨. ૩૮. ૩૧. ૩૪. ૪૦. ૪૩. ૩૬.
૪૪. ૩૯. ૪૧. ૩૭. ૩૨. ૪૫. ૩૩. ૪૬.
૮. ૪૭. ૫૦. ૧૭. ૪૮. ૧૯. ૪૯. ૫.

(૫) ત્રીસને એક એકત્રીસ, ત્રીસને બે બત્રીસ એમ ચાળીસ સુધી બોલી જાઓ.

(૬) એજ પ્રમાણે ચાળીસથી પચાસ સુધી બોલી જાઓ.

(૭)

૩૦+ ૨=	૪૦+ ૩=	૩૦+ ૬=	૪૦+ ૫=
૪૦+ ૭=	૩૩+ ૮=	૪૦+ ૯=	૩૦+ ૩=
૩૦+ ૧=	૪૦+ ૫=	૩૦+ ૪=	૪૦+ ૯=
૩૦+ ૭=	૪૦+ ૮=	૩૦+ ૬=	૩૦+ ૯=
૪૦+ ૧=	૩૦+૧૦=	૪૦+ ૩=	૩૦+૧૦=
૪૦+ ૩=	૪૦+ ૭=	૨૦+ ૬=	૨૦+ ૮=
૨૦+ ૭=	૨૦+ ૫=	૨૦+ ૨=	૨૦+ ૯=

(૮)

૩૫=૩૦+	૪૨=૪૦+	૨૫=૨૦+	૩૧=૩૦+
૪૩=૪૦+	૩૬=૩૦+	૪૭=૪૦+	૩૭=૩૦+
૩૨=૩૦+	૪૪=૪૦+	૩૩=૩૦+	૪૮=૪૦+
૪૯=૪૦+	૩૪=૩૦+	૪૦=૩૦+	૩૭=૩૦+
૩૯=૩૦+	૪૧=૪૦+	૪૫=૪૦+	૪૨=૪૦+
૪૬=૪૦+	૫૦=૪૦+	૩૦=૨૦+	૨૦=૧૦+
૨૪=૨૦+	૨૭=૨૦+	૧૬=૧૦+	૩૦=૨૦+

(૯)

૧૦×૩+૨=	૧૦×૩+૭=	૧૦×૩+૮=	૧૦×૪+ ૭=
૧૦×૩+૬=	૧૦×૪+૨=	૧૦×૪+૫=	૧૦×૩+ ૩=
૧૦×૪+૫=	૧૦×૩+૯=	૧૦×૪+૮=	૧૦×૪+૧૦=

(૧૦)

૩૨=૧૦×૩+	૪૪=૧૦×૪+	૪૭=૧૦×૪+	૫૦=૧૦×૪+
૩૬=૧૦×૩+	૩૮=૧૦×૩+	૪૬=૧૦×૪+	૩૩=૧૦×૩+
૪૫=૧૦×૪+	૪૮=૧૦×૪+	૩૫=૧૦×૩+	૪૧=૧૦×૪+
૩૧=૧૦×૩+	૪૯=૧૦×૪+	૩૭=૧૦×૩+	૪૦=૧૦×૪+
૪૦=૧૦×૩+	૪૨=૧૦×૪+	૩૪=૧૦×૩+	૪૩=૧૦×૪+

(૧૧) નીચે લખેલી સંખ્યા જેટલા રૂપિયા હોય તો તેમાંથી દશ દશ રૂપિયાની કેટલી નોટ લેવાશે ને બાકી રોકડા રૂપિયા કેટલા રહેશે?

છત્રીસ, આડત્રીસ, છેતાળીસ, પચાસ, ચુમાળીસ, બત્રીસ, અડતાળીસ, પીસતાળીસ, ચાળીસ, સાડત્રીસ, ઓગણપચાસ, પાંત્રીસ.

દાખલા ૨૫. ગ.

(૫૦ થી ૭૦ સુધી.)

(૧) ૨૦ થી ૭૦ સુધી સઘળી સંખ્યાઓ ચઢતી ગણી જાઓ. તથા ઉતરતી પણ ગણો.

(૨) ૫૦ થી ૭૦ સુધીની સઘળી સંખ્યાઓ લખી જાઓ.

(૩) આ ટેબલ ઉપર મેં એકમો (ઘન અથવા છુટી સળીઓ) ના જુદા જુદા ઢગલા મુકયા છે. તેમાંથી દશ દશ એકમો લઇ તેને બદલે દશકના કકડા (કે દશ સળીએના બાંધેલા ઢગલા) મુકી ઢગલાઓ પાછા ગોઠવો. (દાખલો:— ૫૪ ઘન મુકયા છે તો ૫ દશકના કકડા અને ૪ ઘન મુકો.)

(૪) નીચે લખેલી સંખ્યા વાંચો તથા તે દરેક સંખ્યામાં જણાય તેટલી દશક અને એકમો જેટલા કકડા તથા ઘન પેટીમાંથી કાઢી ગોઠવો.

૫૪, ૬૭, ૫૨, ૬૫, ૬૮, ૫૧, ૫૩, ૬૯, ૬૪, ૫૬,
૫૫, ૬૧, ૫૯, ૬૩, ૫૭, ૬૬, ૫૮, ૬૦, ૬૨, ૭૦,

(૫) પચાસ ને બે બાવન, બાવન ને બે ચોપન એમ દરેક જવાબમાં બે ઉમેરી ૭૦ આવે ત્યાં સુધી બોલી જાઓ.)

(૬)

૫૦+ ૬=	૬૦+ ૫=	૫૦+ ૩=	૫૦+ ૭=
૬૦+ ૧=	૬૦+ ૭=	૫૦+ ૪=	૫૦+ ૧=
૫૦+ ૮=	૬૦+ ૪=	૫૦+ ૯=	૬૦+ ૨=
૬૦+ ૯=	૫૦+ ૯=	૫૦+ ૨=	૫૦+ ૫=
૫૦+૧૦=	૬૦+ ૩=	૬૦+ ૬=	૬૦+૧૦=

(૭)

૬૪=૬૦+	૫૭=૫૦+	૫૯=૫૦+	૬૭=૫૦+
૬૮=૬૦+	૬૯=૬૦+	૫૩=૫૦+	૫૮=૫૦+
૫૨=૫૦+	૫૧=૫૦+	૬૩=૬૦+	૬૫=૬૦+

(૮)

૫૩=૫×૧૦+	૬૭=૬×૧૦+	૭૦=૬×૧૦+
૫૬=૫×૧૦+	૫૮=૫×૧૦+	૬૫=૬×૧૦+
૫૯=૫×૧૦+	૬૩=૬×૧૦+	૫૧=૫×૧૦+
૬૮=૬×૧૦+	૫૪=૫×૧૦+	૫૦=૪×૧૦+

દાખલા ૨૫. ઘ.

(૭૦ થી ૧૦૦ સુધી.)

(૧) ૭૦ થી ૧૦૦ સુધી સંખ્યા ચઢતી ઉતરતી ગણી જુઓ, તથા લખી દેખાડો.

(૨) ટેબલ ઉપર મેં જે ઢગલીઓ દશક તથા એકમ ગોઠવીને કરી છે તે શું સંખ્યા દેખાડે છે તે લખી દેખાડો.

(૩) નીચેની સંખ્યાઓ વાંચો તથા તેટલા દશક ને એકમના લાકડાના કકડા લઇ એ સંખ્યા બનાવી દેખાડો.

૭૫,	૭૮,	૮૫,	૮૭,	૯૨,	૯૪,	૭૬.
૭૧,	૭૭,	૯૬,	૮૮,	૯૫.	૯૯,	૭૯.
૭૩,	૮૩,	૯૩,	૭૨,	૯૭,	૮૧,	૯૧.

(૪)

૭૦+૫=	૮૦+૪=	૯૦+૬=	૭૦+ ૬=
૮૦+૭=	૯૦+૮=	૭૦+૧=	૮૦+ ૨=
૯૦+૩=	૭૦+૯=	૮૦+૮=	૯૦+ ૭=
૭૦+૪=	૯૦+૪=	૯૦+૨=	૭૦+૧૦=
૮૦+૫=	૯૦+૯=	૮૦+૬=	૮૦+૧૦=
૮૦+૭=	૮૦+૯=	૯૦+૧=	૯૦+૧૦=

(૫)

૭૪=૭×૧૦+	૮૫=૮×૧૦+	૯૬=૯×૧૦+
૭૧=૭×૧૦+	૮૨=૮×૧૦+	૯૩=૯×૧૦+
૭૬=૭×૧૦+	૮૭=૮×૧૦+	૯૮=૯×૧૦+
૮૮=૮×૧૦+	૯૯=૯×૧૦+	૭૭=૭×૧૦+
૭૨=૭×૧૦+	૮૩=૮×૧૦+	૯૪=૯×૧૦+
૯૭=૯×૧૦+	૮૬=૮×૧૦+	૭૫=૭×૧૦+
૭૯=૭×૧૦+	૯૦=૯×૧૦+	૧૦૦=૯×૧૦+
૭૩=૭×૧૦+	૮૪=૮×૧૦+	૯૫=૯×૧૦+

(૬) નીચે આપેલી રૂપિયાની રકમોમાંથી દશ દશ રૂપિયાની કેટલી નોટો લેવાશે?

છોતેર, ચોરાણું, પંચ્યાશી, અઠાણું, તોતેર, એક્યાશી.

પાઠ ૨૬.

એક દશકનો કકડો લો. તેવોજ એક બીજો કકડો જોડે મુકો તો કેટલા દશક થાય? એ દશક સંખ્યાનું નામ શું?

બે દશકમાં બીજો એક દશક લો તો શું થાય? કેટલા દશકે ત્રીસ થાય? વીસમાં કેટલા દશક? ચાળીસમાં કેટલા? બે દશક ને ચાર દશક મળી કેટલા દશક થાય? ત્યારે ૨૦+૪૦ તે કેટલા થાય?

૫૦ માં કેટલા દશક? ત્રીસમાં કેટલા? પાંચ દશક ને ત્રણ દશક એટલે કેટલા દશક? ત્યારે ૫૦+૩૦=?

૧૦+૮૦ તે કેટલા? ૮૦+૨૦ એટલે કેટલા દશક?

આપણે અગાઉ એકમો દેખાડવા જે ઘન વાપરતા હતા, તેવા ઘનો દશથી વધારે હોય છે ત્યારે શું વાપરીએ છીએ? (દશ ઘન જોડી કરેલા દશકનો લાકડાંનો કકડો.) હવે દશ દશક એટલે સો દેખાડવા આપણે દશ દશકના કકડા જોડીશું. માટે એ રીતે જોડી જે મોટો ચોરસ કકડો બનાવ્યો છે તે જુઓ.


હવેથી જ્યાં પણ દશ દશક આવે કે તમે દશ લાંબા કકડા વાપરવાને બદલે આ ચોરસ કકડો વાપરજો. એને આપણે હવેથી “શતક” કકડો કહીશું.



એકમ.



દશક.



શતક.

પાંચ દશકમાંથી બે દશક લઇ લો, બાકી શું રહેશે ૫૦−૨૦=?

૭ દશક એટલે કેટલી સંખ્યા? ૧૦×૬=?

દાખલા ૨૬.

(દશ, વીસ, ત્રીસ એમ સઘળા દશકો સો સુધી બોલો જોઓ.

(૨)

૧૦+૧૦=   ૩૦+૧૦=   ૫૦+૧૦=   ૭૦+૧૦=

૨૦+૧૦=   ૪૦+૧૦=   ૬૦+૧૦=   ૮૦+૧૦=

૯૦+૧૦=

(૩)

૧૦૦−૧૦=   ૯૦−૧૦=   ૬૦−૧૦=   ૨૦−૧૦=

૫૦−૧૦=   ૪૦−૧૦=   ૩૦−૧૦=   ૭૦−૧૦=

(૪) નીચેના દાખલાના જવાબ કહો. (નમુનો :—૨૦+૪૦ એટલે બે દશક ને ચાર દશક મળી છ દશક એટલે ૬૦.)

૧૦+૨૦=   ૩૦+૪૦=   ૫૦+૧૦=   ૬૦+૩૦=

૭૦+૧૦=   ૮૦+૨૦=   ૩૦+૫૦=   ૩૦+૭૦=

૨૦+૫૦=   ૩૦+૨૦=   ૫૦+૪૦=   ૬૦+૪૦=

૩૦+૨૦=   ૧૦+૮૦=   ૭૦+૨૦=   ૫૦+૩૦=

(૫)

૧૦+૧૦+૧૦=   ૨૦+૨૦+૧૦=   ૫૦+૨૦+૧૦=

૨૦+૧૦+૩૦=   ૩૦+૨૦+૪૦=   ૩૦+૪૦+૨૦=

૬૦+૧૦+૧૦=   ૧૦+૭૦+૧૦=   ૮૦+૧૦+૧૦=

૨૦+૩૦+૫૦=   ૧૦+૧૦+૪૦=   ૨૦+૨૦+૨૦=

(૬)

૭૦−૧૦−૧૦=   ૯૦−૫૦−૧૦=   ૫૦−૧૦−૨૦=

૮૦−૨૦−૧૦=   ૬૦−૧૦−૧૦=   ૬૦−૨૦−૨૦=

(૭)

૧૦×૨=   ૧૦×૫=   ૧૦×૬=   ૧૦×૧=

૧૦×૪=   ૧૦×૭=   ૧૦×૩=   ૧૦×૮=

૧૦×૯=   ૧૦×૧૦=

(૮) નીચેની સંખ્યાઓમાં દશક કેટલા છે તે કહો.

૨૦,   ૪૦,   ૩૦,   ૧૦,   ૫૦.

૬૦,   ૮૦,   ૭૦,   ૧૦૦,   ૯૦.

(૯) બે દશકમાં ત્રણ દશક ઉમેરો; પાંચ દશકમાં ચાર દશક ઉમેરો; ૭ દશકમાં ત્રણ દશક ઉમેરો.

પ્રકરણ ૭.

(બે અંકી સંખ્યાના એક અંકી સંખ્યાવડે સરવાળા તથા બાદબાકી.)

પાઠ ૨૭.

આઠ ધન અથવા સળી લો. બીજી નવ ધન કે સળી લો. બંનેને જોડે મુકશો તો કેટલી સળી કે ધન થશે?

દશ દશ સળી છુટી થાય તે કાઢી લઇ દશ સળીની મોટી ભારી હોય તો મુકો. અથવા દશ છુટા ધનને બદલે દશકનો કકડો મુકો. તો નવ ને આઠ એકમ સાથે મુકતાં કેટલા દશક ને એકમ થયા?

બે દશકના કકડા ને આઠ ધન લો. તેમાં નવ ધન મુકશો તો કેટલા ધન થશે? ૧૭ ધનમાંથી દશકના કકડા કેટલા લેવાશે? ત્યારે ૨૮+૯ કેટલા થયા?

૩૮+૯ ગણવા ૮ ને નવ પેહલાં ગણો, કેટલા થયા? બીજા હજી કેટલા દશક ઉમેરવા છે? (આઠ ને નવ સત્તર એટલે ૧ દશક ને સાત. ત્રણ દશક ને એક દશક એટલે ચાર દશક મળી ચાર દશક ને સાત એટલે ૪૭.)

૩૫+૯ એનો દશક તથા એકમના કકડા લઇ જવાબ કરી દેખાડો.

૩૬+૮ એટલે કેટલા?

એકમે એકમ ઉમેરો તેમાં જો દશક આવે તેને કયાં ઉમેરી દેશો?

૮+૯ એ સરવાળો મોંઢેથી તમે કેમ કરતાં શીખ્યા છો? (૮+૨=૧૦; ૧૦+૭=૧૭) એજ પ્રમાણે ૧૮+૯ નો સરવાળો કરો. (૧૮+૨=૨૦; ૨૦+૭=૨૭).

એજ પ્રમાણે ૨૮+=૯.; ૩૮+૯; ૪૮+૯, ૮૮+૯ નો સરવાળો કરો

૬+૭ નો સરવાળો મોંઢેથી કરો (૬+૪=૧૦; ૧૦+૩=૧૩; અથવા મોંઢે હોય તો એકદમ ૭ મે સાત તેર કહો.)

૧૬+૭; ૨૬+૭; ૫૬+૭; એ સરવાળા એ પરથી કહો.

દાખલા ૨૭. ક.

(૧)

૨+૭=	૩+૮=	૪+૯=	૫+૭=
૬+૬=	૬+૯=	૬+૭=	૬+૮=
૭+૩=	૮+૩=	૭+૪=	૮+૫=
૮+૭=	૭+૫=	૮+૬=	૭+૬=
૭+૯=	૮+૨=	૭+૭=	૮+૯=
૮+૮=	૫+૪=	૫+૬=	૪+૮=
૫+૯=	૩+૭=	૫+૮=	૨+૯=

(૨)

૧૨+૭=	૧૪+૮=	૧૫+૯=	૧૬+૭=
૧૧+૯=	૧૨+૮=	૧૩+૬=	૧૪+૯=
૧૭+૫=	૧૮+૬=	૧૭+૮=	૧૮+૫=
૧૯+૬=	૧૮+૯=	૧૯+૭=	૧૯+૮=
૧૮+૮=	૧૯+૨=	૧૧+૩=	૧૯+૪=

(૩) નીચેના દાખલામાં જવાબ પેહેલાં એકમો ઉમેરી પછી દશક ઉમેરી કહો. (નમુનો :—૨૭+૮ ; ૭+૮= ૧૫. એટલે દશકને પાંચ, ને બે દશક એટલે ૩ દશક ને પાંચ.)

૨૧+૯=	૨૪+૭=	૨૮+૮=	૩૨+૯=
૪૧+૯=	૬૪+૭=	૭૮+૮=	૬૨+૯=
૩૫+૬=	૪૭+૫=	૫૮+૪=	૬૯+૨=
૭૫+૬=	૬૭+૫=	૨૮+૪=	૮૯+૨=
૬૬+૮=	૭૮+૪=	૮૩+૮=	૭૭+૫=
૨૬+૮=	૩૮+૪=	૪૩+૮=	૨૭+૫=
૨૫+૭=	૩૪+૬=	૨૮+૭=	૩૯+૮=
૪૧+૪=	૪૩+૫=	૪૫+૮=	૪૯+૯=
૫૧+૬=	૫૩+૭=	૫૯+૨=	૫૭+૭=
૪૨+૮=	૪૪+૬=	૪૭+૬=	૬૦+૯=
૭૭+૮=	૭૫+૫=	૭૮+૮=	૭૯+૯=
૬૨+૬=	૬૪+૭=	૬૩+૯=	૬૯+૩=
૮૯+૫=	૮૨+૮=	૮૪+૬=	૮૮+૭=
૯૧+૭=	૯૩+૬=	૨૬+૯=	૩૯+૫=
૩૭+૮=	૪૬+૯=	૪૮+૭=	૯૦+૯=

(૪) નીચેના દાખલા દશકથી એકમાં છુટી પાડ્યા વગર ગણો. (નમુનો :— ૨૮+૭=૩૫ ; ૨૮+૨=૩૦ ; ૩૦+૭=૩૭).

૨૫+૬=	૩૭+૫=	૪૨+૯=	૩૨+૮=
૪૬+૭=	૨૮+૯=	૩૮+૪=	૩૫+૭=
૬૫+૬=	૬૯+૩=	૭૨+૯=	૭૭+૬=
૪૪+૮=	૫૫+૬=	૭૭+૭=	૮૮+૮=
૧૫+૯=	૧૭+૭=	૨૯+૨=	૩૭+૯=
૮૭+૭=	૫૪+૯=	૫૯+૩=	૬૬+૮=

(૫)

૫− ૪=	૧૪− ૬=	૧૨− ૮=	૧૫− ૭=
૪× ૪=	૫× ૩=	૬+ ૯=	૧૯− ૭=
૧૨− ૯=	૧૧− ૭=	૧૨− ૩=	૧૪− ૬=
૮÷ ૪=	૧૫÷ ૩=	૧૮÷ ૯=	× ૬=૧૮
× ૪=૨૦	÷ ૫=૩	÷ ૩=૪	૧૭− ૮=
÷ ૭= ૨	÷ ૨=૮	÷ ૪=૨૦	× ૮=૧૬
૫૦+૩૦=	૮૦−૨૦=	૯૦−૪૦=	૧૦+૬૦=
૩૦+ ૯=	૪૦+ ૭=	૬૦−૩૦=	૫૦−૧૦×૨=
૨૬+ ૭=	૩૮+ ૫=	૪૩+ ૮=	૭૧+ ૯=
૩+ ૬=	૪× ૫=	૧૮÷ ૨=	૧૬÷ ૪=

(૬) એક માણસ ઉઘરાણી નીકળ્યો. એક ઠેકાણેથી તેણે ૨૭ રૂપિયા વસુલ કીધા. બીજે ઠેકાણેથી તેણે નવ રૂપિયા લીધા. એ સઘળા રૂપીયાની દશ દશની બની શકે એટલી નોટ લઇ તે ઘર આવ્યો. ત્યારે તે કેટલી નોટ તથા કેટલા રૂપિયા રોકડા લાવ્યો હશે?

(૭) એક ઠેકાણે ૩૭ છુટી સળી મુકી છે. બીજે ઠેકાણે ૮ છે. બંનેને સાથે કરી તેમાંથી બને તેટલી દશ દશ સળીની ભારીઓ બાંધવી છે. તો કેટલી ભારી બંધાશે? ને છુટી કેટલી રહેશે?

દાખલા ૨૭. ખ.

(૧)

૧૮+૫=	૨૭+૬=	૩૮+૪=
૧૮+૫+૪=	૨૭+૬+૫=	૩૮+૪+૭=
૨૭+૩+૨+૪=	૪૯+૩+૫+૬=	૫૫+૫+૭+૩+૮=
૪+૪+૪+૪+૪=	૫+૫+૫+૫+૫=	૬+૬+૬+૬+૬+૬=
૫૦+૨+૩+૪+૫+૬=	૬૧+૯+૮+૭+૬=	૭૫+૫+૨+૪+૬+૭+૮=
૬૦+૧૦+૧૦+૭+૩+૫=	૨૦+૨૦+૨૦+૫+૫=	૪૦+૨૦+૨૦+૧૦+૩+૪=

(૨) એકમાં પાંચ ઉમેરો. જે જવાબ આવે તેમાં પાછા પાંચ ઉમેરો. એમ જવાબ સોની ઉપર સંખ્યા નહીં જાય ત્યાં સુધી બોલી જાઓ.

(૩) એજ પ્રમાણે ચારમાં પાંચ ઉમેરો. જવાબમાં પાંચ ઉમેરો ને સો સુધી ગણી જાઓ.

(૪) બેમાં ૭ ઉમેરો. જવાબમાં પાછા ૭ ઉમેરો એમ સો સુધી બોલી જાઓ.

(૫) એકમાં નવ ઉમેરો જે જવાબ આવે તેમાં નવ ઉમેરો એમ સો સુધી બોલી જાઓ.

(૬)

૪+૪= ૮	૫+૫=	૬+૬=૧૨	૭+૭=૧૪
૮+૪=૧૨	૧૦+૫=૧૫	૧૨+૬=૧૮	૧૪+૭=૨૧
૧૨+૪=	૧૫+૫=	૧૮+૬=	૨૧+૭=
એમ ૧૦૦ સુધી ગણો.	એમ ૧૦૦ સુધી ગણો.	એમ ૧૦૦ સુધી.	એમ ૧૦૦ સુધી.
૮+૮=૧૬	૯+૯=૧૮	૧૦+૧૦=૨૦	૩+૩=૬
૧૬+૮=૨૪	૧૮+૯=૨૭	૨૦+૧૦=૩૦	૯+૩=
એમ ૧૦૦ સુધી.	એમ ૧૦૦ સુધી.	એમ ૧૦૦ સુધી.	એમ ૧૦૦ સુધી.

(૭) નીચે આપેલી દરેક સંખ્યામાં (૧) આઠ (૨) ૭ (૩) નવ (૪) પાંચ ઉમેરો.

૨૨, ૩૮, ૪૬, ૫૭, ૬૪, ૭૯, ૮૨, ૮૧, ૧૫, ૨૭.
૭૫, ૬૭, ૩૩, ૨૫, ૭૧, ૬૯, ૩૭, ૪૪, ૬૮, ૭૯.

(૮) એ પ્રમાણે એકથી સો સુધીની કોઇ પણ સંખ્યા લો. તેમાં ગમે તે એક અંકી સંખ્યા ઉમેરો ને જવાબમાં તેજ સંખ્યા ઉમેરતાં સો સુધી જાય એવા દાખલા છોકરાએ વર્ગમાં એક બીજાને પુછવા.

પાઠ ૨૮.

(રીત ૧.)

તમે બજારમાં ગયા ત્યારે તમારી પાસે બે દશ રૂપિયાની નોટ તથા ચાર રૂપિયા રોકડા હતા. તેમાંથી તમે આઠ રૂપિયાના બુટ

લીધાં તો તે રૂપિયા કેમ આપશો? કેટલી દશ રૂપિયાની નોટ વટાવશો? તે નોટ વટાવ્યા પછી તમારી પાસે કેટલા રોકડા રૂપિયા થશે? તેમાંથી આઠ આપતાં તમારી પાસે બધું મળી બાકી શું રહેશે?

બે દશક તથા ૪ છુટા ઘન છે. તેમાંથી ૮ ઘન લેવા છે. તો દશકના કકડાને શું કરશો? (દશકનો કકડો બદલી દશ છુટા ઘનજ લો.)

૨૪ માંથી ૮ કેમ લેવાય તે દશક તથા એકમોના કકડા લઇ કરી બતાવો.

૩૫ માંથી ૯ કેમ લેવાય તે પણ ઘન તથા દશક લઇ કરી બતાવો.

૩૫ માં જે દશક છે તેમાંથી ૧ દશક વટાવો, તો કેટલા દશક ને કેટલા એકમ બધા મળી થશે? ૨ દશક ને ૧૫ એકમમાંથી નવ એકમ લો તો શું રહેશે?

૪૬ માંથી ૮ લેવા છે. ૪ દશકમાંથી ૧ દશક વટાવો, તો કેટલા દશક ને એકમ થશે? ત્રણ દશક ને સોળ એકમમાંથી ૮ એકમ લો તો શું રહેશે?

નીચેનો દાખલો તપાસો.

૫૬–૯=

દશક	એકમ
૫	૬
	–૯

=

દશક	એકમ
૪	૧૬
	–૯
૪	૭

અથવા ૫૬–૯= ૪૦+૧૬–૯= ૪૦+૭=૪૭.

એજ પ્રમાણે ૬૭–૮ એ દાખલો લખી બતાવો.

(રીત ૨.)

૧૨ માંથી ૯ બાદ કરો તો બાકી શું રહે? ૧૨ માંથી કેટલા જાય તો દશ રહે? બે બાદ કીધા પછી બીજું શું બાદ કરો તો બધા મળી નવ બાદ થાય?

એજ પ્રમાણે ૨૨ માંથી નવ બાદ કરો. (૨૨–૨=૨૦; ૨૦–૭=૧૩.)

એ રીત પ્રમાણે ૪૩ માંથી ૭ બાદ કરવા કહે તો પેહેલાં શું બાદ કરશો? પછી શું બાદ કરશો? જવાબ શું આવશે?

નીચેનો દાખલો જુઓ.

૬૩–૮ ૬૩–૩=૬૦

૬૦–૫=૫૫ માટે ૬૩–૫=૫૮

એ પ્રમાણે નીચેનો દાખલો લખી દેખાડો.

૭૧–૫=

દાખલા ૨૮. ક.

(૧)

૮–૫=	૫–૪=	૬– ૨=	૭–૩=
૯–૪=	૮–૩=	૨– ૨=	૧૦–૬=
૧૧–૩=	૧૫–૭=	૧૪– ૩=	૧૨–૮=
૧૩–૫=	૧૪–૭=	૧૬– ૯=	૧૭–૩=
૧૮–૬=	૧૯–૯=	૨૦–૧૦=	૧૨–૭=
+૬=૧૩	+૭=૧૫	+ ૮=૧૮	+૯=૧૨
+૮=૧૨	+૯=૧૪	+ ૩=૧૧	+૪= ૭
૧૩= ૫+	૧૨= ૩+	૧૪= ૬+	૧૬= ૯+
૯= ૪+	૧૧= ૮+	૧૭= ૪+	૨૦= ૮+
૩૦=૧૦+	૫૦=૩૦+	૯૦=૪૦+	૧૦૦=૨૦+

(૨)

૧૫–૪=	૩૭–૬=	૪૯–૮=	૫૭–૩=
૬૬–૨=	૭૮–૭=	૭૧–૧=	૮૩–૨=

(૩) નીચે આપેલી સંખ્યાઓમાં જે દશક હોય તેમાંનો એક દશક વટાવી તેની પણ એકમ કરો. તે પછી કેટલા દશક ને કેટલી એકમ થાય છે તે કહો.

(નમુનો :—૪૫ એટલે ૪ દશક ને પાંચ એકમ એટલે ત્રણ દશક ને ૧૫ એકમ.)

૨૪. ૨૭. ૩૨. ૩૮. ૪૪. ૪૯. ૫૩. ૫૯. ૬૧. ૬૭.
૭૫. ૭૮. ૮૧. ૮૩. ૮૭. ૯૦. ૯૪. ૯૭. ૯૯. ૧૦૦.
૨૦. ૩૧. ૪૦. ૪૨. ૫૦. ૬૦. ૭૦. ૮૦. ૧૦. ૩૦.

(૪)

૪૧=૧૦×૩+	૪૯=૧૦×૩+	૬૮=૧૦×૫+
૬૫=૧૦×૫+	૫૯=૧૦×૪+	૮૯=૧૦×૭+
૩૩=૧૦×૨+	૨૧=૧૦×૧+	૪૭=૧૦×૩+

(૫) નીચેની સંખ્યાઓનો દશક વટાવી બાદબાકી કરી જવાબ કહો. (નમુનો :—૩૩−૮= ૨૦+૧૩−૮= ૨૦+૫=૨૫.)

૨૪−૮=	૩૧−૩=	૪૨−૯=	૫૨−૮=
૨૭−૯=	૩૮−૯=	૬૧−૪=	૭૨−૬=
૮૩−૭=	૯૪−૮=	૧૦૦−૫=	૩૦−૮=
૫૩−૪=	૬૨−૫=	૭૧−૭=	૮૨−૯=
૮૭−૮=	૨૫−૬=	૨૧−૨=	૩૩−૬=
૪૪−૭=	૫૩−૮=	૬૧−૩=	૭૪−૭=
૩૨−૬=	૪૪−૫=	૫૪−૬=	૬૬−૭=
૨૬−૭=	૩૨−૩=	૪૧−૨=	૫૩−૭=

(૬) નીચેની સંખ્યાઓની બાદબાકી વટાવ વગર કરીને કહો. (નમુનો :—૨૨−૫=૧૭ ; ૨૨−૨=૨૦ ; ૨૦−૩=૧૭)

૧૨−૩=	૨૧−૬=	૩૨−૫=	૪૩−૭=
૫૧−૨=	૬૪−૫=	૭૫−૬=	૯૧−૯=
૩૩−૬=	૪૭−૮=	૫૪−૫=	૬૩−૭=
૧૮−૯=	૨૭−૯=	૯૧−૩=	૮૨−૬=
૮૭−૮=	૭૧−૬=	૬૪−૫=	૫૩−૯=

(૭)

૨૩+ ૯=	૩૭+ ૭=	૪૧+ ૯=	૫૨+ ૮=
૨૩− ૮=	૩૪− ૭=	૪૫− ૬=	૫૪− ૭=
૩૪+ ૭=	૪૭+ ૫=	૪૮+ ૯=	૬૭+ ૪=
૨૮− ૯=	૨૧− ૭=	૩૨− ૪=	૪૬− ૯=
૫× ૪=	૭× ૨=	૯× ૨=	૫× ૩=
૨૦+૩૦=	૬૦−૪૦=	૭૦−૫૦=	૧૫+ ૯=
૨૬− ૪=	૩૩− ૯=	૩૨+ ૭=	૪૩+ ૮=
૪૪− ૫=	૪૭+ ૮=	૧૦+૬૦=	૭૦−૩૦=
૧૫÷ ૩=	૧૬÷ ૪=	૧૮÷ ૨=	૬÷ ૨=
૪× ૩=	૧૨÷ ૨=	૨૦÷ ૪=	૬÷ ૩=
૭÷ ૧=	૭× ૨=	૮÷ ૨=	૮× ૩=

(૮) નીચે આપેલી હારોનો જવાબ જ્યાં સુધી તમારેથી બને ત્યાં સુધી આપો.

૫૨—૪=૪૮	૧૦૦—૫=૯૫	૯૦—૬=૮૪	૧૦૦—૪=૯૬
૪૮—૪=૪૪	૯૫—૫=	૮૪—૬=	૯૬—૪=
૪૪—૪=			
ઇત્યાદી.	ઇત્યાદી.	ઇ૦.	ઇ૦.
૯૯—૧૦=૮૯	૭૫—૯=૬૬	૧૦૦—૨=૯૮	૯૦—૩=૮૭
૮૯—૧૦=	૬૬—૯=	૯૮—૨=	૮૭—૩=
ઇ૦.	ઇ૦.	ઇ૦.	ઇ૦.

(૯) નીચે આપેલી સંખ્યામાંની એક લો. તેમાંથી પેહલાં ૧ બાદ કરો. જે જવાબ આવે તેમાંથી બે બાદ કરો. તે પછીના જવાબમાંથી ત્રણ, પછી ચાર, એમ એકેક રકમ વધારી બાદ કરો. દશ બાદ થાય કે પાછો ૧ બાદ કરો, પછી બે. એમ કરતાં ઓછામાં ઓછો જવાબ આવે ત્યાં સુધી ગણો. (નમુનો :— ૮૧—૧=૮૦, ૮૦—૨=૭૮ ; ૭૮—૩=૭૫ ; ૭૫—૪=૭૧ ; ૭૧—૫=૬૬ ; ૬૬—૬=૬૦ ; ૬૦—૭=૫૩ ; ૫૩—૮=૪૫ ; ૪૫—૯=૩૬ ; ૩૬—૧૦=૨૬ ; ૨૬—૧=૨૫ ; ૨૫—૨=૨૩ ઇત્યાદી.)

૧૦૦.	૯૮.	૯૨.	૮૮.	૭૧.	૭૫.	૮૭.
૪૬.	૫૮.	૬૧.	૬૮.	૫૭.	૬૯.	૭૭.

દાખલા ૨૮. ખ

(૧) બે માણસની ઉમર વચ્ચે નવ વર્ષનો ફેર છે. મોટાની ઉમર ૩૭ વર્ષ છે તો બીજાની ઉમર શું હશે?

(૨) ચાર આનાનાં જેટલાં દોઢિયાં તેમાં બીજાં સાત દોઢિયાં ઉમેરો તો કેટલાં થયાં?

(૩) એક રૂપિયાના ૧૬ આના થાય. મારી પાસે એક રૂપિયો હતો તેમાંથી મેં એક દિવસ ત્રણ આના બીજે દિવસે ચાર આના ને ત્રીજે દિવસે પાંચ આના ખર્ચ કર્યો ત્યારે મારી પાસે શું બાકી રહ્યું હશે?

(૪) મારી પાસે ૪૨ રૂપિયા હતા. તેમાંથી મેં ચાર રૂપિયાનાં બુટ, નવ રૂપિયાનો ડગલો, અને સાત રૂપિયાની પેટી એટલા સામન લીધા, ત્યારે મારી પાસે બાકી શું રહ્યું? (૪૨—૪—૯ ઇ૦.)

(૫) સતાવન રૂપિયામાંથી દશ રૂપિયાની નોટ કેટલી આવશે? બાકી કેટલા રૂપિયા રહેશે? જે રૂપિયા રહે તેમાંથી પાંચ રૂપિયાની નોટ લો તો બાકી કેટલા રૂપિયા રોકડા રહેશે?

(૬) એક માણસ પાસે ૯૦ રૂપિયા છે. તે રોજ દશ રૂપિયા ખર્ચે છે તો ચાર દિવસ ખર્ચ કીધા પછી તેની પાસે શું રહેશે?

(૭.) એક માણસે ૫૬ માઇલની મુસાફરી કરવી છે તે સોમવારે પાંચ માઇલ, મંગળવારે સાત, બુધવારે ૭, ભેસપતવારે આઠ ને શુક્રવારે નવ માઇલ ચાલ્યો ત્યારે હજી કેટલા માઇલ ચાલવા બાકી રહ્યા છે? (૫૬—૫—૬ ઇ૦.)

(૮) એક વર્ષના મહિના કેટલા? એક વર્ષ અને આઠ મહિનાના મહિના કેટલા?

(૯) એક ઠેકાણે ચોખાના ૬૦ દાણા હતા. ત્યાં એક ચક્લી આવી તે એક દાણો લઇ ગઇ, બીજી ચક્લી બે દાણા, ત્રીજી ચક્લી ત્રણ, એમ દરેક ચક્લી અગાઉ કરતાં એકેક દાણો વધારે લઇ ગઇ. બધી મળી સાત ચક્લી આવી ગઇ ત્યારે હવે કેટલા દાણા બાકી હશે?

(૧૦) એક માણસ પાસે ૭૫ રૂપિયા હતા. એક અઠવાડિયે તે આઠ રૂપિયા કમાયો. બીજે અઠવાડિયે સાત, ને ત્રીજે તથા ચોથે અઠવાડિયે આઠ આઠ રૂપિયા કમાયો, ત્યારે તેની પાસે બધા મળી હવે રૂપિયા કેટલા થયા હશે?

પ્રકરણ ૮.

(૨×૧ થી ૧૦×૧૦ સુધીના ગુણાકાર તથા એ પાડાઓથી થતા ભાગાકાર.)

પાઠ ૨૯.

બે ચીજ એક વખત લો તો કેટલી થાય? બે વખત લો તો કેટલી થાય એમ બે ચીજ દશ વખત લો તો કેટલી થાય તે બોલી જાઓ. (બે એકાં બે, બે દુ ચાર ઇત્યાદી.)

બે ચીજ દશ વખત લો તો કેટલી થાય? બે ચીજ નવ વખત લો તો કેટલી? એમ ઉતરતાં બે ચીજ એક વખત લેતાં કેટલી થાય તે બોલી જાઓ.

ઉપર પુછેલા સવાલોના જવાબો અંક તથા નિશાનીઓ વડે લખી બતાવો.

૯ ચીજ બે સરખે ભાગે વ્હેંચો તો દરેક ભાગમાં શું આવશે? બાકી શું રહેશે?

૪×૨+૧ એટલે શું તે સમજાવો.

ત્રણમાં ત્રણ ઉમેરો જવાબ આવે તેમાં બીજા ત્રણ ઉમેરો. એમ જવાબ ત્રીસ આવે ત્યાં સુધી બોલી જાઓ.

ત્રણ ચીજ એક વખત લો તો શું આવે? બે વખત લો તો શું? એમ ત્રણ ચીજ દશ વખત લો તો શું આવે તે બોલી જાઓ. નહીં સમજ પડે ત્યાં સળીઓની ઢગલી કરી ગણી જુઓ.

૫×૩ એટલે કેટલા? ૫×૩+ =૧૭?

૧૭ લખોટા ત્રણ છોકરામાં વ્હેંચવા છે. દરેકને શું મળશે? બાકી વ્હેંચાયા વગર કેટલા રહેશે?

૪×૩ તે કેટલા? એમાં શું ઉમેરશો તો ૧૩ થશે? ત્યારે ૧૩ ચીજ ત્રણ જણમાં સરખે ભાગે આપો તો દરેકને શું મળશે? બાકી શું રહેશે?

૭ ત્રી કેટલા? ૬×૩=૧૮ એટલે શું સમજ્યા? (૭ ચીજ ત્રણ વખત લે તો ૧૮ થાય. ૭ છોકરાને દરેકને ત્રણ પૈસા આપે તો ૧૮ પૈસા થાય ઇ૦.)

૧૨÷૩=૪ એટલે શું સમજો છો?

૩+૩+૩+૩+૩=૧૫ એ સરવાળો ટુકામાં કેમ લખાય?

(૩×૫=૧૫).

ચાર ચીજ ત્રણ વખત લો ને ત્રણ ચીજ ચાર વખત લો તે એકજ છે એમ સળી કે બીજી એવી ચીજો ગોઠવી દેખાડો.

દાખલા ૨૯. ક.

(૧) બેમાં બે ઉમેરો, તેના જવાબમાં બે ઉમેરો, તેના જવાબમાં બે ઉમેરો, એમ જવાબ ચાળીસ આવે ત્યાં સુધી ગણો.

(૨) એજ પ્રમાણે ત્રણમાં ત્રણ ઉમેરો, તેના જવાબમાં ત્રણ ઉમેરો એમ ત્રીસ આવે ત્યાં સુધી ગણો.

(૩)

૨× ૧=	૩× ૧=	૨÷૧=	૩÷૧=
૨× ૨=	૩× ૨=	૪÷૨=	૬÷૩=
૨× ૩=	૩× ૩=	૬÷૨=	૯÷૩=
૨× ૪=	૩× ૪=	૮÷૨=	૧૨÷૩=
૨× ૫=	૩× ૫=	૧૦÷૨=	૧૫÷૩=
૨× ૬=	૩× ૬=	૧૨÷૨=	૧૮÷૩=
૨× ૭=	૩× ૭=	૧૪÷૨=	૨૧÷૩=
૨× ૮=	૩× ૮=	૧૬÷૨=	૨૪÷૩=
૨× ૯=	૩× ૯=	૧૮÷૨=	૨૭÷૩=
૨×૧૦=	૩×૧૦=	૨૦÷૨=	૩૦÷૩=

(૪) ઉપરના દાખલામાં આપેલા પહેલા પાડા મોંઢેથી ચઢતા ઉતરતા બોલી જાઓ.

(૫) પહેલા દાખલામાં લખેલા પાડા જવાબ સાથે તમારી ચોપડીમાં ઉતારી લાવો.

(૬)

૭×૨=	૬×૩=	૮×૩=	૯×૩=
૩×૮=	૫×૩=	૭×૩=	૬×૩=
૩×૯=	૨×૬=	૪×૩=	૧૦×૩=
૨×૫=	૨×૪=	૩×૩=	૩×૨=
૧૨÷૩=	૧૪÷૨=	૯÷૩=	૧૫÷૩=
૨૦÷૨=	૨૪÷૩=	૮÷૨=	૨૧÷૩=
૨૭÷૩=	૩૦÷૩=	૧૮÷૩=	૬÷૨=

(૭)

૩=૨×૧+	૯=૨×૪+	૭=૨×૩+	૧૯=૬×૩+
૧૭=૮×૩+	૪=૧×૩+	૧૧=૩×૩+	૨૨=૬×૩+
૫=૨×૨+	૧૩=૪×૩+	૧૭=૫×૩+	૨૪=૩×૮+
૧૩=૪×૩+	૨૬=૮×૩+	૨૫=૩×૮+	૨૯=૯×૩+

(૮) નીચેના દાખલાઓમાં જવાબ શું આવશે? તથા બાકી શું રહેશે તે કહો.

૧૫÷૨	૧૭÷૩	૨૨÷૩	૨૬÷૩	૧૪÷૨
૨૯÷૩	૧૧÷૨	૧૩÷૩	૧૯÷૩	૩૦÷૩

દાખલા ૨૯. ખ.

(૧) ત્રણ પૈનું એક દોઢિયું તો ૧૭ પૈના કેટલા દોઢિયાં ને કેટલી પૈ આવશે? ૨૮ પૈના કેટલાં? ૩૦ પૈના કેટલાં?

(૨) ૧૭ લખોટા બે છોકરાઓને સરખે ભાગે આપતાં દરેકને કેટલા મળશે? બાકી વ્હેંચાયા વગર કેટલા લખોટા રહેશે?

(૩) ૨૮ બોર ત્રણ છોકરાને સરખે ભાગે આપતાં દરેકને શું મળશે? બાકી શું રહેશે?

(૪) એક છોકરાને ૨૧ લીટી કવિતા મોંઢે કરવી છે. દરરોજ તે કેટલી લીટી મોંઢે કરે તો ત્રણ દહાડામાં બધી પુરી થઇ જાય?

(૫) લંબાઇ માપવામાં ત્રણ 'ફીટ' નો એક "વાર" ગણાય છે, તો ૧૭ ફીટમાં કેટલા વાર ને કેટલા ફીટ?

(૬) એકેક છોકરાને ત્રણ ત્રણ પેન આપવી છે તો ૯ છોકરા માટે કેટલી પેન જોઇશે?

(૭) એક બાજટપર ત્રણ છોકરા બેસે છે, તો ૨૭ છોકરા માટે કેટલા બાજટ જોઇશે?

(૮) એક છોકરો દર ભોજને ત્રણ પુરી ખાય તો કેટલા ભોજને ૧૮ પુરી ખાઇ રહેશે?

(૯) એક પૈની ત્રણ પેપરમીંટ તો ૨૭ પેપરમીંટ માટે કેટલી પૈ જોઇશે? એ પૈના દોઢિયાં કેટલાં?

(૧૦) એક છોકરાને ઘરથી નિશાળે આવતાં રોજ ત્રણ માઇલ ચાલવું પડે છે, તો સોમવારથી શનીવાર સુધી બધા મળીને કેટલા માઇલ ચાલતો હશે?

(૧૧) ત્રણ રૂપિએ જોડી બુટ મળે છે. એક માણસને સાત છોકરાં છે તેમને બધાંને બુટ અપાવવા શું ખરચ થશે?

(૧૨) તમારા વર્ગની ફી દર મહિને ત્રણ રૂપિયા હોય તો ૭ મહિનામાં કેટલા રૂપિયા ભર્યા હશે?

(૧૩) ૧૧ સળીમાંથી ત્રણ ત્રણ સળીના કેટલા સરખા ઢગલા થશે? બાકી?


(૧૪) એક માણસ પાસે દશ દશ રૂપિયાની બે નોટ તથા પાંચ રૂપિયા રોકડા છે. તેણે ત્રણ ત્રણ રૂપિયાના થોડા ડગલા ખરીદ્યા પછી તેની પાસે ચાર રૂપિયા બાકી છે, ત્યારે તેણે કેટલા ડગલા લીધા હશે?

(૧૫) ટેબલપર ૩૬ સળી હતી, તેમાંથી એક છોકરાએ ૯ લઇ લીધી. બીજા છોકરાએ બાકી રહેલી સળીના નવ સરખા ઢગલા કર્યા, તો તે દરેક ઢગલામાં સળી કેટલી હશે?

(૧૬) ૪ દોઢિયાંની પૈ કેટલી? ૪ દોઢિયાં ને બે પૈની પૈ કેટલી? ८ દોઢિયાં ને ૧ પૈની પૈ કેટલી?

(૧૭) બાર પૈના દોઢિયાં કેટલાં? ૧૪ પૈના કેટલાં દોઢિયાં ને કેટલી પૈ? ८ પૈના કેટલાં દોઢિયાં ને કેટલી પૈ?

પાઠ ૩૦.



૪×૩=૧૨	૩×૪=૧૨.
૧૨÷૩= ૪	૧૨÷૪= ૩.

ચારમાં ચાર ઉમેરો. જવાબમાં પાછા ચાર ઉમેરો. એમ ૪૦ આવે ત્યાં સુધી ઉમેરતા જાઓ.

૨૦ ને ચારે ભાગો એટલે શું? વીસ ચીજના ચાર સરખા ભાગ કરો તો દરેક ભાગમાં શું આવશે? વીસ ચીજના પાંચ સરખા ભાગ કરો તો દરેક ભાગમાં શું આવે?

૫×૪=૨૦; એ ઉપરથી ૨૦÷૪=૫; ૨૦÷૫=૪ એ શું તે સમજાવો. ૩×૪=૧૨ એ ઉપરથી બે ભાગાકારના દાખલા લખો.

અઢાર કલમ ચાર છોકરાઓમાં સરખે ભાગે વ્હેંચતાં દરેકને કેટલા કલમ આવશે? બાકી કેટલી રહેશે?

દાખલા ૩૦. ક.

(૧)

૪+૪= ૮	૪૦−૪=૩૬
૮+૪=૧૨	૩૬−૪=૩૨
૧૨+૪=	૩૨−૪=
એમ ૪૦ આવે ત્યાં સુધી લખો.	એમ ૪ આવે ત્યાં સુધી ગણો.

(૨)

૧×૪=	૪× ૧=	૪÷ ૧=	૪÷૪=
૨×૪=	૪× ૨=	૮÷ ૨=	૮÷૪=
૩×૪=	૪× ૩=	૧૨÷ ૩=	૧૨÷૪=
૪×૪=	૪× ૪=	૧૬÷ ૪=	૧૬÷૪=
૫×૪=	૪× ૫=	૨૦÷ ૫=	૨૦÷૪=
૬×૪=	૪× ૬=	૨૪÷ ૬=	૨૪÷૪=
૭×૪=	૪× ૭=	૨૮÷ ૭=	૨૮÷૪=
૮×૪=	૪× ૮=	૩૨÷ ૮=	૩૨÷૪=
૯×૪=	૪× ૯=	૩૬÷ ૯=	૩૬÷૪=
૧૦×૪=	૪×૧૦=	૪૦÷૧૦=	૪૦÷૪=

(૩) એક ચોક ચારનો આખો પાડો ચઢતો તથા ઉતરતો બોલી જાઓ.

(૪) દાખલા બીજામાં આપેલા સઘળા પાડા જવાબ સાથે ચોપડીમાં ઉતારી લાવો. (ઘરથી.)

(૫)

૩× ૪=	૮÷ ૪=	૧૨÷૩=	૫×૪=
૭× ૪=	૧૬÷ ૪=	૮÷૨=	૯×૪=
૨૦÷ ૫=	૪× ૪=	૨૦÷૪=	૪×૭=
૮÷ ૪=	૪× ૭=	૧૨÷૩=	૨૪÷૪=
૩૨÷ ૪=	૪× ૮=	૩૬÷૪=	૩૨÷૮=
૪× ૨=	૨૮÷ ૪=	૧૦×૪=	૨૮÷૭=
૪૦÷ ૪=	૪× ૯=	૪÷૧=	૪÷૪=
૪૦÷૧૦=	૪×૧૦=	૪×૩=	૨૪÷૬=

૪+૪+૩+૩+૩=	૪+૩+૪+૩+૪=	૩+૩+૩+૪+૪+૪=
૪+૪+૨×૩=	૪×૫+૩×૨=	૭×૪+૩×૩+૨×૨=

(૬)

૫=૪×૧+	૧૭=૪×૪+	૨૧=૫× ૪+
૧૪=૪×૩+	૨૬=૪×૬+	૩૧=૪× ૭+
૭=૪×૧+	૧૫=૪×૩+	૧૯=૪× ૪+
૨૨=૪×૫+	૩૫=૪×૮+	૩૯=૯× ૪+
૬=૪×૧+	૧૦=૪×૨+	૧૭=૪× ૪+
૨૩=૫×૪+	૨૯=૭×૪+	૩૮=૯× ૪+
૧૧=૪×૨+	૧૪=૪×૩+	૧૬=૪× ૪+
૨૧=૪×૫+	૩૭=૯×૪+	૪૦=૪×૧૦+
૧૩=૬×૨+	૧૯=૬×૩+	૨૫=૮× ૩+
૨૮=૯×૩+	૧૧=૩×૩+	૧૭=૫× ૩+

(૭) નીચેના દાખલામાં ભાગાકારમો જવાબ શું આવશે ને બાકી શું રહેશે ?

૧૧÷૪	૨૨÷૪	૩૧÷૪	૫÷૪	૧૭÷૪	૨૧÷૪
૮÷૪	૩૯÷૪	૨૫÷૪	૩૮÷૪	૨૭÷૪	૩૫÷૪
૨૩÷૪	૩૭÷૪	૪૦÷૪	૬÷૪	૩૪÷૪	૨૩÷૪
૩૩÷૪	૨૮÷૪	૨૬÷૪	૧૩÷૪	૧૯÷૪	૯÷૪

(૮) એક આનાના ચાર દોઢિયાં તો ૭ આનાના કેટલાં? ૪, ૫, ૩, ૭, ૮ આનાના કેટલાં?

(૯) ૮, ૭, ૫, ૩, ૯, ૬ રૂપિયાના પાવલા કેટલા?

દાખલા ૩૦. ખ.

(૧) મારી પાસે ૩૮ દોઢિયાં છે. તે વ્હેંચી આપવાં છે. દરેક માણસને એકેક આનો આપો તો કેટલાં માણસોને આપી શકાશે? બાકી શું રહેશે?

(૨) વેલાતમાં એક પેની નામે શિક્કો ચાલે છે. તેના ૪ ફાર્ધિંગ નામે ન્હાના શિક્કા આવે છે તો ૬ પેની (પેન્સ) ની ફાર્ધિંગ કેટલી? ૮ પેન્સની કેટલી?

(૩) એક બાજઠપર ચાર છોકરા બેઠા છે. એક વર્ગમાં આઠ બાજઠ બધા છોકરાઓથી ભરેલાં છે. તો તે વર્ગમાં છોકરા કેટલા હશે?

(૪) ચાર છોકરા એક બાજટપર બેસાડતાં ૩૬ છોકરાઓ માટે કેટલા બાજટ જોઇશે ?

(૫) પાંચ રૂપિયાના પાવલા કેટલા આવશે ?

(૬) ૩૦ પાવલાના રૂપિયા કેટલા આવશે ? બાકી કેટલા પાવલા રહેશે ?

(૭) એક ચોરસની ચાર બાજુ આવે છે તો સાત ચોરસની બધી મળી કેટલી બાજુ ?

(૮) ઓગણત્રીસ કોડી છે. ચાર ચાર કોડીનો એકેક ઢગલો કરો તો એવા કેટલા ઢગલા થશે ? બાકી કેટલી કોડી રહેશે ?

(૯) એક વર્ગમાં દરેક છોકરો ચાર રૂપિયા ફી આપે છે. એક દિવસે શિક્ષકે ૩૨ રૂપિયા ફી એકઠી કરી તો તે દિવસે કેટલા છોકરાઓએ ફી આપી હશે ?

(૧૦) એક આખી નારંગીના ચાર સરખા ભાગ કરો તો એવી કેટલી નારંગી હશે તો અઠાવીસ કકડા થશે ?

(૧૧) રોજ ચાર પાઠ વાંચો તો એક અઠવાડિયાંમાં કેટલા પાઠ વાંચી રહેશો ?

(૧૨) રોજ ચાર ગાઉ ચાલતાં ૨૦ ગાઉનો અંતર કેટલા દિવસમાં કપાશે ?

(૧૩) એક રૂપિયાના ચાર દજન પેર મળે તો ૭ રૂપિયાના કેટલા દજન ?

(૧૪) એક લાંબી દોરી છે. તેમાંથી ત્રણ ત્રણ ઇંચના ચાર કકડા કાપી કાઢતાં બાકી ત્રણ ઇંચનો કકડો વધે છે, તો દોરી કેટલી લાંબી હશે ?

(૧૫) એક લાકડાંનો ખુંટો ભોંયમાં દાટેલો છે. તેનો જેટલો ભાગ ભોંયમાં છે તેથી પાંચ ગણો ભાગ ભોંયની બહાર છે. ભોંયમાં ચાર ફીટ લાકડું દટાયલું છે, ત્યારે તે આખા ખુંટાની લંબાઇ શું હશે ?

(૧૬) ૩૫ સળી લઇ ચાર ચાર સળીની ઢગળી બાંધો તો એવી કેટલી ઢગલી થશે ? બાકી કેટલી સળી રહેશે ?

(૧૭) એક માણસ પાસે બે આના છે, તો તેની પાસે કેટલાં દોઢિયાં ? બે આનાનાં ને ૩ આનાનાં કેટલાં દોઢિયાં ? ને ૮ આના ૩ દોઢિયાંનાં કેટલાં દોઢિયાં ?

(૧૮) આઠ દોઢિયાંના કેટલા આના? ૧૦ દોઢિયાંના કેટલા આના ને કેટલાં દોઢિયાં? ૧૫ દોઢિયાંના કેટલા?

(૧૯) ૨૯ દોઢિયાંના કેટલા આના ને કેટલાં દોઢિયાં? ૩૭ દોઢિયાંના કેટલાં? ૨૬ ના કેટલાં?

(૨૦) ૬ આના ને ૨ દોઢિયાંનાં કેટલાં દોઢિયાં? ૯ આના ૧ દોઢિયાંનાં કેટલાં? ૪ આના ને ૩ દોઢિયાંનાં કેટલાં?

પાઠ ૩૧.

૫×૪=૨૦ અને ૪×૫=૨૦ એ એકજ છે એમ સળીઓ ગોઠવી દેખાડો.

પાંચમાં પાંચ ઉમેરો, જવાબમાં પાંચ ઉમેરો. એમ ૫૦ સુધી ગણી જાઓ.

૫×૬=૩૦ એમ તમને કહેવામાં આવે. પછી કહે કે ૫૦ કેરી પાંચ છોકરાઓમાં સરખે ભાગે વ્હેંચતાં શું આવશે? તો તમે જવાબ શું આપશો?

૬×૫=૩૦. એ ઉપરથી બે ભાગાકાર કહો. (૩૦÷૫=૬; ૩૦÷૬=૫).

"૩૫ ચીજના સાત સરખા ભાગ કરો તો દરેક ભાગમાં પાંચ આવે" એમ અંક તથા ચિન્હો (નિશાની) થી લખી બતાવો.

દાખલા ૩૧. ક.

(૧)

૫+૫=૧૦	૫૦−૫=૪૫
૧૦+૫=૧૫	૪૫−૫=૪૦
૧૫+૫=	૪૦−૫=
૫૦ જવાબ આવે	જવાબ ૦ આવે
ત્યાં સુધી ગણો.	ત્યાં સુધી ગણો.

(૨)

૫× ૧=	૧×૫=	૫÷ ૧=	૫÷૫=
૫× ૨=	૨×૫=	૧૦÷ ૨=	૧૦÷૫=
૫× ૩=	૩×૫=	૧૫÷ ૩=	૧૫÷૫=
૫× ૪=	૪×૫=	૨૦÷ ૪=	૨૦÷૫=
૫× ૫=	૫×૫=	૨૫÷ ૫=	૨૫÷૫=

૫× ૬=	૬×૫=	૩૦÷ ૬=	૩૦÷૫=
૫× ૭=	૭×૫=	૩૫÷ ૭=	૩૫÷૫=
૫× ૮=	૮×૫=	૪૦÷ ૮=	૪૦÷૫=
૫× ૯=	૯×૫=	૪૫÷ ૯=	૪૫÷૫=
૫×૧૦=	૧૦×૫=	૫૦÷૧૦=	૫૦÷૫=

(૩) બીજા દાખલામાં આપેલો પેહલો તથા બીજો પાડો ચઢ ઉતર આપો બોલી જાઓ.

(૪) બીજા દાખલાના સઘળા પાડા જવાબ સાથે ચોપડીમાં લખી લાવો. (ઘરથી.)

(૫)

૫×૨=	૫×૬=	૫×૮=	૫×૧=
૫×૯=	૫×૭=	૫×૪=	૫×૩=
૫×૧=	૬×૫=	૯×૫=	૭×૫=
૨×૫=	૮×૫=	૫×૫=	૪×૫=

(૬)

૧૫÷૩=	૨૦÷૫=	૩૫÷૫=	૪૫÷૫=
૧૦÷૫=	૫÷૫=	૨૫÷૫=	૪૦÷૫=
૪૫÷૯=	૨૦÷૪=	૩૦÷૫=	૫૦÷૫=

(૭)

૩×૩=	૫×૪=	૬×૨=	૮×૫=
૪×૪=	૬×૩=	૭×૪=	૯×૨=
૯×૫=	૭×૩=	૮×૩=	૯×૪=
૩×૪=	૪×૫=	૬×૪=	૭×૫=
૮×૧=	૮×૨=	૯×૩=	૯×૪=

(૮)

૧૨=૫×૨+	૧૮=૫×૩+	૧૩=૫× ૨+
૨૩=૫×૪+	૨૪=૫×૪+	૨૭=૫× ૫+
૩૬=૭×૫+	૩૯=૭×૫+	૪૩=૫× ૮+
૧૭=૫×૩+	૪૭=૫×૯+	૫૦=૫×૧૦+
૧૩=૪×૩+	૧૯=૪×૪+	૨૧=૪× ૫+
૧૧=૨×૫+	૧૭=૫×૩+	૨૯=૭× ૪+

(૯)

૪÷૨=	૧૬÷૪=	૧૮÷૨=	૧૨÷૩=
૧૫÷૩=	૨૦÷૫=	૨૪÷૪=	૧૦÷૨=
૬÷૨=	૧૫÷૫=	૨૦÷૪=	૮૮÷૮=

(૧૦) નીચેના દાખલામાં ભાગાકારનો જવાબ શું ને બાકી શું તે કહો.

૨૧÷૫	૨૮÷૫	૩૨÷૫	૨૯÷૫	૩૩÷૫	૪૨÷૫
૪૬÷૫	૪૯÷૫	૧૭÷૫	૧૯÷૫	૨૪÷૫	૩૩÷૫
૧૪÷૩	૧૭÷૪	૨૩÷૩	૨૯÷૪	૧૭÷૨	૧૧÷૪

(૧૧)

૫+૫+૫+૫=	૩+૩+૪+૪+૫+૫+૨+૨+૨=
૫+૪+૫+૪=	૫+૪+૫+૪+૩+૨+૧+૨+૩=
૫×૩+૪×૨=	૧+૨+૩+૪+૫+૫+૪+૩+૨+૧=
૫×૪−૪×૨=	૧૨−૮+૩+૬−૫−૨+૬+૩−૫=
૭×૫−૩×૩=	૯×૫−૧૫÷ ૩=
૪×૪−૩×૨=	૧૦×૫− ૩×૧૦=
૯×૫−૫×૨=	૪×૭− ૩× ૩=

દાખલા ૩૧. ખ.

(૧) એક બળદને રોજ પાંચ શેર ઘાસ જોઇએ તો સાત બળદ માટે કેટલું જોઇશે?

(૨) એક મજુર રોજ પાંચ આના કમાય તો ચાર દિવસમાં શું કમાશે? તેની સઘળી કમાણીના પૈસાના તે પાવલા લે તો કેટલા પાવલા આવશે?

(૩) ૩૩ ચીજોના પાંચ સરખા ભાગ કરો તો દરેક ભાગમાં શું આવશે? બાકી શું રહેશે?

(૪) એક માણસ બાઇસીકલપર દર કલાકે પાંચ માઇલ પ્રમાણે જાય છે. તે માણસ મુંબઇથી નીકળી ચાર કલાકમાં થાણે જાય છે તો થાણા મુંબઇથી કેટલું દુર હશે?

(૫) એકેક ડગલાપર પાંચ પાંચ બટન જડવાં હોય તો આઠ ડગલા માટે કેટલાં જોઇશે?

(૬) વીરાર મુંબઇથી ચાલીસ માઇલ દુર છે. એક માણસ ત્યાં જવા માટે ઘોડાપર બેસી મુંબઇથી નીકળે છે. ઘોડો દર કલાકે પાંચ માઇલ જાય તો પેલો માણસ કેટલા કલાકમાં વીરાર પુગશે? જો તે સહવારે પાંચ વાગે મુંબઇથી નીકળ્યો હોય તો વીરાર કેટલે વાગે પહોંચશે?

(૭) એકેક હારમાં પાંચ છોકરાઓ ઉભા રહે તો ૪૫ છોકરાઓની એવી કેટલી હાર થશે?

(૮) ૩૯ સળીમાંથી પાંચ પાંચ સળીની કેટલી ઢગલીઓ બાંધી શકાશે? બાકી કેટલી સળી રહેશે?

(૯) એક માણસ પાસે ૪૭ રૂપિયા છે. તેમાંથી તે જેટલી બની શકે એટલી પાંચ પાંચ રૂપિયા વાળી નોટ લેવા માંગે છે તો કેટલી નોટ લઇ શકશે?

(૧૦) એક માણસ પાસે ૩૯ રૂપિયા છે. તેમાંથી તે જેટલી બને એટલી દશ દશ રૂપિયાની નોટ લઇ જે રૂપિયા વધે તેની પાંચ પાંચની નોટ લે છે, ત્યારે તેની પાસે દશની નોટ કેટલી, પાંચની કેટલી ને બાકી રોકડા રૂપિયા શું હશે?

(૧૧) ૨૭ કેરી પાંચ છોકરાને સરખે ભાગે આપતાં દરેકને શું આવે? બાકી કેટલી રહે?

(૧૨) ૩૭ પૈસામાં કેટલા પૈસા વધારે હોય તો આઠ છોકરામાંના દરેકને ભાગે પાંચ પાંચ પૈસા આવે?

(૧૩) ચોત્રીસ રૂપિયા છે. કેટલા રૂપિયા ઓછા હોય તો તે વ્હેંચતાં પાંચ માણસને દરેકને પાંચ પાંચ રૂપિયા આવે?

(૧૪) બે માણસના હાથ તથા પગના બધાં મળી આંગળાં કેટલાં?

(૧૫) એક છોકરો એક કલાકમાં પાંચ પાના લખી શકે છે, તો તેને ૪૦ પાના લખવા માટે કેટલા કલાક જોઇશે?

(૧૬) તમને ઘરથી નિશાળે આવતાં રોજ પાંચ મીનીટ ચાલવું પડે છે તો સોમવારથી શનીવાર સુધીમાં સ્કુલે આવતાં તમારી કેટલી મીનીટ ગઇ હશે?

(૧૭) એક લાકડી પાંચ ફીટ લાંબી છે. તે લાકડી વડે એક ઓરડો માપી જોયો તો સાત લાકડી જેટલો લાંબો છે તો તે ઓરડો કેટલા ફીટ લાંબો હશે?

(૧૮) એક છોકરાએ પોતાની સ્લેટપર ૫ લખ્યા તેની નીચે બીજા ૫ તેની નીચે ત્રીજી વખત ૫ એમ બધા મળી નવ પાંચડા એકેક નીચે લખ્યા. પછી તે સઘળાનો સરવાળો કીધો તો જવાબ શું આવ્યો હશે ?

(૧૯) રજાના દહાડામાં એક છોકરો પાંચ દહાડે એક વખત ગાડીમાં ફરવા જાય છે તો એક મહિનાની રજામાં તે કેટલી વખત ફરવા જશે?

(૨૦) ૪૮ કોડી ટેબલપર છે. દરેક છોકરાએ આવી પાંચ પાંચજ કોડી લઇ જવી એમ શિક્ષકનો હુકમ છે તો કેટલા છોકરાઓ એ પ્રમાણે કરી શકશે? છેલ્લે કેટલી કોડી રહી જશે?

પાઠ ૩૨.

૬×૩=૧૮ અને ૩×૬=૧૮ એમાં ગોઠવણ જુદી રીતની છે. પણ છેવટ સંખ્યા એકજ છે એમ બે રીતે સળીઓ ગોઠવી બતાવો.

૬×૭=૪૨ તો ૪૫ ચીજ સાત જણને આપતાં દરેકને શું આવશે તથા બાકી શું વધશે?

૬×૮=૪૮ એ પરથી બે ભાગાકાર કહો.

દાખલા ૩૨. ક.

(૧) ૭ માં ૭ ઉમેરો, જવાબમાં ૭ ઉમેરો એમ ૬૦ જવાબ આવે ત્યાં સુધી ગણો.

(૨) ૬૦ માંથી ૭ બાદ કરો. જવાબમાંથી પાછા ૬ બાદ કરો એમ જવાબ ૦ આવે ત્યાં સુધી ગણો.

(૩)

૬× ૧=	૧×૬=	૬÷ ૧=	૬÷ ૬=
૬× ૨=	૨×૬=	૧૨÷ ૨=	૧૨÷ ૬=
૬× ૩=	૩×૬=	૧૮÷ ૩=	૧૮÷ ૬=
૬× ૪=	૪×૬=	૨૪÷ ૪=	૨૪÷ ૬=
૬× ૫=	૫×૬=	૩૦÷ ૫=	૩૦÷ ૬=
૬× ૬=	૬×૬=	૩૬÷ ૬=	૩૬÷ ૬=
૬× ૭=	૭×૬=	૪૨÷ ૭=	૪૨÷ ૬=
૬× ૮=	૮×૬=	૪૮÷ ૮=	૪૮÷ ૬=
૬× ૯=	૯×૬=	૫૪÷ ૯=	૫૪÷ ૯=
૬×૧૦=	૧૦×૬=	૬૦÷૧૦=	૬૦÷૧૦=

(૪) દાખલા ત્રીજામાંના પહેલા બે પાડા મોંઢેથી ચઢતા ઉતરતા બોલી જાઓ.

(૫) દાખલા ત્રીજામાંના સઘળા પાડા જવાબ સાથે ચોપડીમાં લખી લાવો. (ઘરથી.)

(૬)

૬×૫=	૮× ૬=	૭×૬=	૯×૬=
૪×૬=	૬× ૩=	૧×૬=	૬×૨=
૫×૪=	૩× ૫=	૬×૪=	૧૦×૬=
૬×૫=	૫× ૩=	૩×૭=	૯×૩=
૬×૯=	૬×૧૦=	૨×૫=	૭×૨=
૨×૬=	૪× ૭=	૯×૫=	૭×૫=
૮×૫=	૩× ૫=	૨×૮=	૩×૯=

(૭)

૧૮÷૬=	૩૦÷૬=	૪૨÷૬=	૫૪÷૬=
૧૨÷૬=	૪૨÷૬=	૨૪÷૬=	૪૮÷૬=
૬૦÷૬=	૩૬÷૭=	૧૮÷૩=	૪૨÷૭=

(૮)

૬×૫+૪=	૯×૬+૫=	૬×૮+૨=
૭×૬+૩=	૬×૨+૨=	૬×૧+૫=
૮×૬+૪=	૬×૩+૩=	૬×૭+૪=

(૯)

૧૫=૬×૨+	૨૦=૬×૩+	૨૯=૬×૪+
૩૧=૬×૫+	૩૯=૬×૬+	૪૭=૬×૭+
૫૫=૬×૯+	૩૪=૬×૫+	૫૬=૬×૯+
૧૮=૬×૩+	૨૬=૬×૪+	૨૨=૬×૩+
૧૯=૯×૨+	૨૭=૫×૫+	૮=૩×૨+
૨૨=૫×૪+	૨૩=૪×૫+	૩૦=૬×૫+

(૧૦) નીચેના દાખલામાં ભાગાકાર શું આવશે ને બાકી શું રહેશે?

૯÷૬	૧૨÷૬	૧૭÷૬	૨૦÷૬	૨૫÷૬	૨૮÷૬
૩૫÷૬	૪૬÷૬	૪૯÷૬	૨૩÷૬	૫૦÷૬	૫૮÷૬
૫૬÷૬	૧૫÷૬	૪૫÷૬	૩૩÷૬	૫૫÷૬	૫૭÷૬

(૧૧)

૬×૫—૪=	૭×૬—૫=	૯×૬—૩=
૬×૧—૨=	૬×૩—૩=	૬×૮—૫=
૬+૬+૬=	૬×૨—૪×૨=	૬×૫—૩×૩=
૯×૬—૮×૧=	૯×૫—૪×૨=	૯×૩—૩×૨=
૬+૬+૬+૬+૬=	૬+૬+૬+૫+૫=	૬+૬+૬+૬+૬+૬+૬=

(૧૨)

૮+૯=	૧૨+ ૮=	૨૩+ ૯=	૪૩+૭=
૬૦—૮=	૫૦+૧૭=	૬૦+૨૩=	૧૫+૮=
૩૩+૯=	૪૧— ૮=	૬૦+૩૦=	૩૦+૯=
૩૮+૫=	૪૭+ ૬=	૪૪+ ૫=	૧૪+૭=
૨૩+૯=	૬× ૭=	૫× ૩=	૪×૯=
૨૪÷૪=	૨૪÷ ૮=	૨૦÷ ૪=	૮૯+૯=

દાખલા ૩૨. ખ.

(૧) ત્રીસ સળીના પાંચ સરખા ઢગલા કરશો તો દરેકમાં શું આવશે? ૭ ઢગલી કરો તો શું આવશે?

(૨) દરેક ઓરડામાં ૭ ૭ ખુરસી ગોઠવેલી છે, બધી મળી ૪૮ ખુરસી ગોઠવાઇ છે તો તે કેટલા ઓરડામાં હશે?

(૩) ૫૦ ચીજ ૭ માણસોને સરખે ભાગે વ્હેંચી આપો તો દરેકને શું આવશે? બાકી શું?

(૪) એક રૂપિયાનું ૭ વાર કપડું મળે છે તો છત્રીસ વાર કપડું લેવા કેટલા રૂપિયા જોઇશે?

(૫) બાર ઇંચ લાંબી એક લાકડી છે. તેના ભાગીને બે સરખા કકડા કર્યા તો દરેક કકડાની લંબાઇ શું?

(૬) એક દોરડાંમાંથી ૭ ૭ ફીટ લાંબા આઠ કકડા કાપી કાઢયા પછી પાંચ ફીટ દોરડું વધ્યું, ત્યારે અસલ દોરડું કેટલું લાંબું હશે?

(૭) એક માણસ ૭ દિવસમાં એક વખત કામે જતો નથી. ત્યારે તે મહિનામાં કેટલા દિવસ કામપરથી ગેરહાજર રહેતો હશે?

(૮) ૭ દોઢિયે એક ચોપડી મળે છે, તો ૭ ચોપડીનું શું પડશે? જેટલાં દોઢિયાં હોય તેના આના કરી કહો.

(૯) એક માલી દર કલાકે વાડીમાં ૭ ઝાડને પાણી આપી શકે છે. તે દરરોજ સાત કલાક કામ કરે તો કેટલાં ઝાડને પાણી આપી શકશે?

(૧૦) એક માણસ પાસે ૪ દશ રૂપિયા વાળી નોટ તથા ૬ પાંચ રૂપિયા વાળી નોટ છે તો એની પાસે કેટલા રૂપિયા બધા મળી હશે?

(૧૧) પંદર ઇંચ લાંબી દોરીમાંથી ૭ ૭ ઇંચના કેટલા કકડા કાપી શકાશે? બાકી કકડો રહે તેની લંબાઇ શું હશે?

(૧૨) એક છોકરા પાસે ૩૨ બોર છે. બીજાં કેટલાં બોર વધારે હોય તો સાત છોકરામાં દરેકને ૬ બોર આપી શકાય?

(૧૩) ૩૩ માંથી શું બાદ કરો તો બાકી રહેલી સંખ્યાને ૬ વડે ભાગતાં ૫ જવાબ આવે?

(૧૪) બે દોઢિયાંની પૈ ૭. કેટલી વખત બે બે દોઢિયાં લો તો ૪૮ પૈ થાય? એ દોઢિયાંના આના કેટલા?

પાઠ ૩૩.

૩ × ૭ અને ૭ × ૩ સળીઓ વડે ગોઠવી બતાવો.

સાતમાં સાત ઉમેરો તો શું થાય? જવાબમાં પાછા સાત ઉમેરો. તેમાં સાત ઉમેરો. ૭×૪=૨૮ એ ઉપરથી બે ભાગાકાર શું કરી શકશો?

દાખલા ૩૩. ક.

(૧)

૭+૭=૧૪	૭૦−૭=૬૩
૧૪+૭=૨૧	૬૩−૭=
એ પ્રમાણે જવાબ ૭૦ આવે ત્યાં સુધી ગણો.	એ પ્રમાણે જવાબ ૦ આવે ત્યાં સુધી ગણો.

(૨)

૭×૧=	૧×૭=	૭÷૧=	૭÷૭=
૭×૨=	૨×૭=	૧૪÷૨=	૧૪÷૭=
૭×૩=	૩×૭=	૨૧÷૩=	૨૧÷૭=
૭×૪=	૪×૭=	૨૮÷૪=	૨૮÷૭=
૭×૫=	૫×૭=	૩૫÷૫=	૩૫÷૭=

૭× ૬=	૬×૭=	૪૨÷ ૬=	૪૨÷૭=
૭× ૭=	૭×૭=	૪૯÷ ૭=	૪૯÷૭=
૭× ૮=	૮×૭=	૫૬÷ ૮=	૫૬÷૭=
૭× ૯=	૯×૭=	૬૩÷ ૯=	૬૩÷૭=
૭×૧૦=	૧૦×૭=	૭૦÷૧૦=	૭૦÷૭=

(૩) ઉપરના દાખલામાંના પેહલા બે પાડા ચઢતા ઉતરતા બોલી જાઓ.

(૪) બીજા દાખલામાંના સઘળા પાડા જવાબ સાથે ચોપડીમાં લખી લાવો. (ઘરથી.)

(૫)

૭× ૪=	૭×૭=	૭×૮=	૭×૨=
૭× ૯=	૭×૩=	૭×૫=	૭×૬=
૭×૧૦=	૨×૭=	૪×૭=	૬×૭=
૮× ૭=	૯×૭=	૫×૭=	૩×૭=
૫× ૬=	૭×૬=	૪×૬=	૯×૬=
૫× ૪=	૭×૩=	૬×૫=	૮×૩=

(૬)

૨૧÷૭=	૩૫÷૭=	૫૬÷૮=	૭૦÷૧૦=
૧૪÷૭=	૨૮÷૪=	૨૧÷૭=	૪૨÷ ૭=
૬૩÷૭=	૧૪÷૨=	૨૮÷૭=	૫૬÷ ૭=
૧૪÷૨=	૨૧÷૩=	૭૦÷૭=	૧૫÷ ૩=
૩૦÷૫=	૪૨÷૬=	૫૪÷૬=	૨૭÷ ૯=
૨૦÷૪=	૨૨÷૩=	૨૮÷૪=	૨૦÷ ૫=
૧૮÷૩=	૧૪÷૨=	૧૦÷૨=	૯÷ ૩=
૪૨÷૬=	૪૮÷૮=	૬૦÷૬=	૫૪÷ ૯=

(૭)

૭×૩+૩=	૭×૭+૪=	૭×૬+૫=	૭×૨+૨=
૭×૧+૬=	૭×૫+૫=	૭×૮+૪=	૭×૩+૬=
૭×૬+૨=	૭×૨+૩=	૭×૭+૫=	૭×૯+૨=
૭×૨+૬=	૭×૪+૫=	૭×૮+૨=	૭×૮+૬=

(૮)

૨૧=૭×	૩૫=૭×	૪૨=૭×	૭૦=૭×
૨૮=૪×	૫૬=૮×	૧૪=૭×	૪૯=૭×
૨૩=૭×૩+	૩૮=૭×૫+	૪૮=૭×૬+	૬૭=૭×૯+
૧૭=૭×૨+	૨૫=૭×૩+	૫૨=૭+૭+	૬૧=૭×૮+
૧૨=૭×૧+	૨૦=૭×૨+	૩૨=૭×૪+	૪૦=૭×૫+
૪૭=૭×૬+	૫૩=૭×૭+	૬૦=૭×૮+	૬૮=૭×૯+

(૯) નીચેના દાખલામાં ભાગાકાર શું આવશે ને બાકી શું રહેશે?

૧૫÷૭=	૩૯÷૭=	૪૮÷૭=	૬૨÷૭=
૧૩÷૭=	૬૦÷૭=	૯÷૭=	૧૭÷૭=
૬૬÷૭=	૫૭÷૭=	૬૧÷૭=	૧૯÷૭=
૨૪÷૭=	૬૭÷૭=	૫૨—૭=	૪૭÷૭=
૧૬÷૩=	૧૮÷૪=	૨૪÷૫=	૪૧÷૬=
૯÷૨=	૨૨÷૩=	૩૧÷૪=	૪૪÷૫=
૫૦÷૬=	૩૯÷૭=	૨૩÷૩=	૩૩÷૪=

(૧૦)

૭×૪—૬=	૭×૫—૩=	૭×૭—૪=
૭×૬—૫=	૭×૮—૬=	૭×૯—૩=
૭×૯—૨×૩=	૭×૨—૩×૩=	૭×૫—૨×૨=
૭×૩—૩×૩=	૭×૪—૨×૧=	૭×૭—૩×૩=
૭+૭+૭+૭+૭=	૭+૬+૫+૪+૩+૨=	૭૦—૭—૬—૫—૪—૩=

દાખલા ૩૩. ખ.

(૧) એક અઠવાડિયાંના સાત દહાડા તો ૬ અઠવાડિયાંના કેટલા?

(૨) એક માણસ રોજ સાત આના કમાય તો નવ દિવસમાં તે શું કમાશે?

(૩) એક ઘોડો કલાકના સાત માઇલ ચાલે તો ૪૨ માઇલ ચાલવાને કેટલા કલાક જોઇશે?

(૪) ૬૦ ચીજ સાત સરખા ભાગમાં વ્હેંચી નાખો તો દરેક ભાગમાં કેટલી ચીજ આવશે? બાકી કેટલી રહેશે?

(૫) ૪૨ દિવસના અઠવાડિયાં કેટલાં? ૬૩ દિવસના કેટલાં? ૨૧ દિવસનાં?

(૬) રોજ સાત માઇલની મુસાફરી થાય તો એક અઠવાડિયાંમાં કેટલા માઇલ જવાશે?

(૭) એક માણસ એક અઠવાડિયાંમાં ૨૮ રૂપિયા કમાયો ત્યારે તે રોજ શું કમાયો?

(૮) એક છોકરાનો અઠવાડિયાંનો ખરચ ૮ આના ને ત્રણ દોઢિયાં છે. ત્યારે દરરોજ તેને કેટલાં દોઢિયાં ખરચ થતો હશે?

(૯) ૪૫ ફળ સાત છોકરાઓને સરખે ભાગે આપતાં કેટલાં બાકી રહેશે? દરેક છોકરાને કેટલાં ફળ મળશે?

(૧૦) ૫૨ ફળમાં કેટલાં ઓછાં હોય તો સાત છોકરામાંના દરેકને સાત ફળ અપાય?

(૧૧) એક વર્ગમાં નવ છોકરા છે. દરેક છોકરાને માટે સાત પેપરમીંટ આપવી છે. મારી પાસે ૫૭ પેપરમીંટ છે તો હજી બીજી કેટલી લેવી પડશે?

(૧૨) એક છોકરો કહે છે કે મારી પાસે પાંચ વખત સાત લેવાય એટલાં બોર છે. બીજો છોકરો કહે કે મારી પાસે પાંચ વખત સાત લેવાય એટલાં બોર છે, ત્યારે બંને મળી કેટલી વખત સાત લેવાય એટલાં બોર થયાં? બધાં મળી બોર કેટલાં?

પાઠ ૩૪.

કેટલી વખત ચાર લો તો આઠ થાય? ચાર વખત ચાર જેટલી સળી ગોઠવો, હવે એજ સળીમાંથી આઠ આઠના ભાગ કરો તો કેટલા થાય?

ચાર ચાર સળીવાળા ૭ ભાગ છે, તેમાંથી આઠ આઠ સળીવાળા કેટલા ભાગ થાય?

સ્લેટપર કાપા પાડી ૪×૮ અને ૮×૪ એ ગોઠવી દેખાડો.

૮×૭=૫૬ એ પરથી બે ભાગાકાર શું આવડશે?

દાખલા ૩૪. ક.

(૧)

૮+૮=૧૬	૮૦−૮=૭૨
૧૬+૮=	૭૨−૮=
એ પ્રમાણે	એ પ્રમાણે
૮૦ જવાબ	૦ જવાબ
સુધી ગણો.	સુધી ગણો.

(૨)

૮× ૧=	૧×૮=	૮÷ ૧=	૮÷૮=
૮× ૨=	૨×૮=	૧૬÷ ૨=	૧૬÷૮=
૮× ૩=	૩×૮=	૨૪÷ ૩=	૨૪÷૮=
૮× ૪=	૪×૮=	૩૨÷ ૪=	૩૨÷૮=
૮× ૫=	૫×૮=	૪૦÷ ૫=	૪૦÷૮=
૮× ૬=	૬×૮=	૪૮÷ ૬=	૪૮÷૮=
૮× ૭=	૭×૮=	૫૬÷ ૭=	૫૬÷૮=
૮× ૮=	૮×૮=	૬૪÷ ૮=	૬૪÷૮=
૮× ૯=	૯×૮=	૭૨÷ ૯=	૭૨÷૮=
૮×૧૦=	૧૦×૮=	૮૦÷૧૦=	૮૦÷૮=

(૩) પહેલા બે પાડા ઝડપથી ઉતરતા ચઢતા બોલી જાઓ,

(૪) બીજા દાખલામાંના સઘળા પાડા જવાબ સાથે લખી લાવો. (ઘરથી.)

(૫)

૮×૪=	૮×૭=	૮×૨=	૮×૯=
૮×૬=	૮×૫=	૮×૬=	૮×૩=
૮×૮=	૨×૮=	૫×૮=	૭×૮=
૧×૮=	૪×૮=	૯×૮=	૬×૮=
૩×૮=	૭×૬=	૫×૫=	૪×૩=
૨×૮=	૮×૯=	૫×૮=	૫×૩=
૬×૪=	૭×૫=	૯×૬=	૯×૭=
૨×૩=	૪×૪=	૪×૫=	૬×૬=
૭×૭=	૮×૮=	૯×૫=	૫×૫=
૬×૮=	૮×૪=	૮×૭=	૮×૨=
૭×૩=	૮×૬=	૭×૪=	૬×૭=
૮×૫=	૮×૯=	૮×૮=	૮×૪=

(૬)

૧૬÷૨=	૪૦÷૮=	૬૪÷૮=	૮૦÷૮=
૨૪÷૮=	૫૬÷૭=	૭૨÷૮=	૮÷૮=
૩૨÷૮=	૪૦÷૮=	૭૨÷૯=	૮÷૧=
૫૬÷૮=	૧૬÷૮=	૪૦÷૫=	૧૬÷૪=
૧૫÷૩=	૧૪÷૨=	૩૦÷૬=	૨૮÷૭=
૪૨÷૬=	૨૦÷૪=	૨૮÷૪=	૪૦÷૪=
૬÷૨=	૧૦÷૨=	૧૪÷૭=	૨૫÷૫=
૩૫÷૭=	૪૫÷૫=	૨૪÷૩=	૧૨÷૬=
૨૧÷૩=	૨૮÷૭=	૫૬÷૮=	૭૦÷૭=
૪૮÷૬=	૫૪÷૬=	૨૪÷૮=	૧૦÷૨=
૫૦÷૫=	૬૦÷૧૦=	૭૦÷૭=	૮૦÷૮=

(૭)

૮×૩+૨=	૮×૯+૫=	૮×૫+૬=
૮×૪+૫=	૮×૨+૪=	૮×૭+૭=
૮×૧+૭=	૮×૭+૫=	૮×૫+૫=
૮×૨+૬=	૮×૩+૪=	૮×૪+૨=
૮×૯+૭=	૮×૮+૬=	૮×૭+૩=
૮×૫+૬=	૮×૨+૫=	૮×૬+૭=

(૮)

૪૩=૮×૫+	૩૨=૮×૪+	૬૭=૮×૮+૩
૪૭=૮×૫+	૪૨=૮×૫+	૭૯=૮×૯+
૫૮=૮×૭+	૫૦=૮×૬+	૧૨=૮×૧+
૩૦=૮×૩+	૬૨=૮×૭+	૧૯=૮×૨+
૩૮=૮×૪+	૪૭=૮×૫+	૫૪=૮×૬+
૬૧=૮×૭+	૭૦=૮×૮+	૭૫=૮×૯+
૧૫=૮×૧+	૭૧=૮×૮+	૬૩=૮×૭+
૨૨=૮×૨+	૪૬=૮×૫+	૭૭=૮×૯+

(૯) નીચેના દાખલાઓમાં ભાગાકાર શું આવશે ને બાકી શું રહેશે?

૪૨÷૮	૬૭÷૮	૭૯÷૮	૧૫÷૮	૨૩÷૮	૩૨÷૮
૪૦÷૮	૬૯÷૮	૨૮÷૮	૩૬÷૮	૪૫÷૮	૫૫÷૮
૧૯÷૮	૨૮÷૮	૩૮÷૮	૪૬÷૮	૫૪÷૮	૬૪÷૮
૭૫÷૮	૭૭÷૮	૮૦÷૮	૭૧÷૮	૧૪÷૮	૩૪÷૮

૧૫+૮=	૧૨+૩=	૪૫+૫=	૧૬+ ૩=
૨૭−૯=	૫૫+૭=	૪૫−૮=	૧૩+ ૭=
૩૭+૮=	૫૮−૯=	૧૮+૯=	૨૩− ૮=
૪૬−૭=	૪૪−૭=	૭૭−૯=	૩૩−૧૦=
૧૫+૬=	૧૯−૫=	૧૪−૮=	૬૪− ૭=
૭૪−૬=	૮૩−૭=	૮૧−૩=	૯૧− ૯=
૫×૬=	૮÷૨=	૧૮÷૨=	૨૪÷ ૩=
૩૨÷૪=	૩૦÷૩=	૪૫÷૫=	૫૦÷૧૦=

દાખલા ૩૪. ખ.

(૧) ૪૮ માં આઠ કેટલી વખત સમાઇ જશે? ૬૪ માં કેટલી વખત?

(૨) એકેક માણસ રોજ આઠ રોટલી ખાય તો આઠ માણસ માટે રોજ કેટલી રોટલી જોઇશે?

(૩) આઠ આઠ દોઢિયાં એકેક માણસને આપવાં છે. તો ૪૦ દોઢિયાંમાંથી કેટલાં જણને અપાશે?

(૪) ૨૪ દોઢિયાં આઠ માણસોને સરખે ભાગે વ્હેંચી આપો. ૨૪ દોઢિયાંની બેઆની કેટલી આવશે?

(૫) એક બેઆનીના આઠ દોઢિયાં આવે છે, ને એક રૂપિયાની આઠ બેઆની આવે તો એક રૂપિયાના દોઢિયાં કેટલાં?

(૬) ૧૬ બેઆનીના રૂપિયા કેટલા? ૪૮ બેઆનીના કેટલા?

(૭) નવ રૂપિયાની બેઆની કેટલી આવશે? ૩ રૂપિયાની કેટલી?

(૮) મારી પાસે બેઆનીઓ હતી તે મેં વટાવી ત્યારે મને સાત રૂપિયા મળ્યા ને ત્રણ બેઆની મારી પાસે બાકી રહી. ત્યારે મારી પાસે બેઆની કેટલી?

(૯) ૪ બેઆનીનાં દોઢિયાં કેટલાં? બે બેઆની (પાવલી) નાં કેટલાં?

(૧૦) એકેક છોકરાને બેઆની જેટલા પૈસા આપવા છે તો સાત છોકરા માટે કેટલાં દોઢિયાં જોઇશે?

(૧૧) મારી પાસે દોઢિયાં હતાં તે પાંચ છોકરાને વ્હેંચી આપતાં દરેક છોકરાને અકેક બેઆની જેટલા પૈસા આવ્યા ને સાત દોઢિયાં મારી પાસે રહ્યાં ત્યારે મારી પાસે બધાં મળી દોઢિયાં કેટલાં હશે?

(૧૨) ૪ બેઆની ને પાંચ દોઢિયાં એક માણસ પાસે છે. બધી બેઆની વટાવે તો તેની પાસે બધાં મળી દોઢિયાં કેટલાં થાય?

(૧૩) તમારી પાસે ૨૯ દોઢિયાં છે. તેને વટાવી બેઆની લો તો તમારી પાસે શું થાય?

(૧૪) ૬૪ કેરી આઠ માણસોમાં સરખે ભાગે વ્હેંચી આપો.

(૧૫) ૭૫ બેઆની વટાવી રૂપિયા લો તો શું આવશે?

(૧૬) આઠ આઠ ગાઉ રોજ ચાલતાં ૪૦ માઇલની મુસાફરી ક્યારે પુરી થશે?

(૧૭) એક પાવલી ને એક બેઆની એને વટાવીએ તો કેટલાં દોઢિયાં આવશે?

(૧૮) એક અડધાનાં કેટલાં દોઢિયાં આવશે? રૂપિયાની બેઆની કેટલી? બેઆનીનાં દોઢિયાં કેટલાં? ૧ રૂપિયાનાં દોઢિયાં કેટલાં?

(૧૯) ૫૪ ઇંચ લાંબી દોરીમાંથી આઠ આઠ ઇંચના કેટલા કકડા કાપી કઢાશે? બાકી રહેલા કકડાની લંબાઇ શું?

(૨૦) એક બળદને ખવાડવાનો રોજનો ખર્ચ આઠ આના થાય છે તો સાત દિવસનો શું ખર્ચ થશે?

પાઠ ૩૫.

૯×૩=૨૭ એ ઉપરથી બે ભાગાકાર કહો.

૩ દશક લઇએ તો કેટલા થાય? ૧૦ દશક લઇએ તો શું થાય? તે કેમ લખાય છે?

દાખલા ૩૫. ક.

(૧)

૯+૯=૧૮	૯૦–૯=૮૧	૧૦+૧૦=૨૦	૧૦૦–૧૦=૯૦
૧૮+૯=	૮૧–૯=	૨૦+૧૦=	૯૦–૧૦=
એમ ૯૦ જવાબ સુધી ગણો.	એમ ૦ જવાબ સુધી ગણો.	એમ ૧૦૦ સુધી ગણો.	એમ ૦ જવાબ સુધી ગણો.

(૨)

૯× ૧=	૧×૯=	૯÷ ૧=	૯÷૯=
૯× ૨=	૨×૯=	૧૮÷ ૨=	૧૮÷૯=
૯× ૩=	૩×૯=	૨૭÷ ૩=	૨૭÷૯=
૯× ૪=	૪×૯=	૩૬÷ ૪=	૩૬÷૯=
૯× ૫=	૫×૯=	૪૫÷ ૫=	૪૫÷૯=
૯× ૬=	૬×૯=	૫૪÷ ૬=	૫૪÷૯=
૯× ૭=	૭×૯=	૬૩÷ ૭=	૬૩÷૯=
૯× ૮=	૮×૯=	૭૨÷ ૮=	૭૨÷૯=
૯× ૯=	૯×૯=	૮૧÷ ૯=	૮૧÷૯=
૯×૧૦=	૧૦×૯=	૯૦÷૧૦=	૯૦÷૯=

(૩)

૯×૫=	૯× ૩=	૯×૧=	૯×૬=
૯×૮=	૯× ૫=	૯×૯=	૯×૭=
૯×૪=	૯×૧૦=	૫×૯=	૪×૯=
૮×૯=	૧૦× ૯=	૨×૯=	૩×૯=
૭×૯=	૬× ૯=	૧×૯=	૯×૯=
૫×૮=	૮× ૮=	૬×૭=	૭×૭=
૫×૪=	૩× ૬=	૭×૫=	૮×૯=
૨×૭=	૬× ૪=	૬×૯=	૭×૩=
૮×૬=	૮× ૪=	૯×૫=	૮×૫=

(૪) બીજા દાખલાના પેહલા બે પાડા મોંઢે બોલી જાઓ.

(૫)

૪૫÷૫=	૫૪÷૯=	૧૮÷૯=	૬૩÷૯=
૮૧÷૯=	૨૭÷૩=	૮૧÷૯=	૯૦÷૯=
૯÷૧=	૧૮÷૨=	૪૫÷૯=	૫૪÷૬=
૪૦÷૮=	૩૬÷૪=	૩૬÷૬=	૬૩÷૭=
૧૬÷૨=	૪૮÷૮=	૩૫÷૭=	૪૯÷૭=
૧૨÷૨=	૩૦÷૬=	૪૨÷૬=	૨૫÷૫=
૯÷૩=	૧૮÷૩=	૨૧÷૭=	૨૭÷૩=

(૬)

૯×૨+૩=	૯×૩+૪=	૯×૬+૭=	૮×૯+૮=
૯×૬+૬=	૯×૧+૭=	૯×૩+૮=	૯×૫+૫=
૯×૨+૪=	૩×૯+૬=	૬×૯+૫=	૯×૯+૮=
૩×૯+૩=	૮×૯+૫=	૯×૯+૭=	૬×૯+૫=

(૭)

૨૨=૯×૨+	૩૯=૯×૪+	૫૬=૯×૬+	૭૭=૯×૮+
૨૮=૯×૩+	૪૮=૫×૯+	૬૧=૯×૬+	૮૨=૯×૯+
૨૪=૯×૨+	૩૪=૩×૯+	૬૦=૯×૬+	૭૫=૮×૯+
૪૯=૯×૫+	૭૧=૭×૯+	૮૬=૯×૯+	૮૯=૯×૯+

(૮) નીચેના દાખલામાં ભાગાકારનો જવાબ શું આવશે તથા બાકી શું રહેશે?

૧૯÷૯	૨૩÷૯	૨૮÷૯	૩૪÷૯	૪૩÷૯	૫૦÷૯
૫૬÷૯	૬૪÷૯	૭૦÷૯	૭૫÷૯	૭૭÷૯	૮૨÷૯
૮૯÷૯	૧૦÷૯	૧૫÷૯	૨૫÷૯	૪૫÷૯	૬૫÷૯
૧૧÷૯	૨૨÷૯	૩૩÷૯	૪૪÷૯	૫૫÷૯	૬૬÷૯

(૯) એકેક છોકરાને પાંચ ચોપડી જોઇએ તો નવ છોકરાને કેટલી જોઇશે?

(૧૦) નવ ઇંચ લાંબી લાકડાંની પટી છે. એવી સાત પટી લો તો લંબાઇ કેટલી?

(૧૧) એક દોઢિયાંનાં નવ બોર તો પાંચ દોઢિયાંનાં કેટલાં?

(૧૨) એક ઠેકાણે ૮૧ ફળનો ઢગલો છે. એકેક છોકરો તેમાંથી નવ નવ ફળ ઉંચકી જાય છે, તો કેટલા છોકરા લઇ ગયા પછી કાંઇ રહેશે નહીં?

(૧૩) ૫૦ કેરી ૯ માણસોમાં વ્હેંચતાં દરેકને ભાગે શું આવશે? બાકી શું રહેશે?

(૧૪) ત્રણ દોઢિયાંની પૈ કેટલી? ત્રણ ત્રણ દોઢિયાંની ઢગલી કરી છે. એવી ૭ ઢગલી છે, તો બધાં દોઢિયાંની પૈ કેટલી થશે?

(૧૫) ૯૦ પેન કેટલા છોકરાંને સરખે ભાગે આપતાં દરેક પાસે દશ પેન આવસે?

દાખલા ૩૫. ખ.

(૧)

૧૦× ૧=	૧×૧૦=	૧૦÷ ૧=	૧૦÷૧૦=
૧૦× ૨=	૨×૧૦=	૨૦÷ ૨=	૨૦÷૧૦=
૧૦× ૩=	૩×૧૦=	૩૦÷ ૩=	૩૦÷૧૦=
૧૦× ૪=	૪×૧૦=	૪૦÷ ૪=	૪૦÷૧૦=
૧૦× ૫=	૫×૧૦=	૫૦÷ ૫=	૫૦÷૧૦=
૧૦× ૬=	૬×૧૦=	૬૦÷ ૬=	૬૦÷૧૦=
૧૦× ૭=	૭×૧૦=	૭૦÷ ૭=	૭૦÷૧૦=
૧૦× ૮=	૮×૧૦=	૮૦÷ ૮=	૮૦÷૧૦=
૧૦× ૯=	૯×૧૦=	૯૦÷ ૯=	૯૦÷૧૦=
૧૦×૧૦=	૧૦×૧૦=	૧૦૦÷૧૦=	૧૦૦÷૧૦=

(૨) ઉપલા દાખલામાંના પેહલા બે પાડા મોંઢે કહો. તથા સઘળા પાડા જવાબ સાથે લખી લાવો.

(૩)

૧૦×૫=	૧૦× ૨=	૧૦× ૯=	૧૦× ૭=
૧૦×૬=	૧૦× ૪=	૧૦× ૩=	૧૦× ૨=
૧૦×૮=	૧૦×૧૦=	૫×૧૦=	૭×૧૦=
૯×૫=	૭× ૯=	૯× ૯=	૮× ૫=
૭×૬=	૭× ૩=	૬× ૫=	૬× ૭=
૪×૫=	૪× ૭=	૭× ૩=	૨× ૮=

(૪)

૫૦÷૧૦=	૯૦÷૧૦=	૪૦÷૧૦=	૨૦÷૧૦=
૧૦÷૧૦=	૧૦૦÷૧૦=	૬૦÷૧૦=	૩૦÷૧૦=
૭૦÷૧૦=	૮૦÷૧૦=	૫૦÷ ૫=	૬૦÷ ૬=

(૫)

૧૦×૩+૭=	૧૦×૫+૮=	૧૦×૯+૯=	૧૦×૩+૩=
૧૦×૪+૬=	૧૦×૭+૪=	૧૦×૮+૨=	૧૦×૨+૭=
૧૦×૬+૮=	૧૦×૧+૩=	૧૦×૨+૮=	૧૦×૫+૭=

(૬)

૫૨=૧૦×૫+	૭૫=૧૦×૭+	૮૩=૧૦×૮+	૯૯=૧૦×૯+
૨૪=૧૦×૨+	૩૭=૧૦×૩+	૮૮=૧૦×૮+	૨૭=૧૦×૨+

(૭) નીચેના દાખલામાં ભાગાકાર તથા બાકી રહે તે કહો.

૨૪÷૧૦ ૩૭÷૧૦ ૪૩÷૧૦ ૫૫÷૧૦ ૬૯÷૧૦ ૭૦÷૧૦
૮૮÷૧૦ ૧૧÷૧૦ ૬૬÷૧૦ ૮૯÷૧૦ ૯૨÷૧૦ ૧૫÷૧૦

દાખલા ૩૫. ગ. (પૂનરાવર્તન.)

(૧)

૮+ ૪ ૮+ ૬ ૧૨+ ૮ ૧૩+ ૯ ૧૫+ ૭ ૧૬+ ૯
૯+ ૬ ૧૧+ ૯ ૨૦+ ૮ ૧૭+ ૮ ૨૦+ ૮ ૨૧+ ૮
૩૫+ ૩ ૩૭+ ૬ ૩૯+ ૨ ૪૫+ ૭ ૬૫+ ૮ ૭૫+ ૯
૮૪+ ૬ ૯૧+ ૮ ૯૨+ ૭ ૯૩+ ૭ ૪૪+ ૬ ૪૮+ ૮
૧૨− ૮ ૧૩− ૭ ૧૫− ૯ ૧૭− ૨ ૧૩− ૪ ૨૩− ૫
૩૫− ૯ ૧૪− ૮ ૨૪− ૫ ૨૩− ૨ ૩૩− ૫ ૪૪− ૬
૨૦−૧૦ ૯૦−૪૦ ૫૦−૩૦ ૫૦− ૯ ૬૦−૧૦ ૬૦− ૮
૭૫− ૬ ૮૬− ૯ ૯૨− ૮ ૧૦૦− ૯ ૨૦− ૩ ૩૦− ૬
૪૦− ૭ ૫૦− ૯ ૬૦− ૮ ૧૨−૧૦ ૧૫−૧૦ ૨૭−૧૦
૭૦+૧૦ ૭૫+ ૮ ૭૭−૧૦ ૮૭+ ૯ ૫+ ૬ ૯+ ૩
૨+ ૭ ૮+ ૫ ૨૮+ ૫ ૪૮+ ૬ ૫૯+ ૭ ૯૫+ ૩
૪+ ૯ ૨૪+ ૭ ૩૪+ ૯ ૭૪+ ૭ ૭૫+ ૯ ૭૭+ ૮

(૨)

૫× ૪ ૬×૫ ૭×૬ ૮×૫ ૯× ૪ ૧૦×૫ ૭× ૩
૨× ૯ ૮×૨ ૭×૫ ૮×૭ ૧૦× ૯ ૯×૫ ૮× ૫
૬× ૬ ૭×૭ ૮×૮ ૯×૯ ૧૦×૧૦ ૫×૫ ૪× ૪
૫× ૧ ૬×૪ ૫×૩ ૬×૮ ૫× ૫ ૬×૯ ૫×૧૦
૬×૧૦ ૭×૨ ૭×૭ ૭×૯ ૮× ૯ ૯×૯ ૧૦× ૯
૨× ૩ ૪×૨ ૫×૩ ૬×૧ ૭× ૩ ૭×૯ ૮×૧૦
૯× ૨ ૩×૮ ૪×૭ ૫×૬ ૭× ૯ ૮×૮ ૯×૧૦

(૩)

૩૫÷૭ ૪૨÷૬ ૪૮÷૮ ૫૬÷ ૭ ૮૧÷૯ ૧૮÷ ૨ ૧૬÷ ૪
૨૦÷૪ ૩૫÷૫ ૧૪÷૨ ૧૮÷ ૯ ૨૦÷૨ ૫૦÷ ૫ ૬૦÷ ૬
૪÷૨ ૧૦÷૨ ૧૨÷૩ ૧૫÷ ૫ ૨૦÷૪ ૨૪÷ ૩ ૨૮÷ ૪
૩૨÷૮ ૩૬÷૪ ૪૮÷૬ ૪૦÷૧૦ ૯૦÷૯ ૧૦૦÷૧૦ ૫૦÷૧૦
૪૦÷૪ ૨૮÷૪ ૩૫÷૭ ૪૯÷ ૭ ૫૬÷૮ ૬૩÷ ૯ ૭૨÷ ૮
૨૭÷૯ ૫૪÷૬ ૭૨÷૮ ૧૦÷ ૨ ૧૪÷૭ ૧૬÷ ૮ ૧૦÷૧૦

૨૫=૫×	૧૨=૨×	૧૮=૨×	૮૧=૯×	૬૪= ૮×
૩૫=૭×	૧૬=૪×	૨૪=૨×	૨૭=૩×	૮૧= ૯×
૪૯=૭×	૨૪=૬×	૩૨=૮×	૪૦=૫×	૪૯= ૭×
૫૬=૮×	૮૧=×૯	૪૫=૫×	૫૬=૭×	૧૦૦=૧૦×

(૫) નીચેના દાખલા અંક તથા નિશાની (ચિન્હો) થી લખી દેખાડો.

અઢારમાં ત્રણ ઉમેરી તેમાંથી ૭ બાદ કરો તો પંદર રહે. આઠ ચીજ પાંચ વખત લઇ તેમાંથી નવ બાદ કરો તો ૩૧ રહે. પીસ્તાળીસ ચીજના પાંચ ભાગ કરો તો દરેક ભાગે નવ આવે. ચોપન એટલે પાંચ વખત દશ અને ચાર. નવ વખત ત્રણ ચીજમાં બે વખત ત્રણ ચીજ ઉમેરો ને તેમાંથી ચાર વખત બે ચીજ બાદ કરો તો પચીસ રહે.

(૬)

૨૫ + ૯ + ૭ + ૫ + ૪ + ૮ + ૩ + ૨ + ૧ + ૩ + ૮

૯૮ − ૮ − ૭ − ૪ − ૫ − ૬ − ૨ − ૩ − ૫

૯ × ૯ + ૩ + ૬ + ૭ + ૨ − ૬ − ૭ − ૯ − ૮


૨૦ + ૧૦ + ૩૦ + ૮ + ૯ + ૬ + ૪ + ૨ + ૩ + ૧

(૭) નીચે આપેલી દરેક સંખ્યા કઇ બે સંખ્યાઓના ગુણાકારથી થઇ છે તે કહો. (નમુનો ૧૫. એટલે ૫×૩.)


૧૨	૧૫	૨૧	૪૫	૬૪	૨૪	૪૦	૩૬	૫૦	૪૮.
૧૮	૨૭	૩૫	૫૪	૩૦	૮	૯	૬	૧૬	૩૨.
૬૦	૨૮	૪૨	૭૨	૪૯	૮૦	૫૬	૮૧	૨૦	૬૩.

પ્રકરણ ૯.

(૧૦૦ થી ૧૦૦૦ સુધી સંખ્યાગણત્રી ને લેખન.)



૧૦૩ એકસો ત્રણ.



૨૩૩ બસો તેત્રીસ.

પાઠ ૩૬.

આપણે એકમ દેખાડવા જે લાકડાના કકડા વાપરતા આવ્યા છીએ તેને "ઘન" નામ આપ્યું છે. દશક દેખાડવા જે લાંબો કકડો વાપર્યો છે, તેનું નામ દશક–સળી અથવા "સળી" એમ કહીશું ને સો દેખાડવા દશ સળી જોડેલી જે પાટ છે તેને શતક–પાટ અથવા

ટુકામાં "પાટ" કહીશું. તો એક 'સળી' માં કેટલા એકમ? બે સળી ચાર ધન મળી કેટલા એકમ? તે લખી કેમ દેખાડશો? એક "પાટ" માં કેટલી "સળી"? ૧૦ 'સળી' ના કેટલા એકમ? ત્યારે એક 'પાટ' ના કેટલા એકમ?

હું હવે વર્ગના પાટીઆંપર આ પ્રમાણે ખાના પાડું છું તે જુઓ.

સો	દશ	એક

દરેક ખાનામાં મોટામાં મોટો શું અંક મુકી શકાય?

હું જેટલી 'પાટ' લઉં તેટલી પેહલાં "સો" ના ખાનામાં અંકમાં લખજો.

જેટલી 'સળી' લઉં તે "દશ" નાં ખાનામાં લખજો ને "ધન" લઉં તેટલા "એ૦" ખાનામાં અંકમાં લખજો. જો સળી નહીં લઉં તો 'દ૦' ખાનામાં 'શુન્ય' મુકજો. 'ધન' નહીં લઉં તો 'એ૦' ખાનામાં શુન્ય મુકજો.

હું એક પાટ ને પાંચ ધન લઉં છું. તે તમે કહ્યા પ્રમાણે લખો.

કયા ખાનામાં શુન્ય માંડયું? કાંય? હવે તમે જે લખ્યું તે એકસો પાંચ એમ વંચાય. હવે હું બે પાટ ને પાંચ સળી લઉં છું તે લખો. કયા ખાનાંમાં શુન્ય માંડશો? તમે જે લખ્યું તે બસો પચાસ એમ વંચાય છે.

હવે હું ચાર પાટ, છ સળી ને આઠ ધન લઉં છું તો તે લખો. તમે જે લખ્યું તે ચારસો અડસઠ એમ વંચાય છે.

હવે ઉપર પ્રમાણે ખાના પાડયા વગર કોઇ છોકરો પાટનો અંક સળીના અંકના ડાબા હાથપર ને સળીનો અંક ધનના અંકના ડાબા હાથપર લખે તો આવાં ખાના પાડી લખવાની જરૂર રહેશે કે?

ત્યારે હવે ખાના પાડવા વગર છ પાટ, આઠ સળીને ત્રણ ધન અંકમાં લખી દેખાડો. ને એ આખી સંખ્યા વાંચો.

પાંચ પાટ ને છ ધન એ લખો. શુન્ય કયાં માંડશો? શા માટે? એ સંખ્યા કેમ વાંચશો?

સોનો અંક દશકના અંકની કઇ બાજુએ લખાય છે? દશકનો અંક એકમના અંકની કઇ બાજુએ લખાય?

૧૨૫ એટલા પાટ સળી તથા ધન ગોઠવી દેખાડો. ૩૦૪ એ ગોઠવો. ૭૨૦ એ ગોઠવી દેખાડો.

એક પાટ, નવ સળી ને નવ ધન ગોઠવો. એ અંકમાં લખો ને વાંચો. હવે એમાં બીજું એક ધન વધારો તો શું થાય?

બે પાટ લો. તે જોડે સળી તથા ધન નથી તો એ કેમ લખશો?

૧૦૧ થી ૨૦૦ સુધી સંખ્યા બોલી જાઓ. ઉતરતી તથા ચઢતી ૨૦૦ થી ૩૦૦ સુધી એજ પ્રમાણે બોલી જાઓ. ત્રણસો, ચારસો, પાંચસો, છસો, સાતસો, આઠસો ને નવસો એ સંખ્યાઓ પાટ વડે ગોઠવી દેખાડો.

દશ સો એટલે એક હજાર થાય. તે ૧૦૦૦ એમ લખાય છે.

દાખલા ૩૬. ક.

(૧)

૧૦૦+૧૦૦=૨૦૦	૧૦૦૦–૧૦૦=૯૦૦
૨૦૦+૧૦૦=	૯૦૦–૧૦૦=
એમ જવાબ ૧૦૦૦ આવે ત્યાં સુધી ગણો.	એમ ૦ જવાબ આવે ત્યાં સુધી ગણો.

(૨) નીચેના દાખલામાં પાટ, સળી તથા ધન જણાવ્યા છે તે પ્રમાણે સંખ્યા અંકમાં લખો તથા વાંચી સંભળાવો.

પાટ	સળી	ધન	પાટ	સળી	ધન	પાટ	સળી	ધન
એક	નહીં	ત્રણ	ચાર	પાંચ	છ	ત્રણ	નહીં	બે
સાત	આઠ	નવ	એક	નહીં	નહીં	છ	ત્રણ	નહીં
પાંચ	નહીં	નહીં	નહીં	ત્રણ	ચાર	એક	નવ	નવ
ત્રણ	બે	એક	સાત	બે	નવ	આઠ	નહીં	નહીં
નવ	નવ	નવ	પાંચ	છ	સાત	સાત	નહીં	પાંચ
પાંચ	નહીં	નવ	નવ	આઠ	એક	બે	ત્રણ	પાંચ

(૩) નીચે જણાવેલી સંખ્યાઓ પાટ, સળી તથા ધન વડે ગોઠવો.

૪૭૧.	૫૬૮.	૩૦૨.	૪૦૭.	૫૧૨.	૬૭૭.	૭૭૧.	૮૦૧.
૧૦૭.	૨૪૫.	૩૧૦.	૪૦૦.	૫૦૬.	૭૮૯.	૮૯૧.	૯૯૯.
૨૧૫.	૩૦૯.	૪૯૦.	૭૦૦.	૮૧૪.	૯૧૧.	૧૦૦૦.	૨૩૬.
૩૧૪.	૪૬૫.	૫૭૮.	૬૦૯.	૭૧૦.	૮૦૧.	૫૬.	૯૫૭.

(૪) ત્રીજા દાખલામાં આપેલી સંખ્યા વાંચી સંભળાવો.

(૫) નીચેની સંખ્યા અંકમાં લખો.

એકસો એક, બસો પંચાવન, છસો સાડત્રીસ, એકસો અગીઆર, એકસો સાડત્રીસ, ત્રણસો પંચાણું, ચારસો સાત, આઠસો ત્રીસ, નવસો નવાણું, પાંચસો પચાશ, સાતસો સતાવન, બસો પાંચ, છસો સતાણું, ચારસો, છસો સાત, આઠસો બે.

નવસો, બસો બાવીસ, ચારસો ચોપન, છસો પંચોતેર,

એકસો અઠાવીસ, ચારસો ત્રીસ, પાંચસો પાંસઠ, સાતસો ત્રણ.

(૬) સો, બસો, ત્રણસો એમ સો સો વધારી હજાર સુધી બોલી જાઓ.

(૭) છઠા દાખલાની દરેક સંખ્યાની અગાઉ તથા પાછળની એકેક સંખ્યા કહો. (૯૯, ૧૦૧, ૧૯૯, ૨૦૧ ૯૦).

(૮) ચારસો તથા પાંચસો સુધીની સઘળી સંખ્યાઓ અંકમાં લખી લાવો.

(૯) નવસોથી એક હજાર સુધી દરેક સંખ્યા બોલી જાઓ.

(૧૦) એકસો એટલે કેટલા દશક? પાંચસો એટલે કેટલા? એક હજાર એટલે કેટલા દશક?

દાખલા ૩૬. ખ.

(૧)

૧૦૦=૧૦ દશક	૧૦૦=૧૦×૧૦.
૨૦૦= દશક	૨૦૦= ×૧૦.
એમ હજાર સુધી લખો.	એમ હજાર સુધી.

(૨) સો રૂપિયાની એક નોટમાંથી દશ દશ રૂપિયાની કેટલી નોટ લેવાશે?

(૩) એક માણસ પાસે ૩૪૫ રૂપિયા છે, તે એ રૂપિયામાંથી જેટલી બને એટલી સો રૂપિયાની નોટ લઇ બાકી રહે તે રૂપિયામાંથી

દશની અને તેટલી નોટ લેવા ધારે છે. ત્યારે તેની પાસે ૧૦૦ ની નોટ કેટલી, ૧૦ ની નોટ કેટલી ને રોકડા રૂપિયા કેટલા રહેશે ?

(૪) નીચે આપેલી દરેક સંખ્યા જેટલા રૂપિયામાંથી બને તેટલી સો રૂપિયાની નોટ લઇ બાકીના રૂપિયાની દશની નોટ લો. તો કેટલી સોની નોટ, કેટલી દશની ને કેટલા રોકડા રૂપિયા રહેશે તે કહો.

૧૨૩.	૩૪૫.	૬૦૭.	૮૫.	૩૪૦.	૬૦૦.
૩૪૭.	૪૦૧.	૫૧૦.	૮૦૦.	૧૦૦૦.	૯૯૯.

(૫) બે સો રૂપિયાની નોટમાંથી દશ દશની કેટલી નોટ આવશે ? ૩૪૦ રૂપિયામાંથી બને તેટલી સોની નોટ લેવી છે તો કેટલી આવશે ? ૬૪૭, ૭૫૦, ૮૫૫ રૂપિયાની કેટલી ?

પ્રકરણ ૧૦.

(બે અંકી સંખ્યાઓના બે અંકી સંખ્યા જોડે સરવાળા તથા બાદબાકી.)

પાઠ ૩૭.

ત્રણ સળી તથા ૭ ધન લો તો શું સંખ્યા થશે? એમાં એક સળી બીજી મુકો તો બધી મળી શું સંખ્યા થઇ?

ત્રણ દશક ને ૭ એકમમાં એક દશક ઉમેરો તો કેટલા દશક ને કેટલી એકમ થશે? ૩૬+૧૦ એટલે કેટલા?

૫૯ એમાં કેટલા દશક ને કેટલી એકમ છે? એ સળો ને ધન વડે ગોઠવી દેખાડો. એમાં ત્રણ સળી બીજી મુકો તો શું થયું? પાંચ દશક ને ત્રણ એમાં ત્રણ દશક ઉમેરો તો શું થાય ૫૩+૩૦=

૪૭ માં દશક, અને એકમ કેટલા છે? ૪ દશક ને સાત એમાં પાંચ દશક ઉમેરો તો શું થાય? ૪૭+૫૦ તે કેટલા થાય?

૬ દશકમાં સાત દશક ઉમેરો તો કેટલા દશક થાય? ૧૩ દશક સળી હોય તો સોની કેટલી પાટ તેમાંથી લેવાય? ત્યારે ૬૦+૭૦ એ કેટલા?

૬ સળી ને નવ ધન લો તેમાં બીજી આઠ સળી ઉમેરો તો કેટલી સળી ને કેટલા ધન થયા?

૬ દશક ને નવ એકમ તેમાં આઠ દશક ઉમેરો, તો કેટલા દશક ને કેટલી એકમ થઇ? કેટલા સો કેટલા દશક ને કેટલી એકમ?

૬૯+૮૦ એ કેટલા? ૬૯+૫૦ તે કેટલા? ૬૯+૩૦ તે કેટલા?

કોઇ પણ બે અંકી સંખ્યામાં થોડા દશકો ઉમેરવા હોય તો કેમ કરવું? (નમુનો:—૭૯+૪૦ મનમાં ૭ ને ૪, ૧૧ દશક ને નવ એટલે ૧૧૯).

દાખલા ૩૭.

(૧) નીચે આપેલી દરેક સંખ્યામાં પહેલાં દશ ઉમેરો. જવાબ આવે તેમાં દશ ઉમેરો એમ જવાબ બસોની ઉપર નહીં જાય ત્યાં સુધી બોલો. પછી એજ દરેક સંખ્યામાં વીસ એજ પ્રમાણે ઉમેરો.

પછી ત્રીસ, પછી ચાળીસ ને પછી પચાસ ઉમેરી જવાબ બોલી જાઓ.

૧૫. ૨૭. ૩૮. ૨૩. ૪૪. ૫૭. ૬૮. ૭૯.

(૨)

૩૫+૧૦=	૭૮+ ૧૦=	૩૬+ ૨૦=	૫૭+ ૨૦=
૪૬+૨૦=	૮૪+ ૨૦=	૪૪+ ૩૦=	૬૮+ ૩૦=
૬૮+૩૦=	૯૫+ ૩૦=	૨૯+ ૪૦=	૭૯+ ૬૦=
૧૨+૨૦=	૧૫+ ૭૦=	૨૨+ ૮૦=	૨૩+ ૭૦=
૪૩+૬૦=	૫૪+ ૫૦=	૬૭+ ૭૦=	૭૭+ ૯૦=
૫૪+૫૦=	૬૬+ ૭૦=	૮૦+ ૮૦=	૯૦+ ૯૦=
૯૫+૯૦=	૧૦૦+૧૦૦=	૨૦૦+૧૦૦=	૩૦૦+૨૦૦=
૮૮+૨૦=	૯૧+ ૫૦=	૨૦+ ૯૦=	૨૫+ ૭૦=

(૩)

૩૫+ ૨×૧૦=	૬૧+ ૨×૧૦=	૭૭+ ૪×૧૦=	૮૭+ ૫×૧૦=
૪૭+ ૩×૧૦=	૨૪+ ૩×૧૦=	૨૬+ ૩×૧૦=	૯૨+ ૪×૧૦=
૯૦+ ૯×૧૦=	૧૦+ ૯×૧૦=	૨૭+ ૬×૧૦=	૨૮× ૭×૧૦=

૭૫+૧૦+૨૦. ૮૭+૩૦+૪૦. ૧૫+૭૦+૯૦. ૨૭+૧૦+૨૦+૩૦.

૧૮+૧૦+૨૦+૧૦. ૩૩+૨૦+૩૦+૪૦. ૩૫+૧૦+૧૦+૧૦+૫૦.

(૪) એક છોકરા પાસે ૨૭ બોર છે. બીજા પાસે ૨૦ છે. બંને મળી તેઓ પાસે કેટલાં બોર છે ?

(૫) એક માણસ પાસે ૪૫ રૂપિયા છે. બીજા પાસે ૨૦ ને ત્રીજા પાસે ૩૦ છે. બધા મળી કેટલા રૂપિયા થયા ?

(૬) સાત દશ રૂપિયાની નોટમાં બીજી છ દશ રૂપિયાની નોટ મુકો તો બધા મળી કેટલા રૂપિયા થયા ?

(૭) એક ખેડુતે એક સાહુકાર પાસેથી પેહલાં ૮૭ રૂપિયા ઉછીના લીધા પછી ત્રીસ રૂપિયા લીધા તો બધું મળી તેને કેટલું કરજ થયું ?

(૮) એક માણસ પેહલે મહિને ૩૫ રૂપિયા બીજે મહિને ત્રીસ ને ત્રીજે, ચોથે ને પાંચમેં મહિને વીસ વીસ રૂપિયા ખર્ચ કરે તો તેનો પાંચ મહિનાનો ખર્ચ શું થયો ?

પાઠ ૩૮.

૭ સળી ને ત્રણ ધન લો. એમાંથી બે સળી ઉંચકી લો. બાકી શું રહ્યું ?

૭ દશક ને ત્રણ એકમમાંથી બે દશક બાદ કરો તો શું રહે ? ૬૩—૨૦ એટલે કેટલા ?

સાત સળી ને આઠ ધનમાંથી શું ઉંચકી લેશો તો બે સળી ને આઠ ધન રહેશે ?

૭૮—　=૨૮　　૭૮—　=૩૮　　૭૮—　=૧૮.

આઠ દશક ને નવ એકમમાંથી સાત દશક બાદ જાય તો શું રહે ?

૮૮ માંથી ૪૦ બાદ જાય તો શું રહે એમ પુછે તો મનમાં દાખલો કેમ કરશો ? (૮ દશકમાંથી ૪ દશક ગયા બાકી ૪ દશક ને આઠ એકમ રહી માટે ૪૮ જવાબ.)

દાખલા ૩૮.

(૧)

૨૭—૧૦	૩૮—૨૦	૨૫—૨૦	૪૫—૩૦	૫૬—૪૦	૫૭—૨૦
૧૫—૧૦	૩૧—૨૦	૫૬—૪૦	૩૧—૩૦	૩૨—૪૦(?)	૬૮—૫૦
૭૭—૩૦	૭૯—૪૦	૮૧—૬૦	૮૫—૭૦	૮૮—૮૦	૯૯—૨૦
૧૦૦—૩૦	૫૪—૨૦	૧૧—૧૦	૩૧—૨૦	૪૭—૩૦	૫૯—૩૦
૬૭—૬૦	૭૪—૩૦	૮૭—૬૦	૯૯—૭૦	૭૯—૫૦	૮૦—૮૦
૯×૬—૨૦	૮×૬—[illegible]૦	૭×૯—૬૦	૯×૯—૩૦	૫×૬—૩૦	૭×૫—૨૦
૩×૯—૨૦	૯×૫—૩૦	૮×૭—૪૦	૧૦×૬—૫૦	૭×૬—૪૦	૯×૯—૬૦

(૨)

૨૮+	=૩૮	૫૭+	=૭૭	૫૬+	= ૭૬	૭૭+	= ૯૭
૩૯+	=૫૯	૨૪+	=૫૪	૭૬+	=૧૦૬	૧૨+	= ૬૨
૪૦+	=૮૦	૫૬+	=૮૬	૨૬+	= ૯૬	૧૫+	=૧૦૫
૪૦—	=૩૦	૬૬—	=૩૬	૭૮—	= ૧૮	૯૮—	= ૭૮
૫૭—	=૩૭	૬૯—	=૧૯	૯૫—	= ૨૫	૨૫—	= ૫

(૩)

૩૮—૧૦—૨૦=	૪૭—૧૦—૧૦—૧૦=	૭૭—૨૦—૧૦—૩૦—૧૦
૯૯—૧૦—૫૦=	૮૭—૭૦—૧૦=	૯૮—૧૦—૧૦—૨૦—૪૦
૧૦×૯—૧૦—૨૦=	૯×૮—૧૦—૩૦=	૭×૬—૧૦—૨૦

(૪)

૩૫+૧૦	૪૫–૨૦	૩૭+૩૦	૬૭–૪૦	૭૯+૨૦	૮૯+૫૦
૯૯–૭૦	૯૧+૫૦	૯૧–૫૦	૫૫+૩૦	૬૫–૪૦	૭૦–૭૦
૬૯–૬૦	૧૫–૧૦	૨૮–૨૦	૧૭+૭૦	૭૭–૫૦	૭૫–૩૦

(૫) એક માણસનાં ગજવાંમાં ૮૭ રૂપિયા હતા. તેમાંથી ત્રણ દશ રૂપિયાની નોટ પડી ગઇ તો બાકી કેટલા રૂપિયા રહ્યા?

(૬) એક માણસનો પગાર ૫૭ રૂપિયા છે. તેમાંથી દર મહિને તે ૨૭ રૂપિયા બચાવી શકે છે તો તેનો ખર્ચ શું હશે?

(૭) તમારી પાસે ૭૫ રૂપિયા હોય ને દર મહિને દશ રૂપિયા તેમાંથી ખર્ચો તો ૭ મહિના પછી તમારી પાસે શું બાકી રહેશે?

(૮) એક માણસ રોજ દશ રૂપિયા કમાય છે, તો ૭ દિવસમાં તે શું કમાશે? તે દરરોજ પાંચ રૂપિયા ખર્ચે તો પાંચ દિવસમાં તેનો ખર્ચ શું? ૭ દિવસમાં તેની પાસે કેટલા રૂપિયા બચશે?

પાઠ ૩૯.

ચાર સળી ને ત્રણ ધન લો. તેમાં બીજી ત્રણ સળી ને પાંચ ધન મુકો. બધી મળી કેટલી સળી ને કેટલા ધન થયા?

ચાર દશક ને ત્રણ એકમ તેમાં ત્રણ દશક ને પાંચ એકમ ઉમેરો તો કેટલા દશક ને કેટલી એકમ થાય?

૪૩+૩૫ એનો સરવાળો શું થશે? (પાંચ ને ત્રણ આઠ એકમ, ચાર ને ત્રણ સાત દશક માટે જવાબ ૭૮.)

૫૪+૩૫ સરવાળો ઉપર જણાવ્યા પ્રમાણે મોંઢેથી ગણી દેખાડો.

હવે બે સળી ને નવ ધન લો. તેમાં ત્રણ સળી ને ચાર ધન ઉમેરો. કેટલી સળી ને કેટલા ધન? ધન જો દશથી વધારે હોય તો તે ઉંચકી લઇ તેમને બદલે એક સળી મુકો. ત્યારે હવે કેટલી સળી ને કેટલા ધન થયા?

ચાર દશક ને નવ એકમ જોડે ત્રણ દશક ને ત્રણ એકમનો સરવાળો કરો. તો બધા મળી દશક કેટલા ને એકમ કેટલા? નવ ને ત્રણ બાર એકમ થયા તો તેમાં દશક કેટલા છે? ત્યારે ચાર દશક+ ત્રણ દશક જોડે આ એક દશક ગણો તો બધા મળી કેટલા દશક થયા? હવે ત્યારે જવાબમાં દશક કેટલા ને એકમ કેટલી?

	દશક	એકમ
	૪	૯
+	૩	૪
	૭	૧૩
=	૮	૩

  ૪૯
+ ૩૪
———
  ૮૩

(ગણત્રી :—નવ ને ચાર તેર. તેર એકમ એટલે એક દશક ૩ એકમ. ૪ ને ૩ સાત ને એક આઠ દશક.

૬૮ માં ૫૯ ઉમેરો. તથા દાખલો કરો તે સમજાવો.

	શતક	દશક	એકમ
+		૬ ૫	૮ ૯
		૧૧	૧૭
=	૧	૧૨ ૨	૭ ૭

  ૬૮
+ ૫૯
———
= ૧૨૭

ગણત્રી :—૯ ને ૮ સતર ; સતરના સાત, વદી ૧. ૬ ને ૫ અગીઆર ને એક બાર, જવાબ એકસો સત્તાવીસ.)

ઉપલો દાખલો મોંઢેથી ગણો. (૬૮ + ૫૦ = ૧૧૮ ; ૧૧૮ + ૯ = ૧૨૭.)

૭૮ + ૮૯ એ દાખલો મોંઢેથી ગણો. તથા ઉપર દેખાડ્યા પ્રમાણે ખાના પાડી દશક એકમ છુટી લખી સમજાવો.

દાખલા ૩૯. ક. (મોંઢેના.)

(૧)

૧૪+૧૨	૨૬+૧૪	૩૩+૧૩	૩૭+૧૫	૪૦+૧૮	૫૭+૨૦
૨૨+૩૨	૨૪+૨૫	૨૬+૧૪	૨૭+૨૩	૪૨+૨૨	૫૮+૩૨
૩૨+૪૫	૪૬+૫૪	૬૪+૩૬	૫૪+૨૨	૬૭+૧૨	૭૭+૧૩
૪૫+૨૨	૨૭+૫૦	૫૦+૩૮	૬૦+૬૮	૯૦+૯૮	૯૮+૧૨
૨૩+૨૬	૨૬+૧૧	૧૭+૧૩	૧૨+૧૫	૨૫+૧૧	૩૨+૧૭

(૨)

૧૮+૧૩	૮+૩૫	૯+૪૭	૧૯+૧૭	૨૫+૧૮	૨૯+૧૧
૩૭+૨૮	૪૭+૧૭	૫૫+૧૬	૫૮+૧૮	૭૭+૨૭	૯૪+૧૭
૨૫+૨૬	૨૭+૨૪	૩૭+૧૯	૪૪+૨૭	૫૩+૨૩	૫૮+૨૪
૧૫+૧૭	૧૬+૨૯	[illegible]+૨૯	૩૮+૩૮	૪૨+૪૨	૬૨+૫૯

દાખલા ૩૯. બ. (લખીત.)

(૧) નીચે આપેલા સરવાળા કરો.

(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)
૫૮	૩૭	૫૮	૨૫	૩૨	૪૫
૩૯	૪૩	૪[illegible]	૩૦	[illegible]	૪૬

(૨) એજ પ્રમાણે દશક નીચે દશક ને એકમ નીચે એકમ આવે તેમ ગોઠવી નીચે આપેલા સરવાળા કરો.

૩૮+૩૩	૪૭+૫૩	૨૮+૩૬	૪૯+૫૯	૫૭+૪૪	૬૮+૨૩
૬૪+૩૨	૬૭+૫૪	૧૫+૯૫	૬૫+૫૦	૭૫+૯૦	૭૭+૮૭
૫૮+૬૯	૭૧+૫૯	૫૬+૬૪	૬૭+૭૩	૮૧+૯૧	૯૩+૩૯
૩૪+૪૬	૩૭+૪૮	૫૪+૪૧	૬૨+૧૯	૭૩+૮૮	૮૯+૯૮
૯૯+૯૯	૭૭+૮૮	૧૧+૯૯	૫૪+૪૭	૬૩+૨૮	૭૫+૨૯

(૩) નીચે આપેલા સરવાળા કરો. (૬×૯=૫૪ ; ૮×૭=૫૬ ; ૫૪+૫૬.)

૬×૯+૮×૭=	૯×૯+૩×૮	૮×૯+૨×૬
૯×૩+૮×૨=	૯×[illegible]+૬×૮	૪×[illegible]+૩×૫

(૪) એક માણસ એક મહિનામાં [illegible] રૂપિયા ને બીજે મહિને ૮૫ રૂપિયા કમાયો તો તે બે મહિના[illegible] મળી શું કમાયો હશે?

(૫) એક ઠેકાણે ૫૬ કોડીનો ઢગલો હતો તેમાં બીજી ૩૭ કોડી મુકો તો બધી મળી કેટલી કોડી થશે?

(૬) એક આગગાડીની ઝડપ પેહલા કલાકમાં ૩૭ માઇલ ને બીજા કલાકમાં ૪૬ માઇલ છે તો બે કલાકમાં કેટલા માઇલ ચાલશે?

(૭) પેહલા દાખલામાં આપેલા સરવાળા આગલા પાનાંમાં જેમ ખાનાં પાડી સમજાવ્યા છે તેમ લખી સમજાવો.

(૮) એક માણસ મુંબઇથી સુરત જવા નીકળ્યો તે પેહેલાં આગગાડી રસ્તે મુંબઇથી સંજાણ ગયો ને ત્યાંથી સુરત ગયો. મુંબઇથી સંજાણ ૯૪ માઇલ છે ને સંજાણથી સુરત ૬૩ માઇલ છે. ત્યારે તે માણસે બધી મળી કેટલા માઇલ મુસાફરી કરી?

(૯) એક માણસ પાસે ૯૪ રૂપિયા હતા તે વડે તેણે વેપાર કર્યો તો તેને ૫૭ રૂપિયા નફો મળ્યો ત્યારે તે માણસ પાસે બધા મળી કેટલા રૂપિયા થયા?

(૧૦) એક ટાંકીમાં એક નળ વડે દર કલાકે ૫૪ ગેલન પાણી આવે છે. બીજા નળ વડે દર કલાકે ૬૩ ગેલન આવે છે. હવે બંને નળ ઉઘાડા રાખ્યા તો ટાંકીમાં દરેક કલાકે કેટલું પાણી ભરાશે?

(૧૧) ઉપલા જવાબપરથી પાંચ કલાકમાં કેટલું પાણી ભરાશે તે સરવાળો કરી શોધી કાઢો.

(૧૨) એક વેપારીને પહેલે મહિને ૬૫ રૂપિયા નફો તથા બીજે મહિને ૪૯ રૂપિયા નફો થયો ત્યારે તેને બે મહિનામાં શું નફો થયો હશે?

પાઠ ૪૦.

ત્રણ સળી ને છ ધન લો. તેમાંથી બે સળી ને ચાર ધન ઉંચકી લો તો શું રહેશે?

ત્રણ દશક ને છ માંથી બે દશક ને ચાર જાય તો શું રહે? ૩૬–૨૪ તે કેટલા?

૭ સળી ને સાત ધન એમાંથી પાંચ સળી ને ત્રણ ધન લો તો શું રહેશે? ૬૭–૫૩=?

૩૮ માંથી ૨૪ બાદ કરી ને કેમ જવાબ આવ્યો તે કહી સમજાવો. (૩૮ એટલે ત્રણ દશક ને આઠ, ચોવીસ એટલે બે દશક ને ચાર, આઠ એકમમાંથી ૪ એકમ બાદ જાય તો ૪ એકમ રહે. ત્રણ દશકમાંથી બે દશક જાય તો ૧ દશક રહે માટે જવાબ એક દશકને ચાર એટલે ૧૪.)

૩૭ માંથી ૨૫ એજ પ્રમાણે બાદ કરી સમજાવો.

૫૮ માંથી ૪૬ લખીત બાદ કરો તથા સમજાવો.

સમજણ.

	દશક	એકમ.
	૫	૮
-	૪	૬
=	૧	૨

૫૮
\- ૪૬
૧૨

(૮ માંથી ૬ જાય ૨ રહે. પાંચ દશકમાંથી ચાર દશક જાય ૧ દશક રહે.

ટુકામાં :—૮ માંથી ૪, ચાર; ૫ માંથી ૪, એક.)

એજ પ્રમાણે ૯૭ માંથી ૮૨ બાદ કરી સમજાવો.

૯ માંથી શું જાય તો ૬ રહે તે જાણવા શાની બાદબાકી કરશો?

૫૬ માંથી શું જાય તો ૨૪ રહે એમ જાણવા શું બાદબાકી કરવી પડશે?

૮ માં શું ઉમેરો તો ૧૩ આવશે એમ જાણવા શું બાદબાકી કરશો?

૨૮ માં શું ઉમેરો તો ૪૯ આવશે એમ જાણવા શું બાદબાકી કરશો?

દાખલા ૪૦. ક. (મોંઢેના.)

(૧)

૧૨- ૯	૧૩- ૭	૧૫- ૮	૧૭-૧૧	૧૮-૧૩	૧૫-૧૪
૧૭-૧૩	૧૮- ૯	૧૯-૧૫	૨૮-૨૫	૨૭-૧૧	૨૯-૧૬
૩૬-૧૨	૪૮-૨૬	૫૭-૪૧	૬૧-૫૦	૬૨-૪૨	૬૦-૪૦
૫૭-૫૧	૪૨-૩૧	૬૬-૪૬	૬૭-૫૩	૮૯-૭૭	૯૯-૨૩
૨૫-૧૩	૩૭-૩૨	૪૨-૨૧	૪૪-૨૨	૬૭-૪૬	૯૭-૨૩

(૨)

૮+ =૧૩	૧૭+ =૨૫	૧૬+ =૨૦	૮+ = ૧૭
૧૫+ =૨૬	૧૬+ =૩૨	૧૭+ =૨૭	૨૯+ = ૪૯
૨૭+ =૩૯	૧૭+ =૩૦	૨૬+ =૫૦	૩૯+ = ૬૦
૨૨+ =૪૦	૩૭+ =૫૦	૧૨+ =૩૭	૭૭+ =૧૦૦

(૩) એવી સંખ્યા કઇ કે તેમાંથી ૭ બાદ કરો તો જવાબ આઠ આવે?

(૪) ૨૫ રૂપિયામાંથી કેટલા રૂપિયા ખર્ચો તો તમારી પાસે આઠ રૂપિયા રહે?

(૫) ૩૭ રૂપિયામાંથી ૨૫ રૂપિયા ખર્ચ થાય તો બાકી કેટલા રૂપિયા રહે?

(૬) એવી સંખ્યા કહો કે તેમાં ૧૨ ઉમેરતાં જવાબ ૨૫ આવે.

(૭) એક માણસની માસીક આવક ૩૮ રૂપિયા ને ખર્ચ ૨૬ રૂપિયા છે તો તેને દર મહિને શું બચાવ થશે?

(૮) એક માણસ ૪૮ રૂપિયા લઇ બજારમાં ગયો. પાછો આવ્યો ત્યારે તેની પાસે ૩૬ રૂપિયા હતા. તેણે કેટલા રૂપિયા ખર્ચ કર્યા?

(૯) ૫૮ માઇલ ચાલવાના છેટામાંથી ૪૬ માઇલ ચલાયા તો હજી બાકી કેટલા માઇલ છે?

દાખલા ૪૦. ખ. (લખીત.)

(૧)

૬૮	૭૯	૬૮	૭૫	૯૯	૮૬
—૫૬	—૫૭	—૪૭	—૨૩	—૪૭	—૬૩

(૨) ઊપરના દાખલા પ્રમાણે સંખ્યા ગોઠવી નીચેની બાદબાકી કરો.

૧૮— ૮	૧૫—૧૨	૧૭—૧૩	૧૯—૧૧	૧૭—૧૩	૨૫—૧૨
૨૮—૧૪	૩૫—૧૫	૪૬—૩૩	૫૭—૪૧	૬૮—૪૨	૭૨—૬૨
૬૪—૪૩	૯૫—૭૨	૯૭—૫૬	૭૭—૫૩	૮૧—૭૦	૯૨—૭૨
૭૬—૪૫	૭૮—૬૧	૮૩—૪૨	૯૨—૬૧	૯૯—૭૮	૧૫—૧૩
૫૪—૩૧	૫૫—૫૫	૬૪—૪૧	૭૭—૬૪	૮૭—૭૧	૮૯—૧૨

(૩) નીચેની સંખ્યામાંની દરેક જોડીમાંની પહેલી સંખ્યામાંથી શું બાદ કરશો તો જવાબ જોડીમાંની બીજી સંખ્યા આવશે?

૬૭; ૨૧. ૭૭; ૩૬. ૯૫; ૪૫. ૫૧; ૩૦. ૨૨; ૧૦. ૩૭; ૨૫.
૪૫; ૨૪. ૭૨; ૪૦. ૬૬; ૪૪. ૫૬; ૩૨. ૯૮; ૨૭. ૫૭; ૩૭.
૨૬; ૧૩. ૨૮; ૧૪. ૫૬; ૨૮. ૬૮; ૩૬. ૭૨; ૬૦. ૯૦; ૩૦,
૨૮; ૧૬. ૩૦; ૧૦. ૪૭; ૩૧. ૫૭; ૨૬. ૯૭; ૫૪. ૯૮; ૬૬.

(૪) તમને ૧૮ લીટી કવિતા મોંઢે કરવી છે. તેમાંથી તમને હજી ૧૫ લીટી કરવાની બાકી છે. તો તમે કેટલી મોંઢે કરી ચુકયા હશો?

(૫) એક માણસ પાસે રૂપિયા હતા. કોઇએ પુછયું કે તારી પાસે કેટલા રૂપિયા છે? તેણે કહ્યું કે મારી પાસે જે રૂપિયા છે તેમાં ૫૬ રૂપિયા બીજા મુકો તો બધા મળી મારી પાસે ૯૮ રૂપિયા થાય. ત્યારે તેની પાસે કેટલા રૂપિયા હશે? ( )

(૬) એક માણસની ૮૭ રૂપિયા આવકમાંથી તેનો ખર્ચ બાદ કરતાં બાકી તેની પાસે ૩૬ રૂપિયા રહે છે તો તેનો ખર્ચ શું હશે?

(૭) એક માણસ ૬૯ રૂપિયા લઇ બજારમાં ગયો. ત્યાં તેણે આઠ આઠ રૂપિયાવાળા છ વરસાદના ડગલા વેચાતા લીધા. ત્યાર પછી તેની પાસે કેટલા રૂપિયા બાકી હશે? ( )

(૮) મારી પાસે ૫૭ રૂપિયા રોકડા તથા ૪ દશ રૂપિયાની નોટ છે. મેં એ સઘળામાંથી ૮૩ રૂપિયાનો સામાન લીધો ત્યારે મારી પાસે બાકી શું રહ્યું?

(૯) એક માણસે એક બળદ ૬૭ રૂપિયે વેચાતો લીધો. થોડો વખત રહી તેણે તે ૫૬ રૂપિયે વેચ્યો. ત્યારે તેને કેટલા રૂપિયા ઓછા મળ્યા? (એટલે શું ખોટ ગઇ?)

(૧૦) એક માણસે એક ભેંસ ૭૭ રૂપિયે વેચાતી લીધી. પછી તે તેને ૮૮ રૂપિયે વેચી તો તેને કેટલા રૂપિયા વધારે મળ્યા? (એટલે શું નફો થયો?)

(૧૧) એક બળદ મેં ૬૯ રૂપિયે વેચાતો લીધો ને ૧૫ રૂપિયા ખોટે વેચી નાંખ્યો તો મેં તે કેટલે રૂપિયે વેચ્યો?

(૧૨) એક વેપારીએ એક લાકડાનો જથ્થો વેચાતો લીધો ને ૧૫ રૂપિયા નફો લઇ ૮૭ રૂપિયે વેચ્યો તો તેણે પોતે તે કેમ લીધો હશે? ( )

(૧૩) એક ટાંકીમાં બે નળ વડે પાણી ભરાય છે. પેહલા નળ વાટે દર કલાકે ૫૬ ગેલન પાણી આવે છે. બંને નળ એક કલાક ઉઘાડા રાખો તો બધું મળી ૯૯ ગેલન પાણી ટાંકીમાં ભરાય છે. ત્યારે બીજા નળ વાટે દર કલાકે કેટલું પાણી આવતું હશે?

(૧૪) એક વેપારીને પેહલે મહિને ૬૮ રૂપિયા નફો થયો ને બીજે મહિને ૨૭ રૂપિયા ખોટ ગઇ ત્યારે વેપારી પાસે નફાના રૂપિયા- માંથી બાકી શું રહ્યું?

પાઠ ૪૧.

ત્રણ સળી ને બે ઘન લો. એમાંથી તમને કોઇ એક સળી ને પાંચ ઘન ઉંચકવા કહે તો શું કરશો?

એક સળી બદલી લો તો તેને બદલે કેટલા ઘન લેશો? ત્યારે ત્રણ સળી ને બે ઘન એમાંથી એક સળી વટાવી ઘન લો તો કેટલી સળી કેટલા ઘન થયા?

બે સળી ને બાર ઘન એમાંથી એક સળી ને પાંચ ઘન લો તો શું રહેશે?

ત્રણ દશ રૂપિયાની નોટ છે તેમાંથી ૯ રૂપિયા આપવા છે તો શું કરશો? કેટલી નોટ વટાવશો? બે દશ રૂપિયાની નોટ અને દશ રૂપિયા રોકડા એમાંથી નવ રૂપિયા બાદ કરો તો શું રહેશે?

૪૩—૨૬ એ બાદબાકી સળી ને ઘન લઇ કરી બતાવો. ૪૩ માં કેટલી સળી છે? તેમાંની કેટલી વટાવશો? વટાવ્યા પછી બધી મળી સળી કેટલી ને ઘન કેટલા? ૧૩ ઘનમાંથી ૬ જાય તો શું રહે? ૩ સળીમાંથી બે લો તો શું રહે? ત્યારે જવાબ શું?

૩૧—૧૮ એ બાદબાકી સળી અને ઘન વડે કરી બતાવો.

એક મોટી સંખ્યામાંથી બીજી નાહની સંખ્યા બાદ કરવી હોય પણ પહેલીમાંની એકમ બીજીમાંની એકમ કરતાં નાહની હોય તો આપણે પેહલીના દશકને શું કરવું તે દશક વટાવ્યા પછી તેના ઘન શામાં ઉમેરવા? પછી શું કરવું?

ત્યારે એ જાતના દાખલા કેમ કરવા તે સમજાવો.

નીચેનો દાખલો જુઓ. ને એ પ્રમાણે ૭૫—૪૮ નો દાખલો વર્ગનાં પાટીઆંપર કરી દેખાડો.

	દશક	એકમ	
૫૫ એટલે	૪	૧૫	અથવા
—૩૮	—૩	—૮	
	=૧	૭	

એક છોકરાને ૫૫ માંથી ૩૮ બાદ કરવા છે તો તે છોકરો પેહલાં ૪૫ લખે તેની નીચે ૩૮ લખે. પછી મનમાં ૫ માં ૧૦ ઉમેરી ૧૫ ગણી તેમાંથી ૮ બાદ કરી જવાબમાં એકમમાં સાત લખે. પછી ઉપરના દશકમાંથી મનમાંજ એક ઓછો ગણી ૫—૧=૪ દશક ગણે, ને તેમાંથી

નીચેના ૩ દશક બાદ કરી જવાબ લખે તો તે જવાબ શું આવે? ૭૨–૫૯ એ દાખલો વર્ગમાં કરી બતાવો.

૭૨	(એના થયા બારમાંથી ૯ ગયા રહયા ૩, ૭ માંથી ૧
–૫૯	બાદ રહયા ૬ દશક તેમાંથી ગયા ૫. રહયા ૧ દશક
——	જવાબ ૧૩.)
=૧૩	

ઉપલા દાખલામાં એના બાર કેમ થયા? સાત દશક કેમ થયા? એજ પ્રમાણે ૫૦–૩૬ ની બાદબાકી કરી સમજાવો.

દાખલા ૪૧. (લખીત.)

(૧)

૧૫–૯. ૩૫–૧૭. ૨૨–૧૩. ૩૫–૨૬. ૪૫–૧૮. ૫૭–૩૮.

એ દાખલાઓ સળી તથા ધન વડે કરી જવાબ કહો.

(૨)

૩૫	૪૮	૫૭	૨૭	૩૦	૭૫	૮૨
–૨૭	–૨૯	–૩૬	–૧૯	–૧૫	–૬૫	–૬૯
——	——	——	——	——	——	——

(૩) નીચેના દાખલાઓ દાખલા બીજા પ્રમાણે લખી બાદબાકી કરો.

૧૫– ૯	૩૭–૧૯	૪૪–૨૫	૪૭–૨૮	૯૨–૭૫	૮૦–૨૬
૫૪–૩૭	૭૭–૫૮	૭૫–૬૦	૭૦–૪૭	૯૦–૨૮	૯૯–૫૨
૨૧–૧૨	૩૧–૧૫	૪૨–૧૮	૫૨–૩૭	૪૭–૨૯	૩૬–૧૮
૭૦–૩૭	૪૨–૨૯	૫૧–૨૫	૫૦–૨૫	૯૧–૭૨	૭૮–૪૯
૨૪–૧૫	૩૧–૧૨	૭૨–૩૫	૮૧–૩૭	૫૫–૨૭	૫૨–૨૬
૭૧–૪૮	૩૩–૨૩	૬૦–૨૮	૪૪–૨૬	૯૩–૬૪	૯૫–૪૮

(૪) એક માણસ પાસે ૯૩ રૂપિયા હતા તેમાંથી ૩૭ રૂપિયા તેણે ખર્ચ કર્યા તો તેની પાસે બાકી શું હશે?

(૫) કેટલા રૂપિયામાં ૫૭ રૂપિયા મુકો તો બધા મળી ૮૩ રૂપિયા થાય?

(૬) એક ટોપલામાં કેરી હતી તેમાંથી ૨૬ કેરી વેચાયા પછી ૩૫ બાકી રહી તો પેહલાં કેટલી કેરી હશે?

(૭) એક પક્ષિનાં ટોળાંમાંથી ૩૮ ઉડી ગયાં પછી ૪૯ બાકી રહયાં તો બધાં મળી કેટલાં પક્ષિ હશે?

(૮) એવી સંખ્યા શોધી કાઢો કે તેમાં ૪૯ ઉમેરો તો જવાબમાં ૭૬ આવે.

(૯) મારા ઘરમાં રોજ નવ શેર ચોખા ખપે છે. મારે દશ દિવસ ચાલે એટલા ચોખા ભરી રાખવા છે. મેં ૨૭ શેર ચોખા લીધા છે તો હજી બીજા કેટલા લેવા પડશે?

પાઠ ૪૨.

૯ માંથી શું બાદ કરો તો ૪ આવે. એને બદલે ૪ માં શું ઉમેરો તો નવ થાય એમ શોધી કાઢીએ તો ચાલશે કે નહીં તે ગણીને કહો.

૩૭ માંથી ૧૮ બાદ કરો તો શું આવશે એમ સળી તથા ઘન વડે ગણવા છે તો પેહલાં ૧૮ સળી લો તેમાં સળી તથા ઘન મુકી ૩૭ થાય તેમ કરો તો કેટલી સળી તથા ઘન મુકવા પડશે?

હવે સળી તથા ઘન વડે ૩૭–૧૮ કરી જુઓ. જવાબ પેહલા જેટલોજ છે કે ઓછો?

ત્યારે ૨૫–૧૬ એ બાદબાકીનો સવાલ સરવાળા પેઠે કેમ પુછાય? (૧૬ માં શું ઉમેરો તો ૨૫ થાય?)

૧૮ માં શું ઉમેરો તો ૩૭ થાય? એ સવાલને બાદબાકી પેઠે પુછો. (૩૭ માંથી શું બાદ કરો તો ૧૮ આવે?)

કોઇ છોકરાને સરવાળા બરાબર આવડતા હોય ને તે બધા બાદબાકીના દાખલાને સરવાળા પેઠે ગણે તો જવાબ ખોટો આવે કે?

૨૫–૧૭ એ સરવાળા પેઠે ગણી કહો. (૧૭+૮=૨૫ જવાબ ૮.)

૩૭–૧૯ એ સરવાળા પેઠે ગણો. (૧૯ માં શું ઉમેરો તો થાય ૩૭?)

દાખલા ૪૨. (મોંઢેના.)

(૧) નીચેના દાખલા સરવાળા પેઠે પુછો.

૧૮–૧૨ ૩૭–૨૫ ૨૨–૧૮ ૩૫–૧૯ ૪૩–૨૭ ૬૩–૪૭

(૨) નીચેના દાખલાઓના જવાબ કહો. (નમુનોઃ—૧૨ ને ૧૦ બાવીસ. ૨૨ ને ૫, ૨૭ માટે જવાબ ૧૫.)

૧૨+ =૨૭	૨૭+ =૩૫	૪૨+ =૬૦	૪૩+ = ૭૦
૧૩+ =૨૫	૨૫+ =૫૦	૪૩+ =૬૫	૪૩+ = ૭૭
૧૫+ =૨૯	૩૨+ =૪૦	૫૫+ =૭૫	૬૭÷ = ૯૦
૧૮+ =૩૬	૩૨+ =૫૦	૫૫+ =૯૨	૬૭+ = ૯૯
૨૦+ =૪૦	૩૬+ =૪૫	૬૭+ =૮૦	૫૩+ = ૮૦
૨૦+ =૪૯	૩૬+ =૫૫	૬૭+ =૮૧	૫૩+ = ૯૦
૨૦+ =૫૮	૩૬+ =૬૫	૬૭+ =૯૧	૫૩+ =૧૦૦

(૩) એક માણસને ૩૫ રૂપિયા જોઇએ છે તેની પાસે ૧૮ રૂપિયા છે. બીજા હજી કેટલા રૂપિયા તેને જોઇએ છે?

(૪) એક બળદ રોજ ૭ શેર ઘાસ ખાય છે. તેને માટે એક અઠવાડિયું ચાલે એટલું ઘાસ ભરી રાખવું છે. ૧૫ શેર ઘાસ ભરેલું છે તો હજી બીજું કેટલું ભરી રાખવું પડશે?

પાઠ ૪૩.

૨૫+૧૭ એ કેટલા થાય. જે જવાબ આવે તેમાં ૩૭ ઉમેરો.

૨૫+૧૭+૩૭ એમાં સઘળી એકમોનો સરવાળો કરો. કેટલી એકમ થઇ? એટલે કેટલી દશક ને એકમ? હવે સઘળા દશકનો સરવાળો કરો. એકમમાંથી જે દશક આવ્યા છે તેને શું કરશો? ત્યારે બધા મળી દશક કેટલા? જવાબ શું?

ત્યારે ત્રણ સંખ્યાઓનો સરવાળો કરવો હોય તો પહેલાં બે સંખ્યા ઊમેરી પછી જવાબમાં ત્રીજી ઉમેરો. અથવા બધા એકમો ને બધા દશકો એકઠાજ ઉમેરો તો જવાબમાં કાંઇ ફેર પડશે કે?

નીચેનો દાખલો તપાસો ને તે પ્રમાણે ૩૮+૬૯+૭૯ એ સરવાળો કરી દેખાડો ૪૭+૫૯+૮૮.

```
  ૪૭
 +૫૯
 +૮૮
 ----
=૧૯૪
```

[ગણત્રી ૭ ને ૯ સોલ; સોલને આઠ ચોવીસ: ચોવીસની વદી ૨ (એટલે એમાંથી નીકળેલા દશક); બે ને ૪ ૭, ૭ ને પાંચ અગીઆર, અગીઆર ને આઠ ઓગણીસ (દશક) જવાબ એકસો ચોરાણું.]

આ દાખલામાં એકમ તથા દશક આપણે ઉપરથી નીચે (સાત ને નવ, સોલને આઠ) એમ ગણ્યા છે તેને બદલે નીચેથી ઉપર ગણી જુઓ ને જવાબ તેજ રહે છે કે નહીં તે તપાસો.

એવી જાતનાં દાખલા કરો ત્યારે જવાબ બે રીતે કરી જોજો. પેહલાં ઉપરથી હેઠે ગણ્યા હોય તો બીજી વખત હેઠેથી ઉપર ગણી જોતાં તેજ જવાબ નહીં આવે તો તમારો જવાબ ખોટો. એ પ્રમાણે ૩૭+૪૬+૫૯+૬૩ એ દાખલો વર્ગને કરી સમજાવો.

દાખલા ૪૩. (લખીત.)

(૧) નીચેના દાખલાઓમાં આપેલી સંખ્યા એકેક નીચે લખી સરવાળો કરો.

૨૫+૩૨+૨૧	૩૬+૪૭+૫૩	૩૫+૧૨+૨૪	૩૩+૧૯+૫૮
૨૬+૪૧+૫૭	૪૨+૨૩+૩૪	૪૭+૫૨+૬૩	૭૭+૧૫+૩૮
૯૧+૮૨+૯૯	૯૯+૯૯+૯૯	૪૪+૪૫+૪૬	૫૦+૬૦+૭૦
૯૦+૪૨+૯૭	૫૨+૬૩+૭૫	૨૫+૫૦+૭૫	૮૧+૨૦+૯૯

૨૫+૩૬+૫૭+૪૮	૩૩+૪૫+૫૬+૭૮	૪૨+૫૭+૬૩+૮૦
૩૭+૪૮+૫૨+૬૩	૮૭+૭૬+૫૫+૮૯	૯૨+૭૪+૯૯+૮૧
૮૧+૯૮+૧૧+૧૫+૧૬	૮૩+૭૩+૭૪+૬૦+૧૫+૬૮	

પાઠ ૪૪. (પૂનરાવર્તન.)

૬૨૫ એ સંખ્યા જેટલા પાટ, સળી ને ઘન ગોઠવો. ૩૦૫ એ પણ ગોઠવો.

બે અંકી સંખ્યાઓનો સરવાળો કરતી વેળા એકમો ઉમેરતાં દશ કરતાં વધારે એકમ આવે ત્યારે તમે શું કરો છો તે ૩૪+૪૯ એ સળી તથા ઘન વડે ઉમેરી સમજાવો તેમજ એજ દાખલો "બોર્ડ" પર કરી સમજાવો.

એક સંખ્યા બીજી સંખ્યામાંથી બાદ કરવી છે. બાદ કરવાની સંખ્યાના એકમ બીજી સંખ્યાના એકમ કરતાં વધારે છે ત્યારે શું કરવું તે ૪૫–૨૭ એ દાખલો સળી તથા ઘન વડે તેમજ વર્ગને પાટીઆં પર પણ કરી દેખાડો.

જ્યારે બે કરતાં વધારે સંખ્યાનો સરવાળો કરવો હોય ત્યારે શું કરવું?

આપણે એક સરવાળો કર્યો હોય તેનો જવાબ ખરો છે કે નહીં તે જાણવું હોય તો શું કરવું? (અંકોનો ઉપરથી નીચે સરવાળો કર્યો હોય તો ફરીથી નીચેથી ઉપર ગણી જોવા.)

૩૫–૧૧–૧૨ એ દાખલો કેમ કરવો? (૩૫ માંથી ૧૧ બાદ કરવા, જવાબમાંથી ૧૨ બાદ કરવા.)

દાખલા ૪૪. ક. (મોંઢેના.)

(૧)

૧૨+ ૫	૧૩+ ૭	૧૪+૧૨	૧૬+૧૪	૨૭+૩૦	૨૭+૩૫
૧૫+૪૦	૧૫+૪૭	૧૬+૫૦	૧૬+૫૬	૧૭+૨૩	૧૭+૨૮
૨૮− ૯	૧૯− ૮	૧૫− ૬	૨૫−૧૫	૧૨− ૯	૧૭+૨૮
૧૮− ૬	૧૮+૧૩	૨૫−૧૭	૩૭−૨૧	૩૧+૨૯	૩૧− ૯
૩૫+૨૦	૩૫+૨૮	૪૭+૫૦	૪૭+૫૩	૫૩−૩૭	૩૭−૩૫
૧૭− ૯	૨૪− ૮	૨૫−૧૨	૧૨+૮૮	૧૩+૭૭	૨૩+૫૭
૫૭−૨૭	૫૭−૨૯	૬૭−૪૭	૬૭−૫૦	૬૭−૪૮	૫૦+૪૦
૯૦−૭૦	૮૦+૯૦	૯૦−૮૦	૯૦−૫૦	૯૦−૫૫	૬૦−૬૭
૫૧+૧૯	૫૧−૨૧	૫૧−૨૭	૫૧−૩૧	૫૧−૩૯	૬૫+૩૫
૬૫−૩૫	૪૫+૫૫	૫૬+૪૪	૪૭+૩૩	૪૮+૨૨	૨૮+૩૩
૩૩−૨૫	૨૫+૩૦	૫૦−૨૫	૭૫−૨૫	૧૦૦−૫૦	૧૦૦−૭૫
૧૦૦−૨૫	૨૫−૧૦	૨૫+૩૫	૩૫−૨૫	૧૦૦−૮૦	૧૦૦−૮૫

(૨)

૩×૨	૬× ૫	૭×૮	૯×૨	૮×૩	૯×૫	૧૦× ૬
૮×૪	૫× ૮	૭×૭	૮×૩	૪×૫	૬×૭	૮× ૬
૯×૨	૯× ૩	૮×૬	૯×૪	૮×૭	૯×૬	૮× ૮
૮×૪	૭× ૨	૯×૭	૧૦×૭	૯×૯	૭×૯	૧૦× ૯
૭×૩	૬× ૪	૭×૬	૬×૮	૭×૮	૬×૫	૪× ૪
૧૫÷૫	૨૦÷ ૪	૮૧÷૯	૫૬÷૭	૬૩÷૯	૪૮÷૬	૭૨÷ ૮
૪૦÷૮	૧૮÷ ૨	૪૦÷૫	૨૭÷૩	૫૬÷૮	૨૪÷૪	૬૪÷ ૮
૮÷૪	૧૨÷ ૩	૧૬÷૨	૧૬÷૪	૨૦÷૫	૨૫÷૫	૩૦÷ ૬
૪૨÷૭	૫૪÷ ૬	૪૫÷૫	૪૨÷૬	૪૫÷૯	૫૪÷૯	૫૦÷૧૦
૯૦÷૯	૫૦÷૧૦	૬૩÷૯	૧૮÷૯	૪૯÷૭	૧૪÷૨	૧૦૦÷૧૦

(૩)

૧૨+ =૧૮	૧૫+ =૫૦	૮× = ૪૦	૧૭+ =૫૦
૧૮− = ૯	૫૦− =૨૩	૭૨÷ = ૯	૨૭− =૧૧
૧૫× =૬૦	૨૭÷ = ૩	૭૨+ =૧૦૦	૨૮÷ = ૪
૧૬÷ = ૪	૬× =૪૮	૭૨− = ૩૦	૪× =૨૮
૩૫+ =૫૬	૫૫− =૨૫	૧૦+ =૧૦૦	૪૨÷ = ૭
૫૬− =૨૦	૩૫+ =૪૭	૧૦૦− = ૬૦	૮× =૭૨
૬× =૪૮	૩૬÷ = ૪	૧૦× = ૬૦	૭૨+ =૮૭
૪૫÷ = ૫	૭× =૩૫	૭÷ = ૧૦	૭૨− =૫૬

(૪)

૫×૬+૫	૭×૭+૬	૯×૯+૮	૧૦×૯+૯
૨૪÷૬+૩	૩૫÷૫+૪	૮૧÷૯+૭	૨૫÷૫+૪
૭×૭+૫	૪૯÷૭+૬	૨૭÷૩+૨	૧૬÷૪+૧

(૫) નીચેના દાખલામાં ભાગાકાર શું આવશે ને બાકી શું રહેશે?

૨૫÷૪	૨૭÷ ૮	૨૬÷ ૯	૧૫÷ ૮	૧૪÷૩	૧૬÷૫	૨૦÷ ૬
૫૫÷૬	૫૭÷ ૯	૪૩÷ ૫	૨૫÷ ૯	૨૭÷૩	૨૮÷૭	૩૦÷ ૭
૧૦÷૩	૧૩÷ ૪	૧૪÷ ૭	૧૬÷ ૮	૨૬÷૮	૨૯÷૩	૩૦÷ ૮
૪૦÷૮	૪૦÷૧૦	૫૦÷ ૯	૫૧÷ ૬	૭૭÷૯	૭૫÷૮	૧૫÷ ૬
૬૧÷૯	૬૩÷ ૭	૬૮÷૧૦	૭૯÷૧૦	૮૧÷૮	૮૫÷૯	૮૭÷૧૦

(૬)

૧૫+ ૭+ ૬+ ૩+ ૯+૧૨+ ૮+૧૦+ ૫

૫૭− ૭− ૫− ૩− ૨−૧૦+ ૫− ૬− ૯

૮× ૭− ૨× ૫+ ૪+ ૭+ ૮+ ૯+૧૦−૨૦

૧૭+૧૩+૪૦+ ૫−૧૦− ૯+ ૪+૧૫+૧૨+ ૩+ ૬+ ૪

(૭) નીચેની દરેક સંખ્યામાંથી શું બાદ કરશો તો જવાબ ૧૦૦ આવશે.

૧૫૭. ૧૬૫. ૧૬૯. ૧૯૧. ૧૬૩. ૧૧૧.

(૮) નીચેની દરેક સંખ્યામાં શું ઉમેરો તો જવાબ ૧૦૦ આવશે. (નમુનો ૩૭+૩=૪૦, ૪૦+૬૦.)

૩૭	૪૫	૫૦	૬૩	૭૧	૮૨	૧૨	૨૭	૩૫	૪૧	૬૨
૧૫	૧૭	૨૩	૩૭	૭૮	૮૧	૧૯	૨૧	૩૮	૪૬	૬૭

(૯) ઉપલી દરેક સંખ્યામાંથી શું બાદ કરશો તો જવાબ ૧૦ આવશે?

(૧૦) દાખલા ૮ માંની દરેક સંખ્યાને નવે ભાગતાં બાકી શું રહેશે?

(૧૧) દાખલા ૮ ની દરેક સંખ્યા લો તેમાં પેહલાં ૧ ઉમેરો જવાબમાં બે ઉમેરો, પછી ત્રણ એમ દશ સુધી ઉમેરી ઝડપમાં બોલો.

(૧૨) ૧૫ માં નવ ઉમેરો. તેનાં જવાબમાં નવ ઉમેરો. તેના જવાબમાં નવ એમ બસો આવે ત્યાં સુધી ઉમેરતા જાઓ.

પ્રકરણ ૧૧.

(ત્રણ અંકી સંખ્યાના સરવાળા તથા બાદબાકી.)

પાઠ ૪૫.

૯૭+૮૫ એ સરવાળાના એકમો ઉમેરો. કેટલા થયા? હવે દશકો ઉમેરો. કેટલા થયા? (૧૭ દશક ને ૧૨.) ૧૨ માં કાંઇ દશક છે કે? ત્યારે કેટલા દશક ને કેટલા એકમ થાય? ૧૭ દશકને એક બીજો દશક મળી કેટલા દશક? ૧૮ દશકમાં સો કેટલા? ત્યારે જવાબ શું થાય?

૧૨૩+૨૩૪ એ સરવાળામાં સઘળા એકમ ઉમેરો, દશક ઉમેરો, શતક (સો) ઉમેરો. જવાબ કેટલા સો, કેટલા દશક ને કેટલા એકમ?

૬૯૭+૩૮૩. એમાં એકમો ઉમેરો. કેટલા એકમો? દશ એકમોમાં દશક કેટલા? હવે ૯+૮+૧ દશકનો સરવાળો શું? ૧૮ દશકમાં શતક કેટલા? બીજા શતક દાખલામાં કેટલા છે? ત્યારે ૬+૩+૧ શતક તે કેટલા? તો જવાબ શું થયો?

૮૯૩+૭૮૯ એ દાખલો કરવાની રીત નીચે આપી છે તે તપાસો.

૮૯૩+૭૮૯.

	શતક	દશક	એકમ
	૮	૯	૩
+	૭	૮	૯
=	૧૫	૧૭	૧૨
=	૧૫	૧૮	૨
=	૧૬	૮	૨

```
 ૮૯૩
+૭૮૯
-----
૧૬૮૨
જવાબ
```

(રીત :—૯ ને ત્રણ બાર, બારના બે, વદી ૧, ૯ ને ૮, સતર વદી ૧ અઢાર; અઢારના આઠ, વદી ૧, આઠ ને સાત પંદર ને એક સોળ જવાબ ૧૬ સો બ્યાસી અથવા એક હજાર છસો બ્યાસી.)

ઉપલા દાખલામાં જમણા હાથ પર લખેલી રીતે બારના બે વદી ૧, તે શું તે સમજાવો. એમજ અઢારના આઠ વદી ૧ તે પણ સમજાવો.

એજ પ્રમાણે ૩૪૭+૪૯૮ એ દાખલો વર્ગને કરી બતાવો.

ઉપલા દાખલાની સંખ્યા એકેક નીચે લખતી વખતે ઉપરની એકમ નીચે નીચેની સંખ્યાનો શું અંક આવવો જોઇએ? દશક નીચે શું? શતક નીચે શું?

દાખલા ૪૫. (લખીત.)

(૧)

૨૮૩	૪૮૪	૬૨૭	૫૧૨	૬૨૪
+૩૦૭	+૧૨૩	+૧૩૪	+૨૩૫	+૩૧૩

(૨) ઉપર પ્રમાણે એકેક નીચે સંખ્યાઓ લખી નીચેના દાખલા કરી બતાવો.

૩૧૪+૨૫૩	૨૧૧+૩૨૫	૩૨૧+૪૩૨	૫૫૫+૨૨૨
૬૧૭+૪૧૧	૭૮૯+૨૦૦	૮૦૦+૩૧૩	૪૦૦+૫૦૦
૫૧૩–૬૯૯	૭૧૧+૨૧૫	૮૯૧+૭૯૯	૪૧૭+૩૮૨
૬૮૭+૯૧૩	૯૧૫+૧૭૧	૧૭૧+ ૮૨	૨૭૩+ ૯૧
૮૭+૧૯૩	૭૭+૩૬૫	૨૬૭+૪૧૮	૯૯૯+૯૯૯

૧૨૩+૨૩૪+૩૪૫	૨૩૭+૩૪૪+૪૧૧	૬૧૨+૩૧૪+૧૫૭
૭૮૯+૧૫૬+૩૭૮	૪૯૮+૫૦૧+૬૦૦	૫૧૭+૩૩૩+૬૬૬
૨૩૪+૪૫૬+૩૧૦	૨૩૪+૪૮૧+૧૮૫	૬૧૨+૫૩૪+૭૯૮
૧૨૩+૪૫૬+૭૯૯	૨૬૭+૧૨૫+૨૩૦	૫૦૦+૨૦૧+ ૯૧
૯૧+૧૪૩+ ૭૫	૧૭૮+૨૦૩+૧૪૭	૬૭૮+૯૧૨+૩૪૧
૩૫૭+૨૩૩+૪૧૦	૭૭૭+૧૧૧+૨૨૨	૩૩૩+૪૪૪+૫૫૫
૬૦૧+૭૧૦+૮૦૫	૨૨૧+૩૪૫+૬૮૭	૯૧૨+૮૭૮+૯૯૯

૧૨૫+૨૫૬+૩૬૭+૪૯૮	૨૫૩+૪૬૭+૫૧૨+૬૧૩
૩૬૪+૪૧૨+૫૧૯+૬૧૭	૮૧૪+૯૧૩+૭૧૫+૫૬૭
૫૬૭+૬૧૫+૧૨૭+૨૮૯	૩૧૭+૪૧૬+૫૨૭+૮૭૯

[સૂચના:—ઉપલા સઘળા દાખલામાં જે પહેલાં ઉપરથી નીચે આંકડા ગણ્યા તો જવાબ આવ્યા પછી પાછા નીચેથી ઉપર ગણી તપાસી જુઓ કે જવાબ ખરો છે કે નહીં.]

(૩) એક માણસ પોતાના વડા છોકરાને રૂ. ૯૭૮, નાનાને રૂ. ૬૩૫ અને છોકરીને રૂ. ૭૯૭ આપી ગયો. ત્યારે તેની બધી મળી દોલત શું હશે?

(૪) એક ઉઘરાણીવાલાએ એક ઠેકાણેથી રૂ. ૪૭૫, બીજે ઠેકાણેથી રૂ. ૧૨૭, ત્રીજે ઠેકાણેથી રૂ. ૬૮૭ ને ચોથે ઠેકાણેથી રૂ ૯૫ વસુલ કર્યા. ત્યારે તેણે બધા મળી કેટલા રૂપિયા વસુલ કર્યા?

(૫) એક વેપારીને પેહલે વર્ષ ૧૨૭ રૂપિયા નફો થયો. બીજે વર્ષ રૂ. ૩૮૭ તથા ત્રીજે વર્ષ રૂ. ૫૪૫ નફો થયો. ત્યારે ત્રણ વર્ષ મળી તેને બધા મળી શું નફો થયો?

(૬) ૨૩૬ માં ૨૩૬ કેટલી વખત ઉમેરો તો જવાબ ૯૪૪ આવે તે એકેક પછી એક સરવાળો કરી કહો.

પાઠ ૪૬.

૩૩૫ એ પાટ, સળી અને ઘન વડે બનાવો. એમાંથી ૧૮૭ બાદ કરવા છે તો શું કરશો? પાંચ એકમમાંથી ૭ એકમ નહીં લેવાય તેથી શું કરશો? ૩ સળીમાંની એક વટાવશો તો બધી મળી કેટલી થશે? ૧૫ માંથી ૭ એકમ જાય તો શું બાકી રહે? હવે બે સળીમાંથી ૮ સળી કેમ લેવાય? ૧ પાટ વટાવો તો કેટલી બધી મળી સળી થાય? ૧૨ સળીમાંથી આઠ લો તો શું રહેશે? હવે કેટલી પાટ રહી? તેમાંથી કેટલી બાદ કરવી છે? જવાબ શું આવ્યો?

નીચે દાખલો સમજાવ્યો છે તે તપાસો.

૩૩૫ −૧૮૭ ——— =૧૪૮	[સમજણ:—પાંચ એકમમાંથી ૭ જાય નહીં માટે ઉપરથી એક દશક વટાવી પાંચના કરવા પંદર તેમાંથી સાત જાય તો બાકી ૮. બે દશકમાંથી આઠ દશક જાય નહીં તો ઉપરના ત્રણ શતકમાંથી ૧ લઇ વટાવતાં ૧૨ દશકમાંથી ૮ જાય તો ચાર દશક રહે. બે શતકમાંથી ૧ લો તો રહે ૧ શતક. જવાબ એકસો ઉડતાળીસ.]

એ પ્રમાણે ૫૪૦−૧૫૬ એ દાખલો કરી સમજાવો.

દાખલા ૪૬. (લખીત.)

(૧)

૨૮૨	૪૧૩	૫૧૪	૬૨૬	૮૧૦
−૧૨૧	−૨૨૭	−૩૮૫	−૫૯૪	−૭૫૩

(૨) ઉપરના દાખલા પ્રમાણે સંખ્યા એકેક નીચે લખી નીચેના દાખલા કરો.

૧૧૨– ૭૯	૨૭૪–૧૨૩	૩૨૭–૨૧૫	૪૧૮–૩૦૭	૫૦૧–૨૦૧
૩૪૭–૨૪૯	૫૭૭–૩૭૭	૬૮૯–૪૯૧	૨૧૩–૧૧૮	૩૫૭–૨૬૧
૫૪૭–૩૪૬	૩૧૧–૨૭૯	૪૫૩–૩૬૧	૨૩૭–૧૪૨	૩૪૫–૨૬૭
૬૪૯–૫૮૭	૭૪૯–૨૧૩	૪૫૫–૨૭૦	૨૭૦–૧૩૫	૫૬૧–૩૭૮
૭૫૧–૫૪૩	૮૨૫–૫૩૭	૬૧૭–૪૨૮	૪૧૪–૨૩૫	૭૦૧–૪૫૧

(૩) એવી સંખ્યા શોધી કાઢો કે જેમાં ૨૫૩ ઉમેરો તો જવાબ ૪૪૭ આવે.

(૪) એક સંખ્યામાંથી ૧૪૭ બાદ કરો તો જવાબ ૯૯ આવે છે. તો તે સંખ્યા શું?

(૫) મેં એક ઘોડો ૬૫૭ રૂપિયે વેચાતો લીધો. ને તે ૮૧૫ રૂપિયે વેચ્યો તો મને નફો શું થયો હશે?

(૬) એક વેપારીએ એક ચીજ ૮૧૩ રૂપિયે ખરીદ કરી ૬૭૩ રૂપિયે વેચી તો તેને ખોટ શું ગઇ હશે?

(૭) મેં એક ગાડી ૫૧૭ રૂપિયે ખરીદ કરી. તેને સમરાવા તે પર રૂ. ૧૧૩ ખર્ચ કર્યો. પછી તે ગાડી મેં રૂ. ૮૧૩ લઇ વેચી. તો મને નફો શું થયો?

(૮) ૯૭૫ રૂપિયામાંથી ૩૨૫ રૂપિયા કેટલી વખત બાદ કરી શકાય તે એકેક પછી એકેક બાદબાકી કરી શોધી કાઢો.

(૯) એક માણુસ પાસે ૬૧૫ રૂપિયા છે. તેમાંથી તે દર મહિને રૂ. ૧૨૩ ખર્ચે છે તો તે કેટલે મહિને સઘળા રૂપિયા પુરા કરી રહેશે તે બાદબાકી કરી શોધી કાઢો.

(૧૦) એક લશકરની ટુકડીમાં ૯૫૧ માણુસો છે. તેમાંથી ૧૨૭ જણુ લડાઇમાં માર્યા ગયા. ૨૧૩ જણા માંદા પડ્યા ને ૭૫ જણા કેદ પકડાયા તો હવે બાકી કેટલા માણુસ રહ્યા? તે માત્ર બાદબાકીથી શોધી કાઢો.

(૧૧) એક માણુસે ત્રણુ ઘોડા દરેક રૂ. ૩૭૫ ની કિમતે વેચાતા લીધા. પેહલો ઘોડો ૪૧૬ રૂપિયે વેચ્યો. બીજો ઘોડો ૩૦૦ રૂપિયે ને ત્રીજો ઘોડો ૫૧૮ રૂપિયે વેચાયો. ત્યારે બધા મળી તે માણુસને નફો શું થયો?

(૧૨) એક સંખ્યામાં ૨૩૭ ઉમેરો તો તે સંખ્યા ૪૧૬ થાય છે તો તે સંખ્યા શું?

પાઠ ૪૭.

૧૦૦૦—૧૪૭ એમાં ૦ માંથી સાત તો જાય નહીં તો શું કરશો? ૧ દશક ક્યાંથી વટાવશો? ૧ હજારમાં સો કેટલા? ૧૦ સોમાંથી ૧ સો વટાવો તો દશક કેટલા આવશે? ત્યારે ૧૦૦૦ વટાવી શતક, દશક તથા એકમ કરી સઘળાં ખાનામાં સંખ્યા મુકવી હોય તો કેમ થશે?

હજાર	સો	દશ	એક
૧	૦	૦	૦

=

હજાર	સો	દશ	એક
	૯	૯	૧૦

માટે

૧૦૦૦—૧૪૭ એટલે

	શતક.	દશક	એકમ.
	૯	૯	૧૦
−	૧	૪	૭
=	૮	૫	૩

૧૦૦૦—૨૫૩ એ દાખલો કરી સમજાવો.

```
  ૧૦૦૦
− ૨૫૩
———
   ૭૪૭
```

[સમજ:—એક દશક વટાવતાં થાય ૧૦ એકમ તેમાંથી બાદ ૩ એકમ એટલે બાકી ૭. ૧ શતક વટાવતાં થયા ૧૦ દશક તેમાંથી વપરાયા ૧ દશક એટલે ૯ દશકમાંથી બાદ પાંચ, રહ્યા ૪ દશક, ૧ હજાર વટાવતાં ૧૦ શતક તેમાંથી ૧ શતક વપરાયો તેથી ૯ શતકમાંથી બાદ બે શતક, રહ્યા ૭ શતક.]

[બોલવામાં :—૦ ના થાય ૧૦, ૧૦ માંથી ૩ જાય બાકી ૭, નવમાંથી પાંચ જાય બાકી ચાર, નવમાંથી બે ગયા બાકી સાત.]

દાખલા ૪૭. (લખીત.)

(૧)

૧૦૦૦	૧૦૦૦	૧૦૦૦	૧૦૦૦	૧૦૦૦
− ૧૧૧	− ૨૩૩	− ૩૪૭	− ૪૮૨	− ૨૧૪

(૨)

૫૦૦—૨૧૩	૪૦૦—૧૧૫	૩૦૦—૧૯૭	૬૦૦—૪૨૭
૧૦૦૦—૩૩૩	૧૦૦૦—૪૬૭	૧૦૦૦—૫૦૦	૧૦૦૦—૩૧૦
૧૦૦૦—૫૬૧	૧૦૦૦—૬૦૯	૧૦૦૦—૨૭૧	૧૦૦૦—૨૧૨

૭૦૦—૩૯૧

૧૦૦૦—૪૧૭

પ્રકરણ ૧૨.

૧૧×૧ થી ૨૦×૧૦ સુધી મોંઢેના ગુણાકાર.

[સુચના:—આ પ્રકરણ પુરૂં કર્યા પછીજ પ્રકરણ ૧૩ લેવું એમ નથી. એ પ્રકરણનો એકેક પાઠ બીજાં પ્રકરણનાં પાઠો જોડે ચલાવવો વધારે ઠીક પડશે.)

પાઠ ૪૮.

કોઇ પણ સંખ્યામાં ૧૧ મોંઢેથી ઉમેરવા હોય તો શું કરશો? (પેહલાં ૧૦ ઉમેરી પછી ૧ ઉમેરવો.)

૧૫ માં ૧૧ ઉમેરો (૧૫+૧૦=૨૫, ૨૫+૧=૨૬.)

૧૧ માં ૧૧ ઉમેરો જે આવે તેમાં ૧૧ ઉમેરો એમ જવાબ ૧૧૦ આવે ત્યાં સુધી ઉમેરો.

૧૧×૭=૭૭ એટલે શું સમજો છો? (૧૧ ચીજ સાત વખત લો તો બધી મળી ૭૭ થાય છે.)

એજ પ્રમાણે ૧૧×૩=૩૩ એ સમજાવો.

૧૧×૩=૩૩ અને ૩×૧૧=૩૩ એ સળીઓ ગોઠવી દેખાડો.

૧૧×૫=૫૫ એ ઉપરથી ૫૫ ચીજના ૫ સરખા ભાગ કરો તો દરેક ભાગમાં શું આવે તે કહો. ૫૫ ના ૧૧ સરખા ભાગ કરો તો?

૫૯ ચીજના ૧૧ સરખા ભાગ કરતાં બાકી શું રહેશે?

દાખલા ૪૮. ક.

(૧)

૧૧×૧=	૧×૧૧=	૧૧÷૧=	૧૧÷૧૧=
૧૧×૨=	૨×૧૧=	૨૨÷૨=	૨૨÷૧૧=
૧૧×૩=	૩×૧૧=	૩૩÷૩=	૩૩÷૧૧=
એમ ૧૧×૧૦ સુધી કહો.	એમ ૧૦×૧૧ સુધી ગણો.	એમ ૧૧૦÷૧૦ સુધી.	એમ ૧૧૦÷૧૧ સુધી.

(૨) ઉપલા દાખલામાંના પેહલા બે પાડા ઉતરતા તથા ચઢતા મોંઢે બોલી જાઓ.

(૩) ૧૧૦ માંથી ૧૧ બાદ કરો. (પેહલાં દશ પછી એક બાદ કરો) જે જવાબ આવે તેમાંથી ૧૧ બાદ કરો એમ ૦ જવાબ આવે ત્યાં સુધી કરો.

(૪)

૧૧× ૨	૧૧× ૭	૧૧× ૫	૧૧× ૧	૧૧× ૩	૧૧× ૮
૧૧×૧૦	૧૧× ૯	૧૧× ૨	૫×૧૧	૯×૧૧	૩×૧૧
૮×૧૧	૭×૧૧	૯×૧૧	૪×૧૧	૨×૧૧	૧×૧૧
૧૦×૧૧	૯× ૮	૭× ૭	૫× ૪	૬× ૮	૭× ૬

(૫)

૨૨÷૧૧	૩૬÷ ૯	૪૪÷૪	૪૨÷ ૬	૫૫÷૧૧	૪૪÷૧૧
૬૪÷ ૮	૫૫÷ ૫	૩૫÷૭	૬૬÷૧૧	૩૬÷ ૪	૮૮÷ ૮
૧૧÷ ૧૧	૩૩÷ ૩	૧૮÷૬	૫૦÷૧૦	૭૭÷૧૧	૯૯÷ ૯
૧૮÷ ૯	૧૧૦÷૧૦	૨૪÷૮	૧૧૦÷૧૧	૩૦÷ ૬	૨૨÷ ૨

(૬) નીચેના દાખલામાં ભાગાકાર શું આવશે ને બાકી શું રહેશે?

૧૨÷૧૧	૧૮÷૧૧	૬૦÷૧૧	૭૫÷૧૧	૧૪÷૧૧	૪૫÷૧૧
૫૦÷ ૯	૧૭÷ ૮	૧૩÷૧૧	૭૭÷૧૦	૭૭÷૧૧	૮૦÷૧૧
૨૦÷ ૬	૩૭÷૧૧	૪૦÷૧૧	૪૮÷ ૯	૪૯÷૧૧	૫૦÷ ૭
૨૨÷૧૧	૨૯÷૧૧	૩૨÷૧૧	૩૪÷૧૧	૩૮÷૧૧	૪૩÷૧૧
૪૫÷૧૧	૫૦÷૧૧	૫૩÷૧૧	૫૬÷૧૧	૬૪÷૧૧	૭૨÷ ૭
૮૫÷ ૯	૩૦÷૧૧	૧૪÷ ૩	૧૬÷ ૭	૨૧÷૧૧	૨૭÷ ૫

દાખલા ૪૮. ખ.

(૧) એક ચીજની ૧૧ રૂપિયા કિમત પડે તો ૬ ચીજનું શું પડશે?

(૨) દર મહિને ૧૧ રૂપિયા ખર્ચ કરતાં એક માણસે ૪૪ રૂપિયા ખર્ચ કર્યો તો તે કેટલા મહિનામાં થયો હશે?

(૩) ૯૯ કેરી કેટલા માણસોમાં સરખે ભાગે વ્હેંચો તો દરેકને ૯ કેરી આવશે?

(૪) ૯૦ કેરીમાં કેટલી ઓછી હોય તો ૮ માણસને દરેકને ૧૧ કેરી આવશે?

(૫) એક મેવાવાળાએ પોતાની ટોપલીમાં સેબ હતાં તેના ૧૧ સરખા ઢગલા કર્યાં. દરેક ઢગલામાં પાંચ સેબ હતાં ને બાકી ત્રણ સેબ રહ્યાં ત્યારે તેની પાસે સેબ કેટલાં?

(૬) ૯૨ દોઢિયાં ૧૧ માણસોને સરખે ભાગે વ્હેંચતાં બાકી શું રહેશે? દરેકને કેટલાં દોઢિયાં મળશે? દરેકને બેઆની કેટલી મળશે?

[સુચના:—આ પ્રમાણેના બીજા દાખલા બનાવી છોકરાઓને પુછવા.]

પાઠ ૪૯.

કોઇ પણ સંખ્યામાં મોઢેથી બાર ઉમેરવા હોય તો શું કરશો? (૧૦+૨). ૧૫૭ એમાં બાર ઉમેરો. (૧૫૭+૧૦=૧૬૭; ૧૬૭+૨=૧૬૯.)

બારમાં બાર ઉમેરો જે જવાબ આવે તેમાં બાર ઉમેરો ત્યારે બધા મળી કેટલા બાર ઉમેરેલા કેહવાય?

ત્રણ વખત બાર ઉમેરાય તો છત્રીસ થાય એમ અંકમાં ટુંકમાં લખો. (૧૨×૩=૩૬.)

૩૬ માં બાર ત્રણ વખત સમાય છે. હવે છત્રીસમાં બાર ઉમેરો, તો કેટલી વખત ૧૨ નો સરવાળો થયો કેહવાય? બાર કેટલી વખત લીધેલા કેહવાય?

૧૨×૫=૬૦ ને એક આનાની બાર પૈ તો પાંચ આનાની કેટલી?

૧૨×૬=૭૨ તો ૭૨ પૈના આના કેટલા થાય?

જેમ આપણો રૂપિયો છે તેમ વેલાતમાં "શિલિંગ" કરી સિક્કો છે; એક શિલિંગના બાર ભાગ કરેલા હોય છે તેનું દરેકનું નામ "પેની." (બહુવચન, "પેન્સ") હવે શિલિંગની બાર પેન્સ તો ૭૨ પેન્સની શિલિંગ કેટલી?

૧૨×૨=૨૪ તો ૨૪ પૈના આના કેટલા? ૨૭ પૈના આના કરો તો કેટલા આના ને કેટલી પૈ બાકી રહે?

બાર ચીજ એટલે એક "દજન" ચીજ તો ૨૪ ચીજ તે કેટલા દજન?

દાખલા ૪૯. ક.

(૧)

૧૨+૧૨=૨૪	૧૨૦–૧૨=૧૦૮
૨૪+૧૨=૩૬	૧૦૮–૧૨= ૯૬

એમ ઉમેરતાં જવાબ ૧૨૦ સુધી.	એમ જવાબ ૦ આવે ત્યાં સુધી બાદ કરો.

(૨)

૧૨×૧=૧૨	૧×૧૨=૧૨	૧૨÷૧=૧૨	૧૨÷૧૨=૧
૧૨×૨=૨૪	૨×૧૨=૨૪	૨૪÷૨=૧૨	૨૪÷૧૨=
૧૨×૩=	૩×૧૨=	૩૬÷૩=	૩૬÷૧૨=
એમ ૧૨×૧૦ સુધી ગણો.	એમ ૧૦×૧૨ સુધી.	એમ ૧૨૦÷૧૦ સુધી.	એમ ૧૨૦÷૧૨ સુધી.

(૩) બીજા દાખલામાંના પેહલા બે પાડા ઉતરતા ચઢતા બોલી જાઓ. એ દાખલામાંના ચારે પાડા ધરથી જવાબ સાથે ઉતારી લાવજો.

(૪)

૧૨× ૨	૧૧× ૫	૧૨× ૭	૮× ૮	૧૨× ૫	૧૧× ૩	૧૦× ૪
૭× ૬	૧૨× ૬	૧૧× ૩	૧૨× ૯	૧૨× ૮	૯× ૫	૧૨× ૪
૧૨×૧૦	૬×૧૧	૭×૧૨	૯×૧૧	૯×૧૨	૧૦×૧૨	૧×૧૨
૫× ૬	૭× ૫	૪×૧૨	૫× ૯	૩×૧૨	૪× ૬	૧૧× ૯
૮×૧૨	૬×૧૨	૧૨× ૫	૧૧× ૭	૮× ૩	૬× ૯	૧૦×૧૨

(૫)

૧૨÷૩	૧૨÷૧૨	૩૬÷૬	૩૬÷૧૨	૩૬÷૯	૨૪÷૧૨	૩૩÷૩
૩૬÷૪	૩૬÷૩	૨૪÷૨	૨૪÷૬	૩૬÷૬	૪૮÷૪	૩૨÷૮
૪૮÷૧૨	૪૮÷૬	૩૬÷૯	૪૮÷૮	૬૦÷૫	૪૮÷૪	૬૦÷૬
૬૦÷૧૦	૭૨÷૬	૮૪÷૧૨	૬૦÷૧૨	૭૨÷૧૨	૯૬÷૮	૮૪÷૭
૯૬÷૧૨	૨૮÷૭	૧૦૮÷૯	૩૫÷૫	૪૨÷૬	૪૯÷૭	૬÷૨
૧૦૮÷૧૨	૭૦÷૭	૯૯÷૯	૧૦૮÷૯	૧૨૦÷૧૨	૧૦૦÷૧૦	૧૨૦÷૧૦

(૬)

૧૨× ૨+ ૩	૧૨×૪+૪	૧૨×૫+૬	૧૨×૬+ ૭	૧૨×૮+૧૦
૧૧× ૫+ ૪	૧૨×૨+૬	૧૨×૩+૭	૧૨×૯+૧૦	૧૨×૨+૧૧
૧૨×૧૦+૧૧	૧૨×૭+૯	૧૨×૬+૯	૧૨×૧+ ૮	૧૧×૭+૧૦
૧૨× ૮+ ૧	૧૨×૨+૨	૧૨×૪+૮	૧૨×૬+૧૦	૧૨×૬+ ૮

(૭) નીચેના દાખલામાં ભાગાકાર તથા શેષ (એટલે બાકી રહે તે) કહો.

૧૫÷૧૨ ૩૫÷૧૨ ૧૮÷૧૨ ૫૦÷૧૨ ૨૦÷૧૨ ૩૦÷૧૨ ૮૮÷ ૯
૯૯÷૧૨ ૧૦૦÷૧૧ ૧૧૦÷૧૨ ૮૭÷૧૨ ૮૫÷ ૯ ૧૦૧÷૧૨ ૧૫÷ ૪
૧૭÷૧૨ ૫૫÷૧૨ ૫૮÷૧૧ ૬૫÷૧૨ ૭૦÷૧૨ ૭૨÷૧૨ ૭૮÷૧૨
૮૮÷૧૦ ૯૦÷૧૨ ૯૧÷૧૦ ૯૫÷૧૨ ૯૮÷૧૧ ૧૦૫÷૧૨ ૧૦૯÷૧૨

(૮) નીચેના દાખલામાં આપેલી આનાની પૈ તથા શિલિંગની પેન્સ કરો.

આના.	પૈ.	શી.	પે.	આના.	પૈ.	શી.	પે.
૬ =		૩ =		૯ =		૪ =	
૮ =		૭ =		૧૦ =		૮ =	
૯ =		૨ =		૩ =		૫ =	

(૯) નીચેના દાખલામાં આપેલી પૈના આના તથા પેન્સની શિલિંગ કરો.

પૈ.	આના.	પેન્સ.	શિલિંગ.	પૈ.	આના.
૨૪ =		૩૬ =		૬૦ =	
૬૦ =		૮૪ =		૭૨ =	
૧૦૮ =		૧૨૦ =		૪૮ =	

(૧૦) નીચેના દાખલામાં આપેલી પૈના આના કરો. જે આના આવે તે તથા બાકી પૈ રહે તે કહો.

૨૭ ૩૦ ૩૬ ૩૯ ૪૮ ૪૨ ૫૦ ૭૨ ૮૮ ૯૦ ૯૫
૧૫ ૨૮ ૪૦ ૪૪ ૫૪ ૪૭ ૫૭ ૮૦ ૯૬ ૯૯ ૧૦૨
૧૪ ૩૫ ૪૩ ૪૯ ૬૧ ૬૭ ૬૯ ૮૫ ૧૦૫ ૧૦૯ ૧૧૫

(૧૧) નીચેના દાખલાના આના પૈ ની પૈ કરો.

આના.	પૈ.	આના.	પૈ.	આના.	પૈ.	આના.	પૈ.
૨	૪	૩	૬	૪	૮	૫	૭
૧	૬	૬	૪	૧૦	૦	૧૧	૯
૭	૮	૯	૧૦	૧૨	૧૧	૮	૦
૧૫	૫	૧૪	૧૧	૧૩	૧૦	૭	૯

દાખલા ૪૯. ખ.

(૧) એક એક પટપટીઉં પૈ પૈએ મળે છે. તો બે આનાનાં કેટલાં પટપટીઆં આવશે?

(૨) એક રૂપિયાની બાર ચોપડીઓ મળે તો ૬૦ ચોપડીઓનું શું પડશે?

(૩) એકેક માણસને બાર બોર આપશો તો ૧૦૮ બોર કેટલાં માણસને આપી શકાશે?

(૪) એકેક હારમાં ૧૨ છોકરા ઉભા રહે તો ૯૬ છોકરાઓની કેટલી હાર થશે?

(૫) ચોપડીનાં એકેક પાનાંપર ૧૨ લીટી છે. એક છોકરાએ ૭૨ લીટી લખી તો તેણે કેટલાં પાનાં લખ્યાં?

(૬) ૯૯ ચીજ બાર માણસોમાં સરખે ભાગે વ્હેંચતાં બાકી કેટલી ચીજ રહી જશે?

(૭) સાત પૈની એક નારંગી તો ૧૨ નારંગીનું શું? તેના આના કેટલા પડશે?

(૮) એકેક માણસને નવ પૈ મળે તો બાર માણસને બધા મળી કેટલા આના મળ્યા હશે?

(૯) બે આનાની પૈ ૧૨ માણસોને સરખે ભાગે આપતાં દરેક માણસને કેટલી પૈ મળશે?

(૧૦) ૯૯ ચીજ ૮ માણસોને આપતાં દરેકને શું મળશે ને બાકી શું રહેશે?

(૧૧) એક માણસ પાસે પંદર આના હતા. તેમાંથી સાત આના તેણે ખર્ચ્યા; બાકીનાની પૈ કરાવી બાર ભીખારીઓને સરખે ભાગે વ્હેંચી આપી તો દરેક ભીખારીને શું મળ્યું?

(૧૨) મુંબઇથી ઉપડેલી આગગાડી આઠ કલાકે સંજાણ જઇ પહોંચે છે. ગાડી દર કલાકે બાર માઇલ ચાલે તો મુંબઇથી સંજાણ કેટલું દુર હશે?

(સુચના:—૧૨ વડેના ગુણાકાર ભાગાકાર ઉપલા વર્ગોમાં બહુ અગત્યના થઇ પડે છે. માટે બીજા ઘણા મોંઢેના દાખલાઓ બનાવી વર્ગમાં શિક્ષકે કરવા ઠીક પડશે.)

પાઠ ૫૦.

૨૫ માં ૧૩ ઉમેરો. કોઇ પણ સંખ્યામાં મોંઢેથી ૧૩ કેમ ઉમેરશો? (૧૦ પછી ૩.)

કોઇ પણ સંખ્યામાં ૧૩ મોંઢેથી બાદ કેમ કરશો? (–૧૦–૩.)

૧૩×૫=૬૫ એનો અર્થ સમજાવો? એ પરથી તમે કેટલા ભાગાકાર કહી શકશો?

૬૫ માં શું ઉમેરો તો ૭૩ થાય? ૭૩ ચીજ ૧૩ માણસોમાં વ્હેંચો તો દરેકને ભાગે કેટલી આવે ને બાકી વ્હેંચ્યા વગર શું રહે?

દાખલા ૫૦. ક.

(૧)

૧૩+૧૩=૨૬	૧૩૦–૧૩=૧૧૭
૨૬+૧૩=૩૯	૧૧૭–૧૩=૧૦૪
૩૯+૧૩=	૧૦૪–૧૩=
એમ જવાબ ૧૩૦ સુધી.	એમ જવાબ ૦ સુધી.

(૨)

૧૩×૧=૧૩	૧×૧૩=૧૩	૧૩÷૧=૧૩	૧૩÷૧૩=૧
૧૩×૨=૨૬	૨×૧૩=૨૬	૨૬÷૨=૧૩	૨૬÷૧૩=૨
૧૩×૩=	૩×૧૩=	૩૯÷૩=	૩૯÷૧૩=
એમ જવાબ ૧૩૦ સુધી.	એમ જવાબ ૧૩૦ સુધી.	એમ ૧૩૦÷૧૩ સુધી.	એમ ૧૩૦÷૧૩ સુધી.

(૩) પેહલા બે પાડા ચઢ ઉતર બોલવા તથા સઘળા જવાબ સાથે ચોપડીમાં લખવા.

(૪)

૧૩× ૭	૧૨× ૫	૧૧× ૬	૧૩× ૩	૮× ૯	૫× ૭	૮× ૯
૧૨× ૮	૧૩× ૨	૧૧× ૯	૧૩× ૭	૧૩× ૯	૪× ૮	૧૩× ૫
૧૩× ૧	૫×૧૩	૭×૧૩	૯×૧૩	૨×૧૩	૪×૧૨	૫×૧૧
૪×૧૩	૧×૧૩	૧૩× ૭	૧૨× ૯	૧૧× ૮	૯× ૯	૧૦× ૬
૧૨× ૭	૧૧× ૯	૧૩× ૮	૧૨×૧૦	૮× ૬	૭× ૩	૪×૧૩

(૫)

૩૯÷૧૩	૪૮÷૧૨	૫૫÷૧૧	૩૫÷૭	૪૮÷ ૬	૨૬÷૧૩
૬૫÷૧૩	૨૪÷ ૮	૭૮÷૧૩	૬૦÷૫	૯૧÷૧૩	૪૮÷ ૪
૫૨÷૧૩	૧૦૪÷૧૩	૫૨÷ ૪	૨૬÷૨	૧૧૭÷૧૩	૬૫÷ ૫
૭૦÷ ૭	૯૧÷ ૭	૧૧૭÷ ૯	૯૦÷૯	૧૨૦÷૧૦	૧૩૦÷૧૩
૩૬÷ ૬	૪૯÷ ૭	૬૩÷ ૭	૪૦÷૮	૬૩÷ ૯	૮૧÷ ૯

(૬)

૧૩×૨+૬	૧૩× ૬+ ૭	૧૩×૭+ ૯	૧૩×૮+૧૦	૧૩×૩+૬
૧૩×૪+૮	૧૩× ૯+૧૨	૧૩×૨+૧૦	૧૩×૫+૧૧	૧૩×૮+૬
૧૩×૯+૩	૧૩×૧૦+૧૦	૧૨×૩+ ૯	૧૧×૭+ ૫	૮×૯+૬

(૭) નીચેના દાખલામાં ભાગાકાર તથા શેષ કહો.

૩૫÷૧૩	૩૮÷૧૩	૬૦÷૧૩	૭૫÷૧૩	૯૨÷૧૩	૧૧૦÷૧૩
૩૦÷૧૩	૬૨÷૧૩	૮૫÷૧૩	૯૯÷૧૩	૧૧૨÷૧૩	૧૨૫÷૧૩
૧૨૯÷૧૩	૭૮÷૧૩	૮૮÷૧૩	૯૭÷૧૩	૮૫÷૧૨	૮૭÷૧૧
૫૪÷૧૦	૬૬÷૧૨	૭૭÷૧૨	૭૯÷ ૯	૧૧૧÷૧૩	૫૫÷૧૩

દાખલા ૫૦. ખ.

(૧) એક રૂપિયાની તેર કેરી તો આઠ રૂપિયાની કેટલી?

(૨) રોજ ૧૩ ગાઉ ચાલતાં ૧૧૪ ગાઉ કેટલા દિવસમાં પુરા થશે?

(૩) ૯૧ ચીજના કેટલા સરખા ઢગલાં કરો તો દરેકમાં ૧૩ ચીજ આવશે?

(૪) ૭૦ રૂપિયા ૧૩ માણસોને આપતાં દરેકને શું મળશે? બાકી શું રહેશે?

[સૂચનાઃ–આ જાતના બીજા દાખલા બનાવી શિક્ષકે પુછવા.]

પાઠ ૫૧.

કોઇ પણ સંખ્યામાં ૧૪ મોંઢેથી ઉમેરવા કે બાદ કરવા હોય તો શું કરશો? (૧૦+૪ કે–૧૦–૪.) ૧૫ માં ૧૪ ઉમેરો. ૩૬ માંથી ૧૪ બાદ કરો.

૧૪×૫=૭૦ તો પાંચ ચીજ કેટલી વખત લેતાં ૭૦ થાય? ૭૦ ચીજના પાંચ સરખા ભાગ કરો તો દરેક ભાગમાં શું આવે?

૭૦+૭ ચીજ ૧૪ માણસમાં વ્હેંચતાં દરેકને શું મળે?

દાખલા ૫૧. ક.

(૧)

૧૪+૧૪=૨૮	૧૪૦–૧૪=૧૨૬
૨૮+૧૪=	૧૨૬–૧૪=
એમ જવાબ ૧૪૦ સુધી.	જવાબ ૦ સુધી.

(૨)

૧૪×૧=૧૪	૧×૧૪=૧૪	૧૪÷૧=૧૪	૧૪÷૧૪=૧
૧૪×૨=૨૮	૨×૧૪=૨૮	૨૮÷૨=૧૪	૨૮÷૧૪=
૧૪×૩=	૩×૧૪=	૪૨÷૩=	૪૨÷૧૪=
એમ ૧૪×૧૦ સુધી.	એમ ૧૦×૧૪ સુધી.	એમ ૧૪૦÷૧૦ સુધી.	એમ ૧૪૦÷૧૪ સુધી.

(૩) બીજા દાખલાના પેહલા બે પાડા મોંઢે બોલો તથા ચારે પાડા ચોપડીમાં લખી લાવો.

(૪)

૧૪× ૨	૧૪× ૫	૧૪× ૭	૧૪× ૬	૧૪× ૨	૧૪× ૪
૧૪× ૯	૧૪× ૩	૧૪× ૮	૧૨× ૫	૧૩× ૬	૧૩× ૮
૪×૧૪	૧૩× ૯	૬×૧૪	૮×૧૪	૧૩× ૫	૧૪×૧૦
૭×૧૪	૩×૧૪	૯×૧૪	૨×૧૪	૧૦×૧૪	૯×૧૪

(૫)

૨૮÷૧૪	૫૬÷૧૪	૧૪÷૧૪	૭૦÷૧૪	૯૮÷૧૪	૧૧૨÷૧૪
૧૪૦÷૧૪	૪૨÷૧૪	૧૨૬÷૧૪	૭૦÷ ૫	૫૬÷ ૪	૪૮÷ ૪
૬૫÷૧૩	૮૪÷૧૪	૯૮÷ ૭	૭૭÷ ૭	૯૧÷ ૭	૧૨૬÷ ૯
૬૦÷ ૫	૭૮÷૧૩	૧૦૪÷૧૩	૧૧૭÷ ૯	૧૨૬÷ ૯	૧૪૦÷૧૦

(૬)

૧૪×૩+૬	૧૪×૫+૧૦	૧૪×૮+૧૨	૧૪×૭+ ૮	૧૪×૪+ ૭
૧૪×૨+૨	૧૪×૬+ ૭	૧૪×૯+૧૩	૧૪×૧+ ૫	૧૪×૩+ ૮
૧૪×૪+૯	૧૪×૭+૧૧	૧૪×૫+૧૨	૧૪×૩+૧૦	૧૪×૬+૧૩

(૭) નીચેના દાખલાઓમાં ભાગાકાર તથા શેષ કહો.

૧૮÷૧૪	૩૧÷૧૪	૪૫÷૧૪	૭૭÷૧૪	૧૦૮÷૧૪	૧૩૭÷૧૪
૬૦÷૧૪	૯૦÷૧૪	૭૫÷૧૪	૧૩૦÷૧૪	૧૨૦÷૧૪	૩૫÷૧૪
૫૦÷૧૪	૬૫÷૧૪	૯૯÷૧૪	૯૧÷૧૪	૮૪÷૧૪	૪૦÷૧૪
૬૨÷૧૨	૭૫÷૧૩	૧૦૦÷૧૧	૧૦૫÷૧૪	૧૧૦÷૧૨	૮૮÷૯

દાખલા ૫૧. ખ.

(૧) ૯૮ ચીજ ૧૪ માણસોને સરખે ભાગે આપો તો દરેકને શું મળશે?

(૨) એક ઝાડની આઠ ડાળી, દરેક ડાળીપર ૧૪ પક્ષિ તો બધાં મળી પક્ષિ કેટલાં?

(૩) ૧૧૨ ચીજના કેટલા સરખા ભાગ કરો તો દરેકમાં ૧૪ ચીજ આવે?

(૪) ચાર માણસોને દરેકને ૧૪ દોઢિયાં આપવા બધાં મળી કેટલાં દોઢિયાં જોઇશે? એ બધાં દોઢિયાંની એઆની કેટલી?

(૫) આઠ વખત સાત ચીજ તે કેટલી વખત ૧૪ ચીજ જેટલી થાય?

(૬) ૧૦૦ રૂપિયાના ૧૪ સરખા ભાગ કરો તો દરેક ભાગમાં શું આવશે? બાકી શું?

પાઠ ૫૨.

કોઇ પણ સંખ્યામાં મોંઢેથી ૧૫ ઉમેરવા કે બાદ કરવા હોય તો કેમ કરશો? (+૧૦+૫; −૧૦−૫.) ૭૮ માં ૧૫ ઉમેરો. ૧૨૭ માંથી ૧૫ બાદ કરો.

૧૫×૬=૯૦ એટલે શું તે સમજાવો. એ પરથી બે ભાગાકાર શું થઇ શકે?

ત્રણ ચીજ કેટલી વખત લો તો ૧૫? પાંચ ચીજ કેટલી વખત? ૭ વખત પાંચ ચીજ લો તો કેટલી વખત ૧૫ ચીજ બરાબર થાય?

દાખલા ૫૨. ક.

(૧)

૧૫+૧૫=૩૦	૧૫૦−૧૫=૧૩૫
૩૦+૧૫=	૧૩૫−૧૫=
એમ જવાબ ૧૫૦ સુધી.	એમ જવાબ ૦ સુધી.

(૨)

૧૫×૧=૧૫	૧×૧૫=૧૫	૧૫÷૧=૧૫	૧૫÷૧૫=૧
૧૫×૨=૩૦	૨×૧૫=	૩૦÷૨=	૩૦÷૧૫=
એમ ૧૫×૧૦ સુધી.	એમ ૧૦×૧૫ સુધી.	એમ ૧૫૦÷ ૧૦ સુધી.	એમ ૧૫૦÷ ૧૫ સુધી.

(૩) પેહલા બે પાડા મોંઢે ચઢ ઉતર બોલો તથા સઘળા પાડા લખી લાવો.

(૪)

૧૫× ૬	૧૪× ૫	૧૫×૭	૧૪× ૮	૧૫× ૪	૧૩× ૭	૧૨× ૫
૧૫× ૨	૧૫× ૭	૧૧×૩	૧૫× ૪	૧૨× ૬	૧૫× ૩	૧૩× ૮
૩×૧૫	૬×૧૫	૧૫×૮	૫×૧૫	૭×૧૫	૯×૧૫	૨×૧૫
૧×૧૫	૧૦×૧૫	૧૫×૫	૧૫× ૯	૧૪× ૩	૧૫× ૪	૧૨× ૯

(૫)

૩૦÷૧૫	૭૫÷૧૫	૧૦૫÷૧૫	૪૫÷૧૫	૧૩૫÷૧૫	૯૦÷૧૫
૧૫÷૧૫	૧૫૦÷૧૦	૬૦÷૧૫	૨૮÷૧૪	૧૨૬÷૧૪	૧૫૦÷૧૫

(૬)

૧૫×૫+ ૬	૧૫×૮+૧૦	૧૫×૩+ ૯	૧૫×૬+૧૨	૧૫×૯+૧૩
૧૫×૨+૧૪	૧૫×૭+૧૨	૧૫×૪+૧૦	૧૫×૨+ ૩	૧૫×૧+૧૨

(૭) નીચેના દાખલામાં ભાગાકાર તથા શેષ કહો.

૩૫÷૧૫	૬૯÷૧૫	૫૭÷૧૫	૬૮÷૧૫	૧૦૦÷૧૫	૧૦૪÷૧૫
૨૫÷૧૫	૪૦÷૧૫	૧૨૦÷૧૫	૧૩૩÷૧૫	૧૧૦÷૧૫	૯૫÷૧૫
૪૨÷૧૫	૫૭÷૧૫	૬૮÷૧૫	૯૭÷૧૫	૧૨૫÷૧૫	૧૬૦÷૧૫

દાખલા ૫૨. ખ.

(૧) એક રૂપિયે ૧૫ વાર કપડું મળે છે તો ૭ રૂપિયાનું કેટલું આવશે?

(૨) ૧૩૫ સીપાઇઓને પંદર પંદરની હારમાં ઉભા રાખતાં કેટલી હાર થશે?

(૩) પાંચ પાંચ ચીજ ૭ વખત લો. તે સઘળાની કેટલી સરખી ઢગલી કરો તો દરેકમાં પંદર આવશે?

(૪) ચાર ભીખારીને દરેકને પંદર પૈ આપો તો બધા મળીને કેટલા આના ખર્ચ થયો?

(૫) "સોવરેન" કરી સોનાનો સિક્કો છે તેની કિંમત ૧૫ રૂપિયા થાય છે તો ૪ સોવરેનના કેટલા રૂપિયા આવશે?

[સુચના :—આ જાતના બીજા દાખલા શિક્ષકે બનાવી વર્ગમાં પુછવા.]

પાઠ ૫૩.

કોઇ પણ સંખ્યામાં મોંઢેથી ૧૬ ઉમેરવા કે બાદ કરવા હોય તો શું કરશો?

૫૮ માં ૧૬ ઉમેરો. (૫૮+૧૦=૬૮, ૬૮+૬=૭૪.) ૧૫૭ માંથી ૧૬ બાદ કરો. (−૧૦−૬.)

૧૬×૬=૯૬. હવે એક રૂપિયાના ૧૬ આના છે તો ૭ રૂપિયાના કેટલા આના?

૧૬×૪=૬૪ તો ૬૪ આનાના રૂપિયા કેટલા? ૬૪ આનાના પાવલા કેટલા?

૭૦ આનામાંથી કેટલા રૂપિયા આવે ને કેટલા આના રહે?

૧૬×૨=૩૨ તો ૨ રૂપિયાના આના કેટલા? ૨ રૂપિયા ૪ આનાના આના કેટલા?

દાખલા ૫૩. ૩

(૧)

૧૬+૧૬=૩૨	૧૬૦−૧૬=૧૪૪
૩૨+૧૬=	૧૪૪−૧૬=
જવાબ ૧૬૦ સુધી.	જવાબ ૦ સુધી.

(૨)

૧૬×૧=૧૬	૧×૧૬=૧૬	૧૬÷૧=૧૬	૧૬÷૧૬=૧
૧૬×૨=૩૨	૨×૧૬=૩૨	૩૨÷૨=૧૬	૩૨÷૧૬=૨
૧૬×૩=	૩×૧૬=	૪૮÷૩=	૪૮÷૧૬=
૧૬×૧૦ સુધી.	૧૦×૧૬ સુધી.	૧૬૦÷૧૦ સુધી.	૧૬૦÷૧૬ સુધી.

(૩) પેહલા બે પાડા મોઢે કરો તથા સઘળા પાડા ચોપડીમાં લખો.

(૪)

૧૬× ૫	૧૫× ૪	૧૪× ૩	૧૬× ૬	૧૫× ૫	૧૪× ૭	૧૬× ૨
૧૧× ૯	૧૬× ૭	૧૨× ૮	૧૬× ૧	૧૬× ૯	૧૩× ૮	૧૪× ૫
૧૬× ૪	૨×૧૬	૧૬×૧૦	૧૬× ૮	૧૪× ૬	૧૬× ૩	૧૩× ૯
૨×૧૬	૫×૧૬	૭×૧૬	૩×૧૬	૯×૧૬	૪×૧૬	૮×૧૬

(૫)

૪૮÷૧૬	૮૦÷૧૬	૩૦÷ ૨	૧૨૮÷૧૬	૪૫÷ ૯	૧૬૦÷૧૬	૫૦÷૧૦
૬૪÷૧૬	૧૧૨÷૧૬	૮૦÷ ૫	૧૪૪÷૧૬	૯૬÷૧૬	૯૮÷ ૭	૧૬÷૧૬
૩૨÷૧૬	૮૧÷ ૯	૭૦÷૧૪	૧૦૮÷૧૨	૮૦÷ ૫	૭૮÷૧૩	૧૧૨÷ ૭
૯૮÷ ૭	૬૪÷ ૪	૯૬÷૧૨	૯૬÷ ૬	૬૪÷ ૮	૬૪÷ ૪	૪૮÷ ૮
૪૮÷ ૪	૭૨÷ ૪	૭૨÷ ૮	૯૦÷ ૫	૮૦÷ ૮	૧૬૦÷૧૦	૧૨૦÷૧૨

(૬)

૧૬×૨+ ૮	૧૬×૬+ ૭	૧૬×૩+ ૯	૧૬× ૪+૧૫	૧૬×૭+ ૮
૧૬×૧+૧૫	૧૬×૮+૧૨	૧૬×૪+૧૧	૧૬× ૫+૧૪	૧૬×૨+૧૩
૧૬×૯+૧૪	૧૬×૧+ ૬	૧૬×૩+ ૭	૧૬× ૭+૧૦	૧૬×૪+૧૨
૧૬×૫+ ૮	૧૬×૯+ ૭	૧૬×૮+૧૩	૧૬×૧૦+૧૨	૧૬×૬+ ૯

(૭) નીચેના દાખલામાં ભાગાકાર તથા શેષ કહો.

૪૦÷૧૬	૨૫÷૧૬	૩૫÷૧૫	૫૨÷૧૬	૩૦÷ ૯	૫૭÷૧૬
૭૮÷૧૬	૯૩÷૧૬	૧૧૦÷૧૬	૧૨૫÷૧૬	૧૪૧÷૧૬	૧૫૩÷૧૬

(૮) નીચે જણાવેલા રૂપિયાના આના કરો.

રૂ.	આ૦	રૂ.	આ૦	રૂ.	આ૦	રૂ.	આ૦	આ૦	રૂ.	આ૦	આ૦
૬=		૨=		૩=		૨	૬=		૭	૭=	
૯=		૮=		૫=		૩	૪=		૯	૨=	
૭=		૧૦=		૪=		૪	૫=		૧૦	૮=	

(૯) નીચે જણાવેલી સંખ્યાઓ આના છે તેના રૂપિયા કરો.

૪૮	૮૦	૧૧૨	૧૪૪	૩૨	૯૬	૧૨૮	૧૬૦
૬૪	૩૨	૫૦	૨૦	૨૪	૩૦	૩૫	૪૦
૪૪	૫૫	૬૨	૬૯	૭૩	૭૫	૮૩	૯૯
૧૧૫	૧૨૦	૧૩૦	૧૩૭	૧૪૦	૧૪૫	૧૫૦	૧૬૫

દાખલા ૫૩. ખ.

(૧) એક મજુર રોજ ૭ આના કમાય છે તો ૧૬ મજુરો કેટલા આના કમાશે? તે સઘળા આનાના રૂપિયા કેટલા થશે?

(૨) રોજ ૧૬ દોઢિયાં ખર્ચ તો કેટલા દિવસમાં ૬૪ દોઢિયાં પુરાં થઇ જશે?

(૩) ૧૪૪ આફુસની કેરી ૧૬ માણસોમાં સરખે ભાગે વ્હેંચી આપો તો દરેક માણસને શું મળશે? જો દરેક કેરીની કિમત એક આનો હોય તો એ સઘળી કેરીઓ પછવાડે શું ખર્ચ થશે?

(૪) ૧૨૪ કોડી છે. દર ૧૬ કોડીનો એકેક ઢગલો કરો તો બધા મળી કેટલા ઢગલા થાય? બાકી કેટલી કોડી રહે?

(૫) એક દશ રૂપિયાની નોટ વટાવી કેટલા માણસોને સરખે ભાગે આપો તો દરેક માણસને ૧૬ આના મળે?

(૬) એક માણસે ૩ રૂપિયા ૧૨ આના પોતાના ચાકરોમાં સરખે ભાગે આપ્યા; દરેક ચાકરને પાંચ આના મળ્યા ત્યારે બધા મળી કેટલા ચાકરો હશે?

(૭) એક ઠેકાણે ચાર ચાર નારંગીના ૧૨ ઢગલા છે. હવે એ સઘળી નારંગી એકઠી કરી સોલ સોલનો ઢગલો કરશો તો કેટલા ઢગલા થશે?

(૮) ૬ રૂ. ૪ આનાના આના કરી દશ માણસોને સરખે ભાગે આપો તો દરેકને શું મળશે?

(૯) ૧૬ મજુર છે. દરેક મજુરને સાત આના આપવા છે તો બધા મળી કેટલા રૂપિયા જોઇશે?

(૧૦) ૧૫૫ ચીજના ૧૬ સરખા ભાગ કરતાં બાકી શું વધશે?

(૧૧) ૯ રૂ. ૬ આનાના આના કરી કેટલા માણસોમાં વ્હેંચશો તો દરેકને એક રૂપિયામાં એક આનો ઓછો મળશે?

(૧૨) ૮૯ દોઢિયાં છે. ઓછામાં ઓછાં કેટલાં દોઢિયાં વધારે હોય તો ૧૬ માણસને સરખે ભાગે વ્હેંચી શકાય?

[સૂચના:—આ જાતના બીજા મોઢેના દાખલા બનાવી પુછવા.]

પાઠ ૫૪.

કોઇ પણ સંખ્યામાં ૧૭, ૧૮ અને ૧૯ મોંઢેથી કેમ ઉમેરવા કે બાદ કરવા તે કહો.

૧૨૫ એમાં ૧૭, ૧૮ અને ૧૯ ઉમેરો. ૨૫૭ એમાંથી ૧૭, ૧૮ અને ૧૯ બાદ કરો.

૧૭X૬=૧૦૨. એમાંથી ભાગાકાર કેટલા કહી શકશો?

દાખલા ૫૪.

(૧)

૧૭+૧૭=૩૪	૧૮+૧૮=૩૬	૧૯+૧૯=૩૮
૩૪+૧૭=૫૧	૩૬+૧૮=૫૪	૩૮+૧૯=૫૭
જવાબ ૧૭૦ સુધી.	જવાબ ૧૮૦ સુધી.	જવાબ ૧૯૦ સુધી.

(૨)

૧૭૦–૧૭=૧૫૩	૧૮૦–૧૮=૧૬૨	૧૯૦–૧૯=૧૭૧
૧૫૩–૧૭=૧૩૬	૧૬૨–૧૮=૧૪૪	૧૭૧–૧૯=૧૫૨
જવાબ ૦ સુધી.	જવાબ ૦ સુધી.	જવાબ ૦ સુધી.

(૩)

૧૭X ૧=૧૭	૧X૧૭=૧૭	૧૭÷ ૧=૧૭	૧૭÷૧૭=૧
૧૭X ૨=૩૪	૨X૧૭=૩૪	૩૪÷ ૨=૧૭	૩૪÷૧૭=૨
૧૭X૧૦ સુધી.	૧૦X૧૭ સુધી.	૧૭૦÷૧૦ સુધી.	૧૭૦÷૧૭ સુધી.

(૪) દાખલા ત્રીજાના પેહલા બે પાડા ચઢ ઉતર મોંઢેથી બોલો, તથા સઘળા લખી લાવો.

(૫) દાખલા ત્રીજા પ્રમાણે ૧૮X૧ થી ૧૮X૧૦ સુધી તથા ૧૯X૧ થી ૧૯X૧૦ સુધી દરેકના ચાર પાડા લખો. તથા તેમાંથી પેહલા બબે મોંઢે કરો.

(૬)

૧૭X૫	૧૮X ૪	૧૯X૩	૧૭X ૨	૧૮X૧	૧૯X ૨
૧૯X૪	૧૭X ૬	૧૮X૫	૧૯X ૬	૧૭X૪	૧૭X ૮
૧૭X૯	૧૮X ૨	૧૭X૫	૧૭X ૮	૧૭X૭	૧૮X ૬
૧૯X૯	૧૮X ૮	૧૯X૮	૧૮X૧૦	૧૯X૭	૧૮X ૯
૧૮X૬	૧૯X૧૦	૧૮X૭	૧૭X૧૦	૧૮X૩	૧૮X૧૦

(૭)

૯૦÷૧૮ ૫૧÷૧૭ ૩૬÷૧૮ ૫૭÷૧૯ ૧૦૮÷૧૮ ૬૮÷૧૭
૫૪÷૧૮ ૮૫÷૧૭ ૧૨૬÷૧૮ ૧૦૨÷૧૭ ૭૬÷૧૯ ૧૩૬÷૧૭
૧૭૧÷૧૯ ૧૫૩÷૧૭ ૯૫÷૧૯ ૧૪૪÷૧૮ ૩૪÷૧૭ ૧૧૯÷૧૭
૭૨÷૧૮ ૩૮÷૧૯ ૧૦૮÷૧૮ ૧૫૨÷૧૯ ૧૨૬÷૧૮ ૧૩૩÷૧૯

(૮)

૧૮X૫+૧૭ ૧૭X૪+૧૪ ૯X૩+૧૩ ૧૮X૬+૧૧ ૧૯X ૯+૧૨
૧૭X૭+૧૦ ૧૮X૮+૧૩ ૧૯X૬+૧૫ ૧૮X૯+૧૭ ૧૯X૧૦+૧૦

(૯) નીચેના દાખલામાં ભાગાકાર અને શેષ કહો.

૪૦÷૧૯ ૪૫÷૧૭ ૬૨÷૧૮ ૭૦÷૧૯ ૮૫÷૧૮ ૧૨૦÷૧૯ ૧૪૦÷૧૮

પાઠ ૫૫.

વીસ એટલે કેટલા દશક? બે દશક બે વખત લો તો કેટલા થાય? ત્યારે ૨૦X૨ શું?

૨X૧=૨ નો પાડો ૨X૧૦ સુધી બોલો ને તે પરથી ૨૦X૧ નો પાડો ૨૦X૧૦ સુધી જોડી બોલી દેખાડો. જો ૨X૫=૧૦ તો ૨ દશક પાંચ વખત તે કેટલા થયા?

આપણે ત્યાં સોનાનો સિક્કો 'સોવરેન' કરી ચાલે છે, તેના રૂપિયા કેટલા?

હવે એજ 'સોવરેન' વેલાતમાં ચાલે છે તેના વીસ ન્હાના સિક્કા છે. તે દરેકનું નામ શિલિંગ. કેટલી શિલિંગનો એક 'સોવરેન'? એક શિલિંગની પેન્સ કેટલી?

૨૦X૫=૧૦૦ તો ૧૦૦ શિલિંગના સોવરેન કેટલા? ૫ સોવરેનને ૮ શિલિગની શિલિંગ કેટલી?

દાખલા ૫૫. ક.

(૧)

૨૦+૨૦=૪૦
૪૦+૨૦=
જવાબ ૨૦૦ સુધી.

૨૦૦–૨૦=૧૮૦
૧૮૦–૨૦=
જવાબ ૦ સુધી.

(૨)

૨૦× ૧=૨૦   ૧×૨૦=૨૦   ૨૦÷ ૧=૨૦   ૨૦÷૨૦= ૧

૨૦× ૨=   ૨×૨૦=   ૪૦÷ ૨=   ૪૦÷૨૦=

૨૦×૧૦ સુધી. ૧૦×૨૦ સુધી. ૨૦૦÷ ૧૦ સુધી. ૨૦૦÷૨૦ સુધી.

(૩) બીજા દાખલાના પેહલા બે પાડા ચઢ ઉતર મોંઢે બોલો. તથા ચારે લખી લાવો.

(૪)

૨૦× ૭   ૨૦× ૯   ૨૦× ૬   ૨૦× ૪   ૨૦× ૩   ૨૦× ૫

૨૦× ૧   ૨૦×૧૦   ૨૦× ૮   ૨૦× ૨   ૭×૨૦   ૯×૨૦

૫×૨૦   ૮×૨૦   ૩×૨૦   ૧×૨૦   ૬×૨૦   ૪×૨૦

(૫)

૬૦÷૨૦ ૮૦÷૨૦ ૧૪૦÷૨૦ ૧૮૦÷૨૦ ૪૦÷૨૦ ૧૦૦÷૨૦

૧૨૦÷૨૦ ૧૬૦÷૨૦ ૨૦૦÷૨૦ ૨૦૦÷૧૦ ૧૦૦÷ ૫   ૬૦÷ ૩

(૬) નીચેની સંખ્યાના ભાગાકાર તથા શેષ કહો.

૨૭÷૨૦ ૩૫÷૨૦ ૪૩÷૨૦ ૫૭÷૨૦ ૬૯÷૨૦ ૭૭÷૨૦ ૮૬÷૨૦

૯૯÷૨૦ ૧૧૬÷૨૦ ૧૩૩÷૩૦ ૧૫૦÷૨૦ ૧૫૯÷૨૦ ૧૬૭÷૨૦ ૧૯૨÷૨૦

(૭) નીચેની શિલિંગના સોવરેન કરો.

૨૪ ૩૮ ૪૫ ૫૬ ૬૫ ૭૩ ૮૨ ૯૩ ૧૦૩ ૧૧૧ ૧૩૦.

(૮) નીચેના સોવરેન, શિલિંગની શિલિંગ કરો.

સો.	શિ.	શિલિંગ.	સો.	શિ.	શિલિંગ.	સો.	શિ.	શિલિંગ.
૩	૫=		૯	૧=		૭	૧૨=	
૪	૬=		૫	૩=		૮	૧૫=	
૮	૧૦=		૬	૨=		૯	૧૯=	

દાખલા ૫૫. ખ.

(૧) એક આનાનાં વીસ કાગળ મળે તો આઠ આનાનાં કેટલાં?

(૨) વીસ વીસ ચીજના ઢગલા કરતાં પાંચ ઢગલા થયા ને ૧૭ ચીજ બાકી રહી ત્યારે કેટલી ચીજ બધી મળી હશે?

(૩) રૂ. ૨૦×૭ એટલે કેટલા રૂપિયા? એ રૂપિયામાંથી દશ દશ રૂપિયાની નોટ લીધી હોય તો કેટલી લેવાશે?

(૪) ૨૦×૫ એમાં કેટલા દશક સમાય છે?

(૫) ૪ સોવરેનની શિલિંગ કરી ૧૦ માણસોને સરખે ભાગે આપો તો દરેકને શું મળશે?

(૬) રોજ વીસ લીટી કવિતા મોંઢે થાય તો એક અઠવાડિયાંમાં કેટલી થાય?

(૭) ૧૪૦ સીપાઇઓને કેટલી ટુકડીમાં ગોઠવો તો દરેકમાં વીસ ઉભા રહે?

(૮) અધમણના ૨૦ શેર તો ૧૦૦ શેરના કેટલા અધમણ થાય?

(૯) દશ દશ પેરના દશ ઢગલા છે એ સઘળાં પેરના વીસ વીસના ઢગલા કરો તો કેટલા થાય?

(૧૦) ૧૪૫ રૂપિયા ૨૦ માણસમાં સરખે ભાગે વ્હેંચતાં દરેકને કેટલા રૂપિયા આવે? બાકી શું રહે?

(૧૧) ઉપલા દાખલામાં જે રૂપિયા રહ્યા તેના આના કેટલા આવે? તે આના ૨૦ માણસોમાં વ્હેંચતાં દરેક માણસને શું આવે?

(૧૨) ૪ સોવરેન ને ૧૦ શિલિંગ છે તે સઘળાની શિલિંગ કરી ૨૦ માણસોને સરખે ભાગે વ્હેંચો તો દરેકને કેટલી શિલિંગ મળશે? બાકી કેટલી શિલિંગ રહેશે? એ બાકી રહેલી શિલિંગની પેન્સ કરી એજ માણસોને વ્હેંચી આપો તો દરેકને કેટલી પેન્સ મળશે?

દાખલા ૫૫. ગ. (પૂનરાવર્તન.)

(૧)

૧૨X૬	૧૫X ૫	૧૬X ૭	૧૮X ૬	૧૯X ૩	૧૪X ૪
૧૩X૭	૧૮X ૮	૧૨X ૮	૧૫X ૭	૧૬X ૯	૧૨X ૮
૧૯X૩	૧૭X ૭	૧૯X ૭	૧૭X ૮	૧૯X ૯	૧૩X ૮
૧૨X૧	૧૯X ૮	૧૨X ૯	૨૦X ૫	૧૨X ૭	૧૪X ૭
૧૭X૫	૯X૧૯	૫X૧૩	૧૪X ૭	૭X૧૩	૩X૧૪
૧૨X૯	૮X૧૨	૧૭X ૫	૧૩X ૯	૧૭X ૬	૧૮X ૮
૧૫X૫	૧૬X ૯	૧૫X ૭	૧૬X ૯	૧૫X ૯	૯X૧૭
૧૭X૨	૫X૧૪	૭X૧૫	૯X૧૬	૧૦X૧૭	૨X૧૩
૧૩X૫	૧૩X ૯	૧૪X ૬	૯X ૫	૧૯X ૫	૧૩X ૯
૧૨X૬	૧૬X ૮	૯X૧૩	૮X૧૪	૯X૧૯	૧૦X૧૨
૧૩X૯	૧૨X ૩	૪X૧૪	૬X૧૬	૧૮X ૯	૧૭X ૭

(૨)

૨૪÷ ૪	૩૨÷ ૮	૪૦÷૧૦	૪૮÷ ૪	૫૨÷ ૪
૧૦૨÷૧૭	૫૭÷૧૯	૧૩૬÷ ૮	૯૫÷ ૫	૧૦૨÷ ૬
૫૧÷ ૩	૧૨૬÷૧૮	૮૫÷૧૭	૧૩૩÷૧૯	૧૮૦÷ ૯
૯૦÷૧૮	૫૭÷૧૯	૭૮÷૧૩	૧૦૮÷૧૨	૯૧÷૧૩
૮૦÷ ૫	૧૧૯÷ ૭	૧૬૨÷૧૮	૩૬÷ ૬	૩૬÷૧૮
૭૬÷ ૪	૯૧÷૧૩	૧૩૬÷૧૭	૧૦૪÷ ૮	૧૭૦÷૧૦
૧૫૩÷૧૭	૩૬÷ ૨	૧૦૮÷૧૬	૧૦૫÷ ૭	૧૩૫÷૧૫
૬૬÷૧૧	૭૨÷ ૬	૯૬÷ ૬	૮૪÷૧૨	૯૬÷ ૮
૬૫÷ ૫	૭૮÷ ૬	૮૦÷ ૫	૧૧૪÷ ૬	૧૧૯÷૧૭
૧૪૪÷ ૮	૧૦૦÷ ૫	૮૦÷૨૦	૮૫÷ ૫	૧૧૨÷૧૪
૧૪૪÷ ૯	૧૨૮÷ ૮	૩૬÷૧૨	૧૩૩÷ ૭	૨૦૦÷૨૦
૧૩૦÷૧૩	૧૬૦÷૧૦	૧૦૦÷૧૦	૧૨૬÷૧૮	૧૨૦÷૧૫
૯૮÷ ૭	૧૦૪÷ ૮	૧૧૭÷૧૩	૨૬÷ ૨	૧૯૦÷૧૯

(૩)

૧૩×૭–૪+૫૯+૧૨+૧૬–૯–૬–૩

૧૯×૯–૨૦×૫+૪+૧૫+૬+૪–૨૦–૧૨–૮–૧૫+૬+૪

૧૬×૯–૧૦×૪+૬+૨૭+૧૩–૯–૮–૭–૬–૫–૧–૧૧–૧૦

૧૭×૮–૧૦૮÷૯–૨×૯૫–૪+૬–૭–૩–૫+૪–૨+૩

(૪) નીચેની દરેક સંખ્યા કઇ કઇ બે સંખ્યાઓના ગુણાકારથી થાય છે તે કહો.

૨૨. ૨૪. ૨૮. ૩૩. ૨૬. ૫૧. ૩૬. ૪૪. ૪૮. ૧૩૫.
૩૦. ૩૨. ૪૫. ૩૪. ૫૪. ૩૮. ૬૦. ૧૦૮. ૧૦૪. ૧૪૪.
૧૬૦. ૯૦. ૭૬. ૫૭. ૧૦૮. ૧૪૦. ૧૨૬. ૧૭૧. ૧૫૨. ૧૫૦.
૧૨૮. ૬૮. ૧૧૯. ૮૫. ૧૭૦. ૭૭. ૧૦૨, ૯૯. ૨૦૦. ૧૦૦.

[સુચના:—આ પ્રકરણમાં જે પ્રમાણે પાડા શિખવવાની રીત વાપરી છે તે પ્રમાણે ઘટિત જણાય ત્યારે શિક્ષકે ૨૦×૧ થી ૪૦×૧ સુધીના પાડા વિદ્યાર્થીને શિખવવા.]

પ્રકરણ ૧૩.

(બે અંકી સંખ્યાના એક અંકી કે બે અંકી સંખ્યા વડે ગુણાકાર.)

પાઠ ૫૬.

૬ ચીજ ચાર વખત લો તો કેટલી થાય? ૨૪ એકમ કે ૨૪ દશક?

બે દશક બે વખત લો તો શું થાય? પાંચ દશક ત્રણ વખત લો તો કેટલા દશક થાય? ૧૫ દશકમાં સો કેટલા?

૭ દશક સાત વખત લો તો જવાબ કેટલા દશક આવે?

પાંચ એકા પાંચનો પાડો બોલી જાઓ ને તેપરથી પાંચ દશક એક વખત લો તો શું આવે? પાંચ દશક બે વખત લો તો શું આવે? એમ ૫ દશક ૧૦ વખત લો તો શું આવે તે શોધી કાઢો.

દાખલા ૫૬.

(૧)

૨× ૧=૨	૨૦× ૧=	૩× ૧=૩	૩૦× ૧=
૨× ૨=	૨૦× ૨=	૩× ૨=	૩૦× ૨=
૨×૧૦ સુધી.	૨૦×૧૦ સુધી.	૩×૧૦ સુધી.	૩૦×૧૦ સુધી.
૪× ૧=૪	૪૦× ૧=	૫× ૧=૫	૫૦× ૧=
૪× ૨=૮	૪૦× ૨=	૫× ૨=	૫૦× ૨=
૪×૧૦ સુધી.	૪૦×૧૦ સુધી.	૫×૧૦ સુધી.	૫૦×૧૦ સુધી.

(૨) એજ પ્રમાણે ૬૦×૧ થી ૬૦×૧૦ સુધી, ૭૦×૧ થી ૭૦×૧૦ સુધી, ૮૦×૧ થી ૮૦×૧૦ સુધી અને ૯૦×૧ થી ૯૦×૧૦ સુધીના પાડા બોલી જાઓ.

(૩)

૩ દશક ૩ વખત=	દશક	૮ દશક ૬ વખત=	દશક
૬ ,, ૫ ,, =	,,	૫ ,, ૭ ,, =	,,
૭ ,, ૪ ,, =	,,	૯ ,, ૮ ,, =	,,
૨ ,, ૭ ,, =	,,	૪ ,, ૯ ,, =	,,

(૪)

૨૦× ૫	૩૦× ૬	૪૦× ૩	૫૦× ૫	૬૦× ૭
૩૦× ૮	૮૦× ૭	૯૦× ૮	૬૦× ૮	૭૦× ૫
૧૦૦÷ ૫	૨૦૦÷૨૦	૩૦૦÷૬૦	૭૦૦÷૭૦	૮૦૦÷૨૦૦
૨૦૦÷ ૫	૨૮૦÷૪૦	૩૫૦÷૫૦	૩૬૦÷ ૯	૩૬૦÷ ૬
૭૦× ૨	૨૦× ૯	૯૦× ૯	૮૦× ૮	૧૫૦÷ ૫
૧૮૦÷૬૦	૫૪૦÷૬૦	૩૫૦÷ ૫		

પાઠ ૫૭.

એક માણસ રોજ ત્રણ દશક અને બે એકમ રૂપિયા કમાય છે. તો ત્રણ દિવસમાં તે શું કમાશે? (૩×૩=૯ દશક ને ૩×૨=૬ એકમ.)

૩૭×૪ એ ગુણાકારમાં કેટલા દશક ને કેટલી એકમ કેટલા વખત લેવા કહ્યું છે?

	દશક	એકમ
	૩	૨
×૩=	૯	૬

	દશક	એકમ
	૩	૭
×૪=	૧૨	૨૮
=	૧૪	૮

૩૬×૪ નો ગુણાકાર એજ પ્રમાણે ખાના પાડી કરો. ૬ એકમ ૪ વખત લો તો શું આવશે? ૨૪ એકમમાં દશક કેટલા? ૩ દશક ૪ વખત લો તો કેટલા દશક? ૧૨ દશક ને ચોવીસ એકમમાંથી મળેલા બે દશક મળી કેટલા દશક થયા? ૧૪ દશકમાં સો કેટલા? ત્યારે જવાબ શું?

૫૩×૮ એ ગુણાકાર ઉપર દેખાડ્યા પ્રમાણે ખાના પાડી કરી દેખાડો.

૬૫×૯ એ દાખલો મોંઢેથી બોલી કરી બતાવો.

```
 ૬૫
× ૯
———
૫૮૫
```

[બોલવામાં :—નવ પચાં પીસતાલીસીઓ પાંચ, વદી ચાર, નવે છગ ચોપન ને ચાર અઠાવન.]

ઉપલા દાખલામાં નવ પચાં પીસતાલીસ એમાં તમે એકમનો એકમે ગુણાકાર કર્યો કે દશકે? ૪૫ શું? ૪૫ માં દશક કેટલા? એ ૪ દશકનું શું કરશો? છ નવા ચોપન એમાં એકમનો એકમે ગુણાકાર છે કે? ૬×૯=૫૪ એ શું આવ્યા? ૫૪ માં ૪ કેમ ઉમેર્યા? જવાબ શું?

દાખલા ૫૭. ક. (મોંઢેના.)

(૧)

૪૦×૩+૪×૩=	એ પરથી	૪૪×૩=
૩૦×૨+૬×૨=	,,	૩૬×૨=
૫૦×૪+૫×૪=	,,	૫૫×૪=
૩૦×૫+૭×૫=	,,	૩૭×૫=
૨૦×૬+૯×૬=	,,	૨૯×૬=
૩૦×૮+૭×૮=	,,	૩૭×૮=
૨૦×૬+૨×૬=	,,	૨૨×૬=
૪૦×૭+૯×૭=	,,	૪૯×૭=
૩૦×૩+૬×૩=	,,	૩૬×૩=
૫૦×૪+૭×૪=	,,	૫૭×૪=

દાખલા ૫૭. ખ. (લખીત.)

(૧) નીચેની સંખ્યાઓના ગુણાકાર કરો.

૨૬×૨	૩૩×૩	૪૨×૨	૫૧×૪	૬૨×૩	૭૧×૪	૭૪×૨
૭૦×૪	૮૧×૫	૯૨×૪	૯૭×૧	૯૧×૫	૯૩×૩	૧૦૦×૪
૨૬×૭	૨૮×૮	૩૨×૯	૩૫×૮	૪૭×૯	૫૭×૬	૬૯×૮
૭૫×૮	૮૪×૯	૯૯×૯	૯૩×૮	૯૨×૭	૯૮×૭	૬૩×૬
૭૭×૭	૮૩×૫	૭૧×૯	૭૨×૬	૫૯×૯	૭૭×૭	૮૮×૮
૪૦×૬	૪૨×૯	૭૯×૭	૬૩×૮	૭૫×૯	૬૬×૬	૭૨×૭

(૨)

૨૮×૯+૩૫×૪	૪૫×૫+૨૮×૭	૫૩×૯+૨૮×૭
૨૭×૩+૫૩×૫	૫૭×૭—૪૩×૩	૬૭×૭+૪૨×૫
૩૫×૪+૨૮×૬	૬૩×૫—૪૭×૩	૫૩×૬+૨૮×૭
૫૩×૯+૪૨×૭	૭૭×૮—૫૫+૯	૬૩×૯+૪૨×૬
૯૨×૯+૮૩×૪	૮૫×૩+૮૭×૮	૮૮×૯+૭૨×૭
૫૩×૩+૬૫×૬+૭૭×૭	૨૫×૯+૪૬×૬+૫૩×૮	
૫૭×૭—૬૭×૯+૬૩×૮	૨૬×૯—૮૨×૫+૯૧×૯	
૨૨×૯—૩૫×૮+૪૨×૬	૨૭×૭+૩૭×૬—૨૩×૮	
૪૨×૭+૫૮×૬—૬૦×૫	૪૨×૩+૨૧×૯+૩૨×૩	
૬૫×૮—૭૨×૯+૮૩×૬	૭૨×૭—૭૨×૯+૮૨×૮	

(૩) સાત ભાઇઓને દરેકને ૫૭ રૂપિયા વારસો મળ્યો તો આખો વારસો શું હશે?

(૪) નવ વખત ૯૯ લખી તેનો સરવાળો કર્યો હોય તો જવાબ શું આવશે તે ગુણાકાર વડે શોધી કાઢો.

(૫) એક માણસને દર મહિને ૭૦ રૂપિયા ખર્ચ થાય છે, તો સાત મહિનાનો તેનો ખર્ચ શું હશે?

(૬) એક આગગાડી દર કલાકના ૪૫ માઇલની ઝડપે ચાલે છે તો આઠ કલાકમાં કેટલા માઇલ ચાલી શકશે?

(૭) બે છોકરાઓ દરેક પાસે ૬૭ કોડી છે. બીજા ત્રણ છોકરામાંના દરેક પાસે ૭૭ કોડીઓ છે. સઘળી કોડી એકઠી કરો તો કેટલી થાય?

(૮) એક માણસની એક વર્ષની આવક ૯૮૭ રૂપિયા છે. તેનો પેહલા ત્રણ મહિનાનો ખર્ચ દર મહિને ૫૩ રૂપિયા છે. બીજા ચાર મહિનાનો ખર્ચ દર મહિને ૪૮ રૂપિયા છે. તથા બાકીના પાંચ મહિના દર મહિને ૫૦ રૂપિયાં ખર્ચ છે, ત્યારે વર્ષને છેડે તેની પાસે શું રહેશે?

(૯) એક ઇજનેર દર મહિને ૩૧૪ રૂપિયા કમાય છે. તેનો ખર્ચ દર મહિને રૂ. ૨૭૩ છે, તો નવ મહિનાને છેડે તેની પાસે કેટલા રૂપિયા બચ્યા હશે?

(૧૦) એક આગગાડીમાં ૯ ડબ્બા જોડેલા છે. દરેક ડબ્બામાં ૬૮ માણસો છે. ત્યારે આખી ગાડીમાં કેટલાં માણસો બેઠાં હશે?

(૧૧) એક વર્ગમાં ૪૭ છોકરા છે. દરેક છોકરા પાસે આઠ ચોપડી છે. તો વર્ગમાં બધી મળી ચોપડી કેટલી હશે?

(૧૨) એક રૂપિયાનાં ૬૪ દોઢિયાં તો નવ રૂપિયાનાં કેટલાં?

(૧૩) સાત કોથળી છે. દરેક કોથળીમાં નવ રૂપિયાનાં દોઢિયાં છે. એકેક રૂપિયાનાં ૬૪ દોઢિયાં તો બધી કોથળી મળી કેટલાં દોઢિયાં હશે?

(૧૪) એક કબાટનાં સાત ખાનાં છે. દરેક ખાનાંમાં ૬૫ ચોપડી છે, તો આખી કબાટમાં કેટલી ચોપડી હશે?

(૧૫) ૮૮×૯ અને ૯૩×૮ એ બે સંખ્યાઓમાં મોટી કઇ? અને કેટલી મોટી તે શોધી કાઢો.

પાઠ ૫૮.

બે પાટ ને ત્રણ સળી ત્રણ વખત લો તો કેટલા પાટ ને કેટલી સળી થઇ?

બે શતક ને ત્રણ દશક ત્રણ વખત લો તો કેટલા શતક ને કેટલા દશક થયા?

ચાર દશક ૭ વખત લો કેટલા દશક થાય? ૨૪ દશકમાં શતક કેટલા?

૧ શતક ને ચાર દશક ૭ વખત લો તો ૭ શતક ને ચોવીસ દશક થાય તો તે બધા મળી કેટલા શતક ને કેટલા દશક કેહવાય?

ત્રણ શતક ને પાંચ દશક ત્રણ વખત લો તો જવાબ શું આવે?

બે શતક, ચાર દશક ને બે એકમ ચાર વખત લો તો શું આવે? આઠ શતક, ૧૬ દશક ને આઠ એકમ એટલે બધા મળી કેટલા શતક, દશક ને એકમ?

૩૦૨×૨ અને ૩૫૬×૭ નો ગુણાકાર નીચે આપ્યો છે તે તપાસો.

	શતક	દશક	એકમ
	૩	૦	૨
×			૨
=	૬	૦	૪ જવાબ.

	શતક	દશક	એકમ
	૩	૫	૬
×			૭
=	૨૧	૩૫	૪૨
=	૨૧	૩૯	૨
=	૨૪	૯	૨ જવાબ.

૩૫૬×૭ એ દાખલો બોલીને કરી સંભળાવો.

[સાત છંગ બેતાલીસીઓ બે વદી ૪, સાત પંચા પાંત્રાસ ને ચાર ઓગણચાળીસ વદી ત્રણ, સાત ત્રી એકત્રીસ ને ત્રણ ૨૪, જવાબ બે હજાર ચારસો બાણું.]

એ દાખલામાં બેતાળીસમાંથી વદી ૪ લીધી તે શું? તે વદી ૩૫ માં શા માટે ઉમેરી? ૩૯ ની વદી ૩ કયાં ઉમેરશો ને શા માટે?

ઉપર દેખાડયું છે તેમ ખાના પાડી ૭૦૩×૮ એ દાખલો કરી બતાવો.

દાખલા ૫૮. (મોંઢેના.)

(૧)

શતક	ને દશક		
૨	૩	×	૩
૪	૨	×	૫
૫	૦	×	૬
૬	૧	×	૯

શતક	દશક ને	એકમ		
૨	૩	૪	×	૨
૩	૪	૬	×	૩
૫	૦	૬	×	૪
૬	૦	૦	×	૭

દાખલા ૫૮. (લખીત.)

(૧) નીચે આપેલા ગુણાકાર કરો.

૧૨૩×૩	૨૪૨×૪	૨૧૧×૫	૩૨૨×૪	૬૦૧×૫	૭૧૧×૮
૨૫૪×૪	૩૪૭×૬	૪૦૮×૭	૫૧૯×૩	૬૦૨×૨	૭૧૭×૯
૧૬૮×૫	૩૦૯×૪	૫૬૮×૮	૬૦૯×૭	૭૧૩×૩	૮૧૫×૮
૯૯૯×૯	૮૮૦×૮	૮૭૧×૪	૯૯૨×૬	૫૪૭×૭	૬૧૩×૯
૭૫૪×૪	૮૬૮×૯	૭૦૫×૭	૮૦૦×૯	૯૦૩×૩	૬૦૫×૯

૧૨૩×૪×૩. ૨૬૪×૪×૫. ૧૨૮×૨×૩. ૨૭૭×૫×૬. ૩૧૧×૨×૭. ૪૧૮×૩×૯

(૨)

૧૧૨×૩— ૯૮×૪	૧૫×૭+૧૪૩×૮	૨૫૩×૯—૩૪૩×૪
૫૬૭×૮—૪૧૩×૫	૬૧૭×૯—૭૧૫×૫	૯૦૧×૩+૭૧૮×૯
૧૨૭×૯+૨૬૩×૭	૪૦૧×૮—૩૧૭×૭	૮૧૫×૮—૬૨૫×૭
૫૪૧×૭+૬૫૩×૮	૭૭૭×૯—૮૮૮×૬	૯૯૯×૯—૮૮૮×૮
૧૨૨×૩×૪×૫	૨૬૩×૨×૩×૪	૩૧૭×૩×૪×૫×૬

(૩)

ઉપરના પાઠમાં સમજાવ્યું છે તે પ્રમાણે શતક એકમના ખાના પાડી નીચેના દાખલા કરો.

૬૭૮×૭. ૫૦૯×૮. ૪૭૮×૫. ૬૭૦×૯.

(૪) એક કામપર ૪૯૮ મજુરો કામે લાગ્યાં છે. તેમને દરેકને મહિને નવ રૂપિયા મજુરી મળે છે, ત્યારે આખા મહિનાની સઘળી મળી શું મજુરી આપવી પડતી હશે?

(૫) એક ટાંકીમાં દર કલાકે ૧૬૪ ગેલન પાણી એક નળ વડે ભરાય છે, તો સાત કલાકમાં તે ટાંકીમાં કેટલું પાણી ભરાશે?

(૬) એક રૂપિયાની ૧૯૨ પૈ તો આઠ રૂપિયાની પૈ કેટલી?

(૭) એક પાઉંડની ૨૪૦ પેન્સ તો ૭ પાઉંડની પેન્સ કેટલી થશે?

(૮) એક પેટીમાં આઠ કોથળી છે. દરેક કોથળીમાં ૬૫૪ રૂપિયા છે. તો આખી પેટીમાં કેટલા રૂપિયા?

(૯) એક ચોપડીના ૧૫૪ પાના છે. દરેક પાને નવ નવ લીટી છે તો બધી મળી લીટી કેટલી?

પાઠ ૫૯.

પાંચ ચીજ બે વખત લો. બીજી પાંચ ચીજ દશ વખત લો. તો બધી મળી કેટલી વખત પાંચ ચીજ લીધેલી કહેવાય?

૫×૧૨ એને બદલે ૫×૨+૫×૧૦ લો તો જવાબ એકજ આવે કે જુદો?

કોઇ પણ સંખ્યા પંદર વખત લેવી હોય તો તેને પહેલાં પાંચ વખત લો. પછી તેજ સંખ્યા ૧૦ વખત લો ને બંનેનો સરવાળો કરો તો તે સંખ્યા ૧૫ વખત લીધેલી થઇ કે નહીં તે ૬×૧૫. એ દાખલો લઇ શોધી કાઢો.

૧૭×૬ તે કેટલા? હવે ૭ ને ૬ વડે ગુણાકાર કરો ને તેમાં ૧૦ નો ૬ વડે ગુણાકાર કરી ઉમેરો તો જવાબ શું?

કોઇ પણ સંખ્યાને ૧૨ વડે ગુણવા હોય તો તે સંખ્યાને પેહલાં બે વડે ગુણી પછી તેજ સંખ્યાને ૧૦ વડે ગુણી બંને ગુણાકારનો સરવાળો કરશું તો તેજ જવાબ આવશે એમ ૮×૧૨ દાખલો લઇ સમજાવો.

૧૫ ને બારે ગુણવા છે. તમે તમારી સ્લેટપર ૧૫ તેની નીચે ૧૫ એમ બાર વખત લખી એ સઘળાનો સરવાળો કરો પછી ૧૫ ને ૨ વડે ગુણો ને ૧૫ ને ૧૦ વખત ગુણી એ બંને ગુણાકારનો સરવાળો કરો. જવાબ પેહલાંના જેટલોજ છે કે?

એક સંખ્યાને ૨૫ વડે ગુણવી છે તો પેહલાં તેને પાંચ વડે ગુણી પછી તેજ સંખ્યાને ૨૦ વડે ગુણો ને સરવાળો કરો તો જવાબ તેજ આવશે તે ૪×૨૫ ના દાખલાથી દેખાડો.

કોઇ સંખ્યાનો ૪૭ વડે ગુણાકાર કરવો તો કયા બે ગુણાકાર કરી તેનો સરવાળો કરશો?

નીચે કરેલો દાખલો તપાસો. ૩૪×૨૪.

(૧) ૩૪×૨૪ =૩૪×૪+ ૩૪× ૨૦

=૧૩૬+ ૬૮૦=૮૧૬.

એજ પ્રમાણે ૩૪×૩૪ એ દાખલો કરી બતાવો.

(૨) નીચેનો દાખલો તપાસો.

```
  ૩૪
 ×૧૪
 ----
 ૪૭૬
```

(ચઉદ ચોક છપનીઓ ૭, વદી ૫, ૧૪ ત્રી બેતાળીસ ને પાંચ સુડતાળીસ.)

તમને ૨૦×૧ સુધી પાડા આવડે છે એટલે વીસની અંદરની સંખ્યાવડે ગુણાકાર કરવો હોય તો છુટા સરવાળાથી કરવાની જરૂર નથી.

૩૪×૧૪ એ દાખલો એકમ ને દશકના છુટા ગુણાકારની રીતે કરી બતાવો.

(૩) ૫૬×૩૭ અને ૨૩૬×૫૩ એ દાખલો નીચે ટુંકમાં કર્યો છે તે તપાસો.

૫૬	૨૩૬
×૩૭	×૫૩
૩૯૨ ... (૫૬× ૭)	૭૦૮ ... ૨૩૬× ૩
૧૬૮૦ .. +૫૬×૩૦)	૧૧૮૦૦ ... +૨૩૬×૫૦
૨૦૭૨ ... =(૫૬×૩૭)	૧૨૫૦૮ ... = ૨૩૬×૫૩

હવેથી આ જાતના ગુણાકારના દાખલા ઉપલી રીતેજ કરજો.

દાખલા ૫૯. ક.

(૧)

૧૫×૧૦ ૧૭×૩૦ ૮×૨૦ ૯×૪૦ ૧૭×૩૦ ૧૯×૨૦
૨૦×૨૦ ૫×૩૦ ૧૬×૪૦ ૨૫×૪૦ ૨૭×૫૦ ૩૭×૩૦
૩૪×૩૦ ૩૫×૨૦ ૩૭×૫૦ ૪૦×૬૦ ૫૦×૭૦ ૧૦૦×૫૦
૧૨૫×૧૦ ૨૦૦×૨૦ ૩૦૦×૩૦ ૪૦૦×૧૦ ૫૦૦×૧૦ ૬૦૦×૨૦

(૨) એક સંખ્યાને નીચે આપેલી દરેક સંખ્યાએ ગુણવી છે તો કઇ એકમ ને કયા દશકે ગુણી તે ગુણાકારોનો સરવાળો કરવો, તે કહો (નમુનો:–૧૫ વડે ગુણવા હોય તો તે સંખ્યાને પેહલાં ૫ વડે ગુણો પછી તે સંખ્યાને ૧૦ વડે ગુણો એ બેનો સરવાળો કરો.)

૨૬. ૩૭. ૪૮. ૫૯. ૬૧. ૬૫. ૭૫. ૭૮. ૯૧. ૯૯.
૧૨. ૨૫. ૪૨. ૬૫. ૭૭. ૯૮. ૮૨. ૮૭. ૧૯. ૯૦.

(૩) ૩૬×૨૫= ૩૬×૫+૩૬×૨૦. એ નમુના પ્રમાણે નીચે આપેલા દાખલા કહી બતાવો. જવાબ કાઢવાની જરૂર નથી.

૧૪×૨૮ ૧૭×૩૭ ૫૮×૪૩ ૬૫×૩૨ ૭૫×૫૫ ૭૭×૨૯
૨૨×૩૪ ૩૪×૨૫ ૪૭×૨૮ ૪૯×૨૩ ૫૧×૨૬ ૫૭×૬૯
૧૩૭×૨૮ ૨૩૫×૩૯ ૩૪૭×૨૬ ૪૦૧×૨૦ ૫૬૮×૬૭ ૯૯૧×૯૨

(૪) ૧૫×૫+૧૫×૩૦= ૧૫×૩૫. એ નમુના પ્રમાણે નીચેના દાખલાઓ કહો.

૧૭×૭+ ૧૭×૨૦=	૨૫×૬+ ૨૫×૫૦=
૩૩×૮+ ૩૩×૪૦=	૪૯×૮+ ૪૯×૩૦=
૬૭×૦+ ૬૭×૫૦=	૪૫×૭+ ૪૫×૪૦=
૯૮×૨+ ૯૮×૨૨=	૫૦×૦+ ૫૦×૫૦=
૪૫×૦+ ૪૫×૬૦=	૭૩×૯+ ૭૩×૯૦=
૧૨૫×૭+૧૨૫×૮૦=	૨૨૩×૯+૨૨૩×૧૦=
૩૬૭×૫+૩૬૭×૪૦=	૫૭૮×૨+૫૭૮×૭૦=

દાખલા ૫૯. ખ. (લખીત.)

(૧)

૩૫X૩૦	૫૬X૬૦	૮૮X૯૦	૯૯X૭૦	૧૫X૫૦	૪૭X૮૦
૨૮X૧૪	૩૮X૧૫	૪૨X૧૧	૪૮X૧૩	૫૭X૧૨	૬૦X૧૯
૬૫X૨૭	૬૮X૧૯	૭૭X૧૬	૮૦X૨૦	૮૫X૧૮	૯૯X૧૯
૧૨૩X૧૨	૨૩૭X૧૫	૧૫૮X૧૭	૩૩૩X૧૧	૪૫૬X૧૭	૧૨૮X૧૯
૨૩૪X૧૬	૩૪૮X૧૪	૪૪૧X૧૮	૫૬૭X૧૩	૬૭૮X૧૨	૭૦૭X૧૮
૩૩૭X૯૦	૪૦૮X૮૦	૫૧૨X૬૦	૭૮૯X૭૦	૯૧૩X૫૦	૧૩૫X૪૦

(૨)

૩૭X૨૫	૪૫X૨૯	૫૦X૩૧	૬૦X૩૫	૧૫X૪૧	૧૭X૪૩
૨૮X૩૯	૪૪X૪૫	૪૬X૩૯	૫૧X૪૨	૬૬X૫૦	૬૭X૫૭
૭૫X૫૩	૭૮X૪૭	૮૫X૪૨	૯૯X૪૮	૯૨X૪૩	૯૮X૫૮
૯૮X૭૨	૯૯X૯૭	૯૨X૯૯	૮૫X૯૩	૭૫X૮૮	૭૭X૯૭

(૩)

૩૧૭X૪૦	૬૧૮X૬૦	૯૧૨X૯૦	૮૦૫X૭૦	૭૦૦X૮૦	૯૦૧X૪૦
૧૨૫X૩૨	૨૦૭X૩૯	૩૧૫X૪૧	૪૧૮X૪૫	૩૬૭X૫૧	૪૭૮X૨૭
૨૭૧X૪૫	૩૫૮X૭૮	૪૫૬X૮૨	૫૧૭X૫૩	૬૭૮X૭૫	૭૭૮X૭૦
૩૭૪X૯૨	૪૯૮X૮૯	૫૨૭X૭૭	૬૨૩X૮૧	૭૯૮X૯૯	૮૮૧X૭૧
૫૭૬X૭૯	૭૫૧X૬૩	૮૧૨X૮૧	૯૯૯X૯૯	૮૮૮X૮૮	૭૭૨X૭૯
૧૩૪X૯૫	૯૭૮X૩૯	૭૬૧X૫૩	૮૧૨X૬૩	૯૧૭X૭૪	૮૫૭X૮૧

૨૩૬X૫૪+૩૩૫X૬૫-૪૧૩X૪૭. ૨૩૮X૯૮-૧૫૭X૫૫+૨૩૬X૬૯.

દાખલા ૫૯. ગ. (લખીત.)

(૧) એક રૂપિયાના ૧૬ આના તો ૮૭૫ રૂપિયાના કેટલા આના થશે?

(૨) એક આનાની ૧૨ પૈ તો ૫૮૭ આનાની કેટલી પૈ થશે?

(૩) ૧૭૮ રૂપિયાના આના કરો. જેટલા આના આવે તેની પૈ કરો.

(૪) ઉપરના દાખલાની રીતે ૫૭ રૂપિયાની પૈ કરો.

(૫) એક ફુટના ૧૨ ઇંચ થાય છે, એક ઘેર ૧૨૭ ફીટ લાંબું છે તો તે કેટલા ઇંચ લાંબું હશે?

(૬) એક પાઉંડની વીસ શિલિંગ થાય છે તો ૬૧૭ પાઉંડની કેટલી શિલિંગ?

(૭) એક શિલિંગની ૧૨ પેન્સ તો ૨૩૮ શિલિંગની કેટલી?

(૮) ૧૭૫ પાઉંડની શિલિંગ કરી તે શિલિંગની પેન્સ કરો.

(૯) ૬૧ રૂપિયાના આના કરી તે આનાની પૈ કરો.

(૧૦) એક મોટા વેપારીની રોજની આવક ૬૩ રૂપિયા છે તો ૩૬૫ દહાડામાં તેની આવક કેટલી?

(૧૧) એક વર્ષના દહાડા ૩૬૫ તો ૧૮ વર્ષના દિવસ કેટલા?

(૧૨) એક છોકરો આઠ વર્ષનો છે તો તેની ઉમ્મરના દિવસ કેટલા?

(૧૩) એક ખેપીઓ દરરોજ ૧૮ માઇલ ચાલે છે તો તે એક વર્ષમાં કેટલા માઇલ ચાલી રહેશે?

(૧૪) એક વર્ષમાં જો ૫૨ દિવસ છુટી મળે તો ૩૨ વર્ષમાં કેટલા દિવસ છુટી મળે?

(૧૫) એક મોહલ્લામાં ૧૨૩ ઘર છે. દરેક ઘરમાં ૪૨ માણસો વસે છે તો તે મોહલ્લાની વસ્તી શું હશે?

(૧૬) એક ઝાડની ૧૮ ડાળી છે તો એવી ૪૭ ઝાડની કેટલી ડાળી હશે?

(૧૭) એક વાડીમાં ૬૫ આંબા છે. દરેક આંબાની ૨૬ ડાળી છે. દરેક ડાળીપર ૮૮ કેરી છે તો આખી વાડીમાં કેરી કેટલી હશે?

(૧૮) એક સંખ્યાને ૫ વડે ગુણતાં તેનો જવાબ ૧૨૫ આવે છે તો તે સંખ્યાને ૫૦ વડે ગુણતાં શું જવાબ આવશે?

(૧૯) એક સંખ્યાને ૯ વડે ગુણતાં જવાબ ૩૫૧ આવે છે તો તે સંખ્યાને ૯૦ વડે ગુણતાં શું જવાબ આવશે?

(૨૦) એક સંખ્યાને ૫ વડે ગુણતાં ૧૧૫ આવે છે ને ૬૦ વડે ગુણતાં જવાબ ૧૩૮૦ આવે છે. તો તે સંખ્યાને ૬૫ વડે ગુણતાં શું જવાબ આવશે?

પ્રકરણ ૧૪.

(બે કે ત્રણ અંકી સંખ્યાનો એક કે બે અંકી સંખ્યા વડે ભાગાકાર.)

પાઠ ૬૦.

બાર હું? ૨૪ ચીજના બે સરખા ભાગ કરો તો દરેકમાં શું આવે?

બે (દશક) સળી ને ૪ ધન (એકમ) લો. તેના બે સરખા ભાગ કરો. પેહલાં દશકના બે સરખા ભાગ કરો. પછી એકમના સરખા ભાગ કરો. દરેક ભાગમાં શું આવ્યું?

ચાર દશક લો. તેના બે સરખા ભાગ કરો. દરેક ભાગમાં શું આવશે?

પાંચ દશક લો. તેના બે સરખા ભાગ કરો. દરેક ભાગમાં કેટલા દશક આવશે? બાકી કેટલા દશક રહ્યા? એ એક દશકને વટાવો તો એકમ કેટલા થાય?

હવે ૧૦ એકમને બે ભાગમાં વ્હેંચો તો દરેક ભાગમાં કેટલી એકમ?

ત્યારે ૫૦ ના બે સરખા ભાગ કરો તો દરેકમાં શું આવશે?

હવે પાંચ દશક (સળી) ને ૪ એકમ (ધન) લો. એના બે સરખા ભાગ કરવા છે. તો પેહેલા દશક વ્હેંચો. દરેક ભાગમાં કેટલા દશક આવ્યા? કેટલા દશક બાકી છે? એ બાકી એક દશકને વટાવો તો કેટલા એકમ થાય? બીજા કેટલા એકમ આપેલા છે? ત્યારે હવે બધા મળી કેટલા એકમ વ્હેંચવાના છે? ૧૪ એકમ બે ભાગે આપો તો દરેક ભાગમાં શું આવે? ત્યારે ૫૪ ચીજના બે સરખા ભાગ કરો તો દરેકમાં શું આવશે?

આ જાતના દાખલામાં પેહલાં એકમ વ્હેંચવા ઠીક પડશે કે પેહલાં દશક વ્હેંચવા? કારણ શું?

ત્રણ દશક ને ૭ છે. એને ત્રણ સરખા ભાગમાં વ્હેંચો તો દરેક ભાગમાં શું આવશે?

સાત દશક ને બે એકમ ત્રણ સરખે ભાગે વ્હેંચો. સાત દશકના ત્રણ સરખા ભાગ કરો તો દરેક ભાગમાં કેટલા દશક મુકશો? બાકી કેટલા દશક? એ બાકી દશક વટાવી તેની એકમમાં આપેલી બે એકમ ઉમેરશો તો કેટલી એકમ થઇ? ૧૨ એકમના ત્રણ સરખા ભાગ કરો તો દરેકમાં કેટલી એકમ? ત્યારે ૭૨÷૩ એટલે કેટલા?

સાત દશકને પાંચ સરખા ભાગમાં વ્હેંચો તો દરેક ભાગમાં શું આવશે? તે માટે નીચે દાખલો લખ્યો છે તે તપાસી પુછેલા સવાલનો જવાબ આપો.

(૧)

૭૦÷૫

```
૫ ) ૭૦ ( ૧૪
    −૫
    ——
     ૨૦
    −૨૦
    ——
      ૦
```

આ દાખલામાં જે સંખ્યાને ભાગવાની છે તે ક્યાં લખી છે? જેટલા ભાગ કરવા છે તે રકમની કઇ બાજુએ છે? ભાગવાની સંખ્યાનાં ડાબા હાથપર વલાયો કાઢયો છે ત્યાં શું લખવાનું છે?

એ દાખલામાં પેહલાં સાત દશકના પાંચ ભાગ કરવા શું કર્યું છે તે કહો?

૭−૫=૨ એ ૨ શું, દશક કે એકમ? પછી ૨ જોડે ૦ મુકી ૨૦ કેમ કર્યા? એ વીસ એકમને પાંચે ભાગતાં શું જવાબ આવે? પેહલાં ૨૦ લખી તેમાંથી ૨૦ શા માટે બાદ કર્યાં છે? જવાબ ૧ દશક ને ૪ આવ્યો તે ક્યાં લખો છો?

એ પ્રમાણે ૬૦÷૪ નો દાખલો કરી બતાવો.

નીચે ૯૬÷૮ એ દાખલો કર્યો છે તે તપાસો ને પુછેલા સવાલના જવાબ આપો.

(૨) ૯૬÷૮

```
૮ ) ૯૬ ( ૧૨
    ૮
   ——
    ૧૬
    ૧૬
   ——
     ૦
```

આ દાખલામાં ભાગવાની સંખ્યા (ભાજ્ય) ક્યાં લખો છો? જે સંખ્યા વડે ભાગવાના તે સંખ્યા (ભાજક) ક્યાં લખો છો? જવાબ (ભાગાકાર) ક્યાં લખશો?

પેહલાં ૯ દશકના આઠ સરખા ભાગ કરતાં દરેક ભાગમાં શું દશક આવશે? એ એક દશક ક્યાં લખશો? ત્યારે હવે બાકી કેટલા દશક રહ્યા? એ એક દશક જોડે ઉપરથી ૬ લાવી નીચે લખ્યા તે શા માટે? ૧૬ એકમ કેમ થઇ?

૧૬ એકમના ૮ ભાગ કરતાં દરેક ભાગમાં શું આવશે? બાકી શું રહેશે? ત્યારે જવાબ શું?

જે સંખ્યાના ભાગ કરીએ છીએ તે સંખ્યાનું નામ "ભાજ્ય"

જે સંખ્યા વડે ભાગ કરો છો તેનું નામ "ભાજક."
ને જવાબ જે આવે તેનું નામ "ભાગાકાર."

ઉપર દેખાડ્યા પ્રમાણે ૯૧÷૭ નો દાખલો કરી બતાવો તથા તે કરતાં કેમ બોલવું તે શિક્ષક સમજાવે તેમ બોલો.

દાખલા ૬૦. ક. (મોંઢેના.)

(૧)

૨૪÷૬	૧૮÷૩	૨૭÷૯	૩૫÷૭	૪૨÷૬	૫૬÷૮	૬૩÷૭
૧૨÷૨	૫૦÷૨	૬૦÷૩	૯૦÷૨	૬૩÷૩	૮૮÷૮	૧૫÷૩
૨૭÷૯	૮૧÷૯	૧૮÷૨	૩૦÷૫	૩૬÷૪	૧૪÷૨	૧૮÷૩
૨૧÷૭	૩૩÷૩	૩૯÷૩	૪૨÷૨	૧૮÷૩	૨૪÷૮	૪૦÷૫
૫૬÷૮	૪૫÷૯	૮૧÷૯	૭૨÷૯	૮૦÷૮	૪૯÷૭	૬૩÷૯
૧૫÷૫	૪૫÷૫	૨૫÷૫	૧૪÷૭	૨૮÷૪	૩૨÷૮	૮૦÷૮

(૨)

૮×	=૨૪	૭×	=૪૯	૩×	=૨૭
૯×	=૪૫	૧૨×	=૬૦	૯×	=૮૧
૫×	=૩૦	૧૪×	=૮૪	૮×	=૭૨
૨×	=૨૪	૭×	=૬૩	૫×	=૪૫

(૩)

૧૬÷	=૪	૨૦÷	=૪	૫૫÷	=૧૧
૧૨÷	=૬	૨૭÷	=૩	૩૬÷	=૧૨
૧૫÷	=૩	૮૧÷	=૯	૪૫÷	= ૫
૮૧÷	=૯	૫૪÷	=૬	૮૦÷	=૨૦

(૪) એક રૂપિયાનાં દોઢિયાં આઠ માણસને વ્હેંચી આપો.

(૫) એક બળદને એક અઠવાડિયાંમાં ૮૪ પુળા ઘાસ જોઇએ છે તે દરરોજ સરખે ભાગે ખાય તો દરરોજ કેટલા પુળા ખાતો હશે?

(૬) એક માણુસ દર અઠવાડિયે ૩૫ રૂપિયા કમાય છે, તો દરરોજ સરખે ભાગે કમાય તો રોજ શું કમાતો હશે?

(૭) આઠને કેટલા વડે ગુણો તો ૭૨ આવશે? એ શોધી કાઢવા ૭૨ ને ૮ વડે શું કરશો? ગુણાકાર કે ભાગાકાર?

દાખલા ૬૦. ખ. (લખીત.)

(૧)

૪૮÷૨	૬૯÷૩	૮૪÷૪	૫૫÷૫	૬૬÷૨
૫૬÷૨	૫૭÷૩	૭૨÷૪	૯૮÷૭	૯૬÷૮
૮૧÷૯	૯૯÷૩	૮૧÷૩	૮૪÷૭	૭૦÷૨
૫૬÷૨	૬૯÷૩	૬૦÷૪	૭૦÷૫	૬૦÷૬
૯૦÷૨	૯૬÷૩	૯૬÷૪	૯૬÷૮	૯૦÷૯
૭૦÷૫	૮૪÷૬	૮૪÷૭	૯૧÷૭	૯૦÷૫

પાઠ ૬૧.

બે (શતક) પાટ લો, ચાર (દશક) સળી લો ને બે ધન લો. એ સઘળાના બે સરખા ભાગ કરો. તો તેમાં કેટલા શતક, કેટલા દશક ને કેટલા એકમ આવશે? આપો જવાબ શું?

૨૪૨÷૨ એમાં પેહલાં શતકને બે વડે ભાગશો કે દશક કે એકમને?

ત્રણ શતક—પાટ, ત્રણ દશક—સળી ને ચાર ધન લો. એના બે સરખા ભાગ કરવા છે તો ત્રણ શતકના બે સરખા ભાગ કરતાં દરેકમાં કેટલા આખા શતક આવશે? બાકી કેટલા શતક રહ્યા? એ એક શતકને વટાવશો તો દશક—સળી કેટલી આવશે? બીજી દશક—સળી આપેલી કેટલી છે? ત્યારે બધી મળી દશક—સળી કેટલી? ૧૩ દશકના બે સરખા ભાગ કરતાં દરેક ભાગમાં કેટલા આખા દશક આવે? બાકી શું? એક દશક વટાવતાં એકમ કેટલા આવે? બધા મળી કેટલા એકમ થયા? ૧૪ એકમને બે વડે ભાગતાં શું આવશે?

જવાબમાં કેટલા શતક, કેટલા દશક ને કેટલા એકમ?

• નીચે કરેલા એજ દાખલાની રીત તપાસો. ને શું કર્યું છે તે સમજાવો.

(૧) ૩૩૪÷૨.

૨) ૩૩૪ (૧૬૭
૨
——
૧૩
૧૨
——
૧૪
૧૪
——
૦૦

એ દાખલામાં પેહલાં કઇ સંખ્યાનો ભાગાકાર કરશું ? ૩ શતકને બે વડે ભાગતાં જવાબ કેટલા શતક ? બાકી કેટલા શતક ? ૧ શતકના દશક કેટલા ? તેમાં બીજા કેટલા દશક ઉમેરશો ? હવે કેટલા દશક થયા ? ૧૩ દશકને બે વડે ભાગતાં જવાબ કેટલા દશક ? બાકી શું ? ૧ દશકને વટાવતાં કેટલા એકમ ? બીજા કેટલા એકમ ઉમેરશો ? ૧૪ એકમ ને બે વડે ભાગો તો શું થાય ? જવાબ શું ?

એજ પ્રમાણે ૫૩૨÷૨ એ દાખલો કરી સમજાવો.

ચાર શતક, બે દશક ને ચાર એકમ એના આઠ સરખા ભાગ કરવા છે. ચાર શતકના આઠ ભાગ કરો તો કેટલા આખા શતક આવશે ? ચાર શતક નથી વ્હેંચાતા તો શું કરશો ? ચાર શતકના દશક કેટલા ? ૪૦ દશક ને બીજા બે દશક મળી કેટલા દશક ? ૪૨ દશકને ૮ વડે ભાગો તો જવાબ શું ? બાકી કેટલા દશક ? બે દશક ને ચાર મળી કેટલા એકમ ? ૨૪ એકમને આઠે ભાગો તો શું આવશે ?

હવે એજ દાખલો નીચે કર્યો છે તે તપાસી જુઓ. ૪૨૪÷૮.

૮) ૪૨૪ (૫૩
–૪૦
——
૨૪
–૨૪
——
૦

એ દાખલામાં ૪૨ ને ૮ વડે ભાગ્યા છે. તે ૪૨ શું છે ? પેહલાં ૪ નો ભાગાકાર કેમ નહીં કર્યો ? ૪૨ ને ૮ વડે ભાગતાં બાકી ૨ રહ્યા એ ૨ શું છે, દશક કે એકમ ?

એની જોડે ૪ લખ્યા તો એ ૨૪ શું છે એકમ કે દશક ?

૮૦૧÷૯ એ દાખલો એજ પ્રમાણે કરી બતાવો ને તેની સમજ આપો.

દાખલા ૬૧. ક. (મોઢેના.)

(૧)

પાટ.	સળી.	ધન.	પાટ.	સળી.	ધન.	શતક.	દશક.	એકમ.
૪	૦	૦÷ ૨	૯	૬	૩÷ ૩	૬	૮	૭÷ ૩
૬	૧	૯÷ ૩	૮	૬	૪÷ ૪	૮	૦	૮÷ ૮
૮	૦	૦÷ ૪	૯	૦	૯÷ ૯	૭	૭	૭÷ ૭
૬	૮	૨÷ ૨	૮	૮	૪÷ ૪	૬	૩	૬÷ ૬

(૨) સો રૂપિયાની નોટ છે. તે પાંચ માણસને સરખે ભાગે વ્હેંચી આપવી છે તો દરેક જણને કેટલી દશ દશ રૂપિયાની નોટ આપી શકાશે ?

(૩) ૯૯૯ રૂપિયા નવ જણને સરખે ભાગે આપતાં દરેકને શું મળશે ?

(૪) એક ટ્રેન ૩૬૦ માઇલ નવ કલાકમાં ચાલે છે તો દર કલાકે તેની ઝડપ કેટલા માઇલ હશે ?

દાખલા ૬૧. ખ. (લખીત.)

(૧)

૨૨૮÷૨	૩૬૯÷૩	૪૮૪÷૪	૫૦૫÷૫	૬૧૬÷૭
૭૭૦÷૭	૬૦૦÷૮	૯૯૯÷૯	૩૯૬÷૩	૬૯૦÷૩
૨૩૨÷૨	૩૭૮÷૩	૪૧૬÷૪	૫૨૫÷૫	૬૯૬÷૬
૭૮૪÷૭	૮૩૨÷૮	૯૪૫÷૯	૧૩૪÷૨	૨૩૪÷૩
૧૨૮÷૮	૪૩૨÷૮	૫૬૭÷૯	૩૧૫÷૭	૪૦૨÷૬
૯૦૪÷૮	૭૦૨÷૯	૯૯૪÷૭	૮૭૩÷૯	૫૧૨÷૮

(૨)

૧૨૬=૭×	૨૪૫=૫×	૭૫૦=૬×	૯૩૮=૭×
૩૬૮=૮×	૬૯૩=૯×	૯૩૨=૪×	૯૪૨=૩×

(૩) એક માણસની આઠ મહિનાની આવક ૪૪૮ રૂપિયા છે તો દર મહિને તેને શું મળતું હશે ?

(૪) એક ખેડુતે નવ પાડાની કિંમત ૩૨૪ રૂપિયા આપી તો દરેક પાડાનું શું પડયું ?

(૫) એક સંખ્યા છે તેનો સાતવડે ગુણાકાર કરો તો જવાબ ૪૧૩ આવે છે તો તે સંખ્યા શું હશે ?

(૬) જેટલા રૂપિયા મારી પાસે છે તેથી આઠ ગણા મારા ભાઇ પાસે છે. મારા ભાઇ પાસે ૩૭૬ રૂપિયા છે તો મારી પાસે શું હશે ?

પાઠ ૬૨.

૭૨ એકમના ૧૨ સરખા ભાગ કરો તો દરેક ભાગમાં શું આવશે?

૭૭ ને ૧૨ વડે ભાગો તો જવાબ શું આવશે ને બાકી શું રહેશે ?

નીચેનો દાખલો તપાસી તે માટે જે સવાલ પુછ્યા છે તેનો જવાબ આપો.

```
१९ ) ९८ ( ५
    -९५
    ———
      ३
```

૯૮ માં ૧૯ કેટલી વખત સમાય છે? ૧૯×૬ ચાલશે કે? ૯૮ ને ૧૯ વડે ભાગતાં બાકી શું રહે છે?

૬ શતક પાટ લો. તેના બાર સરખા ભાગ કરવા છે તો દરેક ભાગમાં કેટલા શતક આવશે? ૬ શતકને વટાવતાં કેટલા થશે? ૬૦ દશકને ૬ વડે ભાગતાં જવાબ કેટલા દશક આવશે?

ત્યારે ૬૦૦÷૧૨ તે કેટલા થાય?

૪૩૫ એને ૧૫ વડે ભાગવા છે. તો પેહલાં ૪ શતકને ૧૫ વડે ભાગી શકાશે કે? ૪ શતક તે કેટલા દશક? બીજા કેટલા દશક આપેલા છે? ત્યારે બધા મળી કેટલા દશકનો ૧૫ વડે ભાગાકાર કરશો? ૪૩ દશકને ૧૫ વડે ભાગતાં જવાબ શું આવ્યો? ૨ જવાબ એ દશક કે શતક? બાકી કેટલા દશક રહ્યા? ૧૩ દશકના એકમ કેટલા? બીજા કાંઇ એકમ દાખલામાં આપ્યા છે કે? ૧૩૫ એકમને ૧૫ વડે ભાગતાં જવાબ કેટલા એકમ? ત્યારે આખો જવાબ શું?

નીચે ૪૩૫÷૧૫ એ દાખલો કર્યો છે તે તપાસી જુઓ ને તે પ્રમાણે ૬૫૬÷૧૬ એ દાખલો કરી દેખાડો.

```
१५ ) ४३५ ( २९
    -३०
    ———
     १३५
    -१३५
    ———
     ०००
```

૪૩ ને ૧૫ વડે પેહલાં ભાગો છો તેમાં ૪૩ શું છે એકમ કે દશક? જવાબ ૨ એકમ કે દશક? બાકી ૧૩ રહ્યા તે દશક એકમ? તેની પાછળ ૫ લખ્યા એટલે થયા ૧૩૫ તો ૧૩૫ શું? ૧૩૫ એકમને ૧૫ વડે ભાગતાં જવાબ એકમ કે દશક?

દાખલા ૬૨. ક.

(૧)

૪૮÷૧૨ ૫૫÷૧૧ ૬૫÷૧૩ ૧૦૨÷૧૭ ૬૫÷૧૯ ૫૧÷૧૭
૩૮÷૧૯ ૧૮૦÷૨૦ ૬૦÷૧૨ ૭૮÷૧૩ ૫૬÷૧૪ ૮૪÷૧૨
૫૭÷૧૯ ૧૦૨÷૧૭ ૧૪૪÷૧૮ ૧૭૧÷૧૯ ૧૯૦÷૧૦ ૯૬÷૮
૧૨૬÷૧૮ ૧૫૨÷૧૯ ૫૨÷૪ ૭૮÷૬ ૧૧૯÷૧૭ ૧૩૫÷૧૫
૮૦÷૧૬ ૧૧૨÷૭ ૧૪૪÷૧૬ ૧૧૪÷૧૯ ૫૪÷૩ ૧૭૧÷૯

(૨) નીચેના દાખલામાં જે ભાગાકાર આવે તે તથા બાકી જે રહે તે પણ કહો.

૯૫÷૧૮ ૭૮÷૧૩ ૯૯÷૧૩ ૮૦÷૧૪ ૫૬÷૧૩ ૬૧÷૧૧
૭૭÷૧૫ ૮૧÷૧૭ ૯૫÷૧૮ ૭૭÷૧૭ ૮૩÷૧૮ ૭૯÷૧૯

(૩) નીચે આપેલી સંખ્યાઓ જેટલી પૈ છે તેના આના કરો તથા બાકી પૈ કહો.

૨૧ ૬૫ ૫૪ ૬૮ ૩૫ ૧૨૩ ૧૨૭ ૮૭ ૯૩
૨૫ ૩૭ ૪૩ ૬૩ ૭૮ ૧૧૦ ૧૩૨ ૬૦ ૯૬

(૪) નીચે આપેલી સંખ્યાઓ આના છે તેના રૂપિયા તથા આના કહો.

૩૨ ૩૭ ૪૮ ૫૭ ૯૬ ૧૦૪ ૧૧૨ ૧૨૭ ૧૪૪ ૧૬૯

(૫) નીચે આપેલી શિલિંગના પાઉંડ શિલિંગ કરો.

૨૦ ૨૮ ૪૦ ૫૨ ૬૦ ૬૭ ૭૫ ૭૮ ૮૦ ૯૦ ૯૮ ૧૦૦
૧૦૭ ૧૧૫ ૧૨૦ ૧૨૭ ૧૩૯ ૧૪૦ ૧૫૦ ૧૫૭ ૧૬૦ ૧૮૦ ૧૯૦ ૨૦૦

(૬) નીચે આપેલી દરેક સંખ્યાને ૧૦ વડે ભાગતાં ભાગાકાર શું આવશે ને બાકી શું રહેશે?

૯૮ ૫૭ ૬૩ ૬૯ ૮૧ ૯૫ ૯૯ ૭૩
૧૨૫ ૧૪૮ ૧૯૭ ૨૦૫ ૨૧૦ ૩૧૮ ૪૪૯ ૫૬૮
૬૭૭ ૭૯૧ ૮૮૯ ૯૦૫ ૯૦૦ ૯૧૦ ૮૭૦ ૯૫૦
૩૩૩ ૪૫૬ ૭૮૯ ૩૨૧ ૫૬૮ ૮૯૦ ૯૯૯ ૩૯૮

(૭) આના આપ્યા હોય તેના રૂપિયા કરવા હોય તો શું કરવું ?

(૮) પેન્સની શિલિંગ કરવા કહી હોય તો આપેલી સંખ્યાનો કેટલા વડે ભાગાકાર કરશો ?

(૯) પૈના આના કરવા હોય તો કેમ થાય?

(૧૦) શિલિંગના પાઉંડ કેમ કરાય?

દાખલા ૬૨. ખ. (લખીત.)

(૧) નીચે આપેલા દાખલામાં દરેક હારમાં, બે સંખ્યા છે. તેમાંની પેહલી સંખ્યામાંથી બીજી કેટલી વખત બાદ કર્યા કરો તો જવાબ ૦ આવે તે બાદબાકી કરી શોધી કાઢો.

૫૭ ; ૧૯.	૧૧૪ ; ૧૯.	૫૧ ; ૧૭.	૧૩૬ ; ૧૭.
૬૮ ; ૧૭.	૧૦૮ ; ૧૮.	૯૦ ; ૧૫.	૮૦ ; ૧૬.

(૨)

૧૨૦÷૧૨	૨૪૨÷૧૧	૨૨૧÷૧૩	૧૮૨÷૧૪
૨૪૦÷૧૬	૫૨૭÷૧૭	૯૬૮÷૧૧	૯૭૯÷૧૧
૩૬૮÷૧૬	૨૮૮÷૧૮	૪૭૫÷૧૯	૯૬૦÷૨૦
૯૩૦÷૧૫	૯૭૨÷૧૨	૫૬૧÷૧૭	૮૭૪÷૧૯
૮૭૧÷૧૩	૭૨૦÷૧૬	૯૦૦÷૧૫	૮૦૪÷૧૨
૯૦૨÷૧૧	૮૬૭÷૧૭	૯૮૮÷૧૯	૯૯૪÷૧૪

(૩) નીચેના દાખલામાં ભાગાકાર શું આવે છે ને બાકી શું રહે છે તે પણ કાઢો.

૧૪૪÷૧૧	૨૬૯÷૧૯	૫૬૭÷૧૭	૬૭૮÷૧૮
૭૮૯÷૧૮	૮૬૪÷૧૯	૯૮૯÷૧૫	૮૭૯÷૧૭
૬૦૧÷૧૨	૭૯૩÷૧૪	૩૮૭÷૧૬	૯૯૯÷૧૮

(૪) નીચે પૈ આપી છે તેના આના પૈ કરો.

૧૨૧, ૨૬૭, ૪૫૬, ૫૬૦, ૬૭૨, ૮૯૧, ૯૯૯, ૭૮૯.

૨૩૪, ૫૬૭, ૪૮૯, ૮૧૧, ૯૩૭, ૨૫૩, ૪૫૬, ૫૬૮.

(૫) નીચેના આનાના રૂપિયા આના કરો.

૨૪૦. ૩૦૦. ૪૧૫. ૬૭૮. ૭૯૧. ૮૬૪. ૯૦૫. ૮૭૮.

(૬) નીચે આપેલી શિલિંગના પાઉંડ કરો.

૨૪૦. ૧૨૦. ૩૬૦. ૪૮૦. ૬૦૦. ૮૦૦. ૯૦૦. ૩૦૦. ૧૨૬.

૨૩૪. ૩૬૫. ૭૮૯. ૮૧૨. ૯૭૮. ૩૭૧. ૪૧૫. ૬૨૬. ૮૭૯.

(૭) એક માણસ દર વર્ષે ૯૮૪ રૂપિયા ખર્ચ કરે છે. દર મહિને સરખે ભાગે ખર્ચ થતો હોય તો એક મહિનાનો તેનો ખર્ચ શું હશે?

(૮) એક માણુસ પાસે જેટલાં રૂપિયા છે તે કરતાં ૧૫ ગણા રૂપિયા તેના બાપ પાસે છે. બાપ પાસે ૭૯૫ રૂપિયા છે તો છોકરા પાસે શું હશે?

(૯) ૧૯ ટોપલામાં બધી મળી ૯૮૮ કેરી છે. દરેક ટોપલો સરખો ભરેલો છે. તો દરેક ટોપલામાં કેરી કેટલી?

(૧૦) એવી સંખ્યા શોધી કાઢો કે તેને ૧૭ વડે ગુણશો તો જવાબ ૮૮૪ આવશે?

(૧૧) મારી પાસે જેટલા રૂપિયા છે તેથી બાર ગણા રૂપિયા હોય તો ૮૮૮ રૂપિયા થાય ત્યારે મારી પાસે શું હશે?

(૧૨) ૯૧૨ રૂપિયા ૧૬ કોથળીમાં સરખે ભાગે ભર્યાં હોય તો દરેક કોથળીમાં કેટલા રૂપિયા હોવા જોઇએ?

પાઠ ૬૩.

૯૬ માંથી ૪૮ કેટલી વખત લેવાશે તે બાદબાકી કરી શોધી કાઢો.

```
૪૮ ) ૯૬ ( ૨
    −૯૬
    ———
      ૦
```

૯ દશકના ૪૮ ભાગ થાય નહીં તો શું કરશો? ૯ દશક અને ૬ મળી કેટલા એકમ થાય? ૯૬ એકમના ૪૮ ભાગ કરવા છે. હવે ૪૮ ને કેટલા વડે ગુણશો તો ૯૬ આવશે? તે શોધી કાઢો.

એ પ્રમાણે ૮૭÷૨૯ એ દાખલો કરી બતાવો.

૪૩૨ ને ૨૪ વડે ભાગવા છે. ૪ શતકને ચોવીસે ભાગી શકાય નહીં તો ૪ શતક ને ૩ દશકના દશક કેટલા? ૪૩ દશકમાં ૨૪ કેટલી વખતે સમાય છે તે જુઓ ૧ વખત કે બે વખત? ૨૪ ને ૨ વડે ગુણતાં ૪૩ કરતાં વધારે આવે છે કે ઓછા? ૪૩ માંથી ૨૪ લેતાં બાકી શું રહ્યું? ૧૯ દશક ને ૨ એકમ મળી કેટલા એકમ? ૧૯૨ માં ૨૪ કેટલી વખત જશે? ૨૪ ના ડાબા આંકડાને કેટલાએ ગુણશો તો લગભગ ૧૯ (૧૯૨ ના પેહલા બે આંક) આવશે? ૨૪ ને નવે ગુણી જુઓ. ૧૯૨ થી વધારે થયા કે ઓછા? ત્યારે હવે ૨૪ ને આઠ વડે ગુણો. ૧૯૨ માં ૨૪ કેટલી વખત સમાય છે? ત્યારે હવે જવાબ શું?

(૧)

ભાજક ભાજ્ય ભાગાકાર.

```
૨૪ ) ૪૩૨ ( ૧૮   જવાબ.
     -૨૪
     ----
      ૧૯૨
      ૧૯૨
     ----
      ૦૦૦
```

(૨)

ભાજક ભાજ્ય ભાગાકાર.

```
૫૪ ) ૮૬૪ ( ૧૬  જવાબ.
     -૫૪
     ----
      ૩૨૪
      ૩૨૪
     ----
      ૦૦૦
```

૮૬૪ ને ૫૪ વડે ભાગવા છે. ૮૬ દશકમાં ૫૪ કેટલી વખત સમાશે? ૮૬ માંથી ૫૪ બાદ કરતાં શું રહ્યું? ૩૨ દશક ને ૪ એકમ મળી કેટલા થયા? ૩૨૪ ને ૫૪ વડે ભાગશો તો શું આવશે તે કેમ કઢાય? ૫૪ નો પેહેલો અંક શું છે? ૫ ને કેટલાએ ગુણતાં લગભગ ૩૨ આવશે? ત્યારે ૫૪ ને ૬ વડે ગુણી જુઓ.

(૩) ભાજક ભાજ્ય ભાગાકાર.

```
૫૭ ) ૧૯૮ ( ૩
     ૧૭૧
     ----
      ૨૭
     બાકી
```

૧૯૮ ને ૫૭ વડે ભાગવા છે. ૧ શતક તો ભંગાય નહીં તો કેટલા લેશો? ૧૯ દશક પણ ૫૭ વડે ભંગાતા નથી તો હવે કેટલા એકમ લેશો? ૧૯૮ માં ૫૭ કેટલી વખત સમાય છે તે કેમ શોધી કાઢશો? પાંચને કેટલાએ ગુણતાં લગભગ ૧૯ થશે? ત્યારે ૩ વડે ગુણાકાર કરો બાકી શું?

૯૬૬ ને ૪૨ વડે ભાગવા છે. કેટલા દશકને પેહેલાં ભાગશો? ૯૬ માં ૪૨ કેટલી વખત સમાય છે તે જોવા મનમાં શું ભાગી જોશો? (૯ ને ૪ વડે) ૯૬ માંથી ૪૨×૨ બાદ કર્યા પછી જે રહે તે દશક કે એકમ? હવે તે દશકને શું કરશો? બધા મળી ૧૨ દશક ને ૬ એકમ છે તેને ૪૩ વડે ભાગતાં શું આવશે?

૭૯૮÷૪૨ એ દાખલામાં પેહલાં ૪૨ વડે શાને ભાગશો? ૭૯ માં ૪૨ કેટલી વખત સમાય છે? બાકી શું રહેશે? ૩૭૮ એકમને ૪૨ વડે ભાગતાં જવાબ શું આવશે? તે મનમાં પેહલાં કરી જોવા કેટલાને કેટલાએ ભાગી જોશો? (૩૭ ને ૪ વડે) ૪૨ ને ૯ વડે ગુણી જે આવે તે શામાંથી બાદ કરશો?

નીચેનો દાખલો તપાસી સમજાવો.

```
૪૧ ) ૯૮૭ ( ૨૪ જવાબ.
     -૮૨      ...........૪૧×૨ દશક.

      ૧૬૭
     -૧૬૪     ...........૪૧×૪ એકમ.
     ------
        ૩  બાકી.
```

દાખલા ૬૩. ક.

(૧)

૧૮૦÷૨૦	૪૨૦÷૨૦	૫૧૦÷૧૦	૨૧૦÷૩૦	૪૪૦÷૪૦
૩૬૦÷૩૦	૪૮૦÷૪૦	૫૫૦÷૫૦	૭૨૦÷૬૦	૮૪૦÷૭૦
૯૬૦÷૮૦	૩૬૦÷૨૦	૯૦૦÷૩૦	૬૦૦÷૪૦	૬૪૦÷૪૦
૬૪૦÷૮૦	૫૬૦÷૭૦	૭૨૦÷૯૦	૨૭૦÷૯૦	૩૬૦÷૬૦
૪૫૦÷૯૦	૩૫૦÷૭૦	૮૧૦÷૯૦	૪૨૦÷૭૦	૭૨૦÷૯૦

(૨)

૧૨૫÷૧૦	૨૨૩÷૨૦	૩૪૫÷૨૦	૪૧૫÷૩૦	૧૬૦÷૪૦
૨૭૦÷૫૦	૨૮૦÷૬૦	૩૮૦÷૭૦	૪૯૫÷૮૦	૫૬૭÷૯૦
૩૧૫÷૨૦	૪૧૬÷૩૦	૫૬૭÷૫૦	૬૧૭÷૪૦	૬૨૫÷૭૦

(૩) એક માણસ પાસે ૭૫૦ રૂપિયા છે. તેમાંથી પચાસ રૂપિયાની નોટો લેવી છે. તો કેટલી નોટ લેવાશે?

(૪) રૂપિયા ૩૭૦ ની નોટ લેવી છે. જેટલી બને એટલી વીસ રૂપિયાની નોટ ને બાકી રહે તે દશની નોટ લેવી છે. તો કેટલી નોટ લેવાશે તે કહો.

દાખલા ૬૩. ખ. (લખીત.)

(૧) નીચે આપેલી સંખ્યાઓમાંની પેહલીમાંની બીજી કેટલી વખત બાદ કરો તો ૦ જવાબ આવે તે બાદબાકી કરી શોધી કાઢો.

૧૨૮૧ ; ૧૮૩. ૭૯૨ ; ૯૯. ૯૩૬ ; ૨૩૪. ૯૯૬ ; ૩૩૨.

(૨)

૬૭૦÷૨૫	૯૮૦÷૨૫	૫૨૮÷૨૪	૩૪૮÷૨૯
૮૧૯÷૩૯	૭૫૬÷૪૨	૪૦૫÷૪૫	૫૧૩÷૫૭
૯૧૨÷૫૭	૭૫૬÷૬૩	૮૧૭÷૪૩	૮૭૩÷૯૭
૯૪૫÷૪૫	૯૨૫÷૩૭	૯૬૯÷૫૧	૯૨૪÷૭૭
૮૯૧÷૯૯	૭૯૯÷૪૭	૯૫૪÷૫૩	૮૯૧÷૮૧

(૩) નીચેના ભાગાકારના દાખલાઓના જવાબ લખો ને બાકી જે રહે તે પણ લખો.

૫૬૭÷૩૯	૯૬૮÷૪૯	૯૭૭÷૬૩	૮૮૧÷૪૨
૭૫૭÷૩૮	૬૧૫÷૨૫	૭૮૯÷૬૪	૯૯૭÷૭૩
૯૮૭÷૫૧	૮૧૭÷૬૩	૮૭૫÷૯૧	૯૦૦÷૯૯

(૪) એક મણના ૪૦ શેર થાય તો ૯૬૧ શેરના મણ તથા શેર કહો.

(૫) ૮૬૫ ચીજ ૭૭ માણસોમાં સરખે ભાગે વ્હેંચતાં દરેકને શું આવશે ને બાકી શું રહેશે?

(૬) ૯૬૦ માં ૬૪ કેટલી વખત સમાય છે તે શોધી કાઢો.

(૭) એક સંખ્યાને ૨૭ વડે ગુણો તો જવાબ ૯૪૫ આવે છે તો તે સંખ્યા શું હશે?

(૮) એક સંખ્યાને ૨૮ વડે ગુણતાં જવાબ ૩૩૬ આવે છે તો તે સંખ્યા શું હશે?

પાઠ ૬૪.

૬ × ૫ કેટલા? ૩૦ ને ૫ વડે ભાગતાં જવાબ શું આવશે?

તમને કહ્યું હોય કે એક સંખ્યાને ૫ વડે ભાગતાં જવાબ ૬ આવે છે તો તે સંખ્યા કઈ? તે જાણવા શું કરશો?

એક સંખ્યાને ૮ વડે ભાગતાં જવાબ ૭ આવે છે તો તે સંખ્યા શું? (૮×૭=૫૬).

એક સંખ્યાને ૧૨ વડે ભાગતાં જવાબ ૮ આવે છે તો તે સંખ્યા શું હશે?

જે સંખ્યાનો ભાગાકાર કરો તેનું નામ "ભાજ્ય," જે સંખ્યા વડે ભાગાકાર કરો તેનું નામ "ભાજક" ને ભાગવાથી જે જવાબ

આવે તેનું નામ "ભાગાકાર." તો "ભાગાકાર" ને "ભાજક" ને ગુણતાં શું આવશે?

ભાજક × ભાગાકાર=ભાજ્ય. એ કોઇ દાખલો લઇ સમજાવો.

ભાજક ૧૫ ને ભાગાકાર ૯ છે. તો ભાજ્ય શું હશે? ભાજક ને ભાગાકારની સંખ્યા આપી હોય તો ભાજ્ય કેમ શોધી કઢાય?

૩૨÷૫ એમાં જવાબ શું ને બાકી શું? એક સંખ્યા એવી છે કે તેને ૫ વડે ભાગતાં ભાગાકાર ૬ આવે ને શેષ (એટલે બાકી) ૨ રહે તો તે સંખ્યા કેટલી.?

એક સંખ્યાને ૮ વડે ભાગતાં જવાબ ૯ આવે છે ને ૭ શેષ (એટલે બાકી) રહે છે તો તે સંખ્યા શું હશે? (૮×૯+૭=૭૯).

એક સંખ્યાને ૧૨ વડે ભાગતાં જવાબ ૫ ને શેષ (એટલે બાકી) ૧૧ રહે છે તો તે સંખ્યા શું હશે?

ભાજક, ભાગાકાર ને શેષ આપ્યા હોય તો ભાજ્ય કેમ શોધી કઢાય?

ભાજક×ભાગાકાર+શેષ=ભાજ્ય એ દાખલો લઇ સમજાવો.

ભાજક ૭, ભાગાકાર ૩૦ ને શેષ ૫ તો ભાજ્ય શું હશે?

સૂચના:—એક દાખલામાં + − × અને ÷ એ સઘળાં ચિન્હો સાથે વપરાયાં હોય તો નીચેના નિયમો ધ્યાનમાં રાખવા.

(૧) જે સંખ્યાઓ × અથવા ÷ થી જોડાઇ હોય તો તે સંખ્યાઓનો જવાબ + અથવા − ના ચિન્હોથી જોડાયલી સંખ્યાઓ પેહલાં કાઢવો.

જેમકે ૬ × ૩ + ૮ ÷ ૪ − ૩ × ૫ એટલે ૧૮+૨−૧૫=૫. એમાં પેહલાં ૬ ને ૩ નો ગુણાકાર, પછી ૮ નો ૪ વડે ભાગાકાર, પછી ત્રણ ને પાંચનો ગુણાકાર ને તે પછી ૧૮ નો ૨ વડે સરવાળો ને તેમાંથી ૧૫ ની બાદબાકી કરવી.

(૨) જો × અને ÷ ચિન્હો સાથે વપરાયાં હોય તો જે ચિન્હ પેહલું આવ્યું હોય તેનો જવાબ પેહલે કરવો.

જેમકે ૧૬÷૨×૪= ૮×૪=૩૨. પેહલાં ૧૬ ને બે વડે ભાગી જે જવાબ આવે તેને ૪ વડે ગુણવા. જો પેહલાં ૨ નો ૪ વડે ગુણાકાર કરી તે વડે ૧૬ નો ભાગાકાર કરો તો જવાબ ખોટો આવશે.

દાખલા ૬૪. ક.

(૧) નીચેના દાખલામાં ભાજ્ય શું છે તે શોધી કાઢો.

ભાજક;	ભાગાકાર.	ભાગાકાર;	ભાજક.	ભાજક;	ભાગાકાર;	શેષ.
૬	૫	૬	૫	૬	૫	૪
૪	૭	૪	૭	૪	૭	૩
૮	૯	૧૨	૬	૧૫	૬	૧૦
૧૬	૮	૧૩	૭	૧૭	૭	૧૧

(૨)

૧૨= ૯૬÷ ૫= ૭૫÷ ૧૦= ૪૦÷ ૧૪= ૮૪÷

૭=૧૧૯÷ ૧૬=૧૧૨÷ ૧૯= ૯૫÷ ૧૩= ૯૧÷

૮૦=૨૪૦÷ ૧૭=૧૩૬÷ ૨૫=૨૦૦÷ ૪૦=૩૬૦÷

૯૬= ૧૬× ૧૪૪= ૮× ૧૩૫= ૯× ૯૮= ૭×

૧૦૫= ૭× ૧૦૮= ૧૨× ૧૧૭= ૯× ૧૫૩÷ ૯×

(૩)

૬×૨+૧૨÷૩+૪−૨૦ ૧૬÷૪+૫×૬+૨૪÷૪.

૧૫÷૩+૮૦÷૫−૭× ૩ ૧૬÷૪×૪−૧૦−૬.

૮÷૪× ૨×૫−૬× ૩ ૨૮÷ ૭×૫+૪×૫−૧૦×૪.

(૪) એક સંખ્યાને ૧૫ વડે ભાગતાં જવાબ ૮ આવે છે ને ૧૦ બાકી વધે છે તો સંખ્યા શું હશે?

(૫) એવી સંખ્યા શોધી કાઢો કે તેને ૧૫ વડે ગુણતાં જવાબ ૪૫૦ આવે.

(૬) એક મોટો ટોપલો ભરી કેરીના ૧૫ સરખા ભાગ કરતાં દરેક ભાગમાં ૨૦ કેરી આવે છે ને ૧૦ કેરી બાકી વધે છે તો બધી મળી કેટલી કેરી ટોપલીમાં હતી?

(૭) એક કપડાંનો તાકો છે તેમાંથી સાત સાત વારના કકડા ફાડયા તો ૬ કકડા નીકળ્યા ને પાંચ વાર કપડું બાકી રહ્યું તો તે તાકો કેટલો લાંબો હશે?

(૮) રૂસ્તમ પાસે જે રૂપિયા છે તે મોહનલાલના રૂપિયા કરતાં ૬ ગણા વધારે છે. રૂસ્તમ પાસે ૭૨ રૂપિયા છે, ત્યારે મોહનલાલ પાસે શું હશે? મોહનલાલ ને રૂસ્તમ બંનેના રૂપિયા એકઠા કરો તો કેટલા રૂપિયા થશે?

(૯) એક સંખ્યા લો. તેને સાત ગણી કરો. તેમાં ૩ ઉમેરો. જવાબ આવ્યો ૪૫ ત્યારે તે સંખ્યા શું હશે?

(૧૦) એક સંખ્યામાંથી ચાર કાઢી નાખી જે બાકી રહે તેને આઠ વડે ભાગો તો જવાબ સાત આવે છે તો તે સંખ્યા શું?

(૧૧) એક સંખ્યામાં બે ઉમેરો તેને ૭ વડે ભાગો તો જવાબ ૧૦ આવે છે ત્યારે તે સંખ્યા શું હશે?

(૧૨) એક સંખ્યાનો આઠમો ભાગ ૧૨ છે તો આખી સંખ્યા શું હશે?

(૧૩) એક સંખ્યા ૧૨૬ માં ૯ વખત સમાઇ જાય છે તો તે સંખ્યા શું?

દાખલા ૬૪. ખ. (લખીત.)

(૧) નીચેના દાખલામાં ભાજ્ય શું છે તે શોધી કાઢો.

ભાજક.	ભાગાકાર.	શેષ.	ભાજક.	ભાગાકાર.	શેષ.
૪૫	૩૭	૦	૬૩	૩૯	૨૩
૯૭	૫૩	૩૭	૫૬	૧૨	૯

(૨) એક સંખ્યા એવી છે કે તેમાંથી ૪૭ બાદ કરો ને બાકી જે રહે તેને ૬૭ વડે ભાગો તો જવાબ ૫૯ આવશે તો તે સંખ્યા શું હશે?

(૩) એક સંખ્યા એવી છે કે તેમાં ૩૫ ઉમેરો ને જે સરવાળો આવે તેને ૭૨ વડે ભાગો તો ૪૨ જવાબ આવશે. ત્યારે તે સંખ્યા શું હશે?

(૪) એક સંખ્યાના ૨૫ સરખા ભાગ કરો તો દરેક ભાગ ૪૯ થાય છે તો તે સંખ્યા શું હશે?

(૫) એવી સંખ્યા શોધી કાઢો કે તે ૯૪૫ માં ૬૩ વખત સમાઇ જાય.

(૬) બે સંખ્યાનો ગુણાકાર ૬૭૫ છે. તેમાંની એક સંખ્યા ૨૭ છે તો બીજી સંખ્યા શોધી કાઢો. ને એ બંને સંખ્યાનો સરવાળો કરો.

(૭) એક વાડીમાં ૩૨૪ ઝાડ છે. તે સઘળાંના ૨૭ માં ભાગ જેટલી કેળ છે ને બાકી આંબા છે. તો આંબા કેટલા હશે?

(૮) ૩૨૫ ને ૧૨૮ નો સરવાળો કરો. ને તેને ૨૪૪ અને ૨૧૬ ની બાદબાકી વડે ભાગો.

પ્રકરણ ૧૫.

(હજારથી લાખ સુધી સંખ્યા લેખન તથા વાંચન.)

પાઠ ૬૫.

કેટલા એકમનો એક દશક થાય ? કેટલા દશકનો એક સો ? હજારના કેટલા સો થાય ?

એક હજાર પાંચસો ને પીસ્તાળીસ એમ નીચે પ્રમાણે ખાના પાડી લખી દેખાડો.

હજાર	સો	દશ	એક

પાંચ હજાર ને ત્રણ એ ઉપર પ્રમાણે ખાના પાડી લખો તો કયા ખાનામાં શુન્ય મુકવું પડશે ? ચાર હજાર ને વીસ એમાં શુન્ય કયાં કયાં ખાનામાં માંડવા પડશે ?

એક શતક-પાટ લો. એવી કેટલી પાટ લેશો તો હજાર થશે ? હવે એ દશ પાટ એક નાની પેટીમાં ભરો ને એવી દશ પેટી લો તો દશ હજાર થયા. તેને માટે હજારના ખાનાની ડાબી બાજુએ એક બીજું ખાનું પાડો.

હવે પચીસ હજાર છસો ને બાર. એ એવાં ખાનામાં લખી દેખાડો.

એકમના ડાબા હાથ પરનું પેહલું ખાનું શાનુ ? દશકના ડાબા હાથપર શું ?

દશ વખત દશ હજાર થાય ત્યારે બીજું ખાનું પાડવું પડશે. એ ખાનાનું નામ "લાખ" નું ખાનું.

લાખનું ખાનું દશ હજારના ખાનાની કઇ બાજુએ છે? એક લાખના કેટલા "દશ હજાર"? એક લાખના કેટલા હજાર?

લાખ	દશ હજાર	હજાર	સો	દશ	એક	
૨	૫	૬	૭	૮	૯	૨૫૬૭૮૯

ઉપલા ખાનામાં લખેલી સંખ્યા વાંચો. (૨ લાખ, ૫૬ હજાર, ૭ સો નેવ્યાસી) એ પ્રમાણે ખાના પાડી લખો. નવ લાખ ત્રણુસો ૭. એમાં કયાં કયાં ખાનામાં શુન્ય મુકવું પડશે? હવે એવાં ખાના પાડયા વગર એજ સંખ્યા લખાય તો તે સમજ કેમ પડે?

એકમની સંખ્યાના હાથ ઉપર શું લખાય છે? દશકના ડાબા હાથપર શું? દશ હજારના ડાબા હાથપર શું?

દાખલા ૬૫. ક.

(૧) એક દશ, સો, હજાર, દશહજાર, લાખ એમ ઝડપથી ઉતરતા તેમજ ચઢતા બોલી જાઓ.

(૨) "સો" ના ડાબા હાથપરનું પેહલું ખાનું શું? સોના જમણા હાથપરનુ શું?

(૩) હજારના ડાબા હાથપરનું પેહલું ખાનું શું? જમણા હાથનું શું?

(૪) લાખ કયા ખાનાના ડાબા હાથપર લખાય છે? એક લાખના હજાર કેટલા?

(૫) નીચેના દાખલાઓમાં આપેલી સંખ્યાઓનું કયુ ખાનું સંખ્યા વગર ખાલી રહેશે તે આપેલી સંખ્યા માત્ર વાંચીને કહો.

પચાસ; એકસો ત્રીસ; છસો પાંચ; એક હજાર ચારસો બત્રીસ; પાંચ હજાર; ૭ હજાર નવસો ત્રણ; સાત હજાર ને આઠ; નવ હજાર ને બત્રીસ; બાર હજાર; પંદર હજાર છસો સાત; વીસ હજાર એકસો; પચીસ હજાર ને પાંચ; એક લાખ; બે લાખ અઠાવીસ હજાર સાતસો ઓગણત્રીસ; નવ લાખ ને દશ; સાત લાખ સાત હજાર ને સાત; આઠ લાખ ત્રણુસો પાંચ; પાંચ લાખ પંદર હજાર ચારસો એકવીસ;

આઠ લાખ નવસો બાણું; ત્રણ હજાર; બાવીસ હજાર ને બે; એક લાખ ને એક; ત્રણ લાખ પાંચ હજાર; ૭ લાખ છત્રીસ હજાર ને છત્રીસ; ચાર લાખ ત્રણસો ૭; સતાવીસ હજાર બસો દશ; આઠ લાખ; પંદર હજાર; સતાવીસ હજાર; એક લાખ; બે હજાર; છસો; પચાસ; નવ લાખ પાંચ હજાર.

(૬) પાઠ ૬૫ માં દેખાડયું છે તેવું ખાનું પાડી, તેમાં ઉપરના દાખલામાં આપેલી સંખ્યા લખી દેખાડો.

(૭) ઉપલી સંખ્યાઓ વગર ખાના પાડવે લખી દેખાડો.

(૮) નીચે આપેલી સંખ્યા વાંચી સંભળાવો.

૨૦.	૩૭.	૧૦૫.	૨૯૭.	૩૦૦.	૪૦૦૦.
૫૦૩.	૬૯૯.	૭૯૧.	૧૩૯૪.	૧૦૦૧.	૨૦૩૭.
૩૮૦૯.	૪૦૫૬.	૫૬૭૮.	૬૯૦૦.	૭૦૦૦.	૧૦૦૦૦.
૧૦૦૦૧.	૧૦૦૦૭.	૧૦૦૧૨.	૧૦૦૨૮.	૧૦૦૪૯.	૧૦૧૨૮.
૧૦૨૭૯.	૧૦૩૮૧.	૧૦૨૦૨.	૧૦૭૦૦.	૨૦૯૦૦.	૪૦૫૬૭.
૪૦૦૦૨.	૬૦૦૦૦.	૯૯૧૦૦.	૭૫૨૩૦.	૭૮૦૦૦.	૧૯૦૦૩.
૫૦૦૦૨.	૭૮૯૭૧.	૧૨૩૪૫.	૨૬૭૮૯.	૫૬૨૩૪.	૫૬૦૩૧.
૫૭૦૦૨.	૫૮૦૦૯.	૬૫૭૬૭.	૭૭૭૭૭.	૮૮૮૮૮.	૯૭૩૧૨.
૯૦૦૦૦.	૫૦૦૦૦.	૬૦૦૦૬.	૭૭૦૧૨.	૭૯૦૦૧.	૮૦૦૭૧.
૧૭૩૪૫.	૨૮૫૬૭,	૨૯૫૮૨.	૩૮૭૬૪.	૪૨૮૪૧.	૮૫૭૯૨.

૧,૦૦,૦૦૦.	૫,૦૦.૦૦૦.	૨,૦૦,૦૦૧.	૩,૦૦,૦૧૨,	૪,૦૦,૦૨૮.
૫,૦૦,૧૩૬.	૬,૦૦;૨૦૦.	૭.૦૦,૦૧૫.	૮,૦૦,૩૯૮.	૯,૦૦,૫૩૬.
૮,૦૨,૧૩૭.	૯,૦૩,૧૧૦.	૧.૦૨,૦૦૨.	૨,૦૩,૦૧૫.	૪,૦૬,૦૧૭.
૨,૧૨,૩૧૫.	૩,૧૭,૪૦૦.	૫,૨૫,૪૦૨.	૬.૨૩,૯૮૭.	૭.૦૨,૧૦૩.
૮,૧૫,૯૯૯.	૯,૦૩,૦૦૩.	૮,૦૦,૦૦૦.	૯,૯૯,૯૯૯.	૫,૬૩,૫૧૯.

(૯) નીચેની સંખ્યા લખી દેખાડો.

સતાવીસ હજાર; ઉડતાળીસ હજાર આઠસો પચીસ: બે લાખ ઓગણીસ હજાર છસો સતાવીસ; સાત લાખ અઢાર હજાર એકસો પચાસ; નવ લાખ નવ હજાર ને નવ; પાંચ લાખ પચીસ હજાર ને સાત; બાર લાખ. એકત્રીસ હજાર એકસો સાડત્રીસ; બે લાખ પંદર હજાર નવસો તેર; સાત લાખ સીતોતેર હજાર સાતસો સીતોતેર; .નવ લાખ આઠ હજાર ને અઢાર; એક; દશ; સો; હજાર; દશ હજાર; લાખ.

દાખલા ૬૫. ખ.

(૧)

૧૦૦=	×	૧૦	૧,૦૦,૦૦૦=	×	૧
૧,૦૦૦=	×	૧૦	૧,૦૦,૦૦૦=	×	૧૦
૧,૦૦૦=	×	૧૦૦	૧,૦૦,૦૦૦=	×	૧૦૦
૧૦,૦૦૦=	×	૧	૧,૦૦,૦૦૦=	×	૧,૦૦૦
૧૦,૦૦૦=	×	૧૦	૧,૦૦,૦૦૦=	×	૧૦,૦૦૦
૧૦,૦૦૦=	×	૧૦૦			
૧૦,૦૦૦=	×	૧,૦૦૦			

(૨)

દશ હજાર ×	=લાખ	દશ ×	=સો
હજાર ×	=લાખ	શો ×	=દશ હજાર
સો ×	=લાખ	હજાર ×	=દશ હજાર
દશક ×	= સો	દશ ×	= હજાર

(૩) ૨૧,૦૦૦ રૂપિયામાંથી સો સો રૂપિયાની કેટલી નોટ લેવાશે? ૨૫,૦૦૦ રૂપિયામાંથી કેટલી લેવાશે?

(૪) એક માણસે એકેક હજાર રૂપિયાની ૧૦૦ નોટ લેવી છે તો તેની પાસે કેટલા રૂપિયા જોઇશે?

(૫) એક માણસ પાસે બાર નોટ હજાર હજાર રૂપિયાની છે, પંદર નોટ સો સો રૂપિયાની છે, સતર નોટ દશ દશ રૂપિયાની છે ને ૭ નોટ પાંચ પાંચ રૂપિયાની છે, ત્યારે તેની પાસે બધા મળી કેટલા રૂપિયાની નોટ હશે?

(૬) દશ હજાર રૂપિયામાંથી સો રૂપિયાની કેટલી નોટ લેવાશે?

(૭) ૯૯૯ એમાં દરેક નવડાની શું કિમત છે તે સમજાવો.

(૮) ૩૭૮ એમાં ૩ ની કિમત શું? ૭ ની શું ને ૮ ની શું? એક અંક બીજા અંકની ડાબી બાજુએ લખો તો તેની કિમતમાં શું ફેર પડે છે?

પ્રકરણ ૧૬.

(ચાર, પાંચ કે છ અંકી સંખ્યાના સરવાળા બાદબાકી.)

પાઠ ૬૬.

કેટલા હજારના દશ હજાર થાય? કોઇ પણ હજારની સંખ્યાઓનો સરવાળો કરતાં ૯ થી વધારે હજાર આવે તો તે હજારની જગ્યાએજ લખશો કે બીજે ઠેકાણે?

નવ હજાર + અગીઆર હજાર + પચીસ હજાર એ સરવાળો સંખ્યામાં લખી, કરી દેખાડો.

નીચે આપેલા દાખલાઓ તપાસો તથા તેમની સમજ આપો.

	દશ હજાર	હજાર	દશ	સો	એક
	૪	૫	૬	૭	૮
+	૩	૬	૭	૯	૨
=	૭	૧૧	૧૩	૧૬	૧૦
=	૮	૨	૪	૭	૦

	લાખ	દશ હજાર	હજાર	સો	દશ	એક
	૨	૬	૭	૦	૮	૯
+	૪	૫	૬	૦	૦	૩
=	૬	૧૧	૧૩	૦	૮	૧૨
=	૭	૨	૩	૦	૯	૨

એજ પ્રમાણે ૧૨૭૮૬+૨૫૩૪૦+૩૭૮૯૧ એ સરવાળો કરી સમજાવો.

હજારના ખાનામાં જે વદી આવે તે કયાં ઉમેરો છો? એ 'વદી' એટલે શું?

દશ હજારના ખાનામાંથી જે વદી આવે તે કયાં ઉમેરશો?

દાખલા ૬૬. (લખીત.)

(૧)	(૨)	(૩)
૪૩૪૭	૪૦૦૧	૧૨૯૭
૬૭૪૮	૫૬૭૮	૫૬૮૯
૧૩૯૦	૬૭૮૯	૭૮૦૧

(૪)
૩૦૧૦
૬૦૫૨
૭૦૨૩

(૫)
૪૧૨૮
૫૬૭૦
૭૧૮૧

(૬)
૮૭૯૧
૯૫૪૦
૩૦૨૧

(૭)
૧૧૫૬૭
૩૨૧૩૮
૩૪૫૧૦

(૮)
૨૧૦૦૦
૧૦૩૦૮
૪૦૦૦૯

(૯)
૧૫૬૭૮
૧૭૩૨૦
૨૫૬૩૫

(૧૦).
૧૨૬૫૭
૩૨૪૫૬
૫૮૯૦૧
૬૭૩૧૩

(૧૧)
૧૫૬૭૮
૧૭૧૯૧
૧૮૩૩૩
૯૯૭૦૦

(૧૨)
૨૧૯૬૧
૨૪૩૮૯
૮૦
૨૮૫૯૧

(૧૩)
૧૫૧૬૧
૨૩૪૬૭
૮૯૦૦૧
૫૬૭૮૯
૩૨૧૪૩

(૧૪)
૧૩૧૬૪
૩૭૮૯૮
૫૮૯૦૨
૭૮૩૦૪
૮૫૭૦૮

(૧૫)
૮૬૮૭૯
૯૭૨૩૪
૧૦૧
૮૯૭૯૦
૯૦૧૦૩

(૧૬)
૧૨૩૪૫૬
૬૭૮૯૧૦
૨૩૪૩૭૧

(૧૭)
૨૮૫૪૫૬
૩૧૨૧૩૧
૨૧૫૧૭૨

(૧૮)
૩૮૫૮૭૬
૪૧૭૯૨૧
૮૧૨૧૦૩

(૧૯)
૮૭૫૬૪૩
૧૨૩૦૬૭
૪૯૯૧૫૭
૫૨૩૨૭૯

(૨૦)
૪૬૩૭૧૨
૪૦૦૦૦૩
૫૦૧૨૦૬
૬૭૮૯૧૦

(૨૧)
૪૬૫૩૪૭
૭૦૦૧
૨૦૩૦૪૦
૧૦૩

(૨૨) એક દુકાનમાં ૩૨૪૫ ચોપડી છે. બીજી દુકાનપર એથી ૧૨૩૪ વધારે છે. ત્યારે બંને દુકાન મળી કેટલી ચોપડી હશે?

(૨૩) એક વેપારી પાસે ૧૫૬૭૧ રૂપિયા છે. બીજા વેપારી પાસે એથી ત્રણ ગણા છે ત્યારે બંને વેપારીઓના મળી રૂપિયા કેટલા થશે?

[સૂચના:—આ તેમજ એ નીચેના બીજા દાખલામાં ગુણાકાર કરવાની જરૂર નથી. જવાબ સરવાળાથીજ મેળવવો.]

(૨૪) એક ઘરની કિમત ૧૨૩૪૬ રૂપિયા છે. બીજાં ઘરની કિમત પેહલાં ઘર કરતાં ૪૬૭૮ રૂપિયા વધારે છે. ત્રીજા ઘરની કિમત પેહલાં ને બીજાં ઘરની કિમતના સરવાળા જેટલી છે. તો એ ત્રણે ઘર વેચાતાં લેવા બધા મળી કેટલા રૂપિયા જોઇશે?

(૨૫) એક વેપારી પેહલે વર્ષ ૪૬૫૧ રૂપિયા કમાયો. બીજે વર્ષે પેહલે વર્ષ કરતાં ૧૩૪૯ રૂપિયા વધારે કમાયો. ને ત્રીજે વર્ષે પેહલે વર્ષથી બેવડા રૂપિયા કમાયો. ત્યારે તેની ત્રણ વર્ષની આવક શું થઇ?

(૨૬) એક વખારમાં ૨૫૬૭૮ મણ અનાજ ભરેલો છે. તો એવી ચાર વખારમાં બધા મળી કેટલા મણ અનાજ હશે તે સરવાળાથી શોધી કાઢો.

(૨૭) એક માણસે એક ઘર તેમાંના સરસામન સાથે વેચાતું લીધું. સામનની કિમત ૨૬૨૭ રૂપિયા છે. ને ઘરની કિમત તેથી પાંચ ગણી છે. તો બધું મળી તે માણસે શું આપ્યું હશે તે સરવાળાથી શોધી કાઢો.

પાઠ ૬૭.

૪ પાટ, ૨ દશક–સળી ને ૩ ઘનમાંથી ૨ પાટ, ૮ સળી ને ૫ ઘન કેમ બાદ કરો છો તે સમજાવો.

તે પરથી ૪૨૩ માંથી ૨૮૫ બાદ કેમ કરવા તે દાખલો વર્ગમાં પાટીઆં પર કરી દેખાડો.

એજ પ્રમાણે ૮૭૬૫–૩૨૫૩ એ દાખલો ખાના પાડી કરી દેખાડો ને તે સમજાવો.

આ દાખલામાં કોઇ પણ ચઢતી સંખ્યા વટાવી ઉતરતી સંખ્યા તમને કરવી પડે છે કે?

આ નીચે આપેલો દાખલો તપાસો ને તેમાં શું સમજાવ્યું છે તે કહી જાઓ.

	હજાર	સો	દશ	એક
	૯	૨	૩	૧
−	૬	૪	૫	૭
=	૨	૭	૭	૪

=

	હજાર	સો	દશ	એક
	૮	૧૧	૧૨	૧૧
−	૬	૪	૫	૭
=	૨	૭	૭	૪

ઉપલા દાખલામાં ૧ માંથી ૭ જતા નથી તો શું કરશો? ૧ ના ૧૧ કેમ થાય? ત્યારે હવે દશકનાં ખાનામાં શું રહ્યું? ૨ દશકમાંથી ૫ દશક નહીં જાય તો શું કરશો? ૨ ના ૧૨ કેમ થાય? ત્યારે હવે સોના ખાનામાં શું રહ્યું? ૧ સોમાંથી ૪ જાય નહીં તો શું કરશો? ૧ ના ૧૧ સો કેમ થાય? ત્યારે હવે હજારનાં ખાનામાં ઉપર ૯ રહ્યા કે આઠ?

એજ પ્રમાણે ૩૫૪૦૧ માંથી ૧૦૭૨૩ બાદ કરી દેખાડો.

નીચેનો દાખલો તપાસી તેમાં શું કર્યું છે તેની સમજ આપો.

	લાખ	દશ હજાર	હજાર	સો	દશ	એક
	૭	૦	૦	૦	૦	૦
−	૨	૩	૪	૫	૬	૭
=	૪	૬	૫	૪	૩	૩

=

	લાખ	દશ હજાર	હજાર	સો	દશ	એક
	૬	૯	૯	૯	૯	૧૦
−	૨	૩	૪	૫	૬	૭
=	૪	૬	૫	૪	૩	૩

એ પ્રમાણે ૬૦૦૦૦–૧૨૬૯૭ એ દાખલો ખાના પાડી કરી સમજાવો. પછી એજ દાખલો વગર ખાના પાડવે સાધારણ રીતે કરી બતાવો.

દાખલા ૬૭. ક. (લખીત.)

(૧) નીચે આપેલી સંખ્યાઓની જોડીમાંથી મોટી સંખ્યામાંથી ન્હાની બાદ કરો.

૬૮૯;	૫૧૭.	૧૬૭૪;	૬૪૩.	૨૮૯૭;	૧૩૪૫.
૪૭૮૯;	૩૨૧૩.	૧૨૩૪;	૬૭૮૯.	૪૩૧૧;	૫૬૭૮.
૬૧૩૧;	૨૮૩૪.	૪૬૭૮;	૩૮૬૯.	૯૧૩૨;	૬૬૦૮.
૮૭૫૬;	૯૧૨૩.	૬૭૧૭;	૮૩૧૦.	૭૦૦૦;	૪૩૨૧.
૮૦૦૧;	૨૩૪૭.	૫૦૦૦:	૧૨૩૬.	૭૦૦૦;	૮૪૩૧.
૧૨૩૪૭;	૬૯૪૫.	૧૫૩૨૮;	૨૭૬૭૭.	૩૫૬૪૯;	૨૬૭૫૦.
૨૬૭૮૯;	૫૪૩૨૧.	૧૨૫૬૭;	૪૬૮૯૧.	૬૦૭૦૮;	૧૯૦૮૦.
૧૦૦૦૦;	૬૧૨૩.	૨૦૦૦૦;	૧૨૯૭૮.	૩૦૦૦૦;	૨૫૬૭૮.
૪૦૦૦૦;	૫૬૭૮૯.	૬૦૦૦૦;	૩૪૭૮૧.	૯૦૦૦૦;	૪૮૭૭૧.
૪૩૦૭૬૮;	૨૫૬૭૧૦.	૧૨૫૪૬૭;	૯૧૫૬૭.	૧૫૬૦૮૯૧;	૮૭૯૦૧.
૬૭૦૭૧૦;	૪૮૫૭૧૨.	૧૨૩૪૫૬;	૨૩૦૬૧૭.	૮૭૬૩૨૧;	૬૭૫૮૧૩.
૧૦૦૦૦૦;	૪૮૫.	૮૦૦૦૦૦;	૨૩૪૬૭૨.	૭૦૦૦૦૦;	૨૮૫૭૧૪.
૬૦૦૦૦૦;	૫૭૧૪૨૮.	૧૪૨૮૫૭;	૪૨૮૫૭૧.	૮૫૭૧૪૨;	૫૭૧૪૨૮.

(૨) નીચે આપેલા દાખલા અંક અને ચિન્હો વડે લખી દેખાડો.

૨૮૫૭ માં શું ઉમેરો તો ૪૬૧૩ આવશે?

૧૭૬૯૧ માંથી શું બાદ કરો તો ૯૩૨૭ આવશે?

કઇ સંખ્યામાંથી ૫૬૧૪ બાદ કરશો તો જવાબ ૧૩૪૭ આવશે?

૨૫૬૯૩ માંથી એક સંખ્યા બાદ કરતાં જવાબ ૮૯૬૭ આવ્યો તો તે સંખ્યા શું?

(૩) નીચે આપેલા દાખલાઓમાં શું માંગ્યું છે તે વાંચી સંભળાવો.

૧૮૫૬– =૫૨૩.	૨૯૬૭૧– =૧૨૩૪૫
+ ૧૨૫૬=૫૭૮૯.	– ૧૭૮૯=૪૦૦૦૦
–૩૨૪૭=૫૬૮૧.	–૧૦૦૦૦=૧૫૬૭૧
૨૫૩૭૬– =૧૩૦૨.	૧૨૩૪૫૬– = ૭૫૬૧

(૪) ઉપરના દાખલામાં પુછેલા જવાબ કાઢો.

(૫)

૧૨૩૪૫૬– ૩૮૬૧–૪૫૬૭૧ ૪૮૯૬૭– ૨૧૩૧૩– ૭૮૧૯.

૨૫૬૭૮૦–૫૧૩૮૧–૬૧૭૨૯. ૫૬૭૮૯૦–૧૨૩૪૫૬–૫૭૮૯૧.

દાખલા ૬૭. ખ. (લખીત.)

(૧) એક સંખ્યા શોધી કાઢો કે, તેમાં ૨૫૯૮ ઉમેરો તો જવાબ ૬૭૧૧ આવે,

(૨) એવી કઇ સંખ્યા છે કે તેમાંથી ૪૬૭૯ બાદ કરો તો જવાબ ૩૧૨૩ આવે.

(૩) એક સંખ્યામાંથી ૫૧૩૭ બાદ કરતાં જવાબ ૬૩૧૮ આવ્યો તો તે સંખ્યા શું હશે?

(૪) એક વેપારીની દર મહિનાની આવક રૂ. ૧૫૨૬૭ છે ને ખર્ચ રૂ. ૮૭૬૯ છે ત્યારે તે વેપારી પાસે દર મહિને શું બચતું હશે?

(૫) એક લશ્કરમાં ૨૫૬૪૩ માણસ છે તેમાંથી બધા મળી ૧૨૪૪૭ કેદ પકડાયા ને ૩૬૪૭ મરણ પામ્યા બાકી કેટલાં માણસો હશે?

(૬) એક ગાડી તથા ઘોડો મળી ૩૨૧૭ રૂપિયા બેસે છે. જો ઘોડાની કિમત ૧૮૨૯ રૂપિયા પડે તો ગાડીનું શું પડશે?

(૭) એક માણસ ૧૨૩૪૭ રૂપિયા મુકી મરણ પામ્યો. તેમાંથી ૩૬૭૮ રૂપિયા વડા છોકરાને, ૩૧૨૭ રૂપિયા નાના છોકરાને તથા ૨૫૦૦ રૂપિયા પોતાની છોકરીને ને બાકી રહ્યા તે ધર્મ ખાતે આપી ગયો. ત્યારે તેણે ધર્મ ખાતે કેટલા રૂપિયા આપ્યા હશે?

(૮) એક માણસ પાસે ૮૯૭૭ રૂપિયા છે. તેમાંથી તેણે ૩૪૧૫ રૂપિયા ઉછીના લીધેલા પાછા આપવા છે ને ૧૬૨૭ રૂપિયા ગરીબો માટે એક ફંડમાં ભરવા છે. તો તેની પાસે બાકી કેટલા રૂપિયા રહેશે?

(૯) એક માણસની વાર્ષિક આવક ૮૭૧૯ રૂપિયા છે. તેમાંથી દર વર્ષે ઘર ભાડાંના ૧૨૪૭ રૂપિયા, ખોરાક ખર્ચ ૨૭૧૯ રૂપિયા, કપડાં વગેરે પરચુટણ ખર્ચ ૧૦૪૧ રૂપિયા ને ગાડી ઘોડા ખર્ચ ૭૪૭ રૂપિયા થાય છે. ત્યારે તેની પાસે વર્ષે કેટલા રૂપિયા બચતા હશે?

(૧૦) ૨૦૪૯૨ માંથી ૫૧૨૩ કેટલી વખત બાદ થાય છે તે બાદબાકી કરી શોધી કાઢો.

(૧૧) ૬૧૭૦ રૂપિયામાંથી કેટલાં માણસોને દરેકને ૧૨૩૪ રૂપિયા આપી શકાશે તે બાદબાકીથી શોધી કાઢો.

(૧૨) મારે ચાર ઘોડા દરેક ૮૭૫ રૂપિયાના, અને ત્રણ બળદ દરેક ૧૪૯ રૂપિયા ખરીદવા છે. મારી પાસે ૫૦૦૦ રૂપિયા છે તો આ ખરીદી કર્યા પછી બાકી શું રહેશે તે શોધી કાઢો.

(આ દાખલામાં કોઇ પણ ઠેકાણે ગુણાકાર કરવો નહીં.)

(૧૩) ૩૭૧૫ રૂપિયામાંથી ૭૪૩ રૂપિયાની કિમતવાળા કેટલા ઘોડા ખરીદ કરી શકાય તે બાદબાકી કરી શોધી કાઢો.

(૧૪) ૨૩૪૫૬ એ સંખ્યા ૧૫૬૭૮ કરતાં કેટલી વધારે છે તે શોધી કાઢો.

(૧૫) ૧૨૭૩૯૭ માંથી ૮૫૮૯૮ બાદ કરો ને જે જવાબ આવે તેમાં ૨૫૬૭ અને ૪૧૮૯૮ નો સરવાળો ઉમેરો.

પ્રકરણ ૧૭.

(ચારથી છ અંકી સંખ્યાનો એકથી ચાર અંકી સંખ્યા વડે ગુણાકાર)

પાઠ ૬૮.

૪૧૨૩ ને પાંચ વડે ગુણવા છે. પેહલાં શાનો ગુણાકાર કરશો? ત્રણ એકમ પાંચ વખત લો તો કેટલી એકમ થઇ? ૧૫ એકમમાંથી જવાબમાં શું લખશો ને વદી ૧ ક્યાં લેશો? ૨ દશક પાંચ વખત લો તો જવાબ કેટલા દશક? આગલી વદી ઉમેરતાં કેટલા દશક? ૧૧ દશકમાંથી જવાબમાં શું લેશો? ને વદી ક્યાં લેશો? ૧ શતક પાંચ વખત લો તો કેટલા શતક? તેમાં શું ઉમેરશો? જવાબ કેટલા શતક? ચાર હજાર પાંચ વખત લો તો કેટલા હજાર? કાંઇ વદી ઉમેરશો કે? જવાબ શું આવ્યો?

નીચે ડાબા હાથ તરફ આપેલો દાખલો તપાસો ને તે સમજાવો. જમણા હાથ પર આપેલો દાખલો કેમ કર્યો તે બોલીને કરી દેખાડો.

	દશ હજાર	હજાર	સો	દશ	એક
	૨	૫	૬	૮	૯
				×	૮
=	૧૬	૪૦	૪૮	૬૪	૭૨
=	૨૦	૫	૫	૧	૨

૨૫૬૮૯
×૮
=૨૦૫૫૧૨

એજ પ્રમાણે ખાના પાડી તથા સાધારણ રીતે નીચેનો દાખલો કરી બતાવો.

૨૧૦૮૦૫×૭

દાખલા ૬૮. (લખીત.)

(૧)

૨૪૬૮×૮	૨૭૬૩૯×૩	૧૨૩૪૫×૭
૬૮૭૯×૭	૧૨૦૦૧×૫	૨૩૬૭૯×૬
૪૮૭૦૭×૯	૬૭૮૭૩×૮	૭૩૦૦૯×૯
૧૨૩૪૩૨×૩	૨૩૫૬૭૮×૫	૩૪૫૬૭૮×૯
૧૦૦૩૦૦×૭	૨૦૦૦૦૦×૯	૨૦૩૦૪૦×૭
૯૮૭૬૫૩×૨	૮૬૧૩૨૧×૭	૯૮૭૬૩૫×૯

પાઠ ૬૯.

૩૬૫×૫૭ એ ગુણાકાર કેમ કરવો તે આપણે શીખી ગયા છીએ તે કરી દેખાડો ને તેની સમજ આપો.

એ દાખલો કરવામાં આપણે બે ગુણાકાર કરી તેમનો સરવાળો કરીએ છીએ તે કયા ગુણાકાર ને શું સરવાળો તે કહો (૩૬૫×૭+૩૬૫×૫૦).

કોઇ પણ સંખ્યાનો ૫૦ વડે ગુણાકાર કરવો હોય તો પાંચ વડે ગુણાકાર કરી શું કરવું?

કોઇ પણ સંખ્યાને ૫ વડે ગુણ્યા હોય તો તેજ સંખ્યાને ૫૦ વડે ગુણવા શું કરવું?

એક સંખ્યાને ૭ વડે ગુણતાં જવાબ ૮૪૭ આવે છે તો તે સંખ્યાને ૭૦ વડે ગુણતાં શું જવાબ આવે?

કોઇ પણ સંખ્યાને ૭૮ વડે ગુણવી હોય તો તેને પેહલાં શા વડે ગુણવી? પછી શા વડે ગુણવી? પછી શાનો સરવાળો કરવો?

નીચે આપેલો દાખલો તપાસો, તેની સમજણ આપો ને એજ દાખલામાં કરેલી દરેક રીત મોંઢે બોલી બતાવો.

[લાખના ડાબા હાથ પર જે સંખ્યા આવે તે "દશ લાખ" ને "દશ લાખ" ના ડાબા હાથ પર જે આવે તે કરોડનો અંક કેહવાય છે.]

```
        ૧૨૬૭૫
          ×૭૯
      ———————
     ૧૧૪૦૭૫.................( ૧૨૬૭૫×૯  )
    +૮૮૭૨૫૦..................( ૧૨૬૭૫×૭૦ )
      ———————
જવાબ   ૧૦૦૧૩૨૫................( ૧૨૬૭૫×૭૯ )
```

એજ પ્રમાણે ૨૮૦૬૯×૯૮ એ દાખલો સમજ સાથે કરી દેખાડો.

દાખલા ૬૯. (લખીત.)

(૧)

૧૨૩૪X૧૦.	૨૫૩૭X૨૦.	૩૫૩૭X૫૦.
૧૨૬૪X૧૫.	૨૬૭૮X૧૨.	૩૯૬૫X૧૯.
૩૨૧૫૧X૧૧.	૩૫૬૭૯X૧૪.	૧૨૭૮૯X૨૦.
૬૭૮૯X૪૨.	૫૬૭૮X૩૭.	૭૮૯૧X૪૦.
૯૯૯૯X૪૫.	૧૭૮૯૧X૪૨.	૨૦૩૦૨X૫૩.
૧૩૬૯૦X૬૧.	૨૫૦૦૩X૭૫.	૩૨૮૯૮X૮૩.
૫૬૭૮૯X૯૩.	૭૫૭૮૯X૯૫.	૯૯૯૯૯X૯૯.
૧૨૬૭૮૩X૧૧૭.	૨૬૭૩૧૨X૪૨.	૬૧૫૮૧૩X૭૦.

(૨) એક સંખ્યાને ૯ વડે ગુણતાં ગુણાકાર ૧૧૦૭ આવે છે ને ૭૦ વડે ગુણતાં જવાબ ૮૬૧૦ આવે છે તો તે સંખ્યાને ૭૯ વડે ગુણતાં શું જવાબ આવશે?

પાઠ ૭૦.

કોઇ પણ સંખ્યાને ૧૦ વડે ગુણવી હોય તો તે સંખ્યાને શું કરવું? ૧૦૦ વડે ગુણવી હોય તો શું કરવું?

કોઇ પણ સંખ્યાનો ૨ વડે ગુણાકાર કર્યો હોય તો પછી તેજ સંખ્યાનો ૨૦ વડે ગુણાકાર કેમ કરી શકાય? ૨૦૦ વડે ગુણાકાર કેમ કહેવાય?

એક સંખ્યાને ૭ વડે ગુણતાં ૭૮૪ જવાબ આવે છે. તો તે સંખ્યાનો ૭૦ વડે શું ગુણાકાર આવશે? ૭૦૦ વડે શું ગુણાકાર આવશે?

કોઇ પણ સંખ્યાને ૫૮ વડે ગુણવા હોય તો તે માટે આપણે શું શિખી ગયા?

એક સંખ્યાનો ૭ વડે ગુણાકાર કર્યો પછી તેજ સંખ્યાનો ૯૦ વડે ગુણાકાર કર્યો ને એ બને ગુણાકારનો સરવાળો કર્યો તો તે સંખ્યાનો કેટલા વડે ગુણાકાર કરેલો કહેવાય?

એક સંખ્યાનો ૭ વડે ગુણાકાર કર્યો. પછી તેજ સખ્યાનો ૩૦ વડે ગુણાકાર કર્યો પછી તેજ સંખ્યાનો ૨૦૦ વડે ગુણાકાર કર્યો. એ ત્રણે ગુણાકાર ઉમેરી દીધા તો પેલી સંખ્યાનો કેટલા વડે ગુણાકાર થયો?

કોઇ પણ સખ્યાનો ૪૬૮ વડે ગુણાકાર કરવો છે. તો કયા ત્રણ જુદા જુદા ગુણાકાર કરી તે ઉમેરી દેશો તે કહો [X૮; X૬૦; X૪૦૦.]

નીચે આપેલો દાખલો તપાસી તેમાં શું કર્યું છે તે સમજાવો.

```
    ૩૬૪૭૫
    ×૨૩૭
----------
   ૨૫૫૩૨૫.................( ૩૬૪૭૫×  ૭ )
  ૧૦૯૪૨૫૦.................( ૩૬૪૭૫× ૩૦ )
  ૭૨૯૫૦૦૦.................( ૩૬૪૭૫×૨૦૦ )
----------
  ૮૬૪૪૫૭૫.................( ૩૬૪૭૫×૨૩૭ )
```

એજ પ્રમાણે ૫૮૯૦૩×૩૦૭ એ દાખલો કરી સમજાવો.

ઉંપલા દાખલામાં ૭ વડે ગુણશો પછી શા વડે ગુણશો? (૩૦૦ વડે.।)

કોઇ પણ સંખ્યાને ૫૦૯ વડે ગુણવા હોય તો કેટલા ગુણાકાર કરી તેમનો સરવાળો કરશો?

દાખલા ૭૦. ક.

(૧) નીચેની સંખ્યાઓને પેહલાં ૧૦ ને પછી ૧૦૦ વડે ગુણી જવાબ કહો.

૨૫. ૩૭. ૪૮. ૧૨૫. ૨૩૭. ૬૩૯.
૫૦૦. ૬૦૯. ૮૧૫. ૯૯૯. ૧૨૩૪. ૨૦૦૧.

(૨) નીચેની સંખ્યાઓને ૨૦ તેમજ ૨૦૦ વડે ગુણો.

૨૮. ૩૭. ૪૫. ૫૦. ૭૫. ૧૦૦. ૧૫૦.
૨૦૦. ૫૦૦. ૧૨૦. ૨૪૦. ૧૮૦. ૭૦૦. ૯૦૦.

(૩) નીચે આપેલી સંખ્યાઓનો ૭, ૭૦ અને ૭૦૦ વડે ગુણાકાર કહો.

૫. ૧૨. ૧૪. ૧૫. ૧૮. ૧૯. ૧૭. ૨૦.

(૪) કોઇ પણ સંખ્યા લો તેને પેહલાં ૮ વડે ગુણો. તેજ સંખ્યાને ૭૦ વડે ગુણો. ફરીથી તેજ સંખ્યાને ૨૦૦ વડે ગુણો. હવે ત્રણે ગુણાકારનો સરવાળો કરો તો આખી સંખ્યાનો કેટલા વડે ગુણાકાર થશે?

(૫) એક સંખ્યાને પેહલાં ૨, પછી ૩૦ ને પછી ૪૦૦ વડે ગુણી ત્રણે ગુણાકારના જવાબ ઉમેરો તો તે સંખ્યાનો કેટલા વડે ગુણાકાર થયો?

(૬) કોઇ સંખ્યાનો નીચે આપેલી દરેક સંખ્યા વડે ગુણાકાર કરવો છે. તો મુળ સખ્યાનો શા વડે ગુણાકાર કરી તે ગુણાકારોનો સરવાળો કરવો તે કહો.

૧૨૦. ૨૦૪. ૩૫૭. ૬૦૮. ૮૧૯. ૯૮૭.

(૭) એક સંખ્યાને ૯૯૯ વડે ગુણવી છે. તો તે સંખ્યાનો છુટો છુટો શું ગુણાકાર કરી તેનો સરવાળો કરવો તે કહો.

(૮) સંખ્યા×૭+ સંખ્યા×૯૦+સંખ્યા×૨૦૦= સંખ્યા×૨૯૭ એનો શું અર્થ થાય તે સમજાવો.

દાખલા ૭૦. ખ. (લખીત.)

૨૩૪×૧૨૫	૩૬૮×૨૭૯	૧૨૩૪×૩૦૧
૫૬૭૮×૧૧૧	૬૯૭૦×૬૧૩	૭૮૯૪×૫૧૨
૮૧૦૧×૨૩૫	૯૭૮૧×૩૬૪	૮૭૮૯×૬૫૮
૧૨૩૦૮×૨૩૪	૧૫૭૯૧×૧૨૫	૧૭૯૦૩×૨૧૭
૨૫૬૧૪×૩૧૨	૩૮૧૦૧×૪૧૫	૪૫૦૩૫×૭૦૧
૫૪૬૭૮×૬૧૫	૭૦૭૦૭×૯૦૯	૧૦૦૦૦×૯૭૮
૧૦૦૦૦૦×૧૨૩	૨૦૦૦૦૦×૩૧૨	૨૩૪૫૬×૪૧૭
૮૭૬૫૪×૩૨૪	૪૨૮૫૭×૨૦૧	૮૫૭૧૪×૧૦૩
૧૩૪૯૭×૧૧૫	૨૯૮૮૭×૩૧૪	૫૦૦૬૭×૧૨૭

પાઠ ૭૧.

કોઇ પણ સંખ્યાને ૨ વડે ગુણો. તેજ સંખ્યાને પછી ૩૦ વડે, પછી ૪૦૦ વડે, પછી ૧૦૦૦ વડે ગુણો તો તે સંખ્યાને કેટલા વડે ગુણેલી કેહવાય?

કોઇ પણ સંખ્યાને ૧૦૦૦ વડે કેમ ગુણશો? ૨૪ એને ૧૦૦૦ વડે ગુણો.

કોઇ પણ સંખ્યાને ૫ વડે ગુણી હોય તો તેને ૫૦૦૦ વડે કેમ ગુણશો?

એક સંખ્યાનો ૧૨૪૩ વડે ગુણાકાર કરવો હોય તો તે કેમ કરશો?

નીચેના દાખલો તપાસી તે સમજાવો.

```
     ૨૨૪૩
    ×૧૨૩૪
  ─────────
     ૮૯૭૨ ..................( ૨૨૪૩×    ૪ )
    ૬૭૨૯૦ ..................( ૨૨૪૩×   ૩૦ )
   ૪૪૮૬૦૦ ..................( ૨૨૪૩×  ૨૦૦ )
  ૨૨૪૩૦૦૦ ..................( ૨૨૪૩×૧૦૦૦ )
  ─────────
  ૨૭૬૭૮૬૨ ..................(૨૨૪૩×૧૨૩૪ )
```

લાખ પછી જે ડાબા હાથપર સંખ્યા આવે તેનું નામ શું? તે પછી ડાબા હાથપર આવતી સંખ્યાનું નામ શું?

દાખલા ૭૧. ક.

(૧) નીચેની સંખ્યાઓને ૧૦૦ અને ૧૦૦૦ વડે ગુણો.

૨૪. ૩૬. ૧૨૧. ૨૩૪. ૩૪૬. ૪૫૦.

(૨) કોઇ પણ સંખ્યાને ૨૫૦૯ વડે ગુણવી હોય તો કેટલા ગુણાકાર કરી તેમનો સરવાળો કરશો તે કહો.

(૩) એક સંખ્યાને પેહલાં ૩ વડે ગુણી પછી તેજ સંખ્યાને ૩૦ વડે ૪૦૦ વડે ને ૨૦૦૦ વડે ગુણી એ ચારે ગુણાકારનો સરવાળો કર્યો તો આપેલી સંખ્યાનો કેટલા વડે ગુણાકાર થયો?

(૪) ૩૧૪×૨૧૬૭ એ દાખલામાં ૩૧૪ ને ૭, ૬૦, ૧૦૦ ને ૨૦૦૦ વડે ગુણી તે સરવાળો કરો. ને ૨૧૬૭ લઇ તેને ૪, ૧૦ ને ૩૦૦ વડે ગુણી સરવાળો કરો તો ઓછો ગુણાકાર કઇ રીતમાં કરવો પડશે?

(૫) ૫૧૭×૬૧૨૪. એમાં ૫૧૭ નો ૬૧૨૪ ના છુટા છુટા અંકો વડે ગુણાકાર કરવો ઠીક પડશે કે ૬૧૨૪ નો ૫૧૭ ના અંક વડે કરવો ઠીક પડશે?

(૬) ૫૭×૯૮૭૭ એમાં ૫૭ ના ચાર ગુણાકાર કરી તે ઉમેરવા ઠીક પડશે કે ૯૮૭૭ ના બે ગુણાકાર કરી તે ઉમેરવા?

દાખલા ૭૦. (લખીત.)

૧૨૩૪×૧૦૫૭	૨૩૪૭×૧૨૫૭	૩૪૫૬×૨૪૬૮
૨૩૪૫×૧૫૬૮	૪૯૭૭×૧૪૬૮	૬૮૭૭×૧૩૦૧
૮૦૦૦×૧૫૦૦	૯૦૦૦×૯૦૦૦	૧૨૦૦×૧૦૦૩
૧૨૧૭×૧૫૬૧	૧૩૦૧×૧૫૦૭	૧૭૦૩×૧૯૯૭

દાખલા ૭૧. ગ. (લખીત.)

(૧) એક માણસે પોતાની દોલત બે છોકરાઓમાં વ્હેંચી આપી. વડા છોકરાને નાના છોકરા કરતાં પાંચ ગણા વધારે રૂપિયા મળ્યા. નાના છોકરાને ૨૬૭૬ રૂપિયા મળ્યા તો વડા છોકરાને કેટલા રૂપિયા મળ્યા હશે?

(૨) એક માણસ પોતાના વડા છોકરાને નાના છોકરા કરતાં ચાર ગણા રૂપિયા આપી ગયો. નાના છોકરાનો ભાગ ૫૬૭૮ રૂપિયા થયો તો તે માણસની બધી મળી દોલત કેટલી હશે?

(૩) એક દુકાનમાં રોજ ૨૩૭ રૂપિયા વકરો થાય છે. તો એક વર્ષમાં બધો મળી વકરો કેટલો થતો હશે? (વર્ષના દિવસ ૩૬૫).

(૪) એક વર્ષના બાવન અઠવાડિયાં પ્રમાણે ૧૯૦૧ વર્ષનાં અઠવાડિયાં કેટલાં?

(૫) એક સોવરેનની કિમત ૧૫ રૂપિયા થાય છે. એકેક કોથળીમાં ૫૧૭ સોવરેન હોય તો એવી ૧૨૫ કોથળીની કિમત બધા મળી કેટલા રૂપિયા થાય?

(૬) એક ઘરની કિમત તેમાંનાં રાચરચીલાં કરતાં ૨૧૭ ગણી છે. રાચરચીલાંની કિમત ૩૨૧૫ રૂપિયા છે. તો ઘરની કિમત શું?

(૭) એક ઘરની કિમત તેમાંના સામનથી ૧૧૫ ગણી છે. સામનની કિમત ૧૨૯૭ રૂપિયા છે. તો ઘર અને સામનની સાથે મળી કેટલી કિમત થશે?

(૮) એક માણસે ૫૬૧૯ એ સંખ્યા એક નીચે એક પચીસ વખત લખી તેનો સરવાળો કર્યો તો તેનો જવાબ શું આવશે?

[ગુણાકારથી જવાબ કાઢવો.]

(૯) એક મોહોલ્લામાં ૭૧૫ ઘર છે. દરેક ઘરની કિમત જો ૧૨૬૯૮ રૂપિયા ગણાય તો આખા મોહોલ્લાનાં ઘરોની કિમત કેટલી થશે?

(૧૦) ક્રાઇસ્ટને જનમ્યાને ૧૯૧૬ વર્ષ થયાં તેટલાં વર્ષના દિવસ કેટલા થયા?

(૧૧) એક વેપારીએ નીચે પ્રમાણે ખરીદી કરી તો તેને કેટલા રૂપિયા થયા હશે?

૨૭૮ ઘોડા દરેક ૮૧૫ રૂપિયા પ્રમાણે.
૫૧૯ ખચ્ચર દરેક ૬૭ રૂપિયા પ્રમાણે.
૧૧૩ ઉંટ દરેક ૪૫૭ રૂપિયા પ્રમાણે.
૧૨૧૭ બળદ દરેક ૫૭ રૂપિયા પ્રમાણે.

(૧૨) એક હાથીની કિમત ૨૬૯૮ રૂપિયા પડે છે. તો એવા ૩૪૫ હાથીનું શું પડશે?

(૧૩) એક મીનીટની ૬૦ સેકંડ ને એક કલાકની ૬૦ મીનીટ તો ૨૪૫ કલાકની મીનીટ કેટલી થશે?

(૧૪) એક વર્ષના દિવસ કરો. એક દિવસના ૨૪ કલાક તો એક વર્ષમાં કેટલા કલાક હશે?

(૧૫) દાખલા ૧૩ ને ૧૪ ઉપરથી એ વર્ષમાં કેટલી સેકંડ હશે તે શોધી કાઢો.

(૧૬) ૧૨ ઇંચ એટલે ૧ ફુટ તો ૫૨૮૦ ફીટના ઇંચ કેટલા હશે?

(૧૭) ૩૬ ઇંચનો ૧ વાર થાય છે તો ૧૭૬૦ વારના કેટલા ઇંચ થશે?

(૧૮) મુંબઇથી સુરત ૧૬૭ માઇલ છે. દરેક માઇલના ૧૭૬૦ વાર થાય તો મુંબઇથી સુરત કેટલા વાર દુર હશે?

(૧૯) એક લશ્કરમાં ૨૫૭ ટુકડી છે. દરેક ટુકડીમાં ૧૨૧૪ માણસ છે. તો આખાં લશ્કરમાં કેટલાં માણસ હશે?

(૨૦) એક પત્રની રોજ ૩૮૧૭ નકલ બહાર પડે છે. તો આખાં વર્ષમાં બાવન રવિવાર બાદ કરતાં બાકીના દિવસો પર બધી મળી કેટલી નકલ બહાર પડતી હશે?

પ્રકરણ ૧૮.

(ચારથી છ અંકી સંખ્યાનો એકથી ચાર અંકી સંખ્યા વડે ભાગાકાર.)

પાઠ ૭૨.

૪૮૮૪ ના ચાર સરખા ભાગ કરવા છે. પેહલાં ૪ હજારના ૪ સરખા ભાગ કરો તો દરેક ભાગમાં કેટલા હજાર આવશે? ૮ સોના ચાર સરખા ભાગ કરો તો શું આવશે? એ એ શું શતક કે દશક? ૮ દશકના હવે ૪ ભાગ કરો. જવાબ શું? ૪ એકમના ૪ સરખા ભાગ કરો. હવે આખો જવાબ શું આવ્યો?

૪૮૮૪÷૪ એ દાખલો કરી બતાવો.

૩૩૪૮ એને ચાર વડે નીચે ભાગ્યા છે તે તપાસો ને પુછેલા સવાલોના જવાબ આપો.

૪) ૩૩૪૮ (૮૩૭	૩ હજારને ચાર સરખા ભાગમાં કેમ
૩૨ જવાબ.	વ્હેંચી શકશો? ૩ હજારને વટાવતાં
——	કેટલા શતક થાય? ૩૦ શતક છે કે
૧૪	બીજા કાંઇ શતક છે? બધા મળી
૧૨	કેટલા શતક? ૩૩ શતકને ચાર વડે
——	ભાગતાં શું આવશે? ૮ એ શતક કે
૨૮	દશક? બાકી કેટલા શતક રહ્યા? એ
૨૮	એક શતકને શું કરશો? એને વટાવો
——	તો કેટલા દશક થાય? ત્યાં ૧૪
૦૦	દશક કેમ થયા? ૧૪ દશકના ૪
	સરખા ભાગ કરો તો દરેક ભાગમાં
	શું આવશે? બાકી ૨ રહ્યા તે દશકનું
	શું કરશો?

એ પ્રમાણે ૩૮૭૨÷૮ એ દાખલો કરી દેખાડો.

૧૨૫૬૩૧÷૯ એ દાખલો નીચે કર્યો છે તેની સમજ તપાસો.

```
૯ ) ૧૨૫૬૩૧ ( ૧૩૯૫૯
    ૯        જવાબ.
   ———
    ૩૫
    ૨૭
   ———
     ૮૬
     ૮૧
    ———
      ૫૩
      ૪૫
     ———
       ૮૧
       ૮૧
      ———
       ૦૦
```

૧ લાખના નવ ભાગ થાય નહીં માટે ૧ લાખના દશ હજાર થયા ને બીજા બે દશ હજાર છે તે મળી થયા ૧૨ દશહજાર, ૧૨ દશ હજારને નવે ભાગ કરતાં જવાબ ૧ દશ હજાર બાકી વધ્યા ૩ દશ હજાર; ૩ દશ હજારના ૩૦ હજારને બીજા ૫ હજાર મળી થયા ૩૫ હજાર; ૩૫ હજાર ભાગ્યા નવે તો આવ્યા ત્રણ હજાર ને બાકી વધ્યા ૮ હજાર; ૮ હજારના ૮૦ સો ને બીજા ૬ સો મળી ૮૬ સો; તેને ભાગ્યા નવે તો જવાબ ૯ સો ને બાકી વધ્યા ૫ સો; ૫ સોના ૫૦ દશક બીજા ત્રણ દશક મળી ૫૩ દશકને ભાગ્યા નવે તો, ઇત્યાદી.

દાખલા ૭૨. ક.

(૧)

૪૦૦૦÷૪.	૩૦૦૦÷ ૬.	૧૦૦૦÷૧૦.	૬૦૦૦÷૩.
૫૦૦૦÷૫.	૮૦૦૦÷ ૪.	૧૪૦૦૦÷ ૭.	૧૫૦૦૦÷૩.
૭૦૦૦૦÷૭.	૧૦૦૦૦÷ ૫.	૧૮૦૦૦÷ ૬.	૧૦૦૦૦૦÷૨.
૧૦૦૦૦૦÷૪.	૧૦૦૦૦૦÷૧૦.	૨૦૦૦૦÷ ૮.	૧૫૦૦૦૦÷૬.

(૨)

૬૦૦૦=૩X	૩૦૦૦=૬X	૧૦૦૦૦=૫X	૯૦૦૦=૩X
૮૦૦૦=૪X	૪૦૦૦=૮X	૭૦૦૦=૫X	૯૦૦૦=૬X
૧૦૦૦૦=૫X	૮૦૦૦૦=૪X	૨૫૦૦૦=૫X	૧૦૦૦૦૦=૫X

દાખલા ૭૨. ખ. (લખીત.)

(૧)

૩૬૬÷૬.	૭૦૨÷૯.	૫૧૫÷૫.	૯૨૪÷૭.
૧૫૨૫÷૫.	૨૭૪૪÷૭.	૮૨૮૦÷૮.	૧૫૨૧÷૯.
૬૩૫૪÷૯.	૩૪૬૫÷૫.	૬૦૧૩÷૭.	૯૦૩૬÷૬.
૧૨૩૪૬÷૨.	૨૪૩૬૪÷૪.	૩૪૨૦૩÷૩.	૨૭૫૧૬÷૬.
૩૪૮૪૮÷૮.	૨૩૪૧૨÷૯.	૫૯૩૦૪÷૭.	૯૮૭૬૦÷૫.
૧૨૩૪૮૪÷૨.	૭૫૬૮૦૪÷૪.	૧૨૫૧૨૦÷૮.	૭૨૩૫૧૯÷૯.
૨૬૦૨૮૦÷૬.	૭૦૧૪૨૮÷૭.	૩૨૮૭૬૧÷૯.	૨૯૫૭૭૧÷૭.

(૨) નીચેના દાખલામાં ભાગાકાર અને શેષ બંને કાઢો.

૧૨૩૪૫÷૬.	૨૧૬૪૭÷૭.	૨૮૫૬૧÷૯.
૩૪૬૪૭÷૫.	૩૬૭૮૯÷૮.	૧૨૩૪૭÷૪.
૧૨૫૬૭૮÷૯.	૨૩૪૬૭૧÷૨.	૪૬૫૮૩૪÷૯.

(૩) ૩૧૨૪૧ પૈનાં દોઢિયાં કરો. બાકી શું રહેશે?

(૪) ૧૨૫૬૩ બેઆનીના રૂપિયા કેટલા થશે? બાકી શું રહેશે?

(૫) આઠ માણસોને સરખે ભાગે વહેંચતાં દરેક માણસને ૬૭૪૩ રૂપિયા મળ્યા ત્યારે પેહલાં રૂપિયા કેટલા હશે?

(૬) એક મીલનો એક અઠવાડિયાંનો ખર્ચ ૧૫૬૨૩ રૂપિયા છે. તો દરરોજ શું ખર્ચ થતો હશે?

પાઠ ૭૩.

૭૫૬ ને ૧૨ વડે કેમ ભાગો છો તે કરી દેખાડો.

૯૧૮ ને ૫૪ વડે ભાગતાં તમે શું કરો છો તે દાખલો કરી સમજાવો.

હવે ૬૨૬૪ ને ૧૨ વડે ભાગવા છે. તો ૬ હજારને ૧૨ વડે ભાગી શકાશે કે? ત્યારે ૬ હજારના સો કેટલા થશે? બીજા કેટલા સો છે? ત્યારે બધા મળી કેટલા સો? ૬૨ સોના ૧૨ ભાગ કરો તો જવાબમાં કેટલા સો ભાગ આવશે? બાકી શું રહેશે? એ બાકી બે તે શું? એ બે સોના દશક કેટલા? બીજા દશક કેટલા છે? હવે એ ૨૬ દશકના ૧૨ ભાગ કરો તો દરેક ભાગમાં કેટલા દશક? બાકી શું? એ બે દશકના એકમ કરી શું ઉમેરશો? ૨૪ એકમના બાર ભાગ કરો તો દરેક ભાગમાં શું આવે?

૮૮૫૬÷૭૨ એ દાખલો નીચે કર્યો છે તે સમજાવો.

```
૭૨ ) ૮૮૫૬ ( ૧૨૩ જવાબ.
     ૭૨
     ---
     ૧૬૫
     ૧૪૪
     ---
      ૨૧૬
      ૨૧૬
      ---
      ૦૦૦
```

૮૬૧૬૧૬÷૯૮ એ દાખલો કરીને નીચે સમજાવ્યો છે તે તપાસો.

```
૯૮ ) ૮૬૧૬૧૬ ( ૮૭૯૨        ૯૮×૨=૧૯૬
     ૭૮૪                   ૯૮×૩=૨૯૪
     ———                   ૯૮×૪=૩૯૨
      ૭૭૬                  ૯૮×૫=૪૯૦
      ૬૮૬                  ૯૮×૬=૫૮૮
      ———                  ૯૮×૭=૬૮૬
       ૯૦૧                 ૯૮×૮=૭૮૪
       ૮૮૨                 ૯૮×૯=૮૮૨
       ———
        ૧૯૬
        ૧૯૬
        ———
        ૦૦૦
```

[આ જાતનો દાખલો કરવા પેહલાં ભાજકને ૨ થી ૯ સુધી ગુણતાં શું જવાબ આવે છે તે એક બાજુ કરી રાખવાથી શરૂઆતના વિદ્યાર્થિને બહુ સહેલું પડશે.]

સમજ :— ૮ લાખના ૯૮ આખા ભાગ થાય નહીં માટે ૮ લાખના થયા ૮૦ દશ હજાર તથા ૬ દશ હજાર આપેલા છે તે મળી થયા ૮૬ દશ હજાર ૮૬ દશ હજારના પણ ૯૮ આખા ભાગ થતા નથી. માટે ૮૬ દશ હજારના કર્યા ૮૬૦ હજાર તથા ૧ હજાર આપેલા છે તે મળી થયા ૮૬૧ હજાર; ૮૬૧ હજારના ૯૮ ભાગ કરો તો દરેક ભાગમાં ૮ હજાર આવશે ને બાકી રહેશે ૭૭; ૭૭ હજારના સો કરતાં થયા ૭૭૦ સો તેમાં આપેલા ૬ સો ઉમેરતાં થયા ૭૭૬ સો; ૭૭૬ સોને ૯૮ વડે ભાગતાં જવાબ ૭ સો ને બાકી રહ્યા ૯૦ સો; ૯૦ સોના ૯૦૦ દશક ને આપેલા ૧ દશક ઉમેરતાં ૯૦૧ દશક; ૯૦૧ દશકને ૯૮ વડે ભાગતાં જવાબ ૯ દશક ને બાકી ૧૯ દશક; ૧૯ દશકના ૧૯૦ એકમને આપેલા ૬ એકમ મળી ૧૯૬ એકમ; ૧૯૬ એકમને ૯૮ વડે ભાગતાં જવાબ ૨ એકમ; આખો જવાબ ૮ હજાર, ૭ સો ને બાણું.

એજ પ્રમાણે ૩૭૪૫૭૨÷૮૪ એ દાખલો કરી દેખાડો. ને શેષ વધે તે પણ કહો.

[ભાગાકાર કરતાં શેષ વધે તે આ પ્રમાણે લખવો. જો ઉપરના શેષ ૧૯ આવે ભાગાકાર ૪૪૫ આવે તો જવાબ ૪૪૫$\frac{૧૯}{૮૪}$ એમ લખવો. એટલે ૪૪૫ ભાગાકાર છે. ૧૯ શેષ ને ૮૪ ભાજક છે એમ સમજાય.]

૧૦૫૪૬૮÷૫૧૭ એ દાખલો કરી બતાવો. એ ઉપરથી ભાગાકારના જવાબમાં શુન્ય કેમ આવે છે તે સમજાવો.

દાખલા ૭૩. (લખીત.)

(૧) નીચેના દાખલામાં ભાગાકાર કરો ને જો શેષ વધે તો તે પણ ઉપર સમજાવ્યા પ્રમાણે જવાબ સાથે લખી દેખાડો.

૪૬૨૫÷૩૭.	૧૦૭૫÷૪૩.	૧૨૭૪÷૪૯.
૨૬૫૦૨÷૪૨.	૧૪૨૦૪÷૫૩.	૪૩૭૩૬÷૭૭.
૫૪૩૧૫÷૮૫.	૫૦૫૦૫÷૯૧.	૯૨૬૭૩÷૯૯.
૩૪૩૭÷૩૫.	૮૯૧૧÷૪૪.	૯૧૬૧÷૬૩.
૧૨૪૬૭÷૭૨.	૧૮૮૯૧÷૬૫.	૮૫૮૭૧÷૯૨.
૧૨૩૪૬૭÷૬૬.	૨૨૭૯૦૧÷૭૧.	૩૧૭૯૧૦÷૯૫.
૨૬૭૯૦÷૫૩.	૩૪૫૭૮૮÷૬૮.	૬૦૦૯૦૧÷૯૧.
૫૦૦૦૦૬÷૬૧.	૬૦૦૭૦૦÷૭૧.	૯૦૭૦૦૨÷૭૬.

(૨). એક દાખલામાં ભાગાકાર ૯૮ ભાજક ૨૪૭ ને શેષ ૪૫ છે તો ભાજ્ય કેટલો હશે?

(૩) એક દાખલામાં ભાગાકાર ૯૭ છે ભાજ્ય ૫૮ ને શેષ કાંઇ નથી તો ભાજ્ય શું?

(૪) ભાજ્ય ૫૪૭૨ ભાગાકાર ૫૭ ને શેષ કાંઇ નહીં તો ભાજક શું?

(૫) ૨૮૨૧૫ રૂપિયા ૩૮ માણસોમાં સરખે ભાગે વ્હેંચી આપો, વ્હેંચતાં રૂપિયા વધે તેના આના કરી તે પણ વ્હેંચી આપો તો દરેક માણસને કેટલા રૂપિયા, કેટલા આના મળશે?

પાઠ ૭૪.

૨૦૦ ચીજના ૧૦૦ સરખા ભાગ કરો તો દરેક ભાગમાં શું આવશે?

૬૦૦÷૨૦૦ એમાં જવાબ શું આવશે? એકમ, દશક કે શતક?

૧૦૦૦÷૧૦૦ તે કેટલા? એ હજારને ૨૦૦ વડે ભાગો તો જવાબ શું આવશે?

૭ હજાર ને ત્રણસો વડે ભાગો. જવાબ શું આવશે? એકમ કે દશક?

૧૮૭૫ ને ૧૨૫ વડે નીચે ભાગ્યા છે તે તપાસો.

```
૧૨૫ ) ૧૮૭૫ ( ૧૫
      ૧૨૫    જવાબ.
      ----
       ૬૨૫
       ૬૨૫
      ----
       ૦૦૦
```

૧ હજારના ૧૨૫ આખા ભાગ થતા નથી માટે ૧ હજારના કર્યા ૧૦ સો ૮ સો આપેલા મળી થયા ૧૮ સો; ૧૮ સોનો પણ ૧૨૫ વડે ભાગ થતો નથી માટે ૧૮ સોના કર્યા ૧૮૦ દશક, ને આપેલા ૩ દશક મળી થયા ૧૮૭ દશક; ૧૮૭ દશકને ભાગ્યા ૧૨૫ વડે તો આવ્યા ૧ દશક ને બાકી ૬૨ દશક; ૬૨ દશકના ૬૨૦ એકમ તેમાં ઉમેર્યાં આપેલા ૫ એકમ એટલે થયા ૬૨૫ એકમ; ૬૨૫ એકમને ભાગ્યા ૧૨૫ વડે તો જવાબ ૫. આખો જવાબ ૧૫.

૧૦૦૦૦÷૧૦૦ તે કેટલા? જવાબ એકમ, દશક કે શતક?

૯૯૮૭૬૫÷૬૭૯ એ ભાગાકાર નીચે સમજાવ્યો છે તે તપાસો,

```
૬૭૯ ) ૯૯૮૭૬૫ ( ૧૪૭૦
      ૬૭૯                    ૬૭૯×૨=૧૩૫૮
      -----                  ૬૭૯×૩=૨૦૩૭
      ૩૧૯૭                   ૬૭૯×૪=૨૭૧૬
      ૨૭૧૬                   ૬૭૯×૫=૩૩૯૫
      -----                  ૬૭૯×૬=૪૦૭૪
       ૪૮૧૬                  ૬૭૯×૭=૪૭૫૩
       ૪૭૫૩                  ૬૭૯×૮=૫૪૩૨
       -----                 ૬૭૯×૯=૬૧૧૧
       ૦૦૬૩૫
```

જવાબ. ૧૪૭૦$\frac{૬૩૫}{૬૭૯}$.

૯ લાખના ૬૭૯ આખા ભાગ થાય નહીં માટે નવ લાખના કીધા ૯૦ દશ હજાર ને આપેલા ૯ દશ હજાર મળી થયા ૯૯ દશ હજાર; ૯૯ દશ હજારનો પણ ૬૭૯ વડે ભાગ થતો નથી માટે ૯૯ દશ હજારના કીધા ૯૯૦ હજાર ને આપેલા ૮ હજાર મળી થયા ૯૯૮ હજાર; ૯૯૮ હજાર ને ૬૭૯ વડે ભાગતાં જવાબ આવ્યો ૧ હજાર; બાકી વધ્યા ૩૧૯ હજાર તેના કર્યાં

સો તો થયા ૩૧૯૦ સો, આપેલા ૭ સો ઉમેરતાં થયા ૩૧૯૭ સો; ૩૧૯૭ સોને ભાગ્યા ૬૭૯ વડે તો જવાબ ૪ સો બાકી વધ્યા ૪૮૧ સો; ૪૮૧ સોના કીધા ૪૮૧૦ દશ ને ૬ દશ ઉમેરતાં થયા ૪૮૧૬ દશ; ૪૮૧૬ દશકને ૬૭૯ વડે ભાગતાં જવાબ આવ્યો ૭ દશક ને બાકી વધ્યા ૬૩ દશક; ૬૩ દશકના કીધા ૬૩૦ એકમ ને ૫ એકમ ઉમેરતાં બધા મળી થયા ૬૩૫ એકમ; ૬૩૫ એકમને ૬૭૯ વડે આખા ભાગી શકાતા નથી માટે જવાબમાં ૦ એકમ; ને બાકી વધ્યાં ૬૩૫ એકમ.

દાખલા ૭૪. ક.

(૧)

૧૦૦૦÷૧૦૦	૧૦૦૦÷૨૦૦	૧૦૦૦÷૫૦૦
૩૦૦૦÷૩૦૦	૩૦૦૦÷૬૦૦	૨૦૦૦÷૪૦૦
૬૦૦૦÷૪૦૦	૧૦૦૦૦÷૧૦૦	૧૦૦૦૦÷૫૦૦
૨૦૦૦૦÷૮૦૦	૧૦૦૦૦૦÷૨૦૦	૮૦૦૦૦÷૧૬૦

(૨)

૧૦૦૦=૧૨૫×	૧૦૦૦=૨૫૦×	૬૦૦૦=૧૫૦×
૨૦૦૦=૧૨૫×	૫૦૦૦=૨૫૦×	૮૦૦૦=૧૬૦×

દાખલા ૭૪. ખ. (લખીત.)

(૧) નીચે આપેલા ભાગાકાર કરો. શેષ વધે તો તે પણ લખો.

૩૭૫૦÷૧૨૫	૫૨૯૦÷૨૩૦	૫૮૫૬÷૩૪૫
૬૧૦૦૯÷૨૪૭	૭૬૩૨૩÷૩૦૯	૬૧૧૪૯÷૫૬૧
૧૨૬૯૦૦÷૩૦૦	૩૫૨૯૦૬÷૫૦૨	૩૯૨૭૦૦÷૭૦૦
૪૮૯૬૧÷૫૭૧	૫૭૯૦૧÷૪૩૨	૬૮૯૦૦÷૮૮૧
૧૨૬૭૯૧÷૭૯૧	૨૩૫૬૭૦÷૮૧૪	૩૦૬૦૦૭÷૫૧૩
૬૭૦૯૧૩÷૮૧૫	૮૭૭૬૭૩÷૯૧૭	૯૭૦૧૫૩÷૭૭૭
૬૮૦૭૦÷૫૦૩	૭૫૯૮૧÷૪૧૭	૮૬૦૯૩÷૨૨૬
૮૯૦૭૫૬÷૭૮૧	૯૧૨૩૧૫÷૫૧૫	૭૧૫૬૧૮÷૬૩૮

પાઠ ૬૫.

૨૦૦૦ ના ૧૦૦૦ સરખા ભાગ કરો તો દરેક ભાગમાં શું આવશે?

૬૦૦૦÷૨૦૦૦ જવાબ શું આવશે? હજારને હજારે ભાગતાં જવાબ એકમ આવે કે દશક? ૮૦૦૦÷૨૦૦૦ એનો જવાબ શું આવશે?

નીચેનો દાખલો તપાસો ને ત્યાં પુછેલા સવાલનો જવાબ આપો.

૨૬૭૮) ૭૦૬૯૯૨ (૨૬૪
૫૩૫૬
———
૧૭૧૩૯
૧૬૦૬૮
———
૧૦૭૧૨
૧૦૭૧૨
———
૦૦૦૦૦

આ દાખલામાં ૭ લાખના ૨૬૭૮ આખા ભાગ થશે કે? ત્યારે ૭ લાખનું શું કરશો? ૭૦ દશ હજાર ૨૬૭૮ વડે ભાગી શકાશે કે? ત્યારે ૭૦ દશ હજારના કેટલા હજાર થશે? આપેલા હજાર કેટલા છે? બધા મળી કેટલા હજાર થયા? ૭૦૬ હજારને ૨૬૭૮ વડે ભાગી શકાશે કે? ૭૦૬ હજારના સો કરી તેમાં આપેલા સો ઉમેરો; ૭૦૬૯ સો ને ૨૬૭૮ ભાગતાં દરેક ભાગમાં કેટલા સો આવશે? બાકી શું રહેશે? એ બાકી ૧૭૧૩ સો ને શું કરશો? કેટલા દશક થયા? ઇત્યાદી.

દાખલા ૭૫. ક.

૬ હજાર÷ ૨ હજાર; ૯ સો÷ ૨ દશક; ૩ હજાર÷૧ હજાર
૧૨ હજાર÷ ૩ હજાર; ૧૨ હજાર÷ ૩ સો; ૧ લાખ÷ દશ હજાર
૧ લાખ÷ ૧ હજાર; ૧ લાખ ÷ ૧ સો; ૧ લાખ÷૧ દશક
૧૫૦ હજાર÷ ૩૦ એકમ. ૭૫ લાખ ÷૧૫એકમ. ૮૦ હજાર÷ ૬ દશક

દાખલા ૭૫. ખ. (લખીત.)

(૧)

૧૦૬૦૪૦÷૧૨૦૫	૨૩૦૩૦૮÷૨૬૭૮	૧૨૦૬૭૫÷૧૬૦૯
૫૭૦૦૨૪÷૨૪૩૬	૧૩૭૪૦૦÷૪૫૮૦	૬૩૬૮૪૯÷૫૬૮૧
૨૩૪૫૬૭÷૧૯૭૮	૬૭૯૦૩૨÷૨૬૩૫	૮૧૨૬૦૯÷૫૭૯૧
૯૦૫૬૮૧÷૨૩૦૭	૭૮૧૫૧૨÷૪૫૬૧	૯૯૦૭૧૪÷૬૮૧૨

(૨) નીચેના દાખલામાં ભાજ્ય શોધી કાઢો.

ભાજક	ભાગાકાર	શેપ	ભાજક	ભાગાકાર	શેષ
૧૨૫	૯૭	૩૫	૨૪૭	૧૨૩	૧૦૧
૧૦૮૯	૧૦૧	૯૭	૨૪૮૭	૫૦૧	૨૧૫

દાખલા ૭૫. ગ. (લખીત.)

(૧) એક કામપર ૨૨૪ મજુર કામે લાગેલાં છે તેમને ૧૪૦ રૂપિયા રોજ આપવા પડે છે તો દરેક માણસને રોજ કેટલા આના મળતા હશે?

(૨) ૨૬૫૭૮ લખોટા છે ૮૭૭ લખોટા એકેક પેટીમાં ભરવા છે તો એવી કેટલી પેટી જોઇશે ને બાકી કેટલા લખોટા રહેશે?

(૩) એક ખાતાંનો વાર્ષિક ખર્ચ ૪૬૩૫૫ રૂપિયા થાય છે. એક વર્ષના ૩૬૫ દહાડા ગણતાં તે ખાતાંનો રોજનો ખર્ચ શું ગણાશે?

(૪) ૧૦૭૬૪ માંથી ૮૯૭ કેટલી વખત બાદ થઇ શકશે તે કહો.

(૫) એક સંખ્યા એવી છે કે ૧૨૩૪ તેમાંથી ૯૮ વખત બાદ થઇ શકે છે તો તે સંખ્યા શું હશે?

(૬) એક ખાતાંના દરેક અમલદારનો વાર્ષિક પગાર ૩૪૦૮ રૂપિયા છે સઘળા મળી પગારના દર વર્ષે ૧૪૯૯૫૨ રૂપિયા થાય છે ત્યારે કેટલા અમલદારો કામે લાગ્યા હશે?

(૭) એક સદાવ્રતમાંથી દુકાળના વખતમાં દરેક ગરીબ માણસને દર મહિને ૧૪ શેર અનાજ આપવામાં આવે છે એવા અનાજ લેનાર માણસોની સંખ્યા ૨૮૩ છે તો તેમને ત્રણ વર્ષ ચાલે તેટલો અનાજ રાખવો હોય તો તે કેટલા શેર થશે?

(૮) ઉપલાજ દાખલામાં જો ભરી રાખેલો અનાજ ૯૫૦૮૮ શેર છે તો ઉપર પ્રમાણે આપતાં તે અનાજ કેટલા મહિના ચાલશે?

(૯) ચંદ્ર આપણી પૃથ્વિથી ૨,૪૦,૦૦૦ માઇલ દુર છે. એમ ધારો કે આપણી પૃથ્વિથી ચંદ્ર સુધી એક સડક બાંધી હોય ને તે પર એક આગગાડી દર કલાકે ૫૦ માઇલ દોડતી જાય તો ત્યાં પહોંચવા તેને કેટલા દિવસ લાગશે?

સમાપ્ત.